
લીલુડી ધરતી
ચુનીલાલ મડિયા

# લીલુડી ધરતી

ભાગ બીજો

ચુનીલાલ મડિયા

મુ. ભાનુભાઈ અને ઉષાને સપ્રેમ
— દક્ષા મડિયા

એવું રે તપી રે ધરતી એવું રે તપી
જેવાં તપ રે તપ્યાં'તાં એક દિન પારવતી સતી.

પ્રહ્લાદ પારેખ

('સરવાણી')

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

Leeludi Dharati : Novel
by : Chunilal Madia
Published by : N. S. Mandir,
Bombay-2, & Ahmedabad-1
© Daksha Madia

પુનર્મુદ્રણ : ૧૯૮૯

કિંમત : રૂ. ૫૨-૦૦
સેટનું મૂલ્ય રૂ. ૧૦૦-૦૦

પ્રકાશક :
ધનજીભાઈ પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

મુદ્રક :
ડાહ્યાભાઈ એમ. પટેલ
મધુ પ્રિન્ટરી
આનંદમયી ફ્લૅટ્સ (ભોંયરામાં),
ગલા ગાંધીની પોળના નાકે,
દિલ્હી ચકલા, અમદાવાદ–૧

'હળ તૈયાર કરો, પશુઓને જોતરો ને તૈયાર ખેતરમાં વાવણી શરૂ કરી દો. આપણા ગાને ગાને કણેકણ ઊગો. આ પાકી ગયેલા પડખેના ખેતરમાં લાણી પડવા દો.

'તરસ્યાં પશુઓ માટે થળાં તૈયાર કરો. આ સદાય ભર્યા ઊંડા શુકનવંતા કૂવામાંથી પાણી સીંચવા માંડો.

'થળાં તૈયાર છે; ઊંડા ને શુકનવંતા કૂવામાં ડૂબેલ કોસ છલકે છે. ખેંચો, પાણી ખેંચો.

'હે ક્ષેત્રપાલ! અમારા ખેતરમાં સ્વચ્છ, મધુર ને ઘી જેવો, આનંદદાયી, અતૂટ, અમારી ગાયોના દૂધ જેવો વરસાદ વરસાવો. મેઘરાજા! અમારા પર પ્રસન્ન થાઓ.

'બળદો, આનંદથી કામ કરો. માણસો, આનંદથી કામ કરો; હળ, આનંદથી ચાલો. આનંદથી નાડળ બાંધો; આનંદથી બળદો હાંકો.

'ઇન્દ્ર! આ ચાસને સ્વીકાર. પૂષન્! એને આગળ લઈ લે. વરસાદના જળે એ ભરાઈ જાય, અને વર્ષોવર્ષ અમને ધાન્ય આપે.

'ચવડું જમીનમાં આહ્લાદથી ચાલો, માણસો બળદોની વાંસે વાંસે આહ્લાદથી ચાલો. પૃથ્વીને મધુર વરસાદથી ભીંજવો. હે દેવો! અમારા પર સુખ વરસાવો.

ઋગ્વેદ

(દર્શકકૃત "આપણો વારસો ને વૈભવ"માંથી)

We are created from and with the world
To suffer with and from it day by day.

(Canzone) —W. H. Auden

Fear the time when Manself will not suffer and die for a concept; for, this one quality is the foundation of Manself.

(The Grapes of Wrath) —John Steinbeck

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

'જન્મભૂમિ' દૈનિકમાં ૧૫મી નવેમ્બર ૧૯૫૬ થી ૧૪મી સપ્ટેમ્બર ૧૯૫૭ સુધી હપ્તે હપ્તે પ્રગટ થયેલી આ નવલકથાના લેખનમાં નિમિત્ત બનાવવાનો યશ એ અખબારના તંત્રીને ફાળે જાય છે. શ્રી સોપાને 'જન્મભૂમિ'માં ચાલુ વાર્તા લખવાનો આગ્રહ ન કર્યો હોત—અથવા તો, એ સૂચન કર્યા પછી ચારેક મહિના સુધી મેં સેવેલા પ્રમાદ દરમિયાન એમની ધીરજ ખૂટી ગઈ હોત—તો આ કૃતિ ભાગ્યે જ આકાર પામી હોત. વળી, આરંભમાં, પાંચ-છ મહિનામાં પૂરી કરવા ધારેલી આ વાર્તા બમણો સમય ચાલી એ દરમિયાન પણ સંસ્થાના સંચાલકોની ધીરજ ખૂટી ન ગઈ, અને અઠવાડિક હપ્તાઓ તૈયાર કરવામાં મારી લગભગ અક્ષમ્ય ગણાય એવી અનિયમિતતા પણ નિભાવી લીધી, એ બદલ એમનો આભારી છું.

'જન્મભૂમિ'ના સંપાદકો—અને મારા ભૂતપૂર્વ સાથીઓ—શ્રી હિંમતલાલ પારેખ, શ્રી મનુભાઈ મહેતા અને શ્રી મગનલાલ સતીકુમારે આ વાર્તાના લેખનમાં બહુ ઊંડો રસ લીધો છે તથા એના હપ્તાવાર પ્રકાશનની ઉમળકાભેર સાવજત કરી છે એની નોંધ લઉં છું.

હપ્તાવાર મુદ્રણ દરમિયાન શ્રી જીવણલાલ જાની અને એમના સાથીઓએ તથા ગ્રંથપ્રકાશનમાં શ્રી ગોપાળરાવ વિદ્વાંસ અને ગ્રામલક્ષ્મી મુદ્રણાલયના કાર્યકરોએ જોડણીશુદ્ધિની જવાબદારી ઉઠાવીને મારું કામ ઘણું જ સરળ કરી આપ્યું છે.

સપ્ટેમ્બર, ૧૯૫૭: મુંબઈ — ચુનીલાલ મડિયા

## નોંધ

મારા પતિએ આ નવલકથામાં કોઈ ફેરફાર વિચાર્યો કે નોંધ્યો ન હતો. એથી આ કેવળ પુનર્મુદ્રણ છે.

દક્ષા મડિયા

# શ્રી ચુનીલાલ મડિયાનાં પુસ્તકો

**૦ નવલકથા**

વ્યાજનો વારસ
પાવક જ્વાળા
ઇંધણ ઓછાં પડયાં
વેળાવેળાની છાંયડી
લીલુડી ધરતી
પ્રીતવછોયાં
શેવાળનાં શતદલ
કુમકુમ અને આશકા
સધરાના સાળાનો સાળો
સધરા જેસંગનો સાળો
ગ્રહાષ્ટક વત્તા એક
ઇન્દ્રધનુનો આઠમો રંગ
આલા ધાધલનું ઝીંઝાવદર

**૦ નાટક**

રંગદા
વિષવિમોચન
રક્તતિલક
હું ને મારી વહુ
શૂન્યશેષ
રામલો રોબિનહુડ
નાટચમંજરી

**૦ કવિતા**

સોનેટ

**૦ સંપાદન**

શ્રેષ્ઠ નાટિકાઓ
નટીશૂન્ય નાટકો
આંતરરાષ્ટ્રીય એકાંકીઓ

**૦ નાટચવિષયક**

નાટક ભજવતાં પહેલાં

**૦ પ્રવાસ**

જય ગિરનાર

**૦ નવલિકા**

ઘૂઘવતાં પૂર
ગામડું બોલે છે
પદ્મજા
રૂપ–અરૂપ
ચંપો અને કેળ
શરણાઈનો સૂર
તેજ અને તિમિર
અંતઃસ્રોતા
જેકબ સર્કલ, સાત રસ્તા
ક્ષણાર્ધ
ગોરજ
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ
મડિયાની ગ્રામકથાઓ
મડિયાની હાસ્યકથાઓ
મડિયા વાર્તાવૈભવ
મારી વાર્તાઓ
ક્ષત–વિક્ષત

**૦ ચરિત્ર**

વિદ્યાપ્રેમી ફાર્બસ
એન્ટન ચેખોવ

**નિબંધ**

ચોપાટીને બાંકડેથી
છીંડું ખોળતાં (છપાશે)

**૦ વિવેચન**

ગ્રંથગરિમા
વાર્તાવિમર્શ
શાહમૃગ-સુવર્ણમૃગ
કથાલોક
ગુજરાતી સાહિત્યમાં ડોકિયું

**૦ અનુવાદ**

શ્રેષ્ઠ અમેરિકન વાર્તાઓ
કાળજાં કોરાણાં
ફેરકુદરડી

# લી લુ ડી ધ ર તી

●

ભાગ-૨

# અનુક્રમ


| પ્રકરણ | નામ | પૃષ્ઠ | પ્રકરણ | નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | અપરાધ અને આળ | ૧ | ૨૦ | ઝમકુનો કોયડો | ૧૬૮ |
| ૨ | વહેમના વમળમાં | ૧૨ | ૨૧ | જીવતરનાં થીગડાં | ૧૭૭ |
| ૩ | બે કલંકિની | ૨૨ | ૨૨ | સગડ | ૧૮૪ |
| ૪ | મારું જીવતર લાજે! | ૩૭ | ૨૩ | ડાઘિયો ભસ્યો | ૧૯૦ |
| ૫ | પાપનું પ્રક્ષાલન? | ૫૧ | ૨૪ | સૂરજ ઊગતાં પહેલાં | ૧૯૯ |
| ૬ | ભવનો ફેરો ફળ્યો | ૬૦ | ૨૫ | વસમો વેરાગ | ૨૦૬ |
| ૭ | મેલડીનો કોપ | ૬૭ | ૨૬ | ડાઘિયો રોયો | ૨૧૨ |
| ૮ | ઘૂઘરિયાળો ધૂણ્યો | ૮૧ | ૨૭ | મુંઢકણું | ૨૨૧ |
| ૯ | અજાણ્યાં ઓધાન | ૮૮ | ૨૮ | રથ ફરી ગયા | ૨૨૭ |
| ૧૦ | મહેણાંની મારતલ | ૧૦૧ | ૨૯ | ખાલી ખોળો | ૨૩૪ |
| ૧૧ | સતનાં પારખાં | ૧૦૩ | ૩૦ | તમાશો | ૨૪૨ |
| ૧૨ | કળાયું કકળે છે? | ૧૧૧ | ૩૧ | ક્યાં ગઈ મારી ચમેલી? | ૨૫૦ |
| ૧૩ | ઠાકરદુવારે | ૧૧૮ | ૩૨ | આશાતંતુ | ૨૫૭ |
| ૧૪ | આઠ ગાઉ આઘી કાઢો | ૧૨૪ | ૩૩ | જડી! જડી! | ૨૬૪ |
| ૧૫ | દલ્લી દેખો, બમ્બઈ દેખો! | ૧૨૯ | ૩૪ | કોરી ધાકોર ધરતી | ૨૭૨ |
| | | | ૩૫ | આવ્યો આષાઢો! | ૨૮૧ |
| ૧૬ | તાતી તેગ | ૧૩૭ | ૩૬ | જીવન અને મૃત્યુ | ૨૮૮ |
| ૧૭ | પેટકટારી | ૧૪૫ | ૩૭ | ધરતીનું સૌભાગ્ય | ૨૯૩ |
| ૧૮ | ભીતરના ભેદ | ૧૫૨ | ૩૮ | અને મૃત્યુમાંથી જીવન | ૨૯૭ |
| ૧૯ | મારી આંખનાં રતન | ૧૫૯ | ૦ | પ્રયોગને અંતે | ૩૦૩ |

## પ્રકરણ પહેલું

# અપરાધ અને આળ

સંતુની ચીસ સાંભળીને ડાઘિયો કૂતરો જાણે કે કશુંક પામી ગયો હોય એમ ભસી ઊઠ્યો.

કૂવામાં થયેલા ધડાકા સાથે જ હવામાં ઊડેલો ગોબરનો છૂટો હાથ જોઈને તુરત સંતુ કૂવા તરફ દોડી ગઈ.

ડાઘિયો પણ એની પાછળ પાછળ ગયો.

ધડાકો થતાં જ એક ભયંકર અટ્ટહાસ્ય કરી ઊઠેલો માંડણ પોતે પણ જાણે કે ધડાકો સાંભળીને અને એનું આખું દૃશ્ય જોઈને હેબતાઈ ગયો.

ટોટા ફૂટતાં ચડેલા ધુમાડાના ગોટા આછરતાં સંતુએ કૂવાના થાળા પર ઊભીને અને મંડાણના પથ્થર પર હાથ ટેકવીને બીતાંબીતાં કૂવાની અંદર ડોકિયું કર્યું, અને ફરી વાર એ કારમી ચીસ પાડી ઊઠી. કૂવાને તળિયે પડેલા ગોબરના છિન્નભિન્ન, વિકૃત અને બિહામણા બની ગયેલા મૃતદેહનું દૃશ્ય એ જીરવી ન શકી. એને આંખે અંધારાં આવી ગયાં. કમકમાં પ્રેરે એવું દૃશ્ય જોઈને એ રોમેરોમ કમ્પી ઊઠી. ચક્કર આવતાં, પોતે લથડી પડશે એવું લાગ્યું. તુરત એણે બીજા હાથ વડે મંડાણમાંનો ગરેડો પકડી લીધો અને સમતોલપણું જાળવી લીધું.

થોડી વારે આંખ ઉઘાડી તો સામે માંડણ ગૂમસૂમ બનીને ઊભો હતો. થોડી વાર પહેલાંના એના મોં પરના પેલા અટ્ટહાસ્યની રેખાઓ હવે આછીપાતળી ય રહી નહોતી. એ અટ્ટહાસ્ય પ્રેરનાર

ઉન્માદ જેટલી જ ભારોભાર શૂન્યતા એના ચહેરા પર છવાઈ ગઈ હતી

'મૂવા રાખહ ! આ શું કરી બેઠો ?' તીવ્ર આઘાત અનુભવી રહેલી સંતુના ધ્રૂજતા હોઠમાંથી લાવા રસ જેવા શબ્દો નીકળ્યા.

'મૂવા કહાઈ ! જાણી જોઈને જ તેં વાટચ સળગાવી દીધી ! આર્ય નીકળ્યા મોર્ય તેં પલીતો મેલી દીધો ! મેં વાર્યો તો ય તેં સાંભળ્યું નહિ ને એને હાથે કરીને વધેરી નાખ્યો, મૂવા ખાટકી !'

કુપિત ચંડિકા સમી સંતુએ માંડણને ભાંડવામાં કશું બાકી ન રાખ્યું. પણ માંડણના તો જાણે કે હોઠ જ સિવાઈ ગયા હતા. એ હત્યારાનું ભેદી મૌન જ સંતુ માટે ભયપ્રેરક બની રહ્યું.

એકાએક એને ભાન થયું કે માંડણ અત્યારે ઉન્માદાવસ્થામાં છે અને હું એકલી છું.

ડાઘિયો કૂતરો તો જાણે કે ગંધ પરથી જ કૂવાના તળિયે ભજવાઈ ગયેલી સંહારલીલા સમજી ગયો હોય એમ ભસવા લાગ્યો હતો. હવે એ છેક ખોડીબારા પાસે જઈને વધારે ઉગ્રતાથી ભસતો હતો. એ ચોપગું પ્રાણી ખોડીબારાની બહાર આગલા બે પગ મૂકીને ઊભું હતું, અને બહાર જવા માટે જાણે કે કોઈકના સથવારાની રાહ જોઈ રહ્યું હતું. અને તેથી વધારે ને વધારે ઉગ્ર અવાજે ભસી રહ્યું હતું.

ગોબર પર માંડણે આચરેલી છળલીલા જોઈને સંતુનું મગજ બહેર મારી ગયું હતું. અને એમાં એકાએક એણે માંડણની શૂન્ય આંખોમાં એક વિચિત્ર ચમક જોઈ. લોલૂપ પુરુષની આંખોમાં લખાયેલી લિપિ ઉકેલવામાં પાવરધાં સ્ત્રીહૃદયોને શી વાર લાગે ? તુરત સંતુ સાવધ થઈ ગઈ. આમ તો તે ગામમાં જઈને શ્વશુરને આ બનાવની જાણ કરવી કે ગોબરના છિન્નભિન્ન મૃતદેહને બહાર કાઢવો, એની દ્વિધામાં અટવાયેલી હતી, પણ હવે માંડણની આંખમાંથી પહેલી જ વાર આ કામુક ભાવો વાંચ્યા પછી આ નમતી સંધ્યાને સમયે આ નિર્જન વાડીમાં એક ઘડી પણ થોભવાનું એને સલામત ન લાગ્યું.

આગળપાછળનો કશો ય વિચાર કરવા રોકાયા વિના એ તો ચોપભેર દોડી અને ખોડીબારા પર ઊંચી ઠેક લેતીક ને એણે ગામની દિશામાં દોટ મૂકી.

ક્યારનો ડાંઉ ડાંઉ કરીને ભસી રહેલો ડાઘિયો જાણે કે સંતુની જ રાહ જોઈ રહ્યો હોય એમ એની જોડાજોડ જ દોડવા લાગ્યો.

વગડાની નિર્જન વાટમાં ય સંતુ જાણે કે માંડણને નજર સામે જ નિહાળતી હોય એમ એને આવેશભેર સંભળાવી રહી હતી :

'હટ્ટ મુવા નુઘરા ! તને આટઆટલા ગણુ કર્યા એનો આ અવગણ દીધો ?...હાય રે હાય ! આ તો ઘરનાં જ ઘાતકી થયાં !...આ માના જણ્યા ભાઈથી ય સવાયો ગણ્યો એનું આવું સાટું વાળ્યું ? ફટ રે ભૂંડા ! જેનું ખાધું એનું જ ખોદ્યું ?...આટઆટલા ઉપકાર ઉપર આવો અપકાર કર્યો ?...પણ એમાં તારો શું વાંક ? અમે જ હૈયાફૂટાં કે તને 'ભાઈ ભાઈ' કરીને આટલો હેળવી મેલ્યો તંયે જ તું ભોરીંગ થઈને કરડ્યો ને ? તારા પેટમાં જ પાપ હશે એની કોને ખબર્ય પડે ?...'

હરણફાળે દોડતી સંતુ જાણે કે આંખના પલકારામાં જ ઓઝતને કાંઠે આવી પૂગી.

સીમનો કેડો જે સ્થળે નદીને મળતો હતો ત્યાં તો મોટી બધી મધરપાટ હતી, જેમાં કાળે ઉનાળે ય કમરબૂડ પાણી ડેકા દેતું. અહીંથી ગામઝાંપે પહોંચવા માટે કાંઠેકાંઠે એક આડી કેડીએ ફંટાઈને ભૂતેશ્વરનો આરો ઓળંગવો પડતો. પણ સંતુને અત્યારે એ આડો કેડો લેવા જેટલો સમય જ ક્યાં હતો ? એને તો ઝટઝટ ગામઝાંપે પહોંચી જઈને શ્વશુરને જાણ કરવાની જ ઉતાવળ હતી. એને ઓઝત નહોતી દેખાતી, મધરપાટ નહોતી દેખાતી; એની નજર સામે તો સ્ફોટક પોટાશના ધડાકાએ ધડમાથું જુદાં કરી નાખેલ પતિનો શ્યામળો દેહ જ તરવરતો હતો.

'મુવા માણહમાર ! તને રૂંવાડે રૂંવાડે રગતપીત ફૂટે ! તારાં

વાલાંમાં વિજોગ પડે !' આવાં આવાં સ્ફુટઅસ્ફુટ શાપવાક્યો ઉચ્ચારતી સંતુએ તો આંખ મીચોને જ મધરપાટમાં ઝુકાવ્યું.

ગોઠણબૂડ પાણીમાં પહોંચતાં સુધીમાં પોતાનાં કપડાં પલળ્યાં એનું સંતુને ભાન નહોતું. એની સ્વગતોક્તિઓ સાંભળીને મધરપાટમાં સાંધ્યસ્નાન કરી રહેલા રઘાએ પૂછ્યું :

'શું થયું ? શું થયું ?'

'દાટ વાળી નાખ્યો—' સંતુએ પાણીમાં ઉતાવળાં ડગ ભરતાં જવાબ આપ્યો.

'કોણે ? કોણે ?'

'નખોદિયે મૂવે...એનાં માણહ મરે !'

રઘાનું સાંધ્યસ્નાન થંભી ગયું. નખોદિયો એટલે કોણ, એણે શો દાટ વાળી નાખ્યો, એને વિશે વધારે પૂછપરછ કરી જોઈ, પણ સંતુને કાને રઘાના પ્રશ્નો પહોંચી શકે એમ જ નહોતા. એ તો મધરપાટનું ઊંડું મધવહેણ પણ ઓળંગીને ક્યારની સામે કાંઠે આંબી ગઈ હતી. એની પાછળ પાછળ દોડી રહેલા ડાઘિયાના ડાંઉ ડાંઉ અવાજો જ જાણે કે રઘાના પ્રશ્નોના સાંકેતિક ઉત્તરો બની રહ્યા.

રઘાને હવે સ્નાનકર્મમાં રસ ન રહ્યો. એને તો 'દાટ વાળી નાખ્યો' નો ભાવાર્થ જાણવાની તાલાવેલી થઈ પડી. 'મૂવો નખોદિયો' એટલે કોણ ? થાનકવાળા ખેતરના વાડીપડામાં તો ત્રણ જ જણાં કામ કરે છે. : સંતુ, ગોબર ને માંડણ. એમાં દાટ શો વળી જઈ શકે ? આજકાલ તો મોસમ ટાણું પણ નથી કે ઊભી મોલાતમાં કોઈ ભેલાણ કરવા આવે કે ક્યાંય સીમચોરી થાય કે કોઈ ગરીબ ખેડૂતનાં નીરણપૂળા કે કાલરાં સળગાવનારાં નીકળે. ઉજ્જડ ખેતરમાં તો ખોડાં ઢોર પણ પગ નથી મેલતાં, તો સીમચોર તો કોણ નવરા હોય ? તો પછી 'મૂવો નખોદિયો' કોણ ? વાડીમાં તો ગોબર ને માંડણ બે જ જણા થઈને દાર ફોડે છે. એમાં નખોદિયો કહી શકાય એવો ત્રીજો જણ આવ્યો ક્યાંથી ? અરે, માંડણિયો તો હજી થોડી

વાર પહેલાં જ ગામમાંથી લાડવાનું પડીકું બંધાવીને ડાઘિયાને બુચકારતો બુચકારતો સીમમાં ગયો હતો, ને એટલી વારમાં આ શું થઈ પડ્યું ? ને ડાઘિયો તો ભસતો ભસતો પાછો ગામઢાળો આવતો રહ્યો, તો માંડણિયો ક્યાં રોકાણો ? કે પછી એણે સંતુને કાંઈક અટકચાળો કર્યો હશે ને ગોબરે એને ગારદ કરી નાખ્યો હશે ?

આવાં આવાં અનેક કુતૂહલો થતાં, 'ચાલ, ગામમાં જઈને તપાસ કરું.' એમ કહીને સ્નાનકર્મ આટોપીને રઘો કાંઠે આવ્યો. કાંઠા પર એક પાણા તળે દબાવી રાખેલું કોરું પંચિયું પહેરી લઈને ભીનું પંચિયું હજી તો નિચોવવા જાય છે ત્યાં તો ગામની દિશામાંથી ગોકીરો સંભળાયો. ઝાંપામાં ગામલોકોનું ખાસ્સું ધાડિયું દેખાયું. કાસમ પસાયતાના નામની હાકલ પડી. અને જોતજોતામાં આખું ય ટોળું ભૂતેશ્વરના આરા લગોલગ આવી પહોંચ્યું. હાદા પટેલ સહુની મોખરે હતા. અંબાભવાની તથા રામભરોસેમાં ટોડાં ભાંગતા બેઠેલા સહુ નવરા ઘરાકો બહાર નીકળી પડ્યા હતા. ઉપરાંત, ગામમાં જેમને જેમને આ દુર્ઘટનાની જાણ થયેલી એ સહુ બનેલો બનાવ નજરે નિહાળવા જતા હતા.

'માળો માંડણિયો સાવ માથા ફરેલ નીકળ્યો !'

'હાદા પટેલને તો ધરમ કરવા ગ્યા ને ધાડ પડ્યા જેવું થ્યું.'

'માંડણિયે તો જૂનું વેર વાળ્યું—'

હવે રઘાનું કુતૂહલ વધારે ઘેરું બન્યું તેથી પોતે પણ નદીને કાંઠે જેમ તેમ ડગલાં ભરતો ટોળામાં જોડાયો.

સંતુને મોઢેથી સમાચાર સાંભળ્યા પછી આમે ય હાદા પટેલને જાણે કે 'પગ ભાંગી ગયા' જેવો અનુભવ થયો હતો. વલ્લભ મેરાઈ ને જેરામ મિસ્ત્રીનો ટેકો લઈને એમણે માંડ માંડ વાડીના ખેડોબારામાં પગ મુક્યો એ પહેલાં તો જુવાનિયાઓનું વહેલેરું પહોંચી ગયેલું ટોળું વાવને ઘેરી વળ્યું હતું.

સીમમાં સંધ્યા આથમી ગઈ હતી અને અંધારું ઊતરી રહ્યું હતું.

હાદા પટેલે કૂવાના ઊંડાણમાં નજર કરી તો તળિયે ગોબરનું ધડ લોહીના ખાબોચિયામાં પડ્યું હતું. ઝીણી નજરવાળા જેરામે કહ્યું કે ધડનું માથું જુદું પડીને એક ભેખડમાં ભરાઈ ગયું છે.

દૃશ્ય જોઈને હાદા પટેલને તમ્મર આવ્યાં. જેરામનો ટેકો લઈને તેઓ જરા સ્વસ્થ થયા ત્યાં તો નજર સામે માંડણ આવી પહોંચ્યો.

હાદા પટેલે આ હત્યારાને મારવા હાથ ઉગામ્યો ત્યાં તો માંડણે જ સામેથી કહ્યું :

'ગોબર વાવ્યમાં હતો ત્યાં જ સંતુએ વાટ સળગાવી દીધી ને ધડાકો થઈ ગ્યો—'

હવે તો હાદા પટેલને બેવડી ખીજ ચડી. એમણે માંડણને ઉપરાઉપર બે ત્રણ ઝુંહટ એંચી કાઢી.

'હરામખોર ! તેં વાટ સળગાવી ને સંતુનું નામ લે છ ?'

જોરદાર હાથની લપડાક પડતાં માંડણનો બધો નશો ઊતરી ગયો. અત્યાર સુધી પોતે ચકચૂર અવસ્થામાં શાદૂળને મારી નાખ્યો હોવાનો જે સંતોષ અનુભવી રહ્યો હતો એને બદલે પોતાને હાથે ગોબરની જ હત્યા થઈ ગઈ હોવાનું ભાન થતાં હવે એણે પોતાનો બચાવ કર્યો વિના છૂટકો જ નહોતો. પોતે ઉન્માદાવસ્થામાં શાદૂળને બદલે ગોબરનું જ ખૂન કરી બેઠો છે એ સમજાતાં એનો રહ્યોસહ્યો ઉન્માદ પણ ઓસરી ગયો અને આ તહોમતમાંથી છટકવા એણે તર્ક લડાવીને બચાવ કરવા માંડ્યો :

'ગોબર ને સંતુ આ જ બપોરે સારીપટ વઢ્યાં'તાં—'

'વઢ્યાં'તાં ? શું કામે ?'

'મને શું ખબર ? પણ શાદૂળની કાંઈક વાત નીકળી એમાંથી બેય માણહ એવાં તો વઢ્યાં, એવાં તો વઢ્યાં કે કાંઈ વાત ન પૂછો !'

'શાદૂળિયો તો હવે જેલમાં જઈને બેઠો છે.'

'ઈ જેલમાં ગ્યા મોર્યની કાંઈક વાત નીકળી'તી ને એમાં બેય

વરવહુ વઢી પડયાં—'

'મોર્યની વાત ?' હાદા પટેલે પૂછ્યું.

'હા, આપણે નીરે ઓળીપો કર્યો'તો, ને સંતુ લાદનો સૂંડલો ભરવા દરબારની ડેલીએ ગઈ'તી, તંયુંની વાત...'

'હા...'

'ઈ તંયે શાદૂળિયે સંતુને રોકી રાખી'તી. સારી વાર લગણ રોકી રાખી'તી—'

'ખોટી વાત.' હાદા પટેલ ઉશ્કેરાઈ ગયા.

'મારે આ સગે કાને સાંભળી ઈ વાત ખોટી ? સંતુએ કીધું કે સૂંડલો ભરવામાં અસૂરું થઈ ગયું એમાં રોકાઈ ગઈ. ને ગોબરે કીધું કે તું જાણી જોઈને રોકાણી'તી. સૂંડલો ભરવાનું બહાનું કાઢીને શાદૂળભાને ઓરડે જાણી જોઈને બેઠી રઈ'તી—'

'ખોટી વાત, સાવ ખોટી વાત !'

'મારી વાત માન્યામાં નો આવતી હોય તો પૂછી જોજો ઊજમભાભીને. હું તમારે મન પારકો હઈશ પણ ઊજમભાભી તો પારકાં નથી ને ?' માંડણે પોતાના ફળિયાવાળાં અજવાળીમાને મોઢેથી સાંભળેલી વાતનો સરસ તુક્કો લડાવી દીધો, અને પછી ઉમેર્યું :

'ઊજમભાભી હંધુ ય જાણે છે એટલે તો સંતુ શિયાંવિયાં થઈ ગઈ. ને પછી તો ગોબરે એને પરાણે પરાણે સખોડી નાખી...આ એની હંધી ય દાઝ સંતુએ ગોબર ઉપર ઉતારી, ને વાટ સળગાવી વહેલો ધડાકો કરી નાખ્યો !'

સાંભળીને વળી પાછા હાદા પટેલ ઉશ્કેરાઈ ગયા. માંડણને એક ગડદો મારીને બોલ્યા :

'સાલા ડફેર ! વાટ તેં સળગાવી ને હવે તારું પોતાનું આળ ઓલી પારકી ઉપર ચડાવશ ?'

હવે જેરામ વચ્ચે પડયો. બોલ્યો :

'હાદા પટેલ ! માંડણિયા હારે તમે શું કામે ઠાલી જીભાજોડી

કરો છો ? કાસમ પસાયતો એને કડી પહેરાવવા આવે જ છે. પહેલાં પરથમ ગોબરને તો વાવ્યમાંથી બારો કાઢો !'

હવે હાદા પટેલને સમજાયું કે આ કિસ્સામાં કોણ અપરાધી છે એ નક્કી કરવા કરતાં ય અત્યારે વધારે તાકીદનું કામ તો પુત્રના મૃતદેહને બહાર કાઢવાનું છે. એમણે આદેશ આપ્યો.

'કોહ જોડો, કોહ.'

તુરત બેત્રણ જુવાનિયાઓએ થાનકની છાપરી તળે બાંધેલા ખાંડિયાબાંડિયા બળદને છોડયા, ને કોસને વરત બાંધ્યું. મંડાણ પર ભરાવેલું રાંઢવું ઝાલીને એક જોરુકો જુવાન આગોતરો વાવની અંદર ઊતરી ગયો, અને તુરત એણે કૂવાને તળિયેથી જ બૂમ પાડી :

'અંધારું સારીપટ છે, કાંઈ સૂઝતું નથી.'

તુરત જેરામે વલ્લભને કહ્યું :

'જા, રામભરોસેમાંથી આપણી પેટ્રોમેક્સ ઉતારી આવ્ય !'

અને પછી હાદા પટેલને એણે હળવો ઠપકો આપ્યો :

'આ તમે માંડણિયા હારે માથાકૂટ કરવામાં રોકાણા એમાં વાવમાં અંધારું થઈ ગયું.'

હાદા પટેલે આંખમાં આવેલાં ઝળઝળિયાં લૂછતાં જવાબ આપ્યો:

'ભાઈ ! અંધારું તો વાવમાં નહિ પણ મારા જીવતરમાં થઈ ગયું. ઘરનો દીવો સદાયનો ઠરી ગ્યો. હવે એવા વીજળીના દીવા ય ક્યાંથી ઉજાસ કરવાના ?'

'ક્યાં છે માંડણિયો ?' શેઢેથી કાસમ પસાયતાએ પડકાર કર્યો.

'આ રિયો ! આ ગુડાણો' સામેથી ટોળાંએ જવાબ દીધો.

'હજી લગણ એને છૂટો રાખ્યો છે ?' કાસમે સહુને ઠપકો આપ્યો. 'છીંડું ઠેકીને વહેતો થઈ ગ્યો હોત તો ?—'

'ભાઈ ! આ કાળમુખાને ઝાલી રાખીને ય હવે મારે કયો લાભ કાઢવાનો હતો ?' હાદા પટેલે અંતરની વેદના વ્યક્ત કરી. 'એને હવે તમે શૂળીએ ચડાવો તો ય મારો છોકરો થોડો પાછો

આવવાનો હતો ?'

કાસમે આવતાંની વાર જ માંડણુનો સાજો ને હુંઠો બેઉ હાથ ભેગા કરીને દોરડું બાંધી દીધું અને દોરડાના બીજા છેડાનો ગાળિયો બનાવીને સતીમાની દેરીના શિખરની કોતરણીવાળી ખાંચમાં પરોવી દીધો. પછી માંડણુને ધમકી આપી : 'આંહીથી જરા ય આઘોપાછો થયો છે તો તને સતીમાની આણ્ય છે !'

સાંભળીને હાદા પટેલ મનશું ગણુગણ્યા. 'સતીમાના થાનકની સામે જ જેણે મારા દીકરાને વાઢી નાખ્યો, એને સતીમાનો ય ભો શેનો હોય ?'

માંડણુનાં બન્ને હાથનાં બાવડાં બરોબર મજબૂત બધાયાં છે કે નહિ એની ખાતરી કરવા કાસમ એની નજદીક ગયો અને એના મોંઢાની લગોલગ પોતાનું મોઢું જતાં એ ચમકી ઊઠ્યો.

'એલા, આ શું ગંધાય છે ? ડબલું ઢીંચ્યું છે કે શું ?... હા, આ વાસ આવે જ છે... ચિક્કાર પીધો લાગે છે !'

આટલું કહીને કાસમે થાનકની દેરીના શિખર પરથી ગાળિયો છોડી નાખ્યો.

'એલા, તું તો દારૂ પીધેલો માણુહ સતીમાને અભડાવીશ ! તને આંયાં કણે ન બંધાય.' કહીને કાસમે માંડણુને નજીકના ખીજડા તરફ દોર્યો અને ખીજડાના થડ જોડે એને મુશ્કેટાટ બાંધ્યો.

અત્યાર સુધી ટોળામાં માંડણે સંતુ પર મૂકેલો આરોપ ચર્ચાતો હતો. એમાં હવે કાસમની ઉક્તિઓ સાંભળ્યા પછી માંડણે ઢોંચેલા દારૂની ચર્ચા પણ ભળી.

'કોને ખબર છે, શું થયું, ને કેવી રીતે થયું...વાડીમાં ત્રણે ય જણાં એકલાં જ હતાં. ચોથું કોઈ હાજર હોય તો સાચી વાત કરે ને ?'

'પણ સંતુ પંડ્યે જ ઊઠીને વાટ સળગાવી દિયે ને પોતાના જ ધણીને મારી નાખે એવું તો ક્યાંય બને ખરું ?'

'ભાઈ ! આમાં તો કાંઈ કહેવાય નહિ. આજ વરહ દી થ્યાં શાદૂળિયો ને સંતુ ફજેતફાળકે ચડયાં'તાં. કિયે છ કે સંતુને શાદૂળિયે ઓલી હોકીસ્ટીક આપી રાખી છે. બેય જણાં વચ્ચે કાંઈક તો ખરું જ ને ? સાવ દેવતા સળગ્યા વિના ધુમાડો થોડો દેખાય ?'

'ને એમાં ક્યાંક ગોબરિયો આડો આવ્યો હોય તો એનો કાંટો કાઢી ય નાખવો પડે. અસ્તરી–ચરિતર તો આપણે ક્યાં નથી જાણતા ?'

'ને આ કાસમ કિયે છ એમ વાવ ખોદવાને બહાને બેય જણા દારૂ જ ઢીંચતા હશે. આંયાંકણે વગડામાં કોણ ભાળવાનું હતું ? આ તો કાસમે મોઢું સૂંઘ્યું તંયે ખબર પડી.'

'અલ્યા પણ આપણા ગામમાં દારૂ આવ્યો ક્યાંથી ?—' કોઈએ પૃચ્છા કરી.

'કેમ ભલા ? તારે પીવો છ ? વિચાર થઈ ગ્યો છ ?'

'ના ના; આ તો અમથું પૂછું છું—'

પેલા જાણકારે હળવે રહીને બાતમી આપી : 'આટલા દી તો શાપર ગ્યા સિવાય ક્યાંય દારૂ જડતો જ નહિ. પણ હવે મૂળગર બાવે ખાનગીમાં વેચવા માંડયો છે—'

'અરરર ! ઈ અતીતનો દીકરો ઊઠીને આવા ધંધા કરે છે ?'

'બીજું શું કરે બિચારો ? આઠેય પોર બીડિયુંનાં ભૂંગળાં વાળ્યે કાંઈ છોકરાં છાસ્ય ભેગાં થોડાં થાય ? તી હવે ઈ શાપરથી શીહા લઈ આવે છે, ને ઘેરબેઠાં આ માંડણિયા જેવાને આઠ આઠ આને ડબલું ભરી દિયે છે—'

દોડતી ઝડપે છતાં ગોકળગાયની ગતિએ જ આગેકૂચ કરી રહેલ રથો આખરે ખોડીબારામાં પ્રવેશ્યો. એને પગલે પગલે જ વલ્લભ મેરાઈ હાથમાં પેટ્રોમેક્સ લઈને આવી પહોંચ્યો. અને પેટ્રોમેકસની પાછળ ગામમાં બાકી રહેલાં માણસોની વીસત પણ આવી પહોંચી.

હાથમાં પેટ્રોમેકસ લઈને જ વલ્લભ કોસમાં બેસીને કૂવામાં

ઊતર્યો. ખાંડિયા–બાંડિયા બળદો ગોબર અને હાદા પટેલ સિવાય બીજા કોઈના ડચકારાને ઓળખતા જ નહિ, તેથી હાદા પટેલને જ અત્યારે વરત ઉપર બેસવું પડયું.

મૃતદેહને સુવાડવા માટે પડખેની એક વાડીમાંથી કોઈનો ખાટલો લાવવામાં આવ્યો. વાવને તળિયેથી ગોબરનું ધડ અને માથું એકઠાં કરીને કોસમાં ગોઠવ્યાં, અને હાદા પટેલને પૈયે હાલવાની હાકલ થઈ.

દુખિયા પિતાએ ગળગળે સાદે બળદને ડચકાર્યો, પણ બળદે એ અપરિચિત અને ગદ્‌ગદ્ સ્વરે ઉચ્ચારાયેલ વિચિત્ર ડચકારો ગણકાર્યો જ નહિ.

હાદા પટેલે ફરી વાર ડચકારો કર્યો, પણ આ મૂંગા જીવો પોતાના તરુણ પાલનહારનો મૃતદેહ ખેંચવાને નારાજ હોય એવું લાગ્યું. આખી વાડીમાં પથરાઈ ગયેલી મૃત્યુમીંઢી ગમગીની આ ચોપગાં પશુઓને પણ જાણે કે સ્પર્શી ગઈ લાગી.

આખરે હાદા પટેલે ન છૂટકે એક જુવાનના હાથમાંથી પરોણો માગીને આ પ્રાણીઓને ઘોંચવો પડચો, ત્યારે જ તેઓ ધીમે ડગલે આગળ વધ્યાં.

કોસ થાળા નજીક આવ્યો ત્યારે ચાર માણસોએ મળીને ગોબરનું લોહીનીંગળતું ધડ ઊંચકી ખાટલા પર સુવાડચું અને બાજુમાં એનું બેડોળ બની ગયેલું માથું મૂકયું ત્યારે એ કમકમાં પ્રેરનારું દૃશ્ય જોઈને હાદા પટેલની આંખે અંધારાં આવી ગયાં. તમ્મર ખાઈને તેઓ નીચે પટકાઈ પડચા.

કાસમ પસાયતાએ કહ્યું : ‘શાપરથી શંકરભાઈ ફોજદારને બરકવા પડશે. એની હાજરીમાં પંચકયાસ કર્યા વિના લાશનો કબજો નહિ સોંપાય.’

*

## પ્રકરણ બીજું

## વહેમના વમળમાં

**સીમમાંથી** ગામ ભણી શ્વાસભેર દોડતી જતી સંતુ કણબીપા સુધી તો માંડમાંડ પહોંચી શકી હતી. આંખે અંધારાં આવતાં હતાં અને પગલાં પાછાં પડતાં હતાં, છતાં વાડીમાં ભજવાઈ ગયેલા હત્યાકાંડના સમાચાર શ્વશુર સુધી પહોંચાડવાનું દૃઢ મનોબળ જ એના હતપ્રાણ હૃદયમાં ચેતન સીંચી રહ્યું હતું. ધમણની જેમ શ્વાસ ઘૂંટતી એ ખડકીમાં પ્રવેશી અને હાદા પટેલને ઝડપભેર મિતાક્ષરી વાક્યોમાં વાડીએ બનેલી ઘટના વર્ણવી કે તુરત જાણે કે એના શ્રમિત પગ ભાંગી ગયા.

ફળિયામાં ઢાળેલા જે ખાટલા પરથી હાદા પટેલ ચોંપભેર ઊઠીને વાડીએ દોડી ગયા એ જ ખાટલા પર સંતુ લોથપોથ થઈને ઢળી પડી. આંખ આડે આવી રહેલાં અંધકારમય ભાવિના પ્રતીક સમાં અંધારાંને ક્યારની હટાવી રહેલી સંતુમાં હવે જાગૃતાવસ્થા જાળવવાના હોશ ન રહ્યા. કૂવાને તળિયે નિહાળેલા ભયાનક દૃશ્યની યાદ એકસામટી ધસી આવતાં એના આઘાતની ચોટ અનેકગણી તીવ્ર બની ગઈ. સ્થળ કે સમયનો એને કશો ખ્યાલ ન રહ્યો. મૂર્છિત અવસ્થામાં એનું મનોવહેણ દારુણ દુ:ખથી ભરેલા ભાવિ જીવનની પગદંડીએ ચડી ગયું.

'સંતુ, સંતુ! શું થયું? કેમ કરતાં થયું? સરખી વાત તો કર્ય!' હાદા પટેલ દોડતા વાડીએ જવા નીકળ્યા પછી ઊજમે આ અણધારી ઘટના વિશે વધારે વિગતો જાણવા ઉપરાઉપરી પ્રશ્નો

પૂછવા માંડયા, પણ એના ઉત્તર આપવાના સંતુને હોશ રહ્યા નહોતા.

આમે ય સમાચાર સાંભળીને બેબાકળી બની ગયેલી ઊજમ આ નવી ઘટનાથી વધારે ગભરાઈ ગઈ. ગભરામણ સાથે એ કેટલીક શંકાઓ પણ સેવી રહી. સંતુને વારંવાર ઢંઢોળવા છતાં ય એણે કશો જવાબ ન આપ્યો ત્યારે ઊજમના મનમાં રમી રહેલા સંશયો દૃઢ થયા :

ગોબરને કોણે મારી નાખ્યો ? સુરંગમાં ધરબેલો દારૂ કોણે સળગાવ્યો ? માંડણે કે સંતુએ ?

ઊજમના ચિત્તસરમાં સંશયની આ નાની શી કાંકરીએ એક નાનું શું વમળ સરજ્યું અને ધીમે ધીમે એ વમળ વિસ્તરવા લાગ્યું. અને જોતજોતામાં તો એ વહેમનું વમળ એના આખા ચિત્તનો કબજો લઈ બેઠું.

ટોટાની વાટ સાચે જ માંડણિયે સળગાવી હશે ? કે પછી સંતુએ એને જામગરી ચાંપી હશે ?

ઊજમના પ્રકંપિત ચિત્તસરમાં આપોઆપ જ વહેમની બીજી એક કાંકરી આવી પડી.

સંતુને ગોબર ગમતો નહિ હોય, ને એણે જ જાણી જોઈને ધણીના ઘડોલાડવો કરી નાખ્યો હશે ?

અને વળી પાછું વહેમનું આ નવું વમળ પણ પેલા વમળની જેમ જ વિસ્તરવા લાગ્યું.

સંતુનું મન શાદૂળિયામાં મોહ્યું હશે ? ભગવાન જાણે ! તે દિવસે ગઢની ડેલીએ એને લાદ લેવા મોકલી હતી ત્યારે એને સારીપટ અસૂરું થઈ ગયું હતું. શાદૂળિયે એને રોકી રાખી હશે કે પછી પોતે જ પોતાની મેળે રોકાઈ રહી હશે ? મેં પૂછ્યું એટલે કેવી અણોહરી થઈ ગઈ હતી ?

તે દિવસે દેરાણી–જેઠાણી વચ્ચે શાદૂળના પ્રશ્ન પર થઈ ગયેલી ચડભડને અત્યારે ઊજમ નવા જ સંદર્ભમાં સંભારી રહી. એ

વેળા તો સામાન્ય લાગેલી ઘટનામાં અત્યારે એક નવા જ ભેદનું આરોપણ કરી રહી.

'સંતુ! સંતુ! સરખીથી વાત તો કર્ય, કે વાડીએ શું થયું? કેમ કરતાં થયું?'

ઊજમે દેરાણીને ફરી ઢંઢોળવા માંડી, પણ મૂર્છિત સંતુ મૂંગી જ રહી તેથી ઊજમના મનમાં એક અત્યંત હીન ખ્યાલ આવ્યો:

સંતુ સાચે જ સાંભળતી નથી કે પછી ઢોંગ કરે છે? પોતે વાડીએથી કાળું કામ કરીને આવી છે, ને હવે હંધો ય ઓળિયો-ઘોળિયો માંડણિયાને માથે ઓઢાડવાના આ ચેનચાળા તો નહિ હોય?

સ્ત્રીની દુશ્મન સ્ત્રી, એ ન્યાયે ઊજમ પોતાની દેરાણી વિશે આવાં નિષ્ઠુર અનુમાનો અને હોવારોપણો કરી રહી.

અને પોતે જ આવી ભયાનક કલ્પનાથી ભય અનુભવી રહી. સાચી વાત જાણવાનું કુતૂહલ હાથ ન રહેતાં એણે સંતુના હાથપગ, હડપચી હલબલાવી જોયાં, મોટે અવાજે સંબોધનો કરી જોયાં, કશો ઉત્તર ન મળ્યો તેથી ઊજમે ગભરાઈ જઈને નવેળામાંથી પડોશણ ઝમકુને સાદ કરીને બોલાવી.

ઝમકુએ આવીને મૂર્છા વાળવાના કેટલાક ઘરગથ્થુ ઉપાયો અજમાવી જોયા, પણ કશું કારગત ન નીવડયું.

થોડી વારમાં તો શેરીમાંથી બીજી પડોશણો પણ સમાચાર સાંભળીને આવી પહોંચી અને જોતજોતાનાં તો ઠુમરની ખડકી ઠાંસોઠાંસ ભરાઈ ગઈ.

ગોબરનું ધડ-માથું જુદું થઈ ગયું છે ને હાદા પટેલ દોડતા વાડીએ ગયા છે, એ સમાચાર ગામમાં ફેલાતાં જ, પુરુષો બધા વાડીએ જવા નીકળી પડયા અને સ્ત્રીવર્ગ અહીં ડેલીએ એકઠો થવા લાગેલો. અને પછી તો, સંતુની મૂર્છા વાળવા માટે સહુએ પોતપોતાને સૂઝતા ઉપાય સૂચવવા માંડયો.

આંખ પર પાણીની છાલક છાંટવાથી માંડીને ડુંગળી અને

આસડાં સુદ્ધાં સુંઘાડાઈ ગયાં, છતાં સંતુ શુદ્ધિમાં ન આવી ત્યારે જંતરમંતર ને સૂટકાની વાતો શરૂ થઈ. અને ફરી ઊજમના મનમાં વહેમનાં વાદળો ઘેરાવા લાગ્યાં :

સંતુને સાચે જ મૂર્છા આવી ગઈ છે કે પછી ઢોંગધતૂરા કરે છે? પોતે હાથે કરીને ગોબરને ગારદ કરી આવી છે ને હવે મોટી સતી થવાનું નાટક કરે છે? સાચો જવાબ ન આપવો પડે એટલે મૂંગી થઈ ગઈ છે!

ઊજમનું શંકિત માનસ આવાં અનુમાનો કરી રહ્યું હતું ત્યાં જ સોની ફળિયામાંથી અજવાળીકાકી આવી પહોંચ્યાં. એમણે તો સંતુના કશા ખબર પૂછવાને બદલે તોપનો ધડાકો જ કર્યો :

'સંતુએ જ ટોટાની વાટ સળગાવી દીધી!'

'સાચે જ? કોણે કીધું?'

'વાડીએથી વાવડ આવ્યા છે.'

'પણ સગી ધણિયાણી ઊઠીને આમ ધણીને મારી નાખે?'

'માંડણિયે નજરોનજર ભાળ્યું ઈ ખોટું? કાસમ પસાયતાની મોઢે એણે કબૂલ કર્યું.'

ઊજમને જોઈતું હતું એ જ મળી રહ્યું. પોતાની શંકાઓની શૃંખલામાં ખૂટતી કડી સાંપડી રહી.

અજવાળીકાકીએ તો ઊજમ જોડે આંખની સાંકેતિક ભાષામાં થોડી ગુફતેગો પણ કરી લીધી. એ સંકેતોનો વાચ્યાર્થ આવો હતો : જોયું ને? આપણો વહેમ સાચો પડ્યો ને? સંતડીએ મૂવા શાદૂળિયા હારે જ ભેઠ બાંધી'તી, એટલે આ ગરીબડા ગોબરને ગૂડી નાખ્યો.

અજવાળીકાકીએ કરેલા આ તોપધડાકા પછી ખડકીનું વાતાવરણ જ પલટાઈ ગયું. અત્યાર સુધી જે લોકો સંતુને શુદ્ધિમાં લાવવા મથતાં હતાં, એના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં હતાં, એ સહુ હવે એના ઉપર નરી નફરત વરસાવી રહ્યાં.

'અરરર...આવું રાખહ જેવું કામ કરતાં જીવ કેમ હાલ્યો હશે?'

'આ તી બાયડી કે ચૂડેલ? સગા ધણીને ભરખી ગઈ!'

'પણ પોતાના પરણ્યાને આમ હહલું ગૂડે એમ ગૂડી નાખતાં જરા ય વિચાર નહિ થયો હોય?'

'આનું નામ જ અસ્તરી ચરિતર! એનાં પાપનો પાર કોઈ ન પામે.'

'પણ માડી! આવું કહાઈ જેવું કામ કરતાં એનો હાથ ધ્રૂજ્યો નહિ હોય! એના રૂદામાં ભગવાને દયાનો છાંટો નહિ મેલ્યો હોય?'

'જેનું મન ચળ્યું ને બીજે ઠેકાણે બેઠું એને દયા કેવી ને વાત કેવી? પીંગળા રાણીની કથા નથી સાંભળી? ઈ તો ભરથરી રાજાને ભેખ જ લેવડાવે.'

કાસમ પસાયતો હજી વાડીએ પંચનામું કરે એ પહેલાં તો અહીં ખડકીમાં એકઠા થયેલા સ્ત્રીવૃન્દે પંચ એ જ પરમેશ્વર સમજીને આ હત્યા અંગેનો ચુકાદો આપી પણ દીધો.

'સંતુડીએ જોબરને ગૂડી નાખ્યો!'

જાણે કે મધપૂડા પર પથરો પડયો હોય એમ ખાડકીમાં ઠાંસોઠાસ જમા થયેલા ટોળામાં ધીમો ગણગણાટ ચાલ્યો:

'સંતુડીએ સગા ધણીને ગૂડી નાખ્યો!'

ઊજમ અને અજવાળીકાકીને મોઢેથી વહેતો મુકાયેલો આ ગબારો ઊંચો ને ઊંચો ચડતો રહ્યો.

'અરરર માડી! સગી ધણિયાણીએ ઊઠીને ધણીને વાઢી નાખ્યો?'

એકી અવાજે થઈ રહેલા આ ગણગણાટમાં એકલવાયો અવાજ સંતુની જનેતા હરખનો હતો.

'એલી બાઈ! જરાક તો ઉપરવાળાનો ભો રાખ્ય? કોણે આ કાળાં કામો કર્યાં છે ઈ જાણ્યાકારવ્યા વિના આવાં આળ કાં ચડાવ્ય?'

પણ પરમેશ્વર સમું પંચ બોલતું હોય ત્યાં હરખની તૂતી કોણ સાંભળે ?

થોડી થોડી વારે વાડીએથી સમાચાર આવ્યા કરતા હતા. સીમમાંથી પાછા ફરનાર માણસો જે વાતો લાવતા હતા એમાં ય આવું જ સનસનાટીભર્યું તત્ત્વ સમાયેલું હતું.

મોડી સાંજે વગડો કરીને પાછી આવતી વખતી ડોસી હુમરની વાડીએ થોભી ગઈ હતી. એણે મોડેથી ગામમાં આવીને હુમરની ડેલીએ કેટલાક 'આંખે દેખ્યા હાલ' રજૂ કર્યા :

'ગોબરની લાશનો કબજો નહિ સોંપાય...'

'શંકરભાઈ ફોજદારને ખરકવા વેઠિયો ગયો છે; પણ ફોજદાર શાપરમાં નથી...'

'માંડણિયો તો દારૂના ઘેનમાં ચત્તોપાટ પડ્યો પડ્યો ઘોરે છે...'

ગોબરનું મડદું તો મોટે દવાખાને લઈ જાવું પડશે. દાગતરની ચિઠ્ઠી વન્યા એને દેન નઈં દેવાય.'

'માંડણિયે કબૂલ કર્યું છ કે સંતુડીએ વાટ સળગાવીને ગોબરને મારી નાખ્યો છે. ફોજદાર આવીને સંતુને શાપરની જેલમાં લઈ જાશે.'

અત્યાર સુધી ફળિયામાં એકઠા થયેલા મહિલા પંચના પિષ્ટપેષણમાં જે એકવાક્યતા આવતી જતી હતી એમાં વખતીએ ચગાવેલા નવા ગપ્પાંઓએ થોડી નવીનતાઓ ઉમેરી.

વખતીને પોતાનું એક જૂનું વેર વાળવાની આજે સરસ તક મળી ગઈ. મહિનાઓ પહેલાં પાણીશેરડે એને સંતુ સાથે જરા ચડભડ થઈ ગયેલી. સંતુએ અપંગ બનેલા માંડણનાં બે મોઢે વખાણ કરવા માંડેલાં, અને જીવતીના અગ્નિસ્નાન સામે માંડણનો બચાવ કરેલો ત્યારે વખતીએ એને સંભળાવેલું કે માંડણનું બહુ દાઝે છે, તો એ ઘરભંગ માણસનું ઘર માંડીને બેસ ની ?...આના

ઉત્તરમાં સંતુએ વખતીને સારા પ્રમાણમાં ઊધડી લઈ નાખેલી. એ ઘટના આ ડોસી હજી ભૂલી નહોતી. દાવ આવ્યે સોગઠી મારવાનો લાગ શોધી રહેલી વખતીને આજે સરસ દાવ સાંપડી ગયો હતો.

'મેં તો કે'દિ'નું માંડી રાખ્યું'તું કે આ ઊછળ્યું ધાન હવે ગોબરના ઘરમાં ઝાઝા દી ઠરશે જ નહિ. છેલછોગાળા શાદૂળભામાં જેનું મન મોહ્યું, એને ગરીબડો ગોબર જેવો ધણી શેનો ગમે ?'

* * *

આખી રાત ગુંદાસર જાગતું રહ્યું. ઠુમરની ખડકીએ બૈરાંઓની ઠઠ જામેલી રહી, વાડીએ વાડીએ પુરુષોની. અડખેપડખેનાં ગામોમાં સમાચાર ફેલાતા ગયા તેમ તેમ પરગામનાં કેટલાંક નવરાં માણસો પણ આ વિલક્ષણ ખૂનનો કિસ્સો નિહાળવા આવી પહોંચ્યાં.

શંકરભાઈ ફોજદારની રાહ જોતી ગોબરની લાશ વહેલી પરોઢ સુધી પડી રહી. ખીજડાના થડ જોડે દોરડા વડે મુસ્કેટાટ બાંધેલા માંડણને દારૂનું ઘેન ચડતું ગયું તેમ તેમ એ લથડતો ગયો અને આખરે એ ચકચૂર દશામાં કાસમ પસાયતાની નજર તળે આળોટતો રહ્યો. એના વાસ મારતા મોઢામાંથી વારેવારે સંભળાતી લવરીના સૂચક શબ્દો સહુ કાન માંડીને સાંભળતાં રહ્યાં :

'એ જ લાગનો હતો શાદૂળિયો...સમજે છે શું એના મનમાં ? ...ફટાયો થઈને ફાટ્યો ફાટ્યો ફરતો'તો તે લેતો જા હવે !...'

આખી રાત ઠુમરની ખડકીમાં ગામની સ્ત્રીઓ જાગતી બેઠી રહી અને સંતુના કહેવાતા અપરાધ ઉપર પોતપોતાના ચુકાદાઓ સંભળાવતી રહી.

સવારમાં ફોજદારે આવીને પંચક્યાસ કર્યો. માંડણને ગડદાપાટુ મારીને જાગ્રત કર્યો અને એની જુબાનો નોંધી.

ફોજદારના પગરખાની એક લાત પડતાં જ માંડણ ફરી શુધમાં આવી ગયો અને પુછાતા પ્રશ્નોના સ્વબચાવમાં એણે પહેલું જ વાક્ય નોંધાવ્યું :

'સંતુએ વાટ સળગાવી દીધી.'

'એલા, તારું તો મોઢું ગંધાય છે!' શંકરભાઈ ચોંકી ઊઠ્યા. 'ક્યાંથી પી આવ્યો છે?'

કાસમે બાતમી આપી કે સાંજને ટાણે મૂળગર બાવાને ઘેરથી કુબલું ઢીંચીને આવેલો, એટલે શંકરભાઈએ મૂળગરને પણ તેડાવ્યો. એની જુબાની નોંધ્યા પછી તેઓ સંતુની જુબાની લેવા ગામ તરફ ઊપડ્યા.

છેક સવારે શુદ્ધિમાં આવેલી સંતુએ ફોજદાર સમક્ષ જુબાની નોંધાવી:

'માંડણિયે વાટ સળગાવી દીધી'તી.'

બન્ને જુબાનીઓ નોંધ્યા બાદ ફોજદારે લાશ સોંપી અને માંડણને હાથકડી પહેરાવીને શાપર લઈ ગયા.

* * *

સ્મશાનની કાળીભઠ્ઠ છાપરી તળે હાદા પટેલે પુત્રના શબને અગ્નિદાહ દીધો ત્યાં સુધીમાં તો ગામમાં જામેલું વહેમનું વાદળ ઘણું ઘેરાઈ ચૂક્યું હતું. પાણીશેરડે સ્ત્રીઓ છડેચોક બોલતી હતી:

'માંડણિયો છૂટીને આવશે કે તરત સંતુ એનું ઘર માંડશે.'

'અરે, ગોબરના જીવતાં જ સંતુએ તો નાતરે જવાનું નક્કી કરી રાખ્યું હતું.'

'મૂળ તો એનું મન શાદૂળમાં જ મોહ્યું'તું પણ શાદૂળિયાને તો જલમટીપ જડી, એટલે હવે માંડણના રોટલા ઘડશે.'

રફતેરફતે ખુદ હાદા પટેલ સુધી આ કાનસૂરિયાં પહોંચ્યાં. લોકવાયકાઓ એવી તો વ્યાપક બની ગઈ હતી કે આ ધીરગંભીર પિતાને પણ ક્ષણભર તો એ અફવામાં થોડું તથ્ય લાગ્યું. પુત્રની હત્યાથી હેબતાઈ ગયેલા હાદા પટેલ પોતાની સંતપ્ત મનોદશામાં સારાસાર તારવી શકવાની સ્થિતિમાં નહોતા, તેથી એમને પણ આ વાયકાઓમાં થોડો વિશ્વાસ બેઠો.

સાચે જ સંતુને ગોબર ગમતો નહિ હોય એટલે આવો ત્રાગડો રચ્યો હશે ? એનું મન માંડણિયામાં મોહ્યું હશે ? સંતુ સાચે જ હવે નાતરે જાશે ? સુરંગની વાટ કોણે સળગાવી હશે ? માંડણે કે સંતુએ ? કોને ખબર ! વાડીમાં તો માંડણ ને સંતુ સિવાય ત્રીજું કોઈ નજરે જોનાર હતું જ નહિ...ના, ના, એક ત્રીજું જણ હતું...સતીમા પોતાના થાનકમાં બેઠાં બેઠાં આ હંધું ય ઉઘાડી આંખે જોતાં હતાં...' સાચી વાત તો એકલાં સતીમા જ જાણે. માંડણની વાતમાં વિશ્વાસ ન મૂકાય, સંતુની વાત પણ સાવ સાચી ન મનાય. આમાં તો એકલાં સતીમા બોલે ઈ જ સાચું માનવું...

આવી શ્રદ્ધાથી ભાવુક હાદા પટેલે ગામલોકોની કુથલીને ગણકારી નહિ, અને સંતુને હત્યારી ઠેરવી નહિ. છતાં એમની એ શ્રદ્ધાને ય ચલિત કરી નાખે અને પુત્રવધૂને માથે પતિહત્યાનું પાતક ઓઢાડવા પ્રેરે એવો એક સૂચક બનાવ થોડા દિવસમાં જ બનવા પામ્યો.

કાચી જેલમાં રહેલા માંડણ સામેનો મુકદ્દમો શરૂ થાય અને સંતુ સહિત ગામનાં માણસો એમાં સાક્ષી આપવા જાય એ પહેલાં જ સંતુએ અત્યંત ક્ષોભ સાથે ઊજમને મોઢે સ્ફોટ કર્યો કે પોતે સગર્ભા છે, અને ભવિષ્યમાં માતા બનશે.

થયું, ઊજમના માનસમાં દિવસોથી ઘેરાઈ રહેલાં વહેમનાં વાદળોમાં એક નવો ઉમેરો થયો. અત્યાર સુધી એના ચિત્તમાં ઘોળાઈ રહેલા સઘળા સંશયોને સંતુના આ એક જ સમાચારથી સમર્થન મળી રહ્યું. પોતે આજ સુધી દેરાણી ઉપર પતિહત્યાનું જે પાતક ઓઢાડી રહી હતી એને અણધારી પુષ્ટિ મળી રહી.

સંતુને મોઢેથી આ નવા સમાચાર સાંભળતાં વાર જ ઊજમના મનમાં પ્રશ્નોની અને સંશયોની પરંપરા ઊઠી :

એ જન્મનાર બાળક કોનું ? શાદૂળનું કે માંડણનું ?

ગોબર જીવતો હતો ત્યાં સુધી અમને વાત કેમ ન કરી ?

પોતે માતા બનનાર હતી, તો આટલા દિવસ મૂંગી કેમ રહી ?

દુ:ખિયારી સંતુ પાસે આમાંના એકે ય પ્રશ્નનો ઉત્તર નહોતો.

સંતુનું આ સ્વાભાવિક મૌન જ ઊજમના સંશયોને વધારે ઘેરા બનાવી રહ્યું.

અને જોતજોતામાં તો આ હમેશનો ભેદ એવો તો જટિલ બની ગયો કે એની સમક્ષ પેલો હત્યાનો ભેદ પણ ઝાંખો પડી ગયો; બલકે, પેલા ભેદનું આડકતરું રહસ્ય આ નવા ભેદમાંથી સાંપડી રહ્યું. ...સંતુ માતા બનનાર હતી એ એક નક્કર હકીકત હતી, અને એના ભાવી બાળકનો પિતા ગોબર જ હતો, એ બાબતનો હવે આ દુનિયા પર કોઈ જ સાહેદ મળી શકે એમ નહોતો.

પોતાને શિરેથી પતિહત્યાનું એક આળ તો હજી દૂર થયું નહિ ત્યાં જ આ અણધાર્યું નવું આળ આવી પડતાં સંતુની સ્થિતિ અત્યંત વિષમ થઈ પડી.

*

## પ્રકરણ ત્રીજું

# એ કલંકિની

સંતુના જીવને ક્યાં ય ચેન નથી. દિવસે દિવસે એની સામેના સંશયો વધારે ને વધારે ઘેરા બનતા જાય છે. ઘરમાં એ હરફર કરે છે ને ઊજમ એના તરફ મૂંગી મૂંગી તાકી રહે છે. ખડકીની બહાર નીકળે છે ને પડોશણોની એવી જ મૂંગી નજરના ભાલા ભોંકાય છે. શેરી વળોટીને નાકા સુધી જાય છે, ત્યાં ગામલોકો અર્થસૂચક નજરે એની દેહયષ્ટિને નિહાળી રહે છે...

કોઈ કશું બોલતું નથી, કોઈ કશો સ્ફોટ કરતું નથી, કોઈ મગનું નામ મરી પાડતું નથી; અમારા મનમાં શી વાત ઘોળાય છે એ બાબત તડ ને ફડ કહી દેવા જેટલી કોઈનામાં હિંમત નથી. માત્ર તાતી નજરે સહુ ટગર ટગર તાકી રહે છે.

મોઢેથી મીઠાંબોલાં માનવીઓની આંખોમાંથી છૂટતી આવી મીંઢી નજરોનો માર સંતુથી ખમાતો નથી. એ પોતે જાણે છે કે લોકોનાં મનમાં શી વાત ઘોળાઈ રહી છે. તેઓ કયા પ્રકારનું આળ આરોપી રહ્યાં છે એની ય એને જાણ છે. પણ એ વ્યવહારડાહ્યાંઓ એક અક્ષર સુદ્ધાં બોલતાં નથી તેથી સંતુ વધારે નાસીપાસ થાય છે.

ગામના આખા વાયુમંડળે જાણે કે સંતુ સામે કાવતરું રચ્યું છે. ખુદ આબોહવામાં જ પેલા આળની મૌન વાણી વ્યક્ત થઈ રહી છે. કંઈક અગણિત અદૃષ્ટ અંગુલિઓ ચોદિશાએથી એની સામે ચીંધાઈ રહી છે અને એનાથી ય અદકી અગણિત લોકજીભો

એને અપરાધી ઠરાવી રહી છે :

'તું દુષ્ટા છે !

'તું હત્યારી છે !'

'તું કુલટા છે !'

શરદ ઋતુની આછેરી વાયુલહરી આવે છે ને સંતુના કાનમાં ગણગણાટ કરી જાય છે :

'તારાં કુકર્મ અમે જાણીએ છીએ. તું પતિને બેવફા નીવડી છે. તારા અનાચાર અમારાથી અજાણ્યા નથી. તારા માર્ગમાંથી પતિનું કંટક દૂર કરવા માટે એને હણી નાખ્યો છે...અમે જાણીએ છીએ, તારા ઉદરમાં કોનું બાળક ઊછરી રહ્યું છે.'

મૂંગાં મહેણાંઓની આ ભીંસ એવી તો અસહ્ય બનતી કે સંતુ આખરે અકળાઈ ઊઠીને કહી રહેતી :

'તમે મૂંગાં મૂંગાં મને રિબાવો છો એના કરતાં મોઢેથી બોલીને સંભળાવો ને, જેથી હું સામો જવાબ આપી શકું ? અરે, સાચી વાત શું છે એટલું તો કોઈ મને પૂછો, જેથી હું ખુલાસો કરી શકું ? અરે, કોઈ મને સાંભળો, મારે અંતરની આગ ઠલવવી છે. કહું છું મને કોઈ કાનસરો તો દિયો ? મારે મારો હૈયાભાર હળવો કરવો છે...તમે એકપક્ષી વાત સાંભળીને મને તકસીરવાર ઠરાવી દીધી છે, પણ, મને મારો બચાવ કરવાની તો તક આપો !'

પણ સંતુને બચાવ કરવાની તક આપે તો તો એ ગામલોકો શાના ? ઊજમે અને અજવાળીકાકીએ મળીને એને ગુનેગાર ઠરાવી જ દીધી.

અને સંતુને નિમિત્તે તો ગામમાં નાનામોટા ઝઘડા પણ થવા માંડચા.

ગોબરની હત્યા થઈ એ દિવસે સંતુની મા હરખ અને અજવાળીકાકી વચ્ચે થોડી બોલચાલ થઈ ગયેલી. એ વેળા તો વાત ત્યાંથી જ અટકેલી, પણ પછી શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે

સાંજે ગામ આખું ભૂતેશ્વરના મંદિરના ભોળા શંભુનાં દર્શને એકઠું થયેલું ત્યારે અજવાળીકાકીએ એ ધર્મકામ પતાવ્યા પછી પાછાં વળતાં સ્ત્રીવૃંદ વચ્ચે 'કર્મ'ની વાત કાઢેલી.

'હવે તો દેવ ગ્યા ડુંગરે ને પીર ગ્યા મક્કે...માણસને ધરમ-નો આસ્થા જ ક્યાં રહી છે ? ભગવાનનો ભો જ સંચોડો હાલ્યો ગ્યો છ...નીકર આ સંતડીએ કર્યું એવું કાળું કામ કોઈ કરે ખરાં ?'

'સંતડીએ શું કાળું કામ કરી નાખ્યું, અજવાળીકાકી ?' પછવાડે જ ટોળામાં આવી રહેલી હરખે મોટેથી પૂછ્યું.

'કોણ બોલ્યું ઈ ? ટીહલાની હરખી ?'

'હા, હું હરખી !'

'દીકરીનું ભવ દાઝ્યું કાંઈ ?'

'દાઝે જ ને ? આવાં ન બોલ્યાંનાં વેણ બોલતાં જરા ય વચાર નથી થાતો ?'

'તારી દીકરીને કાંઈ કાળીગોરી કહી નાખી મેં ?'

હવે હરખે તીખે અવાજે સંભળાવ્યું :

'કાળું કામ, કાળું કામ, બોલતાં શરમાતાં નથી આવડાં ગલઢાં આખાં ?'

'પણ ઈ શેજાદીને એવું કામ કરતાં શરમ ન આવી તો અમને બોલવામાં શેની શરમ ?'

'એવું તી કયું કામ કરી નાખ્યું છે ?' હરખે હિંમતભેર પૂછ્યું, 'મારી છોકરીએ કાંઈ ચોરી–છિનાળવું કર્યું છે ?'

'ચોરી–છિનાળવું !' અજવાળીકાકીએ આ બે શબ્દો એવા તો વિચિત્ર લહેકાથી ઉચ્ચાર્યા કે અડખેપડખે ઘેરો વળીને ઊભેલી સહુ સ્ત્રીઓ કશાક ધડાકાની અપેક્ષામાં જ સ્તબ્ધ થઈ ગઈ. અજ-વાળી કાકીએ ઉમેર્યું : 'ચોરી–છિનાળવાં માથે તી કાંઈ શિંગડાં ઊગતાં હશે ? બે આંખવાળું માણહ ગામમાં નજરોનજર ભાળે છે.'

'શું ભાળે છે ?'

'તારી છોડી મોટું પેટ લઈને ફરે છે ઈ ! બીજું શું વળી ?' હરખે સાવ સાહજિકતાથી કહ્યું :

'તી તમે તમારાં ઓધાન ઓદરમાં સાચવવાને સાટે માથે લઈને ફર્યાં હશો ?'

સાંભળીને ટોળામાં હાસ્યની આછી લહર ફરી વળી. અજવાળીકાકીને સમજાયું કે 'ટીહલાની હરખી' તો મારી જ હાંસી કરી ગઈ તેથી તેઓ વધારે ઉશ્કેરાયાં. દાઝપૂર્વક પૂછ્યું :

'એલી, ઓધાન – ઓધાન કર છ, પણ કોનું ઓધાન લઈને સંતુડી ફરે છે, ઈ તો વાત કર્ય ?'

'ઓધાન કોનાં હોય વળી ? ઈના ધણીનાં. બીજા કોનાં ?'

'તું જોવા ગઈ હઈશ, જાણે !'

'તંયે તમે જોવા ગ્યાં'તાં ?'

'અમે મર જોવા ન ગ્યાં હોઈએ, પણ હંધુ ય જાણીએ છંયે—'

'શું જાણો છો ?'

'ઠાલું મારા મોઢે શું કામ બોલાવ છ ?' અજવાળીકાકીએ કહ્યું : 'ગામનું ખહુડિયું કૂતરું ય જાણે છે કે કોનાં ઓધાન છે !'

'ડોહી ! જરાક જીભ સાચવજો, નીકર આ હરખી જેવી કોઈ ભૂંડી નથી—'

'મને જીભ સાચવવાનું કે છ, એના કરતાં દીકરીને સાચવવી'તી ને ? તો આવા દી' ન આવત.'

હવે ઘા કરવાનો વારો હરખનો હતો :

'ડોહલી ! તેં પંડ્યે તારી ગગલીને કેવીક સાચવી છે, ઈનો તો વચાર કર્ય ? મારી સંતીને તો એના પરણ્યા ધણીનાં ઓધાન રિયાં છ, પણ તારી જડકીને તો કુંવારે જ—'

હરખની ઉક્તિ અહીં જ અધૂરી રહી, બાકીનાં વેણ એ પૂરાં

કરે એ પહેલાં તો ઉશ્કેરાયેલાં અજવાળીકાકીનો જોરદાર ઢીંકો એના મોઢા ઉપર પડી ચૂક્યો હતો.

પણ ઉજળિયાત વરણના હાથનો ઢીંકો આ ખેડૂત સ્ત્રી ખાઈને બેસી રહે એ શે' બને ? હરખે પણ એટલા જ ઉશ્કેરાટથી હાથ ઉગામ્યો અને અજવાળાકાકીના કપાળ પર ઝીંકાયો.

અને અજવાળીકાકીની આંખ સામે લાલ-પીળા રંગો રમી રહ્યા. મુષ્ટિપ્રહાર કરતાં વાગ્પ્રહારમાં જ વધારે સલામતી છે એમ સમજતાં તેઓ કંપતે હોઠે ને ધ્રૂજતે અવાજે તૂટક તૂટક શબ્દો જ બોલતાં રહ્યાં :

'હઠ રાંડ ગોલકી !...અંત્યે જાત્ય ઉપર જ ગઈ...જેવી મા એવી જ એની છોડી...કડવે વેલે મીઠું તૂંબડું ક્યાંથી ઊતરે ?—'

હરખ પાસે અજવાળીકાકીને આંટે એવી ડંખલી ભાષા નહોતી પણ પોતાના બાહુબળ પર એ મુસ્તાક હતી. કડવાં વેણ અંગેનાં કડવાં ઝેર વેણનો વળતો જવાબ આપવા એણે ફરી મુક્કો ઉગામ્યો. પણ હરખના એક જ ધુંબા વડે લોથપોથ થઈ ગયેલાં ઊજળિયાત અજવાળીકાકી હવે વધારે ઢીંકાનાં ઘરાક નથી એમ સમજાતાં અડખેપડખે ઊભેલી સ્ત્રીઓએ હરખનો ઉગામેલો હાથ ઝીલી હતો :

'હવે હાંઉ કરો, હાંઉ—'

'એક જ શેરીનાં રે'વાવાળાં ઊઠીને વઢો મા—'

'આજે શાવણિયા સોમવારે આવી ગાળ્યું ભેળ્યું દિયો છો તો શંકર દાડો રૂઠશે તમારી ઉપર—'

સ્ત્રીઓને તો જોણું અને વગોણું બંને મળી રહ્યાં. હરખે આવેશમાં આવી જઈને અજવાળીકાકીની જડાવ વિષે જે ચોંકાવનારા સમાચાર જાહેર કરી દીધા હતા એ તો ગોબરની હત્યા કે સંતુના 'ઓધાન' કરતાં ય વધારે સનસનાટીપ્રેરક હતા. તેથી જ તો, 'વઢો મા, વઢો મા,' કરીને બંને પક્ષોને નોખા પાડતાં પાડતાં સ્ત્રીસમુદાય આ નવું રહસ્ય જાણી ગયા બદલ મનમાં ને મનમાં

મલકી રહ્યો હતો.

'આજકાલ તો કોઈનું ય વાંકું બોલતાં હજાર દાણ વચાર કરવો પડે એવું છે—'

'જુવોની, આ અજવાળીકાકીએ પાણો ઉલાળ્યો ઈ એના જ પગ ઉપર આવી પડ્યો.'

'આ તો ઢાંક તારાં ને ઉઘાડ મારાં જેવો ઘાટ થઈ પડ્યો.'

'પોતાના જ પગ હેઠળ બળતું હોય ઈ ભાળે નહિ ને પારકી બોઈ-પટલાઈ કરવા જાય પછી તો આમ જ થાય ને ?'

એક તરફ અજવાળીકાકી સાંભળે નહિ એવાં ધીમાં કાન-સુરિયાં ચાલતાં હતાં :

'અરરર માડી ! આ સોનીની જડકી તો ભારે જોરુકી નીકળી !'

'બચાડીને કૂવો-અવેડો કરવો પડશે હવે.'

'ધરતી ઉપર આવા પાપના ભાર વધતા જાય, એમાં વરસાદ ક્યાંથી આવે ? વરહોવરહ છપ્પનિયો જ પડે કે બીજું કાંઈ ?'

બીજી તરફ, હરખને હવે વધારે મુષ્ટિપ્રહારો કરતી રોકી રખાઈ હોવાથી અજવાળીકાકીની જીભને વેગ મળ્યો હતો.

'ઈ ટીહલાની હરખી ઊઠીને મને તુંકારો કરી જાય ?...મારીને ભોંયમાં ભંડારી દઉં...હંઅં...અ...ને મારી જડીને બેજીવી કહેનારી ઈ બે દોકડાની કણબણ્ય કોણ ?'

'હું નથી કે'તી, ગામ આખું કિયે છ !' હવે હરખે પોતાની જીભ છૂટી મૂકી : 'ન માનતાં હોય ઈ જઈને પૂછી આવો સામતા આયરને !'

આખરે હરખે તોપનો ધડાકો કરી જ નાખ્યો. ગોલંદાજ પલિતો ચાંપે ને તોપમાંથી કાન ફાડી નાખે એવો ધડાકો થાય ત્યારે ઝાડ પર ઊંઘતાં સેંકડો પક્ષીઓ કલબલાટ કરી ઊઠે એવો કલબલાટ સ્ત્રીઓના ટોળામાં ઊઠ્યો.

'સામતો આયર ! સામતો આયર !...ન ઓળખ્યો ?...ઓલ્યો

નથુબાપાની હાટને ઊંબરે આખો દિ' બેઠો રે'તો'તો ઈ જ...મરે મુવો...જડીનું બચારીનું જીવતર રોળી ગિયો...'

હવે અજવાળીકાકીને ભાન થયું કે અહીં ઊભાં રહેવું સલાહભર્યું નથી. પોતે આળ ચડાવવા ગયાં સંતુ ઉપર, પણ આળ આવ્યું પોતાની જ પુત્રી ઉપર; પોતે વગોવણી આદરી સંતુની, પણ આખરે વગોવણી થઈ ગઈ જડાવની ! સંતુ જોડે શાદૂળનું નામ સંડોવવા જતાં જડી અને સામતા આયરનાં નામનો જ ધજાગરો બંધાઈ ગયો એ હકીકતનું ભાન થતાં એમણે હવે હરખની બોલતી બંધ કરવા ઝટપટ બહાદુરીપૂર્વક ઘરભેગાં થઈ જવાનું જ ગનીમત ગણ્યું.

અને જતાં જતાં તેઓ પોતાની બહાદુરી બતાવવા ખાતર હરખને અનેકવિધ ધમકીઓ પણ આપતાં ગયાં :

'જોજે તો ખરી રાંડ ગધેડી ! મને ઢીંકો માર્યો છે, પણ તને જેલમાં ન પુરાવું તો મારું નામ અજવાળી નહિ...ટીહલાને ગુંદાસરનો ટીંબો છોડાવું તો કહેજે કે હા...'

જડીના જીવનનું અત્યંત ગુપ્ત રહસ્ય આમ ઊભી શેરીએ જાહેર થઈ જતાં અજવાળીકાકી બહુ અસ્વસ્થ થઈ ગયાં હતાં. પોતાની ખડકી તરફ નાકું વળતાં હરખ તો ઘણી ય દૂર પડી ગઈ હોવા છતાં તેઓ આંતરિક અસ્વસ્થતા ઓછી કરવા ખાતર હરખને ઉદ્દેશીને સંભળાવી રહ્યાં હતાં :

'ટાંટિયો વાઢી નાખશ...નાને પંડચે નાની ને મોટાં માણહ હાર્યે લવારો કરવા આવી છે !...જીભડો ખેંચી લઈશ જીભડો !... અડદ ને મગ ભેગાં ભરડતાં શીખી છો, પણ ભોંયમાં ભંડારી દઈશ, ભોંયમાં !...'

ખડકીના ઊંબરામાં પ્રવેશ કરતાં ય એમની સ્વગતોક્તિઓનો વાક્પ્રવાહ તો અસ્ખલિત જ વહેતો હતો :

'મારાં હાળાં ભૂડથાંવની ફાટય તો જો વધી છે !...લોકિયાં

વરણુ ઊઠીને ઉજળિયાત માણહને ધડ કરતોક ને ઢીંકો મારી જાય એટલે તો હાંઉ ને!...પણ હું ખરી તો ટીહલાની સાત પેઢીની ઓખાત ખાટી કરી નાખું!...હરખી રાંડ પોલાળું ભાળી ગઈ છે. પણ ફોજદારી ન નોંધાવું તો મારું નામ અજવાળી નહિ—'

'શું થયું, મા? શું થયું?' ઊંબરામાં પ્રવેશતાં જ જડીએ પૂછ્યું.

'થાય શું? સાવરણી ને સૂંથિયાં? પણ રાંડને જેલમાં જ પુરાવું—'

'કોને?'

'ઓલી ટીહલાની હરખીને. જીભડો હાથ એકનો વધાર્યો છે, અને.'

'પણ શું કામે?'

'શું કામે? મને વાંહામાં ધમ્મ કરતોકને ઢીંકો મારી લીધો વંતરીએ! હવે તો ગોલકીને પાકી જેલમાં જ પુરાવું.'

જડીએ પૂછ્યું: 'પણ ઢીંકો અમથો અમથો જ મારી લીધો? કે કાંઈ બોલાચાલી થઈ'તી?'

'એની નભાઈની જીભ બવ વકરી છે. હમણાં સો માણહની વચાળે તારી આબરુ ઉઘાડી પાડી ભૂંડણ્યે...'

સાંભળીને જડીના પેટમાં ધ્રાસકો પડચો. પોતે સગર્ભા બની ત્યારથી આ આબરુનો હાઉ એને અહોનિશ પજવી રહ્યો હતો. જાગતાં ને ઊંઘતાં કોઈક ભયંકર દુઃસ્વપ્નની જેમ એની યાદ વારંવાર તાજી થયા કરતી હતી. અત્યારે સો માણસની વચ્ચે કોઈએ પોતાની વગોવણી કરી હોવાની હકીકત માતાને મોઢેથી સાંભળીને એ વધારે ગભરાઈ ગઈ.

'મા! એણે શું કીધું, શું કીધું?'

'શું કિયે બીજું? મુવું મને તો બોલતાંય શરમ આવે.

હજાર માણુસની હાજરીમાં ઈ નુઘરીએ સામત આયરનું નામ પાડ્યું—'

'નામ પણ પાડ્યું ?' જડીએ અર્થસૂચક પ્રશ્ન પૂછ્યો : 'સામતકાકાનું ય નામ પાડ્યું ?'

'મારે સગે કાને સાંભળ્યું ને! દાઝ તો એવી ચડી કે ઈ નભાઈડીનો નળગોટો જ દબવી દઉં—'

'બિચારા સામતકાકા !' જડીએ સહાનુભૂતિયુક્ત ઉદ્ગાર કાઢ્યો.

'કેમ અલી, કાંઈ બવ દયા આવે છે સામતકાકાની ?'

જડી મૂંગી રહી, એટલે માતાએ હરખ પ્રત્યેની દાઝ બધી સામત ઉપર ઢોળવા માંડી.

'મુવે તારો મનખાદેહ તો અભડાવ્યો, ને હજી એને બિચારો ગણુશ ?'

જડી આંખો ઢાળી ગઈ.

'મહાણિયે તારું જીવતર ધૂળધાણી કરી નાખ્યું...એનું નખોદ જાય...'

'બિચારાને ગાળ્યું શું કામ દિયો છો ?' જડી બોલી.

'ગાળ્ય ન દઉં તો શું એને ચોખા ચડાવું ?' મતીરો મૂવો ઘરનો જ ઘાતકી નીકળ્યો...તને ભોળીને ભરમાવી—'

'મને એણે નથી ભરમાવી—'

'સામતે આયરે નથી ભરમાવી ?

'ના.' કહીને જડી ફરી મૂંગી થઈ ગઈ.

માતાએ ફરી ફરીને પૂછ્યું, ફેરવી ફેરવીને પૂછ્યું, પણ પુત્રી કશો ઉત્તર આપવાને બદલે આંખો વધારે નીચી ઢાળી ગઈ.

'ઈ સામતાના નામનો તો આજે ઢોલ પીટ્યો ઓલી ટીહલાની હરખીએ. ઈ જોરાળ્યને હવે તો જેલમાં જ પુરાવું. અબઘડીએ જ કાસમા પસાયતાને બરકાવું. ક્યાં ગયા તારા બાપુ ?'

'ઈ તો કોડિયારું પૂરવા ગ્યા છ ત્યાંથી પાછા નથી આવ્યા.'

'ઈ આવે ઇ ભેગા જ ફોજદારી નોંધાવું. ઈ બે દોકડાની કણુબણ્ય ઊઠીને મારી દીકરીને વગોવી જાય તો તો હાંઉ થઈ ગ્યું ને?'

'મા, હવે મારી વધારે વગોવણી કરવી રે'વા દિયોની!'

'કેમ ભલા? ઈ સોઢીને સારીપટ પાંહરી કર્યા વન્યા મને સખ નહિ વળે.'

'પણ આમાં તો બવ ચોળ્યે ચીકણું થાય. બોલ્યું બાર્ય પડે ને રાંધ્યું વરે પડે—'

'સૌનાં સાંભળતાં એણે સામતકાકાનું નામ પાડી દીધું ઈ હું સાંખી લઉં?'

હવે જડીએ ન છૂટકે બોલવું પડયું. તૂટક તૂટક શબ્દો ઉચ્ચાર્યા: 'સામતકાકાની આંખ્યમાં તો સગા બાપથી ય સવાયું હેત ભર્યું છે—'

'ઈ રાખહ—'

'રાખહ નથી, દેવ છે, મા!'

'તારો અવતાર રોળી નાખનાર માણહને તું દેવ ગણીને—'

'દેવ ગણીને પૂજવો પડે એવો છે—' કહીને જડીએ આખરે અંતરની વાત કહી જ દીધી. 'એણે મારો અવતાર નથી રોળ્યો—

'એણે નહિ તો કોણે?' કહીને અજવાળીકાકીએ પુત્રીના દેહ પર તાતી નજર નોંધી.

ફરી જડી મૂંગી થઈ ગઈ...

પુત્રીનું મૌન હવે માતાને વધારે અકળાવી રહ્યું. જાણે કે જીભને બદલે પેલી તાતી નજર વડે જ એમણે નિર્દેશ કરીને પૂછ્યું:

'આ પાપ?—'

'સામતકાકાનું નથી—'

બસ. સોયમાં સોંસરવાં નીકળી શકે એવાં અજવાળીકાકીને હવે વધારે ખુલાસાની આવશ્યકતા ન રહી. કેવળ સ્ત્રીહૃદયોમાં જ સંભવી શકે એવી કોઈક ઈશ્વરદત્ત અંતઃસ્ફુરણાથી જ તેઓ બધું સમજી ગયાં. ગુનેગારની મૂર્તિ એમની સમક્ષ આવી ઊભી. એના

કુકર્મની કલ્પનામાત્રથી એમને કમકમાં છૂટચાં. પુત્રીએ કરેલો આ એકરાર માતા માટે આશ્ચર્યપ્રેરક હતો, પણ બહુ આઘાતજનક નહોતો. આવી અસાધારણ ઘટનામાં ય એમને કશું અસંભાવ્ય ન જણાયું, તેથી જ, પોતે કશો તીવ્ર પ્રત્યાઘાત રજૂ કરવાને બદલે કેવળ સાહજિક પ્રશ્ન જ પૂછચો :

'આટલા દિ લગણ કાંઈ બોલી કેમ નંઈ ?'

'કિયા મોઢે બોલું ? મારી જીભ કચડાય--' કહીને જડીએ નાના બાળકની જેમ માતાની ગોદમાં મોઢું સંતાડચું. ગળામાં ક્યારનો બાઝી રહેલો ડૂમો છૂટી ગયો અને મોકળે મને રડવા લાગી.

ખડકીને ઊંબરે ડાઘિયો કૂતરો મોટેથી ભસવા લાગ્યો અને જડી હીબકે ચડી.

અત્યાર સુધી હરખીને બેસુમાર ગાળો ભાંડીને આવેલી, અજવાળીકાકી પીપળના પાન જેવી હવે સાવ શાંત થઈ ગઈ. જાણે કે હોઠ જ સિવાઈ ગયા.

પરવશ શિશુની જેમ માતાના ખોળામાં મોઢું ઘાલીને, જાણે કે પોતાનું કલંક છુપાવવા મથી રહેલી પુત્રીનાં દબાયેલાં ડૂસકાં વચ્ચેથી એથી ય વિશેષ દબાયેલા શબ્દો માતાને હૃદય સોંસરવા ભોંકાઈ રહ્યા :

'આ તો વાડ...ઊઠીને ચીભડાં ગળ્યાં...'

'તો પછી આટલા દિ લગણ તેં સામતકાકાનું નામ શું કામે લીધા કર્યું ?'

સામતકાકે જ મને કીધું'તું કે કોઈ પૂછે તો મારું નામ પાડજે—'

'સામતકાકે સામેથી કીધું'તું ? પોતાનું જ નામ પાડવાનું ?'

'હા—'

'શું કામ ?'

'તને જાણ્ય થઈ જાય ઈ પહેલાં હું ગળે ફાંસો ખાવા ગઈ'તી, પણ આપણું સીંચણિયું હિંડોળાના કડામાં સરખું થી સલવાણું નહિ.

પછી હાટમાં બાપુ બાર ગ્યા ઈ ટાણે બરણીમાંથી તેજાબ પીવા ગઈ, પણ સામતકાકા ઓચિંતા ઊંબરે ચડયા તે મને ભાળી ગ્યા. હંધીય વાત પૂછી, કારણ પૂછ્યું ને મારાથી કાંઈ છાનું ન રખાણું. બળતે પેટ મારાથી બાપુનું નામ પાડી દેવાણું. સામતકાકે મને હૈયારી દીધી. તેજાબની બરણી માંડય ઉપર પાછી મેલાવી દીધી ને કોલ દીધો કે તું ગમે તેમ કરીને જીવતી રૈશ તો તારા પાપનું પ્રાછત હું લઈ લઈશ. મેં કીધું કે જીવતી રૈને માને મોઢું નહિ દેખાડી શકું. સામતકાકે કીધું કે અજવાળીભાભી પૂછે તંયે કે'જે કે આ પાપ સામતકાકાનું છે. જેણે તને જલમ દીધો ઈ સગા બાપનું નામ વગોવીએ ઈ નો શોભે—'

'સાચે જ? સામતકાકે પારકું પાપ ઓઢી લેવાનું કીધું?'

'એણે ઓઢી જ લીધું. બોલ્યા, આ મારો દેવીપૂરતનો કોલ સમજજે. ચારણના જેવી જ આ મારી આયરની ખોળાધરી છે.' કહીને જડીએ મોઢું ઊંચું કર્યું: 'આ તે દિ'ની મારે હૈયે ધરપત થઈને જીભ કરડીને મરી જવાનો વિચાર માંડી વાળ્યો. સામતકાકો કહી ગયા કે તને વપત્ય પડે તંયે મને વેણ કેવરાવજે. ખોટે કેવરાવીશ તો ય સાચે આવીને ઊભો રૈશ ને તારી વપત્ય ટાળીશ.'

'અરરર! સગે બાપે ઊઠીને તને વખ ઘોળવવા જેવું કર્યું ને ઓલ્યા પારકા સામતકાકે તારી રખ્યા કરી!' હવે વેદના ઠલવવાનો વારો માતાનો હતો: તારા બાપુનો શભાવ મૂળથી જ હું સારી પટ જાણું. પેટની જણી દીકરી ઉપરે ય જેની કુડી નજર ઊતરે એને માણહ કે'વાય કે ઢોર!'

કીડીઓને જીવતદાન આપવા અર્થે કીડીયારું પૂરવા ગયેલા પિતાની ગેરહાજરીમાં કલંકિની પુત્રી જ્યારે માતાને ખોળે માથું મૂકીને ડીબકાં ભરી રહી હતી ત્યારે કુમરની ખડકીમાં એવી જ એક બીજી કલંકિની સંતુ પોતાની જેઠાણીને કહી હતી:

'ગામને મોઢે કાંઈ ગળણું નો બંધાય. ઈ તો બે ગાઉ આઘું હાલે ને બે ગાઉ પાછું હાલે.'

'પણ માડી ! આ તો અજવાળીકાકી જેવું મઢેલું માણહ બોલ્યું.' ઉજમ કહેતી હતી. 'ગામમાં ગોકીરો થઈ ગ્યો—'

'ગામને તો પારકી વાત સાકરના ગાંગડા જેવી મીઠી લાગે. ઈ તો અજવાળીકાકીને ય પગ હેઠળ રેલો આવશે તંયે ખબર પડશે—'

ભૂતેશ્વરથી પાછા ફરતાં હરખ અને અજવાળીકાકી વચ્ચે થઈ ગયેલી ગાળાગાળી અને મારામારાની વાત સાંભળીને ઉજમ ઉશ્કેરાઈ ગઈ હતી.

હાદા ઠુમર આજે ભૂતેશ્વરની વાડીએ ભજનમાં બેઠા હોવાથી દેરાણી-જેઠાણી ઘરમાં એકલાં હતાં. દોણે મેળવણ નખાઈ ગયા પછી, અને કાબરીને કડબ નિરાઈ ગયા પછી પણ મોડે સુધી બંને વચ્ચે ધીમી ધીમી ચડભડ ચાલુ રહી :

'મારાથી હવે આ ગામમાં ઢેઢફજેતા નથી ખમાતા.' ઉજમ કહેતી હતી.

'તમને મારામાં વશવા છે કે ગામમાં ?' સંતુ પૂછતી હતી.

'આ કળજગમાં વશવા તો કોનો કરાય ? સગા પેટનાં જણ્યાંનો ય વશવા કરવા જેવો જમાનો નથી. નથુકાકાની જડી માબાપ ઉપર કાળી ટીલી ચોંટાડશે એવું કોણે ધાર્યું'તું ?'

'એટલે તમને મારા વેણમાં વશવા નથી, પણ ગામનાં માણહ બોલે ઈ સાચું માનો છો ?'

'બાપુ ! હંધુય માનવું પડે. વાણી બોલે જાણી—'

'વાણી બોલે જાણી ?' સંતુએ આકરે અવાજે પૂછ્યું. 'ઈ બોલનારાં હંધાં ય કેમ કરીને જાણી આવ્યાં ? ઈ કાંઈ ભગવાન થઈ આવ્યાં છે ? મારો ને મારા ધણીનો વેવાર જાણનારાં ઈ છે કોણ ?'

ઉજમ પાસે આ પ્રશ્નનો ઉત્તર નહોતો. એ ઉત્તર ટાળવા જ

એવું નિર્ભય બનીને સંભળાવ્યું :

'તો તો પછી હવે તારો ધણી પંડ્યે જ આવીને સાચી વાત કહી જાય તો થાય!'

'મહાણે ગ્યાં મડદાં એમ બરક્યાં ભેગાં પાછાં આવતાં હશે?' સંતુએ આખરે જીવ પર આવીને સંભળાવી દીધું, 'હવે તો હું પંડ્યે જ મહાણુ ભેગી થઈને મારા ધણીને પૂછી આવું તો તમને ધરપત થાય!'

'તારે શું કામ મહાણુ ભેગું થાવું પડે? તું તો એઈ...ને મૂળાને પાંદડે મજો કર્ય ની! જી માણહ આડો નડતો'તો એને તો તેં વધેરી નાખ્યો છે—'

'મેં વધેરી નાખ્યો? અરરર...આવું બોલતાં તમારી ઉપર આભ કાં નથી તૂટતું? તમારાં કાળજાં લોહીનાં છે કે લોઢાનાં? ઉપર બેઠો છે ઈ હજાર હાથવાળો તમારો જવાબ નહિ માગે?'

રાત ભાંગતી ગઈ તેમ તેમ બે સ્ત્રીહૃદયો વચ્ચેની આ ચકમક વધારે ઉગ્ર બનતી ગઈ.

ભૂતેશ્વરની વાડીમાં ભજનની રમઝટ જમાવી રહેલાં દોકડ ને મંજીરાંના તાલ સંભળાઈ રહ્યા હતા. ગામને પાણીશેરડે જળ જંપી ગયાં હતાં. એ નીરવ શાંતિમાં જાણે કે ખલેલ કરવા જ, ક્યાંય નહોતો ત્યાંથી ઓચિંતો ગોકીરો ઊઠ્યો; ઊભી બજારે હો...હા ને ધાગડિયો થઈ પડ્યો. ભડાક ભડાક અવાજો સાથે દુકાનોમાં 'મારો! મારો!' નો દેકારો ઊઠ્યો. શાંત નીંદરમાં સૂતેલી શેરીઓમાં હડિયાપાટી થઈ રહી. આગળિયા વાસેલી ખડકીઓનાં કમાડ ફટોફટ ઊઘડ્યાં ને પાછાં ધડોધડ ભિડાઈ ગયાં. સૂમસામ રસ્તા ઉપર ધડબડાટી બોલી રહી. શ્વાનનિદ્રા લઈ રહેલો ડાઘિયો કૂતરો જાગી ઊઠ્યો ને ભયગ્રસ્ત અવાજે ભસવા લાગ્યો.

હાદા પટેલની ગેરહાજરીમાં એકલાં પડેલાં બન્ને સ્ત્રીહૃદયો આ ગોકીરો સાંભળીને ગભરાઈ ગયાં. ઊજમે ઊઠીને ખડકીનાં કમાડ

ઉપર એક વધારે આગળિયો વાસ્યો, ને નવેળામાં જઈને ભયભીત અવાજે ધીમેથી સાદ કર્યો :

'ઝમકુવવ ! એ...ય ઝમકુવવ ! આ ગોકીરો શેનો થયો ? ખમીસો બારવટિયો તો ગામમાં નથી ગર્યો ને ?'

નવેળાની પદ્ધતિના જાળિયામાંથી ઝમકુએ એથી ય અદકા ભયભીત અવાજે જવાબ આપ્યો :

'ના ના; આ તો કિયે છ કે રઘાબાપાને ને એના ગિરજાને કો'ક મારે છે. અંબામાની હોટલમાં લાકડિયું ઊડે છે ને સોડાની બાટલિયું ફૂટે છે.'

*

## પ્રકરણ ચોથું

# મારું જીવતર લાજે !

**અંબાભવાનીમાં** ધિંગાણા જેવું થઈ ગયું છે એમ ઝમકુને **મોઢેથી** સાંભળ્યા પછી ઊજમે ખડકીનાં કમાડ આડે સાંબેલું ઠસાવીને ભોગળ ભીડી અને દેરાણી-જેઠાણી એકકાન બનીને દૂરથી સંભળાતો દેકારો સાંભળી રહ્યાં.

ગોકીરાનો અવાજ ભૂતેશ્વરની વાડી સુધી પહોંચતાં મંદિરના પ્રાંગણમાં જામેલાં ભજનો એકાએક અટકી ગયાં. દોકડ ઉપર થાપી પડતી બંધ થઈ ગઈ. મંજીરાંનો રણકાર શમી ગયો. 'નકળંકી' અવતારના વર્ણનની રસજમાવટ કરી રહેલું ભજન અરધી પંક્તિએ જ કપાઈ ગયું. રાબેતા મુજબ તો સવારોસવાર રમઝટ બોલાવનારી ભજનમંડળીમાં એકાએક સોંપો પડી ગયો.

'રઘા મારા'જના માથામાં લોઈની ફૂટચ થઈ.'

'ગિરજાને ભાઠાંવાળી કરીને હાડકાં રંગી નાખ્યાં-'

'હોટલના અરીસેઅરીસાના ભુક્કા બોલાવી નાખ્યા—'

અણધાર્યા ઊઠેલા ગોકીરા વિષેની આટલી બાતમી પરથી સહુ ભજનિકો અને શ્રોતાઓ હોટલની દિશા તરફ દોડચા. મોખરે અતીત ઈશ્વરગિરિ વચ્ચે ગામના જુવાનિઓ અને છેવાડે હાદા ઠુમર જેવા ડોસાડગરાઓનું હાલરુ 'કોણ છે ઈ બેમાથાળાં ? 'ભામણના દીકરા ઉપર હાથ ઉગામવાવાળા ઈ પાણીઆળીના છે કોણ ?' કરતું કરતું અંબાભવાની પર જઈ પહોંચ્યું, ત્યારે દેકારો શમી ગયો હતો. તોફાનીઓ પોતાનું કામ પતાવીને ચાલ્યા ગયા હતા, અને તીરે ઊભાં

ઊભાં તમાશો નિહાળનારાંઓ હવે આગળ આવ્યાં હતાં.

હૉટલના આંગણામાં જાણે કે હુતાસણી પેટવવા માટે બળતણ ખડકી રાખ્યું હોય એમ ભાંગેલ ખુરશી, બાંકડા, ટેબલ, દેવદેવીની છબીઓ, ભાંગેલી સોડા-બાટલીઓના કાચની કરચો, અરીસાના ટુકડા, નીતિવાક્યો અને બોધવચનો આલેખતાં પાટિયાં,-જિનતાનનું વર્ષોજૂનું કૅલેન્ડર, કાચનાં તથા પિત્તળનાં કપ-રકાબી વગેરેનો ડુંગર ઊભો થયો હતો. હૉટલના બારસાખ ઉપર ટિંગાતું 'અંબાભવાની'ના નામવાળું પાટિયું પણ પદભ્રષ્ટ થઈને નીચે પડ્યું હતું. બાજુમાં ડાઘિયો કૂતરો વ્યગ્ર અવાજે ભસી રહ્યો હતો.

અંદર તખતેતાઉસ જેવા થડા ઉપર રઘો ઘવાયેલા સિંહ જેવી લાચારીથી પડ્યો પડ્યો હાંફતો હતો. એના કપાળ પર થયેલી લોહીની ફૂટ પર છનિયો હળદર ભરતો હતો. બાજુના બાંકડા પર મૂઢ માર ખાધેલો ગિરજાપ્રસાદ પડ્યો પડ્યો કણસતો હતો. હૉટલની વચ્ચોવચ ભાંગી ગયેલી જબરસ્ત નાંદનાં ઠીકરાંનાં ઠીબડાં રઘાના ભગ્ન જીવનનાં પ્રતીક સમાં વેરણછેરણ પડયાં હતાં. જમીન પર, નાંદના પાણી પર ઊંધાં વળેલાં દૂધનાં બોઘરણાંઓએ કચકણ કરી મેલ્યું હતું...

'કોણે આ બુકરડો બોલાવી દીધો ?'

'કોણ હતાં આ માથાંનાં ફરેલાં ?'

રઘાને તો કશો ઉત્તર આપવાના હોશ રહ્યા નહોતા, પણ છનિયાએ ખુલાસો કર્યો :

'રામભરોંસેવાળા—'

સહુને સમજાઈ ગયું, હરીફ હૉટલવાળાઓએ અંબાભવાનીની આ હોનારત કરી નાખી હતી. ભભકેદાર દોરદમામ ધરાવનાર રામભરોંસે સમક્ષ સાવ રાંક લાગતી આ હૉટલનું એક પણ રાચરચીલું સાજું રહેવા નહોતું પામ્યું. શવા કુંભારના હાથના ઘડેલા ગામની જ ધૂળખાણની ચીકણી ગૂંદ જેવી માટીના મજબૂત ચૂલાના ટુકડે-

ટુકડા થઈ ગયા હતા. ગુંદાસરને વર્ષો સુધી મનોરંજન પીરસી ગયેલ ગ્રામોફોનની 'સંતુ રંગીલી', 'ભારી બેડાં', 'ચંદન હાર', જેવી કુડીબંધ ચૂડીઓના ચૂરેચૂરા થઈ ગયા હતા. સમગ્ર હોટેલના દીદાર, કોઈ દારુણ જંગ ખેલાઈ ગયા પછીના રણમેદાન જેવા થઈ ગયા હતા.

'વોય રે...વોય માડી રે...' છનિયો રઘાના કપાળ પરની ફૂટમાં હળદર ભરતો હતો ત્યારે પીઢિયા જેવો ખડતલ રઘો નાના બાળકની જેમ વોયકારા કરતો હતો.

'રે'વા દે, રે'વા દે! માલીપા બાટલીના કાચની કણી રૈ ગઈ લાગે છે.' રઘાએ છનિયાને હળદર ભરતો અટકાવ્યો. 'ટપુડાને બરકય, ટપુડાને.'

તુરત છનિયો વાઢકાપવિદ્યા અને દેશી ડ્રેસિંગકલામાં નિષ્ણાત ગણાતા ટપુડા વાળંદને તેડવા દોડચો.

ઇશ્વરગિરિએ રઘાના વહેતા જખ્મ પર હાથ ફેરવ્યો. હાદા ઠુમરે કણસી રહેલા ગિરજાપ્રસાદને સાંત્વન આપ્યું. અણધારી ભજવાઈ ગયેલી આ તાણ્ડવલીલા પ્રત્યે સહુ પ્રેક્ષકો દિલસોજી દાખવી રહ્યા.

જીવા ખવાસે દાવ તો આબાદ યોજ્યો હતો. એક જ કાંકરે બે-ત્રણ પક્ષીઓ મારવાની એની નેમ હતી. આમે ય પોતે જેલમાંથી છૂટી આવીને 'રામભરોસે' હોટેલ શરૂ કર્યા પછી અંબાભવાની એની આંખમાં કણાની જેમ ખૂંચી રહી હતી. રઘો આજસુધી સમજુબા ઠકરાણાંનો કૃપાપાત્ર હતો, પણ અમથી સુથારણ હજી ગારદ નથી થઈ પણ જીવતી છે એ હકીકત જાણ્યા પછી રઘા પરની ઠકરાણાંની કૃપા ઓસરી ગઈ હતી. બીજી બાજુ; જીવા ખવાસે તાજના સાક્ષી બનીને કરેલા ખૂટામણ પછી ઠકરાણાં એનું મોઢું પણ નહિ જુએ, કદાચ એ ખવાસને ગામમાંથી ઉચાળા ભરાવશે એવી જે વ્યાપક ધારણા હતી, એ સાવ ખોટી હતી. ઊલટાનો, દરબારની ડેલી જોડેનો જીવાનો ઘરોબો તો, અગાઉના કરતાં ય અદકો વધી ગયો હતો. એનો

બાપ પંચાણભાભો અગાઉ અફીણની કાંકરી વિના ટાંટિયા ઘસતો એને હવે ઠગડકસૂંબા જોડે ભરપેટ અમલ મળતો હતો. જીવા ઉપર પણ હવે ટકરાણાંના ચાર હાથ છે એમ બે આંખવાળાં સહુ લોકો કહેતાં હતાં. રઘા પ્રત્યેની નફરત અને જીવા પરની અમી નજરનું સમજુબાનું આ ભેદી વલણ આજ સુધી કોઈને સમજાયું નહોતું.

આમ ખીલાને જોરે કૂદી રહેલા વાછડાસમો જીવો થોડા સમયમાં તો ફાટીને ધુમાડે ગયો. 'રામભરોસે' શરૂ થયા પછી આમે ય જીવો રઘા પ્રત્યે અને 'અંબાભવાની' પ્રત્યે દાઝે બળતો હતો. પોતાની હોટેલની ભભકાભરી રોનકને કારણે એ રઘાની ઘરાકી સારા પ્રમાણમાં તોડી શક્યો હતો. 'સંતુ રંગીલી' જેવી હવે તો જુનવાણી થઈ ગયેલી 'તાવડીઓ'ની સામે 'રામભરોસે'નો રેડિયો જબરું આકર્ષણ જમાવી શક્યો હતો.

જેરામ મિસ્ત્રીએ આ નવી હોટેલમાં ય કરેલી સાજસજાવટ સમક્ષ 'અંબાભવાની'નું રાચરચીલું તો સાવ ભંગાર લાગતું હતું. છતાં એ ભંગાર હોટેલમાં ય કેટલાક ઘરડા-બુઢ્ઢાઓ કંઈક જૂની વફાદારીથી અને કંઈક આદતના જોરે જૂના સ્થળને વળગી રહ્યા હતા, એ જીવાની આંખમાં કાચની જેમ ખટકતું હતું. એ કણી દૂર કરવાનો યોગ્ય લાગ એ ઘણા દિવસથી શોધતો હતો, એવામાં ગોબરની હત્યાએ એને સોનેરી તક પૂરી પાડી દીધી...

વાત એમ બનેલી કે ઓઝતની મધરપાટમાં સંધ્યાસ્નાન કરી રહેલો રઘો સંતુને મોઢેથી ગોબરની હત્યાના સમાચાર સાંભળીને ભીનું પંચિયું હવામાં સૂકવતો સૂકવતો સીધો ઠુમરની વાડીએ દોડી ગયેલો અને કોસ વડે સિંચાઈને બહાર આવેલ ગોબરનો છિન્નભિન્ન દેહ જોતાં જ એણે માંડણને ધડ ધડ ધડ કરતા તમાચા ચોડી દીધેલા. ગોબરની કમકમાં પ્રેરતી હત્યા અંગેના રઘાના પ્રત્યાઘાતનો એ સ્વાભાવિક આવિષ્કાર હતો. ભૂદેવનો એ પુણ્યપ્રકોપ જોઈને વાડીએ એકઠાં થયેલાં સહુ લોકોને નવાઈ લાગેલી. આ જ સુધી માંડણના

ચડાવદેવ તરીકે જ કામ કરતા રઘાને આ તે શું સૂઝ્યું કે ધડોધડ લપડાકો ચોડી દીધી? પણ એનો ખુલાસો તો ખુદ રઘો પણ આપી શકે એમ નહોતો. આટલાં વર્ષ સુધી એણે સંતુની પજવણીમાં શાદૂળને આડકતરો સાથ આપ્યો હતો; માંડણને એણે ગોબર સામે ભૂરાયો કર્યો હતો; ઠકરાણાંની રહેમ નજર તળે જીવતા આ માણસને શાદૂળની ખુશામતમાં પોતાનું હિત દેખાતું હતું. પણ જીવા ખવાસે ખૂટામણ કર્યું, શાદૂળને જનમટીપ મળી અને અમથી સુથારણ જીવતી હોવાની વાત જાણ્યા પછી ઠકરાણાંની રહેમ નજર ખફા નજરમાં પલટાઈ ગઈ ત્યારથી રઘાના માનસવહેણે પણ નવો પલટો લીધો હતો. અમથીના અષ્ટરંગી જીવનવહેણને યાદ કરતાં એના પોતાના જ હૃદયનાં રસાયણો બદલાઈ ગયાં હતા. એના કાળમીંઢ હૃદયને તોડીફોડીને ક્યાંકથી વાત્સલ્ય–ઝરણું ફૂટી નીકળ્યું હતું. એને પરિણામે એણે ગિરજાપરસાદને દત્તક લઈને પોતાનું નામલેણું રાખેલું. અત્યાર સુધી રૂક્ષ એકાકી જીવન જીવી રહેલા આ વૃદ્ધને હવે જીવન ભર્યું ભર્યું લાગવા માંડેલું. પોતાની આજુબાજુનાં જીવનવહેણો પ્રત્યેનો એનો દષ્ટિકોણ પણ બદલાઈ ગયેલો. એના જરઠ જિગરમાં સર્વ જીવો પ્રત્યેની સહાનુકમ્પાની કોઈક અંતઃસ્રોતા સરવાણી ફૂટી નીકળેલી. એ સહાનુકમ્પાથી પ્રેરાઈને જ તો એનું હૃદય સંતુ પ્રત્યે દ્રવી ઊઠેલું. ગોબરનો મૃતદેહ જોઈને એનું અંતર કકળી ઊઠતાં જ એણે હયારા માંડણને માર મારેલો.

માંડણે દારૂના નશામાં રઘાને સામી ભૂંડી ગાળો સંભળાવેલી ત્યારે રઘાએ ખીજમાં ને ખીજમાં એને પાટુ મારીને પોતાનો સઘળો રોષ ઠાલવેલો.

'હત સાલા નૂઘરા !...જેનું ખાધું એનું જ ખોદ્યું તેં તો !... આટઆટલા ગણ ઉપર અંતે અવગણ કર્યો ને?...અંત્યે તારી જાત્ય ઉપર જ ગ્યો !...ભૂંડા ચોરને ભલાં શકન ક્યાંથી સદે ?...'

જીવા ખવાસના મળતિયાએ રઘાની આ એકેએક ઉક્તિની

મૂંગી નોંધ લીધેલી અને છેક ઠકરાણાં સુધી એનો અહેવાલ પહોંચાડેલો.

ખીજડાના થડ જોડે બંધાયેલો માંડણ આખરે જ્યારે ચકચૂર સ્થિતિમાં લથડિયું ખાઈ ગયેલો ત્યારે રઘાએ સહુ સાંભળે એ રીતે ટકોર કરેલી :

'કણબીનો દીકરો ઊઠીને આવા કફેને ચડી ગયો ! સંગત એવી અસર... ઓલ્યે શાદૂળિયે આ છોકરાનો ઘાણ કાઢી નાખ્યો... ગામના ફટાયાને રવાડે ચડચો, એમાં નખોદ નીકળી ગયું...'

'સાચી ભાઈબંધી કોનું નામ ?' કોઈએ રઘાના કથને ટેકો આપેલો. 'શાદૂળિયે રૂપલી રબારણને ગોળીએ દીધી'તી તો માંડણિયે આ ગોબરને ગારદ કરી નાખ્યો. શાદૂળની જનમટીપમાં સથવારો પુરાવવા ન જાય તો સાચો ભાઈબંધ શેનો ?'

આ સંવાદો જીવા ખવાસે શબ્દશઃ સમજુબાને મોઢે પહોંચાડેલા.

અને પછી તો પંચનામામાં પણ રઘાએ બહુ આગળ પડતો ભાગ લીધેલો. બધી જ જૂની વફાદારીઓ જતી કરીને એણે શંકરભાઈ ફોજદાર સમક્ષ માંડણ, શાદૂળ, સંતુ અને ગોબરનાં પૂર્વવૃત્તાંતો રજૂ કરેલાં. સંતુ પર ઓઢાડાતું હત્યાનું આળ તદ્દન તર્કટી છે, માંડણે જ દારૂના નશામાં સુરંગ ઉપર પલિતો ચાંપીને ગોબરને મારી નાખ્યો છે, એમ એણે પંચનામામાં સ્પષ્ટપણે લખાવેલું.

આ અને શાદૂળ અંગેના કેટલાક ચોંકાવનાર આક્ષેપો સમજુબાને કાને પહોંચ્યા ત્યારે તેઓ મનમાં ને મનમાં સળગી ઊઠેલાં. એમને થયું કે આ માણસ હવે હાથથી જઈ રહ્યો છે. શાદૂળનું અને સમજુબાનું જીવનરહસ્ય રઘાના હાથમાં હતું એ બદલ તેઓ રઘાનાં ઓશિયાળાં થઈને રહ્યાં હતાં અને બદલામાં રઘો પણ દરબારના કુટુંબનો કહ્યાગરો બની રહ્યો હતો. પણ થોડા સમયથી આ પારસ્પરિક ઓશિયાળા સંબંધોમાં એક સૂક્ષ્મ પરિવર્તન થઈ રહ્યું હતું; અને એમાં એણે ગોબરની હત્યા વેળાએ જે વલણ લીધું એથી તો સમજુબાની ચિંતામાં વિશેષ ઉમેરો થયો.

આવા ચિંતાજનક પ્રસંગોએ ઠકરાણુાંને એવી ટેવ હતી કે પંચાણુભાભાને હૉટલે મોકલીને રઘાને તેડાવવો. આ વેળા એમણે પંચાણુભાભાને મોકલ્યા તો ખરા, પણ 'અંબાભવાની'માં નહિ, 'રામભરોસે'ને આંગણે. સમજુબાએ રાબેતા મુજબ રઘાને તેડાવવાને બદલે જીવા ખવાસને બોલાવ્યો.

જેલમાંથી છૂટીને આવેલા આ ખૂટલ પ્રત્યે સમજુબાને આટલું બધું વહાલ શા કારણે ઊભરાઈ રહ્યું છે એ એક રસપ્રદ રહસ્યનો વિષય બની રહેલ. એ અંગે ગામમાં તરેહતરેહના તર્ક થતા હતા. એક વાયકા એવી હતી કે જીવો જેલમાંથી કોઈક ભેદી કરામત શીખી લાવ્યો છે, અને એમાં ઠકરાણુાંને આર્થિક લાભ દેખાયો છે. સમજુબાએ અને જીવાએ મળીને કશોક સહિયારો ગુપ્ત વેપાર પણ શરૂ કર્યો છે. બીજી વાયકા એવી હતી કે જીવાના બાપ પંચાણુભાભાનાં માનપાન આજકાલ બહુ વધી ગયાં છે, તેથી જીવાને પણ હથેળીમાં રાખવો પડે છે. ગમે તેમ, પણ સમજુબાએ પોતાના અસ્તિત્વ માટેનો વ્યૂહ બદલાવ્યો હતો એ તો ચોક્કસ. હવે એમને પોતાની સલામતી માટે રઘો ભયરૂપ લાગતો હતો; બીજી બાજુ જીવો જાણે કે ડૂબતાનો તારણહાર બની રહ્યો હતો.

એ તારણહારને તેડાવીને ઓછાંબોલાં ઠકરાણુાંએ મિતાક્ષરી ફરિયાદ કરી :

'આ રઘલો રોયો આડો ફાટ્યો છે.'

'બા કિયે ઈ ભેગા ઈને પાંહર્યો કરી નાખીએ.' જીવાએ ફરિયાદ જેટલો જ મિતાક્ષરી ઉકેલ સૂચવ્યો.

'ઈ ભામટે મારી ઊંઘ ઉડાડી મેલી છે.'

'બા હુકમ દિયે તો ઈ ભામટાને ભૂંહી નાખીએ—' જીવાએ બીડું ઝડપ્યું. 'ભૂંસી નાખવું' એ શબ્દપ્રયોગ રિયાસતી ઠકરાતોમાં સોવિયેટની 'લિકિવડેશન' ક્રિયાના પર્યાય રૂપે વપરાતો. આ પૃથ્વીના પટ પરથી રઘાનું અસ્તિત્વ જ ભૂંસી નાખવાની, એનું નામોનિશાં

નષ્ટ કરી નાખવાની વાતથી તો ખુદ સમજુબા જ ગભરાઈ ગયાં.

'ના ના, ભૂંડી નાખવાની તો વાત જ કરજે મા, રૂપલીને ભૂંડી નાખી એનો હોબાળો તો હજી બેઠો નથી. રઘલાનો તો આ ગામમાંથી ટાંટિયો કાઢય એટલે હાંઉં...કાલ્ય સવારે દરબારની આંખ્ય વીંચાય તંયે રઘલો જરાક આઘેરો હોય તો સુધ્ધું સારું.'

'ભલે, બા!' કહીને જીવો મૂંગો મૂંગો થઈ ગયો. તખુભા બાપુના ભાવિ મૃત્યુ માટે સમજુબાએ યોજેલા સિફતભર્યા વ્યૂહનો ખ્યાલ આવતાં જીવો મનમાં ને મનમાં મલકાઈ રહ્યો.

'રઘાને આપણી ખીજડિયાળી વાડીની ગંધ તો નથી આવી ગઈ ને?'

'રઘલાને શું, રઘલાના ડોહાના ડોહાને ય ગંધ્ય આવે એમ નથી. પાછલી રાત્યના ટાઢા પો'ર સિવાય હું ઓજારને અડતો જ નથી ને!'

'તો ઠીક!' કહીને સમજુબા ચૂપ થઈ ગયાં.

એજન્સી પોલીસે સાણસા ભીડાવ્યા ત્યારે ઇન્સ્પેક્ટરને રાજી કરવા ને જીવાને રીઝવવા માટે દરબારને જે ખેતરવાડી રાતોરાત ગિધાને ઘેરે ગિરવવાં પડેલાં હતાં, એ જીવાના પુનરાગમન પછી સમજુબાએ થોડા જ સમયમાં ઝમકુના ભાઈ દામજીને મુદ્દલ સાથે વ્યાજ સુદ્ધાં ચૂકવી આપીને છોડાવી લીધાં હતાં. વર્ષોથી કડકીમાં દિન-ગુજારો કરતા દરબાર પાસે આવડી મોટી રકમ એકસામટી આવી ક્યાંથી એ કેટલાક લોકો માટે કુતૂહલનો વિષય બની રહેલ. પણ લોકોના એવા કુતૂહલની આ કાઠિયાણીને પરતા નહોતી. એણે તો એ વાડીખેતર બંને જીવા ખવાસને જ ખેડવાને બહાને સોંપી દીધાં હતાં. એ ખેતરવાડીના ગેબી વાતાવરણમાં અદમ્ય મહત્ત્વા-કાંક્ષી આ ભારાડી સ્ત્રીએ એક ભેદી પ્રવૃત્તિ શરૂ કરી હતી.

રઘાના હૃદયમાં હમણાં હમણાં જે સુભગ પરિવર્તન થઈ રહ્યું હતું એનાથી સાવ વિપરીત પ્રક્રિયા સમજુબાના ચિત્તમાં ચાલી

રહી હતી. રઘાની કઠોર અને શુષ્ક હૃદયસૃષ્ટિ જ્યારે ગિરજાપ્રસાદના આગમનથી પ્રેમઝરણા વડે પ્લાવિત થઈ રહી હતી ત્યારે સમજુબાનું સ્નેહઝરણું શાદૂળની જનમટીપ પછી સુકાવા લાગ્યું હતું. દિવસે દિવસે એમની મુખમુદ્રા રુક્ષ બનતી જતી હતી. એમના હૃદયનો નૈસર્ગિક વાત્સલ્યભાવ પ્રચ્છન્નપણે વૈરભાવમાં પલટાઈ રહ્યો હતો. જે સમાજમાં પોતાને સાચા માતૃત્વથી વંચિત રહેવું પડેલું, પોતાની પુત્રૈષણા સંતોષવા માટે છળકપટ આચરવું પડેલું, એ સમાજ ઉપર વેર લેવાનું એક દુર્દમ્ય ઝનૂન એમનામાં ઊભરાઈ રહ્યું હતું.

આ ઝનૂનથી પ્રેરાઈને જ તો એમણે જીવાને આદેશ આપ્યો :

'મારા મારગમાંથી રઘલાનો કાંટો કાઢય !'

'કાઢી નાખું...તમારા કીધા ભેગો જ કાઢી નાખું !'

'માંડણિયાનો કેસ કે'દિ હાલવાનો છે ?'

'અજવાળી તીજની તારીખ પડી છે.'

'તે દિ રઘલો શાપર જવાનો છે ?'

'પંચનો સાક્ષી થયો છ, એટલે ગ્યા વિના છૂટકો થોડો છે ?'

'એને શાપર જાતો રોકય, જીવા ! ગમે ઈમ કર્ય, પણ રઘલાને શાપર જાતો રોકય !'

'ભલે, બા !'

* * *

સમજુબાને મોઢેથી આદેશ લઈને આવેલા જીવાએ 'ઘા ભેગો ઘસરકો' કરી લેવાનો દાવ યોજ્યો. ઠકરાણાં પણ પ્રસન્ન થાય અને ગામમાંથી પોતાનો એકમાત્ર હરીફ પણ નષ્ટ થાય એવી એણે યોજના કરી. એક વેળાના આ બંને મળતિયાઓ હવે સામસામી છાવણીમાં મોરચા બાંધીને બેઠા હતા. સંતુની સતામણી માટે અને શાદૂળની સલામતી માટે ભૂતકાળમાં રઘાએ જ સૂચવેલું, દાવ આવ્યે સોગઠી

મારવાનું સોનેરી સૂત્ર જીવાએ એ સૂત્રના સર્જકની સામે જ અજમાવ્યું.

ભાદરવાની અજવાળી ત્રીજે રઘો શાપરની અદાલતમાં માંડણની વિરુદ્ધ જુબાની આપવા જાય એ પહેલાં જ શ્રાવણના છેલ્લા સોમવારની રાતે જીવાએ ભાડૂતી માણસો રોકીને રઘા ઉપર ઘા કરી લીધો હતો. પોતે પડદા પાછળ રહીને એવો તો સરસ નુસખો અજમાવ્યો હતો કે કોઈ ઉપર સીધો આરોપ ન આવી શકે, કોઈ એક જ વ્યક્તિ ઉપર ફોજદારી ન થઈ શકે, રઘો મરે નહિ પણ અપંગ થઈ જાય અને અંબાભવાની હંમેશને માટે બંધ થઈ જાય. સાપ મરે નહિ, લાકડી ભાંગે નહિ, અને છતાં અપેક્ષ્ય હેતુ પૂરેપૂરો સિદ્ધ થઈ જાય એવો આ વ્યૂહ આબાદ સફળ થયો હતો.

આખેઆખો વઢાઈ જાય તો ય ઉંકારો ન કરે એવો રઘો મૂઢ મારની વેદનામાં નાના બાળકની જેમ ખોકાસાં પાડી રહ્યો હતો એ જોઈને ઈશ્વરગિરિની આંખમાં આંસુ આવ્યાં.

ટપુડો એનાં ઓજાર લઈને આવી પહોંચ્યો એટલે હાદા પટેલે એને ખખડાવ્યો :

'એલા, ખરે ટાણે કયાં સંતાઈ ગ્યો'તો ?'

'બજારમાં બઘડાટી બોલી, એટલે મારી વવે કીધું કે ખવીસો ગામ ભાંગે છે. મને શી ખબર્ય કે રઘાબાપાનું માથું રંગાઈ ગિયું હશે ?'

ટપુડાએ હળવે હાથે રઘાના કપાળમાંથી કાચની કણીઓ કાઢવા માંડી ત્યારે એ વયોવૃદ્ધ માણસના મોઢામાંથી પણ જે કાળી ચીસ નીકળી ગઈ એ સાંભળીને અડખેપડખે ઊભેલાં સહુનાં હૃદય પીગળી ઊઠયાં :

'અરરર ! આ તો ધરમીને ઘેરે જ ધાડ પડયા જેવું થયું !'

'રઘાબાપાને તો ભોંયમાંથી ભાલાં ઊગ્યાં...'

'બચાડા જીવ આ પારકા છોકરાને પોતાનો ગણીને માંડ પગ વાળીને બેઠા'તા એમાં આ ઉપાધિ આવી પડી—'

'ગામનાં માણહ અદેખાં કાંઈ અદેખાં! કો'કના સુખના રોટલામાં પાણા ફેંકવામાં જ થરાપૂરા!'

ટપુડાએ રઘાનો જખમ સાફ કરીને એમાં બાળેલું રૂ ભર્યું. એ દરમિયાન હાદા પટેલ અને બીજાંઓએ મળીને રસ્તા પર પડેલો હૉટલની ઘરવખરીનો ભંગાર અંદર સારવા માંડ્યો હતો. એમને રઘાએ વાર્યા:

'ઠાલો હાખડો રે'વા દિયો. ઘરમાંથી બાર્ય નીકળ્યું એને હવે ઘરમાં ઘાલવું રે'વા દિયો.'

રઘાની સૂચનાને અવગણીને લોકો બહારથી અંદર સામાન સારતાં રહ્યાં, અને રઘો સ્વગતોક્તિઓ ઉચ્ચારતો રહ્યો:

'આજથી આ હૉટલનો ચૂલો ફરીથી નહિ સંધરૂકાય. ઘણાય દિ' મેં ગામને ચા પાઈ...હવે ગામ હારે મારી લેણાદેણી પૂરી થઈ લાગે છે...આ ધરતીમાંથી મારાં અંજળપાણી ઊઠી ગયાં છે...'

અને પછી જીવા ખવાસ જોડેના પોતાના સંબંધો અંગે થોડું આત્મનિરીક્ષણ કરવા માંડ્યું:

'મારા હાથનાં કર્યાં જ આજે હૈયે વાગ્યાં...જીવલાને મેં જ મોટા ભા કરી મેલ્યો'તો...ઈ મારું દૂધ પીને ઊઝરેલો મને જ ડંખ્યો... મારાં આંહીંનાં કર્યાં આંહીં જ ભોગવવાં પડશે...'

ઈશ્વરગિરિએ સૂચન કર્યું: 'જીવા ઉપર ફોજદારી માંડો.'

'ના રે બાપુ! જીવલાને દંડીને ય હવે મને કયો ફાયદો થાવાનો હતો? ઊલટાનું એના મનમાં ઝેર વધશે.'

* * *

પોતાનો દાવ આબાદ પાર પડ્યો હોવા બદલ જીવો આનંદી રહ્યો. રઘાએ 'અંબાભવાની' બંધ કરી દીધી – વળતે દિવસે એણે

ભાંગેલા ચૂલાની જગ્યાએ નવો ચૂલો ગોઠવ્યો જ નહિ અને બધી ઘરાકી સીધી રામભરોસેને સોંપી દીધી એથી જીવાને વિશેષ આનંદ થયો. પોતા ઉપર થયેલા હુમલા બદલ અને હોટલને થયેલી નુકસાની બદલ એણે ફરિયાદ નોંધાવવાની ના પાડી તેથી જીવાના આનંદની પરિસીમા આવી રહી.

પણ જીવાને કમનસીબે એક બાબતમાં એની ગણતરી ખોટી પડી. ઘવાયેલો રઘો હવે અજવાળી ત્રીજને દિવસે માંડણના ખટલામાં પંચના સાક્ષી તરીકે જુબાની આપવા નહિ જાય, એવી ધારણા સાચી ન પડી.

રઘાએ જાહેર કર્યું : 'હું તો ગાડે બેહીને ય શાપર પૂગીશ.'

જીવાએ ત્રાહિત માણસો મારફત ગર્ભિત ધમકીઓ પાઠવી :

'ખેર નહિ રહે—'

'જાન જોખમાઈ જશે—'

'અટાણે સૂળીનું સંકટ સોઈથી ટળ્યું છે – ભામણ જાણીને તને જીવતો રેવા દીધો છે. પણ હવે ભલીવાર નહિ રહે—'

'જુબાની આપવા ગ્યો છો તો તારા હાલ પણ ગોબર જેવા થાશે, ને અમને બ્રમહત્યાનું પાતક ચડશે—'

પણ આવી ધમકીઓ મળતી ગઈ તેમ તેમ તો રઘો વધારે કૃતનિશ્ચય બનતો ગયો.

'હવે તો જિંદગીને જોખમે પણ શાપર જવાનો...ગામની વહુદીકરી ઉપર ખોટાં આળ ચડતાં હોય તંયે મારા હોઠ સીવી રાખું તો મને પાતક ચડે......સંતુ એકલા ટીહા વાગડિયાની જ દીકરી નથી, ગામની દીકરી છે. સતી – જતિનાં શીલની રખ્યા કરવી ઈ તો અમારો ધરમ છે...હું મારો ધરમ ચૂકું તો મારું બ્રામણનું ખોળિયું લાજે...'

રઘાની આ ગર્વોક્તિઓ સાંભળીને છેડાઈ રહેલા જીવાએ

આખરે છેલ્લી કક્ષાની ધમકી મોકલી :

'બવ વાયડો થયો છો તો ભૂંડી નાખીશ.'

આથી તો રઘો જીવ પર આવ્યો. એણે સામું કહેણ મોકલ્યું :

'ભડનો દાકરો હો તો આવી જાજે પડમાં, એટલે એકબીજાનાં પાણી માપી લઈએ.'

જીવાનો મિજાજ ગયો. કહેરાવ્યું :

'મારી સામે ઉફ કરશ ? ફૂંકી મારીશ !'

જુવાનીમાં આખા હિંદી મહાસાગરનાં પાણી ડહોળી વળેલ અને આદનથી અસમારા સુધીનાં સફરી જહાજોને ત્રાહી ત્રાહી પોકરાવી ચૂકેલ શકરા જેવો શિકારબાજ રઘો એમ શાનો ગાંજ્યો જાય ? એણે કહેરાવ્યું :

'મને મારી નિશાનબાજીની પરીક્ષા કરવાનું મન થયું છે. ભરી બંદૂકે પડમાં આવી જા !'

અંબાભવાનીમાંનાં તોફાન, હુમલા વગેરે બધું ઘડીભર ભુલાઈ ગયું અને ગામલોકો આ બંને હરીફો વચ્ચેના વાગ્યુદ્ધમાં જ રસ લઈ રહ્યાં. ગોબરની હત્યા, માંડણનો કારાવાસ કે સંતુનાં કલંકો કરતાં ય આ શાબ્દિક દ્વંદ્વયુદ્ધ વધારે ઉત્તેજક બની રહ્યું.

જીવાએ દલીલ કરી :

'તારી જનોઈના તાંતણાની મને દયા આવે છે.'

'લે, આ ઉતારી નાખ્યા ત્રણ તાંતણા !' રઘાએ પડકાર કર્યો 'મરદનો દીકરો હો તો મોળાં ઓસાણ લાવીશ મા.'

અજવાળી ત્રીજની આગલી રાતે લોકો અદ્ધર શ્વાસે રાહ જોઈ રહ્યા. રઘો જિંદગીનું જોખમ ખેડીને તાલુકાની કોર્ટમાં જુબાની આપવા જાય છે કે નહિ ?

જીવો તો ક્યારનો પ્રચાર કરી રહ્યો હતો કે રઘાએ ગભરાઈ જઈને શાપર જવાનું માંડી વાળ્યું છે. પણ રઘાએ તો સહુને

આંગળાં કરડતાં કરી મૂક્યાં. પોતે હાથે, પગે ને માથે ઘવાયેલો હોવાથી એક ડગલું ય ચાલી શકે એમ નહોતો. તેથી એણે રાતોરાત જુસ્બા ઘાંચીને બોલાવીને એના પાલાવાળો રેંકડો બાંધી લીધો. સવાર પડતાં જ એ રેંકડામાં જ સૂતો સૂતો શાપરના પંથે પડ્યો.

જતાં જતાં પાદરમાં ઊભેલાં માણુસોને એ કહેતો ગયો :

'સંતુને માથેથી કલંક ભૂંસવા હું ન જાઉં તો મારું જીવતર લાજે!'

*

## પ્રકરણ પાચમું

# પાપનું પ્રક્ષાલન ?

જુસ્બા ઘાંચીએ એના મુડદલ જેવા ઘરડા બળદને પૂંછડું આમળીને ડચકાર્યો અને નરસી મે'તાની વેલ્ય જેવો ખખડી ગયેલો એક્કો ઓઝતમાં ઊતર્યો ત્યારે કાંઠે ઊભેલાં સહુ લોકોને લાગ્યું કે રઘો મહારાજ હાથે કરીને મોતના મોઢામાં જઈ રહ્યો છે.

'ઊંટ મરવાનું થાય તંયે મારવાડ ઢાળું મોઢું કરે.'

'પંડ્યે એકલો મરતો હોય તો તો ભલેની મરે ! વાંહે ઓલ્યા ખોળે લીધેલા સિવાય બીજું કોઈ લોહીનું સગું રોવાવાળું નથી. પણ આ તો ભેગાભેગો જુસ્બા ઘાંચીને ય મારશે તો વાંહે એની એમણી ઘાંચણ સાવ નોંધારી થઈ જાહે—'

'જુસ્બો શું કામે ને મરે ભલા ? જીવા ખવાહને તો રઘા ઉપર વેર છે; જુસ્બા ઉપર ઝેર થોડું છે ?'

'ઈ તો હંધીય આંયાં બેઠાં વાતું થાય. બાકી ઓલી જામ-ગરીવાળી જોટાળીમાંથી ધડેડાટ કરતી ધાણી ફૂટવા મંડે તંયે નાલીપાથી વછૂટતી ઓલી કાકી કાંઈ નામ પૂછવા રોકાય કે, ભાઈ! તારું નામ રઘલો છે કે જુસ્બો ? ઈ તો સડેડાટ છાતી સોંસરવી નીકળી જાય ને ભલભલાનાં ઢીમ ઢાળી દિયે.'

'અરરર ! તો તો આ ઘાંચલો જાહે ઘીંહોડાં ફૂંકતો...'

પણ એને રેંકડામાં પાલો ભરવાને સાટે રઘાનો ફેરો બાંધ-વાની કમત્ય ક્યાંથી સૂઝી ? આ તો સૂકા ભેગું લીલું ય બળી જાહે !'

'ઈ તો મોટાં વાંહે નાનાં જાય, તો મરે નહિ તો માંદાં તો થાય જ ને?'

'અરે, ગામનો સાત ખોટનો એક ઘાંચો મરશે તો આપણે તેલ વિના રખડી પડશું.'

ધીમે ધીમે રઘાને બદલે જુસબાના સંભવિત મૃત્યુ અંગે જ વધારે ચિંતા વ્યક્ત થવા લાગી. આગલી રાતની જોરદાર અફવા તો એવી હતી કે જીવો ખવાસ રઘાને ગુંદાસરનું પાદર જ વળોટવા નહિ દે. ભૂદેવને એવી તો ભાઠાવાળી થશે કે એને શાપર જવાની સોં જ નહિ રહે.'

પણ 'સાચે ટાણે શાપર નો જાઉં તો મારું જીવતર લાજે!' એવી ગર્વોક્તિ ઉચ્ચારીને રઘો ગામના પાદરમાંથી હેમખેમ રેંકડો હંકારાવી ગયો તેથી લોકોને હવે જુદા પ્રકારની આગાહીઓનો આશરો લેવો પડ્યો.

'પાદરમાંથી મરની પાધર્યો નીકળી ગ્યો પણ હવે ઈદ મસીદ લગણ આંબી શકે તો મને કે'જો!'

'મસીદાળી નેળ્યમાં બોકાનીબંધા નાકાં વાળીને બેઠા હશે—'

'જોટાળિયુંમાં દાર તો ધરબી જ રાખ્યા હશે. આ રેંકડાના ગળિયલ બળદને ભાળશે ઈ ભેગા જ ઘોડા દબવશે, ને ધડ ધડ ધડ ધડ ગોળિયું વછૂટવા મંડશે.'

'રઘલો ને જુસબો વિંધાઈ જાય એનો વાંધો નહિ પણ રેંકડે જુતેલા રતાંધળા જેવા બળદને બીચાડાને રજાકજા નો થઈ જાય તો સારું. નકામું, માણસની મારામારીમાં ઈ નવાણિયું ઢોર કુટાઈ જાહે—'

બપોર સુધી આવી પારકી ચિંતામાં લોકો દૂબળાં થતાં રહ્યાં. રોટલા ટાણે શાપરથી ટપાલ લઈને ખોડો હલકારો આવ્યો ત્યારે રાબેતા મુજબ 'એલા કાગળપતર?' 'કોઈનો મન્યાડર?' જેવી પૂછગાછ કરવાને બદલે, કે 'કિયાટ-કોથળી' 'કોઈલાન'ની માગણી

કરવાને બદલે સહુએ એક જ પ્રશ્ન પૂછ્યો :

'એલા ખોડા ! મારગના કાંઈ માઠા વાવડ ?'

'કોના ?' ખોડાને નવાઈ લાગી.

'આપણા રઘા સા'રાજને કાંઈ રજાકજા—'

'રજાકજા થાય ન'ઈ રઘાબાપાના દુશ્મનને !'

'તને ક્યાંય સામા જડ્યા ?'

'હં...ક...ને !'

'સાવ સાજા સારા ?'

'અરે રાતી રાણ્ય જેવા ! ઈને વળી શું દુ:ખ હોય ?' કહી વળી ખોડાએ એનું વર્ણન કર્યું : 'ઈ તો એ...ય...ને જુસ્બાના એક્કામાં સારીપટ પાથરેલા ખડની પથારીએ સૂતા સૂતા કિલકિલાટ કરતા જાતા'તા—'

'એલા તને કયે ઠેકાણે રેંકડો સામો જડ્યો'તો ?'

'જડેસરના વોંકળામાં...હું ખળખળડીમાંથી પાણી પીતો'તો ને જુસ્બાનો એક્કો ગેડીદડાની ઘોડ્યે દડદડતો જાતો'તો ને રઘોબાપો નરવે સાદે ભજન ગાતા જાતા'તા—'

મરે રે આ ખોડીયો હેલકારો ! એણે તો રઘા અંગેના આ આંખોદેખા હાલ રજૂ કરીને ગુંદાસરમાં ચગેલા બધા ગબારાઓને એક જ ઝાટકે હેઠા પાડી નાખ્યા.

પણ આવા હેલકારાના અહેવાલથી ય ગામલોકો નિરાશ થયાં નહિ. એમણે આગાહીઓનું અંતર લંબાવ્યું :

'જડેસરનો વોંકળો તો આપણા જ રાજની હદમાં ગણાય. રાજની હદમાં રહીને ખુનખરાબી થોડી થાય ? વોંકળાનો કાંઠો વળોટવા દિયો...તોપું ખોડેલા ખૂંટાની ઓલીપા રેંકડો પોગવા દિયો...ને પછી જુઓ કે રઘાબાપાની કેવી રીગડી થાય છે !'

'સાચું કીધું. આટલાં વરહ લગણ દરબારને હોકે દેવતા મેલનારો જીવો ખવાહ એટલું ય નો સમજે કે રાજની હદમાં રહીને

આવો કામો નો કરાય ? ઈ તો પરહદમાં જ પડ બાંધીને ઊભા રે'વાય—'

'તો તો હવે આ ભવમાં તો રઘાનો રેંકડો શાપરને પાદર પોગી રિયો !'

'ને ભેગું ગુંદાહરનું પાદરે ય હવે આ ભવમાં તો ભાળી રિયો !'

'ઈ તો હવે ઘા ભેગો જ ઘસરકો થઈ ગ્યો જાણોની ! તણ્ય સાવજ ધરાય એવડી ભૂદેવની કાયામાંથી કોઈને ગોટલું છોતરું ય હાથ આવવા દિયે તો એનું નામ જીવોભાઈ નઈ !'

'દરિયામાં રિયે ને મઘરમચ્છ હાર્યે વેર બાંધવા જાય એના તો આવા જ હાલ થાય ને ?'

ઊગતાને પૂજનારાં લોકો જીવાની બહાદુરીને બિરદાવતાં હતાં અને રઘાની હેરાનગતિની હાંસી કરતાં હતાં. તેઓ જાણતાં હતાં કે હવે અંબાભવાની આથમી ગઈ છે અને રામભરોસેનો ચડતો સિતારો છે; રઘાનાં હવે વળતાં પાણી થયાં છે અને જીવો ખવાસ ઠકરાણાંનો માનીતો બન્યો છે. 'બેસતો વાણિયો ને ઊતર્યો અમલદાર'ની ઉપયોગિતા અને બિનઉપયોગિતાનો બરોબર આંકઅંદાજ કાઢીને, જીવા ખવાસની સિફારસ કરવામાં સહુને પોતાનું હિત દેખાતું હતું.

તેથી જ તો, રઘો શાપરની અદાલત સુધી હેમખેમ પૂગી ગયો છે એવા સમાચાર આવ્યા ત્યારે પણ જીવા ખવાસના પૂજકો નાસીપાસ ન થયા. એમણે એક નવો આશાતંતુ બાંધ્યો :

'ઈ તો કોરટમાં ઊભીને રઘો કેવીક જીભાની દયે છે, ઈ જોયાજાણ્યા પછી જ જીવોભાઈ ઘા કરશે—'

'હા, ભાઈ ! આવા મામલામાં તો તેલ જોવું જોયે; તેલની ધાર જોવી જોયેં, તે પછી જ હાથ ઉગામવો સારો.'

'જીવાભાઈનું કામ હંધુ ય લાંબી ગણતરીવાળું જ હોય. આગળપાછળનો વિચાર કર્યા વન્યા ડગલું ભરે જ નહિ ને !'

સહુ ધારતા હતા કે અદાલતમાં જુબાની પૂરી થયા પછી જીવાના માણસો રઘાને 'ઢાળી દેશે.' માંડણિયાની વિરુદ્ધમાં એ એક હરફ પણ ઉચ્ચારશે તો એનું આવી બનશે. ભૂદેવ મોટે ઉપાડે સંતુની વહારે ચડવા ગયા છે, પણ એને ભોંય ભારે પડી જશે. જીવાભાઈ જેવા સાવજને છંછેડવામાં ઈ લોટની તાંબડી સાર નહિ કાઢે.

પણ રઘાએ તો આવા કોઈ પણ ભયનો જરા સરખો ય વિચાર કર્યા વિના અદાલતમાં બેધડક જુબાની આપી. જુબાની આપી એટલું જ નહિ, માંડણ અને એના સહુ સાગરીતોની કારવાઈઓ પણ એણે ઉઘાડી પાડી દીધી...

રઘાની જુબાનીમાં શાદૂળનું નામ વારંવાર આવવા લાગ્યું એ સાંભળીને સાંભળનારાઓ સ્તબ્ધ થઈ ગયા. બચાવપક્ષના વકીલે એની ઘણી ય રોકટોક કરી, પણ એથી રઘો જરા ય ગભરાયો નહિ; એણે તો માંડણના અપરાધની અને સંતુની નિર્દોષતાની સાહેદી આપતી કડીબદ્ધ વિગતો સવિસ્તાર રજૂ કરી દીધી.

તાલુકાની અદાલતના એ ભાવુક ન્યાયાધીશને આ જુબાનીમાં અને એ જુબાની આપનાર વ્યક્તિમાં ઊંડો રસ જાગૃત થયો. તેથી જ તો, ઊલટતપાસ વેળા, હાથેપગે મૂઢમાર ખાધેલો રઘો અતિશય થાકને લીધે જરા લથડિયું ખાઈ ગયો અને સાક્ષીના પાંજરાના કઠેરાને ટેકે માંડ માંડ કાયા ટેકવી રહ્યો ત્યારે એની અસહાય સ્થિતિ જોઈને મેજિસ્ટ્રેટે હુકમ કર્યો :

'સાક્ષીને બેસવાની ખુરશી આપો.'

સાંભળીને બચાવપક્ષના માણસો તો આંગળાં જ કરડતા રહ્યા !

ઊલટતપાસમાં એકેક પ્રશ્ન પુછાતો રહ્યો અને રઘો પણ જરા ય ગભરાટ વિના એનો ઉત્તર આપતો રહ્યો. પોતાની જુબાની કરતાં આ ઊલટતપાસ વેળા જ એ ખરો રંગમાં આવ્યો. એને પોતાને ય ખ્યાલ ન રહ્યો કે આવા વેધક ઉત્તરોની વાણી ક્યાંથી

આવી રહી છે, ગામમાં રચાયેલી પ્રપંચજાળને ભેદતી આ હાજર-જવાબી કોણ પ્રેરી રહ્યું છે. શ્રોતાઓને લાગતું હતું કે રઘાની જીભ પર બેસીને પુનિતા પુત્રવધૂ સંતુ જ પોતાનું પાવિત્ર્ય સિદ્ધ ન કરી રહી હોય !

ગૂંચવનારા પ્રશ્નોના ઉત્તરો આપતી વેળા રઘો જાણે કે કોઈ ઉચ્ચતર આધ્યાત્મિક ભૂમિકાએ વિહાર કરી રહ્યો હતો. બચાવપક્ષના એકેક આક્ષેપનો એ રદિયો આપતો હતો અને એના અંતરનાં રસાયણો જાણે કે પલટાતાં જતાં હતાં. હવે એ સંતુની નિર્દોષતા જ સિદ્ધ નહોતો કરી રહ્યો; બલકે સત્ય કથન વડે પોતાના અતીત જીવનનાં અનેકાનેક અઘટિત કૃત્યોનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યો હતો ! સંતુને નિષ્કલંક સાબિત કરવાને નિમિત્તે જાણે કે પોતાનાં પાપનું પ્રક્ષાલન કરી રહ્યો હતો...

અદાલત ઊઠવાનો સમય થયો અને ચપરાસીએ આવીને ઘંટડી વગાડી છતાં ન્યાયાધીશે આદેશ આપ્યો :

'ચાલુ રાખો.'

રઘાના વેધક ઉત્તરો નોંધાતા ગયા, તેમ તેમ બચાવપક્ષ નાસીપાસ થતો ગયો અને ઉત્તરોત્તર વધારે ઝનૂનથી ઊલટતપાસ થવા માંડી. પણ રઘો આજે પેલો હોટલ ચલાવનાર મામૂલી બ્રાહ્મણ નહોતો રહ્યો. આજે તો એ ગામની એક કલંકિતાની વહારે ચડેલો બ્રહ્મપુત્ર હતો. એની વાણીમાં પરંપરિત બ્રહ્મતેજ સોળે કળાએ પ્રકાશિત થઈ રહ્યું હતું.

દીવે વાટ ચડવા ટાણે અદાલત ઊઠી ત્યારે જ રઘો એની ખુરશીમાંથી ઊભો થયો. કમ્પાઉન્ડમાં છોડેલા એક્કા નજીક એ પહોંચ્યો ત્યારે જુસબ ઘાંચીએ સૂચન કર્યું :

'રઘાબાપા ! આજની રાત્ય ગામમાં ક્યાંક રાતવાહો રઈ જાવ ની ?'

'કેમ ભલા ? તારા બળધને પગમાં દુખે છે ?'

'બળધ તો ખડેખાંગ છે, પણ રાત્યવરત્યનું જરાક ભો જેવું —'

'ભો ? કોનો ભો ?'

'તમારા કોઈ દસ્સન અંધારામાં તમ ઉપર ઘા કરી લ્યે તો—'

'મારા દસ્મન ? એની માવડિયુંએ હજી લગણ જણ્યા જ નથી !' કહીને રઘાએ જુસ્બાને હિંમત આપી : 'હાલ્ય ઝટ, એક્કામાં બેહી જા મૂંગો મૂંગો. કોઈના બાપની દેન નથી કે આપણી સામે ઊંચી આંખ્ય કરી જાય !'

જુસ્બાએ ગુંદાસરથી એક્કો જોડયો ત્યારે જ ગામલોકોએ એને ગભરાવી માર્યો હતો અને એમાં એણે અદાલતમાં રઘાની કડક જુબાની સાંભળી. ગામના ચૌદશિયાઓ સામેના પ્રહારો સાંભળ્યા, તેથી એનો ગભરાટ બમણો થઈ ગયો હતો. ધોંસરે બેસતાં બેસતાં એણે ફરી કહ્યું :

'સૂરજ ઊગ્યે હાલ્યા હોત તો શું ખાટુંમોળું થઈ જવાનું હતું ?'

'મારો ગિરજો રાત્ય આખી એકલો તલખતો રિયે.'

'પણ બાપુ ! આ રાત્યવરત્યનો સમો ને વચાળે આવે ઓલ્યો વાંકળો. કોઈ વેરી લાગ જોઈને જૂનાં વેર પતવી જાય—'

'મેં તને કીધું નંઈ કે મારા વેરીની માએ હજી સવા શેર સૂંઠ નથી ખાધી ?'

'પણ બાપા ! ઓલ્યો જોરૂકો જીવોભાઈ—'

'હવે રાખ્ય, રાખ્ય ? જીવલા જેવા તો કૈંક જોઈ નાખ્યા આ જંદગીમાં. તું ઓળખશ મને, હું કોણ છું ? મારું આ માથું ખંખેરું તો એમાંથી જીવલા જેવા તો દહ ટોલા ખરે એમ છે !'

'પણ બાપા ! કે'તા નથી કે ભૂંડા માણહની પાનશેરી ભારે ...જીવા ખવાહના મળતિયા હંધા ય ઓલ્યા કાંટિયા વરણ માંયલા ...લાગ ભાળીને ઘા કરી લિયે તો પછે શું એનો ટાંટિયો વાઢવા જવાય ?

'અરે....જુસબ ! તું તો સાવ હહલાં જેવો ફોસી નીકળ્યો !

એલા, મેં દેશદેશાવરના દરિયા ડોળી નાખ્યા છે.' ગાડીવાનને હિંમત આપવા રઘાએ પોતાની અતીત આત્મકથાનો એક અંશ કહી સંભળાવ્યો. 'કાળી રાત્યે ધડાકાભડાકા કરીને આગબોટુંના જંગલા કપ્તાનુંને હાથજીભ કઢવી છે, ઈ આવાં કાંટિયાં વરણુથી ગભરાઈ જાઈશ ?'

થડકતી છાતીએ શાપરનું પાદર છાંડીને જુસ્બાએ એક્કો ગુંદાસરને કેડે ચડાવ્યો ત્યારે પણુ એ ભય વ્યક્ત કરી રહ્યો હતો :

'બાપા ! તમારી વાત હંધી ય સોળ આની સાચી, પણુ સામાવાળા છે હથિયારવાળા, ને આપણે છયે સાવ હાથેપગે—'

'એલા જુસ્બા ! હથિયારુંની વાતું કરીને હવે મને બવ તપવ્ય મા ભલો થઈને—'

'તપવતો નથી, પણુ આમાં તો પહેલો ઘા રાણુાનો ગણુાય. સામાવાળા પરથમ ઘોડો દબવીને ભડાકો કરી નાખે તો પછેં આપણે સાવ હાથેપગે ને હથિયાર વનાના માણુહ શું—'

'એલા, કંવ છું કે હથિયાર હથિયાર કરીને હવે મને વધારે તપવ્ય મા ભલો થઈને ?' કહીને રઘાએ કરડાકીથી પૂછ્યું :

'બોલ્ય, તારે હથિયાર જોવું છે ?'

જુસ્બાએ કુતૂહલથી ડોકું ફેરવીને પછવાડે નજર કરી.

રઘાએ એક્કામાં બિછાવેલા ખડ તળેથી હળવેક રહીને પોતાને ખડિયો છોડયો અને એમાંથી એક શસ્ત્ર બહાર કાઢયું.

'હેં ?...હા...હેં !' જુસ્બાની આંખો ચાર થઈ ગઈ. રઘાબાપા, આ અટાણુ લગણુ ક્યાં સંતાડી'તી ?'

'એની તારે શી પંચાત ?'

'પણુ આ કંઈ ભાત્યની બંધૂક ? આ ઈંગરેજવાળી છે કે પછી આફ્રિકેથી ભેળી લેતા આવ્યા'તા ?'

'એલા તારે બંધૂકથી કામ છે કે એની નાત્યજાત્યથી ? તારે મમ્ મમ્‌નું કામ છે કે ટપ ટપનું ?'

'પણ બાપા ! આ બંધૂક તો સંચોડી નવતર ભાત્યની ભાળું છઉં. હેં બાપા, તમને આ ફોડતાં આવડે ખરી ?'

'એલા વેલહાગરા, કઉં છું હવે મને વધારે તપવ્ય મા, નીકર તારી છાતી ઉપર ભડાકો કરીને ફોડી દેખાડીશ—'

'એ ના ભાઈશા'બ ! જોજો ક્યાંક ભૂલમાં ય ઘોડો દબાવી દેતા ! મારો સાત ખોટનો છોકરો રઝળી પડશે. સતીમાને છત્તર માન્યું તંયે માંડ કરીને દીકરો દીધો છે—'

'તંયે પછી આવી ગધાડાને તાવ આવે એવી વાતું ન કરતો હો તો ?' રઘાએ કહ્યું. 'મને તેં સાવ લોટમગો બ્રામણ જ ગણી લીધો ? અરે ભૂંડા ! આ જનોઈના તાંતણા તો ગુંદાહરમાં આવ્યા કેડ્યે ઘાલ્યા—ઈ મોર્ય તો આ ડોકમાં કારતૂસના હારડા ઝૂલતા, હારડા, સમજ્યો ?'

'બાપા ! તમે તો બવ પોંચેલ નીકળ્યા !' ગરીબડો જુસબ હવે અહોભાવ વરસાવી રહ્યો.

'પોંચેલ ન થાઉં તો તો આ પેધી ગયેલા માણુસના ગામમાં રે'વાય કેમ કરીને ?'

'પણ બાપા ! તે દિ' હોટરમાં રામભરોંહાવાળાં આવીને હંધુંય ભાંગી-ફોડી ગ્યાં ને તમને ને ગરજાભાઈને મારી ગ્યાં ઈ ટાણે—'

'ઈ ટાણે આ હથિયાર હાજર નો'તું, જુસબ !' કહીને રઘો એકાએક મૂંગો થઈ ગયો.

°

પ્રકરણ છઠ્ઠું

## ભવનો ફેરો ફળ્યો

**અજવાળી** ત્રીજ તો ઊગ્યા ભેગી જ આથમી ગઈ હતી. જડેસરને વોંકળે પહોંચતાં તો કાજળકાળું અંધારું જામી ગયું હતું. પણ હવે જુસબને પેલા નાકાં વાળીને બેઠેલા બોકાની- બંધાઓની બીક નહોતી. રઘાના વ્યક્તિત્વનું એક નવું જ પાસું જોવા મળ્યા પછી આ ગરીબ ગાડીવાનને હૈયાધરપત મળી ગઈ હતી. હવે તો, એને હૈયે એક જ ઉચાટ હતો : ઝટપટ ઘેર પહોંચીને પોતાના નવજાત પુત્રનું મોઢું જોવાનો.

ચોગરદમ ચસોચસ ભરેલા અંધકાર વચ્ચે રઘાના હૈયાની આંખ ઊઘડી હતી. અદાલતમાંથી જુબાની દરમિયાન ફૂટેલી અંતર- સરવાણીએ એના હૃદયનાં સ્તરોને ઉપરતળે કરી નાખ્યાં હતાં. અંતર્મુખ બનીને વિચારતાં વિચારતાં એકાએક એણે ‘અંબાભવાની’- માંના ધિંગાણા વિષે કહ્યું :

‘ભાઈ! ઈ ટાણે આ હથિયાર હાજર નો’તું ઈ જ સારું થયું, જુસબ!’

‘કેમ ભલા ?’

‘હાજર હોત તો મારો હાથ કાબૂમાં ન રે’ત, ને ઠાલાં મોફતનાં બે-ચાર ઢીમ ઢળી પડત—’

‘મર ની ઢળતાં ! ઈ જ લાગનાં હતાં ઈ રામભરોસેવાળાં—’

‘ના ના, ઠાલું મારે માથે બે-ચાર નવી હત્યાનું પાતક ચડત—’

‘ઈ તો હાથે કરીને હત્યા કરાવવા જ આવ્યાં’તાં—’

'ઈ મર આવ્યાં, પણ હું આ હથિયારને ન અડચો ઈ ઠીક જ થયું. કોઈને રજાકજા કરી બેઠો હોત તો ઈનો ભાર મારાથી ન જિરવાત—'

'ભાર ?'

'હા, ઘણો ય ભેગો થયો છે.' રઘાએ અંતરની વાત કહી દીધી. 'આ હાથે, ન કરવાનાં કામાં ઘણાં જ થઈ ગયાં છે. હવે એમાં વધારો કરીને વળી કિયે ભવ છૂટું ?'

'બાપા ! પણ કોઈ સામેથી ઘા કરવા આવે તંયે હાથ ઉગામ્યા વિના હાલે ?'

'હા, હાલે.' કહીને રઘો ફરી એકાએક મૂંગો થઈ ગયો.

જુસબો વિચારમાં પડી ગયો. એના સામાન્ય ચિત્તમાં એક વ્યવહારુ પ્રશ્ન ઊઠચો જે એણે નિખાલસતાથી નિવેદિત કર્યો :

'સમજો કે હવે અબઘડીએ આવશે ઈ મસીદાળી ધાર્યની નેળ્યમાં આપણો એક્કો ઊતરે, ને ઓલ્યાં રામભરોંહાવાળાંવ આપણો મારગ આંતરીને ઊભાં રિયે, ને તમ ઉપર નાળ્ય જંજાર્યું નોંધે તંયે તો તમે હાથ ઉપાડો કે નઈં ?'

'ના, ન ઉપાડું....હવે નો ઉપાડું....'

'સામાવાળો તમને ઢાળી જાય ત્યાં લગણ તમે હાથ જ નો ઉપાડો ?'

'હવે તો ન જ ઉપાડું....'

'તો પછે આવું મોંઘું હથિયાર ભેગું લીધાનો ય લાભ શું ?'

'ઈ તો, ગુંદેહરથી શાપર જાતી ફેરે કોઈ માઈનો પૂત સામો જડચો હોત ને, તો જોયા જેવી કરત....ઈ સારુ જ આ હથિયાર ભેળું બાંધ્યું'તું.' કહીને રઘાએ મોટેથી અફસોસ વ્યક્ત કર્યો : 'પણ જુસબા ! મને તો ઈ વાતનો ઓરતો જ રૈ ગ્યો કે જાતી ફેરી જીવાનું કોઈ માણહ સામી છાતીએ આવ્યું જ નંઈ ! હવે આ વળતે ફેરે તો ઈ વાટ બાંધે તો ય શું, ને ન બાંધે તો ય શું ! હંધું ય સરખું

જ છે ને ?'

'કેમ ભલા, આ દુદા ભગતની વાડી મેલ્યા કેડ્યે ડોકામરડી આવશે ઈયાંકણે કોઈ વાટ બાંધીને ઊભાં હશે તો ?'

'જી ઊભાં હશે ઈને હું હેમખેમ જાવા દઈશ.'

'તમે તો જાવા દેશો, પણ ઈ તમને શેના હેમખેમ જાવા દેશે ?'

'ભલેની ન જાવા દિયે ? એની સામે હું મારી છાતી ધરીને કહીશ કે લ્યો ફૂંકી મારો મને !'

સાંભળીને જુસબ મૂંઝાઈ ગયો. બોલ્યો : 'રઘાબાપા ! તમારી આ રીત તો કાંઈ સમજાય એવી નથી.'

'લે, સમજાવું. જાતે ફેરે કોઈ મને રોકવા ઊભું હોત તો એને જીવતો ન મેલત. કારણ જાણછ ?—'

'ના.'

'જાતી ફેરે હું મરત તો મારી જુબાની આપવાની રૈ જાત, ને ઓલી બચાડી સંતુ ગુનેગાર ગણાઈ જાત. પણ હવે તો હું જુબાની આપીને આવ્યો છઉં. મારે કરવાનું હતું ઈ કામ તો પાર પાડીને પાછો વળ્યો છઉં. હવે મને જીવવાનો બહુ ઓરતો રિયો નથી. સંતુએ કોઈ કરતાં કાળું કામ નથી કર્યું; એને માથે ઓઢાડેલું ગોબરને માર્યાનું આળ સાવ ખોટું છે; એવી ખખડાવીને સાઈદી આપી આવ્યો છું, એનો મને સંતોષ છે. આજે મારું જીવતર લેખે લાગી ગ્યું—'

બોલતાં બોલતાં રઘો હર્ષાવેશ અનુભવી રહ્યો હતો. પણ હવે તો એકાએક હર્ષોન્માદમાં એ બૂમ પાડી રહ્યો :

'જુસ્બા ! આજે તારા આ રેંકડાના ફેરા ભેગો મારો ભવનો ફેરો ય ફળ્યો !'

અબુધ ગાડીવાન વિસ્ફારિત આંખે આ ગોર મહારાજની ઉન્માદાવસ્થા નિહાળી રહ્યો. આ આવેશ અને ઉન્માદની પાછળ રહેલો ભાવોદ્રેક સમજવા જેટલી આ ઘાંચીની શક્તિ નહોતી. પણ

જુસબો સમજે કે ન સમજે એની રઘાને બહુ પરવા પણ નહોતી. એ તો, પોતાના જ અંતરાત્મા જોડે એકાકાર થઈને કોઈક પરમ પરિતોષને વાચા આપી રહ્યો હતો :

'જુસબા ! મારું જીવતર તો લેખે લાગી ગયું. પણ હવે મારગ-માં મને કોઈ મારી નાખે તો મારું મરણું ય લેખે લાગી જાય…'

રઘાની એક એક ઉક્તિ જુસબ માટે વધારે ને વધારે વિસ્મય-કારક હતી.

'સંતુ તો ધરતીમાતાની દીકરી સીતા સમોવડી…ઈને માથે ધણીની હત્યાનું હડહડતું આળ આવે ઈ મારાથી કેમ ખમાય ?… હા…શ ! આજે જુબાની આપીને મારો હૈયાભાર ઉતાર્યો. ભાઈ જુસબ ! શાદૂળિયો આપણી સંતુની ચેષ્ટારી કરતો, તંયે હું એને પાનો ચડાવતો'તો. ઈનો ડંખ હવે રહી રહીને મને કાળજેથી કોરી ખાતો'તો. આજે ઈ પાપનું પ્રાછત કરી આવીને હું હળવો ફૂલ થઈ ગયો છું…હવે ભલેની જીવલો મને ઝાટકે દિયે…હું ઉંકારો ય કરું તો કે'જે !…

નીરવ અંધકારમાં એક્કો ખખડભભડ અવાજ કરતો આગળ વધતો હતો, અને રઘાનું આત્મશોધન આગળ ચાલતું હતું. એકા-એક એણે જુસબને પૂછ્યું :

'ભાઈ જુસબ ! તને સતીમાની માનતા ફળી'તી ને ?'

'હં…ક…ને, સતીમાનું સત્તર માન્યું, ને ઘેરે દીકરાની ખોટ પુરાણી—'

'મને ય સતીમાએ દીકરાની ખોટ પૂરી છે.' રઘાએ કહ્યું. 'સતીમાને પરતાપે મને ગિરજો જડચો…'

આવા અસંબદ્ધ વાર્તાલાપનો શો ઉદ્દેશ હશે એ જુસબ વિચારી રહ્યો હતો ત્યાં જ રઘાએ આગળ ચલાવ્યું :

'સતીમા તો હાજરાહાજૂર છે, હો જુસબ ! મારા તારા જેવા એની માનતા માને, ને આપણા મનની માંયલી મનેખા ફળે છે, એનું

કારણ શું ?'

'શું ?' જુસબે સામું પૂછ્યું.

'એનું કારણ સતીમાનું સત, બીજું શું !' કહીને રઘાએ ઉમેર્યું; ને ઓલી સંતુ છે ને, ઈ આ સતીમાનો અવતાર છે એમ સમજજે....અટાણે ભલે એનાં સતનાં પારખાં થતાં હોય પણ ઈ પારખાં કરનારાના હાથ અંતે હેઠા પડશે એટલું યાદ રાખજે—'

અત્યારે ભેંકાર ગણાતી ઈદ મસીદાળી નેળ્યમાં એક્કો ઊતરી રહ્યો હોવાથી જુસબના કાન સરવા બનીને આજુબાજુમાંથી ઊઠતા સંભવિત પડકારો ઝીલવા માટે મંડાયા હતા તેથી એ હોંકારો નહોતો ભણી શકતો; પણ પોતાનો હૈયાભાર હળવો કરી રહેલા રઘાને તો અત્યારે આવા હોંકારાની ય ક્યાં જરૂર હતી ? પોતાનું જ અંતર પ્રક્ષાલન કરી રહેલ એનો પ્રલાપ તો અવિરત ચાલુ હતો :

'અસ્ત્રીનો અવતાર તો લીલુડી ધરતી જેવો છે....એની ઉપર શિયાળે બાળીને ભડથું કરી મેલે એવાં હિમ પડે, ચોમાસે બારે ય મેઘ ખાંગા થાય, ને કાળે ઉનાળે બાળો નાખતા તડકા તપે તંયે એના દીદાર જોનારની આંખમાં લોહી આવે; પણ અંતે તો ઈ જ ધરતી વળી પાછી લીલોછમ થઈને લહેરાઈ ઊઠે તંયે આપણી જ આંખ ઠરે....'

એક્કાની ખોડંગાતી ચાલ બદલી ગઈ અને એકાએક સમથળ જમીન પર સુંવાળી ચાલે ચાલવા લાગ્યો, ત્યારે જ રઘાને ખ્યાલ આવ્યો કે ખેતરાઉ ગાડાંમારગની ખડબચડી જમીન પૂરી થઈ ગઈ છે અને હવે એક્કાનાં પૈડાં તળે ઓઝતની ઝીણા મગ જેવી વેકૂર પિલાઈ રહી છે.

'એલા તેં તો પાદરમાં પોગાડી દીધા ને શું ?'

'કોઈ આડોડિયાએ આંતર્યા નઈ એટલે તો પોગી જ જાયીં ને બાપા !' જુસબે છુટકારાનો દમ ખેંચતાં કહ્યું.

'આડોડિયા હવે આ ભવમાં તો આંતરી રિયા !' કહીને રઘાએ વળી એક સૂત્રોચ્ચાર કર્યો : 'ભાઈ જુસબ ! સાચને જરા ય આંચ નથી આ દુનિયામાં.'

ઓગતનો પટ પૂરો કરીને એક્કો ભૂતેશ્વરને આરે પહોંચ્યો ત્યારે ગામના પંચાતિયાઓ એની પ્રતીક્ષા કરતા બેઠા હતા. આટલું મોડું થયું હોવાથી એમને ખાતરી થઈ ચૂકી હતી કે મારગમાં રઘાનો ઘડોલાડવો થઈ જ ગયો હશે.

'એલા જુસબા ! રઘાબાપાને ક્યાં મેલતો આવ્યો !'

જુસબો કશો જવાબ આપે એ પહેલાં તો રઘાએ જ એક્કાની અંદરથી ટહુકો કર્યો :

'આ બેઠો, બાર વરહનો !'

પંચાતિયાઓ નિરાશ થઈને મનશું ગણગણ્યા : 'મારો બેટો ! આ ભૂદેવ તો આપણને હંધાયને માર્યા પછી જ મરે એવો છે.'

'ના ના. જીવોભાઈ એમ અથરો થઈને આડેધડ ઘા કરે એવો નથી. ઈ તો એના વેંતમાં જ હશે, ને દાવ આવ્યે જ સોગઠી મારશે. તમે જોજો તો ખરા, રઘાની કેવી રીગડી થાય છે ઈ ?'

આરો છોડીને એક્કો ગામઝાંપાની દિશામાં વળ્યો ત્યારે રઘો ગણગણતો હતો :

'મારા વાલીડાવ મારા મોતની વાટ જોઈને બેઠા છે—હું મરું તો સહુને મજો થઈ જાય. પણ દીકરાવ મારાવ ! આ રઘાનું મોત એમ રસ્તામાં રેઢું નથી પડ્યું…' બોલતાં બોલતાં રઘો એકાએક બૂમ પાડી ઊઠયો : 'એલા ઈ કોણ ગ્યું ?'

જુસબે ચમકીને દેરાણીજેઠાણીની વાવ તરફ નજર કરી.

'ઈ કોણ ભાગ્યું ?'

'આપણો સંચર સાંભળીને કોઈ બાઈ માણહ વે'તું થઈ ગ્યું.' જુસબે કહ્યું.

'કોણ હશે ઈ ?'

'અંધારામાં મોઢું તો કળાણું નઈં--'

'સંતુ તો નહિ હોય ને ?'

'હોયે ય ખરી! અટાણે ગામ આખામાં દખિયારી ઈ એકલી જ છે--'

'રાતવરતની કૂવો પૂરવા આવી હશે ?' રઘાને શંકા ગઈ. 'ને આપણા એકાનો ખખડાટ સાંભળીને ભાગી ગઈ હશે ?'

'અલ્લા જાણે !'

'એલા બળદને બડીકો માર્ય ને ઝટ દઈને આંબી લે. જોયીં તો ખબર્ય પડે, ઈ દખિયારી કોણ હતી--'

'હવે નો અંબાય.' જુસબે કહ્યું. 'ઈ તો વાજોવાજ વે'તી થઈ ગઈ.'

'પણ ઝાંપામાં તો ઈ ધીમી પડશે ને ?'

'ના ના; ઈ તો ઝાંપેથી હાલવાને સાટે હડમાનની દે'રી પછવાડેથી મેલડીમાનું થાનક ઠેકીને ગામમાં ગરી ગઈ--'

'તો તો સાચે જ કો'ક દખિયારી હશે. આપણો એકો ભાળીને ભડકી ગઈ--'

'એક જીવની હત્યા થાતી રૈ ગઈ—' જુસબે કહ્યું.

'કોને ખબર્ય !' અંબાભવાનીના આંગણામાં એકામાંથી ઊતરતાં રઘાએ મણ એકનો નિસાસો નાખ્યો અને પછી જુસબાને કહ્યું :

'હવે તો તારા પેટમાં ફડકો હેઠો બેઠો ને ?...જા હવે નિરાંતે ઊંઘજે...જરા ય ઉચાટ વિના ઊંઘજે—'

જીવા ખવાસની જફામાંથી હેમખેમ ઊગરી ગયેલો જુસબ તો એ રાતે નિરાંતે ઊંઘ્યો. રઘો પોતે પણ લાંબી મજલનો થાકચોપાકચો ઘસઘસાટ ઊંઘી ગયો. પોતે જિંદગીનું એક કરવા જેવું કામ કરી આવ્યો હોવાના સંતોષથી વધારે નિરાંતે ઊંઘ્યો. આખું ગામ નિરાંતે નસકોરાં બોલાવતું હતું ત્યારે ત્રણ વ્યક્તિઓની

આંખમાં ઊંઘ નહોતી : એક તો મેણાંની મારી કૂવો પૂરવા ગયેલી, પણ જુસ્બાના એકાનો અવાજ સાંભળીને પાછી ફરેલી સંતુને હવે જંપ નહોતો વળતો; એ જ વેળા, ખીજડિયાળી વાડીએ જીવો ખવાસ અને નથુ સોની એમનાં ભેદી યંત્રો ચલાવતા જાગતા બેઠા હતા.

રઘાની જોશીલી જુબાની પડ્યા પછી સંતુના શિર પરથી પતિહત્યાનું આળ તો ઊતરી જશે એમ લાગતાં જીવો વધારે અસ્વસ્થ થયો હતો. પણ જીવા કરતાં ય વધારે અસ્વસ્થતા તો આજે નથુ સોનીને હૈયે હતી. શ્રાવણી સોમવારની રાતે સંતુની મા હરખે ઊભી શેરીએ જાહેરમાં જડીની બદગોઈ કર્યા પછી અજવાળીકાકીએ યેનકેન પ્રકારેણ સંતુને સતાવવાનો નિરધાર કર્યો હતો અને એ માટે એણે પતિને ઉશ્કેર્યો હતો. પરિણામે, નથુ સોનીને હવે સંતુના પ્રકરણમાં એક પોતીકો રસ જાગૃત થયો હતો. પતિહત્યાના આળમાંથી ઊગરી જનારી સંતુ ઉપર હજી એથી ય વધારે નાનમભર્યું આળ બાકી રહે છે એનું શું ?'

નથુ સોનીએ આ મુદ્દાનો લાભ લેવાનું જીવાને સૂચવ્યું.

'મુખીને કાને વાત નાખીએ. ગામમાં આવાં નઘરોળ પાપ કેમ કરીને નભાવાય ?....ચોરે આખી નાતને બરકો ને આ વાતનો નિયા કરાવો.'

મુખી ભવાનદા ભોળાભટાક માણસ છે એ જીવો જાણતો હતો. નાતપટેલનો સ્વભાવ થોડો ચડાઉ ધનેડા જેવો પણ હતો, એટલે મુખીને જ મોખરે કરીને સંતુની વાત વાવલી શકાશે, એમ સમજાતાં જીવાએ બીડું ઝડપી લીધું.

'સવાર-પડતાં જ સમજુબાને કાને વાત નાખું....ઠકરાણાં પંડ્ય જ મુખીને હુકમ કરે કે નાતનું પંચ બેસાડો ને આ પાપનો નિયા કરાવો—'

*

પ્રકરણ સાતમું

# મેલડીનો કોપ

શ્રાવણનો એ છેલ્લો સોમવાર નથુકાકા માટે ખતરનાક નીવડેલો. પોતે કીડિયારું પૂરવા ગયેલા અને કેટલાક ડોસાડગરાઓ સાથે ગામગપાટે ચડી ગયેલા. પોતે સોમવાર કર્યો હોવાથી સાંજના વાળુની તો ચિંતા જ નહોતી, તેથી મોડામોડા ઘેર આવ્યા ત્યારે ઊંબરામાં પગ મૂકતાં જ અજવાળીકાકીએ એમને પોંખવા માંડ્યા :

'તમતમારે ફૂલેકે ફર્યા કરો ! વાંહેથી ઘરવાળાંવના મર ઘડાલાડવા થઈ જાય.'

પતિએ ડઘાઈ જઈને પૂછગાછ કરવા માંડી, પણ એમ સહેલાઈથી ઘટસ્ફોટ કરી નાખે તો તો એ અજવાળીકાકી શાનાં !

'તમતમારે કીડિયારાં પૂરીપૂરીને આવતા ભવનાં પુન્ય બાંધ્યા કરો; વાંહેથી ઘરનાં માણહનો મર બોરકુટો થઈ જાય—'

'પણ શું છે ?'

'તમારે શું ? તમે તો મોટે પાઘડે ગામમાં પહોળા થઈને ફર્યા કરો. વાંહે ઓલ્યા વેરી હંધાય મર ઘરની વાતું વાવલ્યા કરે—'

'કોણ છે ઈ વેરી ?' પતિએ ક્રુદ્ધ અવાજે પૂછ્યું, 'કોણ છે ઈ વાતુનાં વાવલનારાં ?'

પણ અજવાળીકાકી એમ ઝટ દેતાંકને નામ ભણી દઈને આ કુથલીકાણ્ડમાં રહેલું જિજ્ઞાસાનું તત્ત્વ સાવ એળે જવા દે એમ નહોતાં. આ નાટકમાં અત્યાર સુધી તેઓ પતિ સમક્ષ માત્ર વાચિક અભિનય જ કરી રહ્યાં હતાં; એમાં હવે મજાનો નરવે સાદે ફૂઠવો

મેલીને આંગિક અભિનય પણ ઉમેર્યો.

'હાય રે હાય! મારે માથે દેહોદ જેવો ધણી બેઠો છ, તો ય હું તો સાવ નધણિયાતી જેવી....ગામની કણબણ્ય ઊઠીને મને ઢીંકા મારી જાય, ને મારી દીકરીની એબ ઉઘાડી પાડી જાય....'

'કોણ છે ઈ કણબણ્ય?' પતિએ હવે પડકાર કર્યો. 'નામ પાડો ઈ ભેગી એના ઓખાત ખાટી કરી નાખું—'

'અરરર! મારી લાખ રૂપિયાની આબરૂને ફૂટી કોડીની કરી નાખી! ઘેરાએક માણહની વચ્ચે મારી ગગીનો ઢેઢફજેતો કરાવ્યો! હાય રે હાય! આ માથાના મોડ જેવો ધણી બેઠો હોય તો ય શું ને ન બેઠો હોય તો ય શું? હું તો છતે ધણીએ—'

'હવે હાંઉ કરશો? ઈ ચોવટ કરવાનું ચોખુંફૂલ નામ પાડો એટલે એને ખબર્ય પાડી દઉં કે કેટલી વીસે સો થાય છે—'

પણ અજવાળીકાકીએ તો કોઈનું ચોખુંફૂલ નામ પાડવાને બદલે પતિને પાનો ચડાવવા શીખવચનો ઉચ્ચારવાં જ ચાલુ રાખ્યાં:

'ઈ જોરાર્યની જીભમાં કીડા પડે! મારી ગાયના દાંત જેવી રાંકડી જડીને બેજીવસુ કહી ગઈ રાંડ કવાડજીભી! કહી ગઈ તો કહી ગઈ પણ સો માણહ સાંભળે એમ કહી ગઈ!'

'ઈ નુઘરીનું નામ પાડો ઈ ભેગી એને ભોંય ભારે પાડી દઉં—'

'તમે તો ઠાલા મોફતના પડાકા શું કામે મારો છો? એટલો કડપ હોત તો તો દેન હતી ઈ ડાકણની કે મારી દીકરીને નીચાજોણું કરાવી જાય?'

'તમે કિયો ઈ ભગવાનના સમ ખાઈને કહું છું...ઈનું નામ પાડો એ ભેગી જ—'

'હાય રે! મારી ગવતરી જેવી જડીને માથે જીવતરનું કે'ણું કરતી ગઈ રાંડ કભારજા આ...!'

'કોણ? કોણ હતી ઈ કાળમુખી?'

'ઓલી સંતુડીની મા! બીજી કોણ છે નવરી?'

'સંતુડીની મા ?...હરખી ?'

'હા, હા, ઈ ટીહલા વાગડિયાની હરખી...સો માણહની વચાળે એણે મારી દીકરીને માથે આળ ચડાવ્યું રાંડ નભાઈએ !'

સાંભળીને નથુકાકા કશાક ભેદી વિચારમાં પડી ગયા. અજવાળીકાકીની વાગ્ધારા ચાલુ રહી :

'ઈ પોતાની જ છોકરી સામે નજર કરતી નથી ને આપણી જડીને શું જોઈને વગોવતી હશે, રાંડ વંતરી ?'

હરખ વિશે પોતે સૂઝી એટલી બધી જ ગાળો ખલાસ કરી નાખી છતાં પતિનું મૌન ન તૂટયું તેથી પત્નીએ સૂચન કર્યું :

'ઈ વાલામૂઈએ આપણી જડી ભેગું સામત આયરનું નામ લીધું છે, તો તમે ઈની સંતુડી હાર્યે શાદૂળભાનું નામ જોડી દેખાડો તો ખરા કઉં...ઈ હરખીને ય ખબર્ય પડે કે જડયા'તા સોની માજન માથાના—'

નથુકાકા આ સૂચન પર વિચાર કરતા રહ્યા અને અજવાળીકાકી એમને ઉખેળતાં રહ્યાં :

'સાધો જીવા ખવાહને...મેલો શાદૂળભાનું નામ વે'તું...એક કાનેથી બીજે કાને...રાજકોટની જેલમાં બેઠો શાદૂળિયો જબાપ આપવા કયાં આવવાનો છે ? કરો ગામ તેડું...બરકો મુખીને...ને કરાવો નિયા....'

લાંબી વિચારણા પછી નથુકાકા બોલ્યા : 'પણ આની કાંઈ સાઈદી–સાબિતી—'

'સાઈદી–સાબિતી કાંઈ છે નહિ એટલે તો આ કામ કરવા જેવું છે...' પત્નીએ સમજાવ્યું. 'તમતમારે જીવા ખવાહના કાનમાં ફૂંક મારોની ?...એક કાનેથી બીજે કાને...જાય બિલાડી મોભામોભ ! ...ભવાનદાને ભંભેરો એટલે હાંઉં...ચોરાની ઓશરીએ પંચ બેહાડે ...ને પંચની હાજરીમાં સંતુડીનો જબાપ માગે...જબાપ શું આપશે ચૂલા માંયલી રાખ ?...મુખીને કહીને કુંભારના ખોરડાને નાતબાયું

નહિ પણ ગામબાર્યું કરાવી દિયે...ઈ જ લાગની છે ઈ હરખી ! ઈ-ને ય ખબર્ય પડશે કે અજવાળીકાકી હાર્યે બથ ભીડવી કાંઈ બચ્ચાંનાં ખેલ નથી—'

આમ, નથુકાકા પત્નીની ચડામણીથી ધાએ ચડેલા હતા. જીવો જેલમાંથી છૂટીને આવ્યો એ પછી ખીજડિયાળી વાડીએ મધરાત પછી આ સોની મહાજન અને જીવાનું મિલન નિયમિત થઈ ગયું હતું. દ્રવ્યોપાર્જનની સહિયારી પ્રવૃત્તિને પરિણામે બન્ને વચ્ચે ઘરોબો પણ કેળવાઈ ગયો હતો. આ દુકાળિયા વરસમાં વાડીના કૂવાનાં પાણી પાતાળે પહોંચ્યાં હતાં, એ આ કણબીઓ માટે એક આડકતરો આશીર્વાદ બની રહ્યો હતો. કેટલાક ખેડૂતોએ પોતપોતાની વાવ ઉલેચી, ગાળ કાઢ્યા, જોબર-માંડણ ટોટા ફોડ્યા, પણ આ દરબારી વાડીની વાવ ઉલેચવાનો કોઈને ઉચાટ જ નહોતો. કેમકે, ભર્યા કૂવા કરતાં ખાલી કૂવો વધારે કમાણી કરાવતો હતો !

જીવો જેલમાંથી જ કસબ શીખી લાવેલો એ આ કૂવામાં અજમાવી રહ્યો હતો. કૂવાને ખાલી તળિયે એણે સિક્કા બનાવવાનાં યંત્રો ગોઠવી દીધાં હતાં અને સમજુબા તથા નથુ સોનીની સહિયારી ભાગીદારીમાં અહીં મધરાત પછી પૂરજોશમાં ટંકશાળ ચાલતી હતી.

જીવો ખવાસ આ માલનો ઉત્પાદક હતો અને જેરામ મિસ્ત્રી એનો વિતરક હતો. જેરામે હવે મિસ્ત્રીકામ છોડીને નિત્યપ્રવાસીની કામગીરી શરૂ કરી હતી. નથુકાકાએ બનાવેલી હૂબહૂ સાચા સિક્કા જેવી જ 'ડાઈ'માંથી ટપોટપ તૈયાર થતા કથીરના સિક્કાઓની ફાંટ બાંધીને એ દૂર દૂર દેશાવરમાં નીકળી પડતો. કોઈ વાર કોચીન-મલબાર જઈ પહોંચે તો કોઈ વાર છેક કલકત્તા સુધીની ખેપ કરી આવે. આસામની સરહદે અભણ આદિવાસીઓના પ્રદેશમાં પણ ઘૂમી આવે; ભટકુ જાતિઓમાં ય ભમે. અને મહિનો માસ રખડીને પાછો ગુંદાસરમાં આવે ત્યારે પેલી ફાંટના બદલામાં કડકડતી કરન્સી નોટોના થોકડાના થોકડા લેતો આવે. ગામમાં કોઈ પૂછે, તો કહે કે હું તો

વેરાવળના લાતીવાળાઓ માટે ઇમારતી લાકડું લેવા ગયો હતો. આ ઇમારતી લાકડાંને બહાને જ તો એ એક વાર બ્રહ્મદેશની ખેપ પણ કરી આવ્યો હતો.

સમજુબાને સાધીને સોની અને ખવાસે આવી સરસ ભાગીદારી થાપી હોય, એમાં જીવો નથુકાકાનો પડચો બોલ ઝીલે એમાં શી નવાઈ ?

રઘો સંતુની તરફેણમાં જોશીલી જુબાની આપી આવ્યો એ મધરાતે જીવો હતાશ થઈને બેઠો હતો; એમાં સોની મહાજને મુખીને કાને વાત નાખવાનું અને ગામપંચ બોલાવવાનું સૂચન કરીને એક નવું આશાકિરણ આપ્યું.

સમજુબાને કાને વહેણુ નાખું એમ હજી તો જીવો વિચારતો રહ્યો, ત્યાં તો એણે ત્રણ તાળીના સાંકેતિક ટપાકા સાંભળ્યા ને એ ચમકી ઊઠચો.

'ઠકરાણાં આવ્યાં લાગે છે ! કહીને એ સફાળો ઊભો થયો.

'સબર્ય આવે કથોળે ટાણે ?' નથુકાકાએ પૂછ્યું.

'કાંઈક કામ પડચું હશે.' કહીને જીવો કૂવામાં માંડેલી નિસરણીનાં પગથિયાં ચપચપ ચડીને કાંઠે આવ્યો.

નથુકાકાના પેટમાં ધ્રાસકો પડી ગયો. ઠકરાણાં જેવાં ઠકરાણાં ઊઠીને આમ કાળી રાતે કૂવાને કાંઠે આવી ઊભે એમાં જરૂર કાંઈક ભેદ હોવો જોઈએ. છૂપી પોલિસ તપાસ કરવા આવી હશે ? મુંબઈની સી.આઈ.ડી. આવી હશે ? દિલ્હી સરકારની પોલિસ પગેરું કાઢતી હશે ? સમજુબાને ગંધ આવી ગઈ હશે, ને અમને સહુને સાબદારવા અટાણે આવ્યાં હશે ?

જીવો પણ મનમાં તરેહતરેહના તર્ક કરતો કાંઠે આવ્યો ત્યાં તો સામે અંધકારમાં ઘોડા ઉપર બેઠેલી વ્યક્તિને જોઈને એક ક્ષણ વાર તો એ થડકી ગયો.

'બી ગ્યો, એલા ?' અસવારે પૂછ્યું.

'ના રે! બાએ તણ્ય તાળી દીધી પછી શેનો બી જાઉં?'

જીવો બોલવા ખાતર બોલી તો ગયો, પણ અશ્વારૂઢ થયેલાં ઠકરાણાંનો નખશિખ પુરુષવેશ જોઈને એ હેબત તો ખાઈ જ ગયો હતો. આ ગુપ્ત મુલાકાત માટે સૂંડલે ભરાય એવડા અંબોડાને સમજુબાએ ફેંટામાં છુપાવ્યો હતો અને મોઢાનો અણસાર કોઈ ઓળખી ન જાય એ માટે બોકાની બાંધી હતી.

'અટાણે અહૂરું કાંઈ કામ પડયું બા?' જીવાએ પૂછયું.

'તને બરકવા આવી છું.'

'હજી સુવાણ્ય નથી થઈ?'

'થઈ ગઈ. સંચોડી કાયમની સુવાણ્ય થઈ ગઈ.'

'હેં?'

'હા. બીજો ઝોબો પાછો વળ્યો જ નહિ, ને આંખ્યના ડોળા ઠરડાઈ ગ્યા.'

'અરે રામ રામ રામ!...'

'રામ રામ પછેં કરજે. અટાણે તો ઝટ ડેલીએ હાલ્ય—'

'તમે વે'તાં થાવ. હું વાંહોવાંહ પૂગ્યો જાણો—'

એક અક્ષર પણ વધારે બોલ્યા વિના સમજુબાએ જાતવંત ઘોડીને રાંગમાં લીધી.

જીવો અંધારામાં ઊભો ઊભો આ આધેડ ગરાસણીની અસવારીની છટા અહોભાવથી નિરખી રહ્યો.

ઠકરાણાંએ તેજીલી ઘોડીને એડી લગાવી અને ઘોડી તથા ઘોડેસવાર બંને અંધારામાં ઓગળી ગયાં.

અણધાર્યા સમાચારથી ઘડીભર સ્તબ્ધ બની ગયેલો જીવો દૂર દૂરથી સંભળાતા ઘોડીના ડાબલા સાંભળી રહ્યો.

* * *

સવાર પડતાં તો ગામનાં માણસોએ એક અચરજ અનુભવ્યું. ચાના ગારાડી ગણાતા બંધાણીઓ રામભરોસેને આંગણે પહોંચ્યા

ત્યારે હોટલનાં બારણાં પર ખંભાતી ટીંગાતું જોયું.

'કોઈ દિ' નહિ ને આજે જ બંધ કેમ ?'

'જીવોભાઈ ઊંઘે છે કે શું ?'

'કે પછી ઉજાગરાની નીંદર ચડી ગઈ છે ?'

કશો ખુલાસો મળતો નહોતો અને બંધાણીઓની તલપ વધતી જતી હતી.

'કરમના આગળિયાત, તી અંબાભવાનીનું ય ઉઠમણું થઈ ગયું ! નીકર રઘાબાપાની હોટલમાંથી પ્યાલો પેટમાં ઢાળી લેત—'

'એલા જીવો રાત્ય લઈને ભાગ્યો તો નથી ને ? તરતપાસ તો કરો કોઈ ?'

'એના ઘરાક ભાગે કે જીવોભાઈ ભાગે ? ગામ આખામાં આટલી ઉઘરાણી પાથરીને બેઠેલો માણહ ભાગીને જાય ક્યાં ?'

'એલા, કો'ક એને ઘરે જઈને ખબર્ય તો કાઢો ? બચાડો જીવ સાજોમાંદો હોય નહિ !'

ભૂધર મેરાઈના વલ્લભને આ સૂચન ગમી ગયું અને એ સીધો ગામને છેવાડે આવેલી જીવાની ખડકી તરફ ઊપડ્યો.

આજે અંબાભવાનીનું આંગણું ઉઘાડું હોત તો આ રામભરોંસેની આટલી ઓશિયાળ ભોગવવી ન પડત, એ મુદ્દા પર ચર્ચા ચાલી રહી.

રામભરોંસે નામ જ એવું બુંદિયાળ...એના ભરોંહા જ નહિ.'

'હવે તો વલભા જેવો કોઈ જુવાનિયો ત્રીજી હોટર નાખે તો ગામને નિરાંત થાય.'

થોડી વારમાં વલ્લભ પોતે જ શોકના સમાચાર લઈને આવી પહોંચ્યો.

'આજ તો પંચાણભાભા ગુજરી ગ્યા...પધરાત્યના દેવ થઈ ગ્યા છે !'

'અરરર ! જીવાને માથેથી છત્તર હાલ્યું ગ્યું.'

થોડા લોકોએ જીવા પ્રત્યે દિલસોજી દાખવી તો કોઈએ એનું ટીખળ પણ કર્યું.

'અરેરે ! બચાડાનો એકનો એક બાપ હાલી નીકળ્યો ! જીવો સાવ ન-બાપો થઈ ગ્યો !'

'એલા, બવ ચાવળો થા મા; જીવોભાઈ સાંભળી જાશે તો ઝાટકે દેશે.'

ઘડીભર તો આ લોકોની ચાની તલપ પણ શમી ગઈ અને આ અણધાર્યા મૃત્યુની નુક્તેચિની જ ચાલી રહી.

'પણ આ પંચાણુભાભો સાવ ઓચિંતો જ કેમ કરતાં આંખ્ય વીંચી ગ્યો ? કાંઈ રોગભોગ કે મંદવાડ તો સાંભળ્યો નો'તો !'

'ગઢપણ ઈ જ મોટો મંદવાડ; બીજું શું ! અમલની કાંકરી લેતાંલેતાં આંખ્ય વિંચાઈ ગઈ હશે.'

'ભાર્યે કરી પંચાણુભાભે તો ! આ દુકાળ વરહમાં જીવાભાઈ માથે દાડાપાણીના લાડવાનું ખરચ આવી પડ્યું.'

'એલાવ, લાડવા જમવાનો લોભ હોય તો હાલો અટાણે આભડવા—'

હવે વલ્લભે કહ્યું : 'આભડવા જવા જેવું રિયું જ નથી. ભાભો તો મધરાતના ઊકલી ગ્યા'તા, એટલે મળહકામાં જ મહાણે લઈ ગ્યા છ. અટાણે તો ટાઢી થાતી હશે.'

'મળહકામાં મહાણે લઈ ગ્યા'તા ?' એક સંશયાત્માએ સવાલ કર્યો. 'પ્રાણપોકનો સાદ તો જરા ય સંભળાણો નો'તો. રામ બોલોનો કે કોઈના રોવાનો સાદ મુદ્દલ સંભળાણો જ નઈં ને !'

'હવે આવાં ગલઢાં માવતર મરે એમાં વળી રોવા બેહાતું હશે ? પંચાણુભાભો તો જીવાના હાથમાં સંધરાઈને નસીબદાર થઈ ગ્યો, નસીબદાર !'

જોતજોતામાં તો રામભરોંસેના આંગણામાં ખાસ્સું ટોળું જામી ગયું. સૂરજ ઊંચો ચડતો ગયો તેમ તેમ ચાના બંધાણીઓની

સંખ્યા વધતી ગઈ. આજે રામભરોંસે બંધ રખાવવા બદલ મધરાતે જ ગુજરવાનું પસંદ કરનાર પંચાણુભાભા ઉપર રોષ ઠલવાઈ રહ્યો. મરનારના સદ્‌ગુણ–દુર્ગુણની સમીક્ષા થવા લાગી. 'મુઈ ભેંસના મોટા ડોળા'ને ન્યાયે પંચાણુભાભામાં અનેકાનેક મોટાઈઓનું આરોપણ થઈ રહ્યું.

'ગમે એવો ગણો, પણ જિંદગી આખી દલ દઈને દરબારનાં ગોલાપાં કરી ગયો બચાડો.'

'ને જીવાના હાથમાં સંધરાઈ ગયો ઈ ય સારું થયું, નીકર પછી આ રધાગોર જેવા ઢરડયા થાય—'

જીવાએ મરહૂમ પિતાશ્રીની સ્મશાનયાત્રા જેવું કશું યોજેલું નહિ અને હવે પછી સદ્‌ગતની શોકસભા થવાની નહોતી તેથી ગામલોકો પંચાણુભાભા પ્રત્યેની સાહજિક દિલસોજી આ રીતે દાખવી રહ્યાં હતાં.

ગુંદાસરના એકધારા જીવનક્રમમાં મોટામાં મોટી ને રોમાંચક ઘટના મૃત્યુની હતી. ગિધા લુવાણાના ભેદી અવસાને ગામના ઠંડાગાર વાતાવરણમાં થોડી ગરમી લાવી દીધી હતી. એ પછી ગોબરની હત્યાએ શાંત વાતાવરણને હચમચાવી મૂકયું હતું. એ હત્યાકાંડના આંચકાઓ હજી તો પૂરેપૂરા શાંત પડે એ પહેલાં જ પંચાણુભાભાએ ગુજરી જઈને પડ ગાજતું રાખ્યું હતું.

અત્યારે મૃતાત્માને નામે શરૂ થયેલી કરુણ પ્રશસ્તિઓ કોણ જાણે કયાંય સુધી ચાલુ રહેત, પણ ત્યાં તો બજારને નાકેથી ઘમ્મ ઘમ્મ કરતા ઘૂઘરા સંભળાયા, અને લોખંડી ચિપિયાના ફટાક ફટાક અવાજો આવ્યા.

'આવ્યો! ઘૂઘરિયાળો આવ્યો!' કેટલાકોએ તો આગંતુકનું મોઢું પણ જોયા પહેલાં આગાહી કરી દીધી.

'આવ્યો તો એને વધાવો! વરહોવરહ કમંડળું ધરીને ઊભો જ છે!' કોઈએ ટીકા કરી, 'કમંડળું તળિયેથી કાણું છે કે શું તી

કોઈ સાલ ભરાતું જ નથી! ઘૂઘરિયાળો એક ગામ માગે તો ય તણ્ય પવાલાં ને એકવી ગામ માગે તો ય તણ્ય જ પવાલાં રેતાં લાગે છે.'

'અહાલ્લેક નિરંજન!' કરતોક ને એક પડછંદકાય બાવો ટોળા સમક્ષ આવી ઊભો.

'આ તો કાળકામાતાની ટૂકવાળો બાવો! ગરનારની સાતમી ટૂકેથી વરહમાં એક વાર ઊતરે છે ઈ જ.'

ઘણાખરા માણસો તો બાવાને ઓળખી ગયા. એનું કાયમી થાણું ગિરનાર ઉપર છેક સાતમી ટૂંકે કાળકામાતાના થાનક પર હતું; પણ વરસમાં એક વાર તો એ અચૂક આ ગામમાં માગવા આવતો જ. કમ્મરે, કાંડે, ઘૂંટણે, ગળામાં એમ ઠેકઠેકાણે એ પુષ્કળ ઘૂઘરા પહેરતો તેથી એ ઘૂઘરિયાળો બાવા તરીકે ઓળખાતો. વર્ષોના પરિચયને લીધે ઘણા ભાવુકો એને 'બાપુ' કહીને સંબોધતા. આ 'બાપુ' પાછા મેલડીના પણ ઉપાસક હોવાથી ઘણાખરા ગામલોકો એમના પ્રત્યે ભયપ્રીત જ દાખવતાં.

અત્યારે તો, ગિરનારની છેક સાતમી ટૂંકે વસનારા સાધકને લોકોએ એક જ પ્રશ્ન પૂછ્યો: 'કાળકામાતાની ટૂંકે ક્યાંય મે'પાણી છે?'

'નહિ.'

'વાદળાંબાદળાં ઘેરાય છે ખરાં?'

'નહિ ઘેરાય—'

'કેમ ભલા?'

'દુકાળ પડેગા!' બાવાજીએ ચીપિયો પછાડીને કહ્યું.

'દુકાળ તો પડેલો જ છે ને વળી! એમાં હવે પડવાનું બાકી શું રિયું છ? આ ભાદરવો ય કોરો જવા મંડયો. હવે તો આસુ મહિને કોસ જોડીએ તો છે!'

'પણ મે'પાણી ન થવાનું કાંઈ કારણ?' કોઈએ પૂછયું.
'કાળકા મા કોપ્યાં છે?'

'કાળકા મા શું કોપશે? તમારાં જ કરમ કોપ્યાં છે—'

'અમારાં ? અમારાં કરમ ?'

'તમારાં એટલે શાપરવાળાવનાં ! કયે ભામટે આખેઆખું ભારત વાંચ્યું ?'

'એલા હા !' હવે જ લોકોને યાદ આવ્યું. 'ઉનાળામાં, ઓલ્યા ગાગરભટ્ટ મા'ભારતની કથા કરતા'તા. એણે જ આખેઆખી કથા વાંચી નાખી—'

'હા, વાત તો સાચી. શાપરવાળાંએ ભટ્ટજીને બવબવ વાર્યા. કીધું કે થોડીક કથા બાકી રાખો; ભારત આખેઆખું વાંચીએ તો તો મેઘરાજા રૂઠી જાય. પણ ભટ્ટ કોઈનું કે'વું માન્યા જ નહિ—'

'તો હવે જાવ ઈ ગાગરભટ્ટ પાંહે, ને કિયો એને કે 'વરસાદ છોડી દે, તેં બાંધ્યો હોય તો—'

'ઈ તો દખણા બાંધીને દેશાવર ઊતરી ગયેલા ગાગરભટ્ટને ક્યાં ગોતવો ? હવે તો તમે જ કાંઈક ઉપાય કરો, બાપુ !'

'હું શું કરું ? કરતી-કારવતી તો મારી હજાર હાથવાળી કાળકા મા છે.'

'કાળકામા શું કિયે છ ?'

'કિયે છ કે ઘર દીઠ સવા સવા પાલી ઘઉંનો ખીચડો રાંધી નાખો ને સાંતીને ઝારી નાખો—'

સાંભળતાં જ સહુનાં પેટમાં ધ્રાસકો પડી ગયો !

'સવા સવા પાલી ઘઉં ?' લોકો મનમાં જ વિચારી રહ્યાં. 'આ દુકાળ વરહમાં ઘઉંનાં તો માવતર મોંઘાં છે. એમાં વળી આ અધિક માસ જેવી માનતા કાળકા માતાએ ક્યાં ફરમાવી ?'

કોઈએ આમાંથી ઓછેઅધકે કડદા જેવું કરવા સૂચવ્યું :

'કાળકા મા કાંઈ ઓછેથી રીઝે ખરાં ? સવા પાલીને સાટે સવા પવાલું ઘઉં—'

'અરે કાળકામાને શું હાટડીદાર સમજી ગયા છો ?' બાવાએ ફરી વાર ચીપિયો પછાડીને ત્રાડ નાખી. 'તમારા ઉપર તો મેલડી

ચે કોપી છે.'

'મેલડી કોપી ? માર્યા !' સાંભળનારાઓનાં પેટમાં ફાળ પડી.

'અને ઈ મેલડીનું મોઢું ગુંદાહરની દશ્યમાં છે.' બાવાએ એક વધારે વિગત આપી.

'તો તો આખા ગામ ઉપર ભો ?'

'ના, આખા ગામ ઉપર નહિ. પૂછ ને મૂછ ઉપર ભાર—'

આખા ટોળામાં ભયભીત ગણુગણાટ શરૂ થઈ ગયો : 'પૂછ ને મૂછ ઉપર ભાર...પૂછ ને મૂછ ઉપર ભાર—'

ભાણુા ખોજાએ કહ્યું : 'એક મૂછ તો આજે સવારમાં જ ઊકલી ગઈ. પંચાણુભાભા ઉપર તો ઘાત્ય આવી ય ગઈ—'

બાવાજીએ પૂછ્યું : 'પંચાણુભાભો મરી ગયો ?'

'હા.'

બાવાજી જરા વિચારમાં પડી ગયા. ફરી પૂછ્યું : 'આજે જ મરી ગયો ?'

'હજી તો તેની ચિતાની ટાઢી થાતી હશે.'

ફરી વિચાર કરીને બાવાજી ઓચર્યા : 'પંચાણુભાભો તો પંચકમાં મર્યો. હવે એકથી નહિ પતે. 'પ' નામવાળાં પાંચને મરવું પડશે. પૂછ ને મૂછ ઉપર ભાર છે; મારી મા મેલડી કોપી છે.'

'પ' નામધારી પાંચ માણુસોએ આ પંચકમાં મરવું પડશે એવી આગાહીએ લોકોને વધારે ગભરાવ્યાં.

'પાંચા પટેલનું હવે આવી બન્યું.'

'ને પરમાણુંદ ડોહો ય શું હવે જીવતો રેવાનો ?'

'ને પરભો ભામણ હમણાં સાજોમાંદો રિયે છે, એણુ ય પણ ચેતવા જેવું.'

'ઓલી પૂંજી ઢેઢડી મરશે તો શેરીમાં સંજવારી કોણ કાઢશે ?'

પંચકમાં થનારાં પાંચ મૃત્યુનો 'કવોટા' નક્કી કરી આપ્યા પછી પણ મેલડીના કોપથી લોકો કમ્પી રહ્યાં. મછ પરના ભયમાંથી

ધીમે ધીમે પૂંછડાં પરના ભયની ચર્ચા શરૂ થઈ.

'આ દકાળ વરહમાં ઢોર તો નીરણુપૂળા વન્યા નહિ મરતું હોય તો ય મરશે જ ને !'

'આ જુસબાના એકાવાળો બળદ રઘાને શાપરનો પલ્લો કરાવી આવ્યા પછી પૂંહલી ગ્યો છ. પહેલવહેલો ઈ જ મરશે એમ લાગે છે.'

'અરરર ! ઢોરઢાંખર મરી જાહે તો તો આવતી સાલ વરસાદ થાય તોય શું ?'

બપોર સુધીમાં તો ગામમાં તો ઘેરઘેર મેલડીના કોપની વાત પહોંચી ગઈ. મુછ ને પૂછ પરના આ ભયની વાત સાંભળીને લોકો એવાં તો ગભરાઈ ગયાં કે ભૂતેશ્વરની વાડીએ જઈ જઈને ઘુઘરિયાળા બાવાને આ કોપના સાંત્વનના માર્ગો સૂચવવાની વિનતી કરવા લાગ્યાં.

રાંઢા ટાળુ જીવાને ઘરે પંચાણુભાભાનો ખરખરો કરવા ગયેલા માણસોએ આ મેલડી માતાના કોપની વાત કહી.

આગલી રાતે નથુકાકાએ મુખીને ભંભેરીને ગામપંચ બોલાવવાનું ને સંતુનો ન્યાય કરવાનું જે સૂચન કર્યું હતું એનો અમલ શી રીતે કરવો એની ચિંતામાં જીવો ડૂબેલો હતો એને આ મેલડીના કોપના વર્ણને ચોખ્ખો દીવા જેવો રસ્તો દેખાડી દીધો.

'ભૂતેશ્વર જઈને મારા બાપુના નામનો દીવો કરી આવું.' કરતોકને એ ઊઠ્યો ને સીધો ઘુઘરિયાળા બાવા પાસે પહોંચ્યો.

*

પ્રકરણ આઠમું

# ઘૂઘરિયાળો ધૂણ્યો

'હાલો ભૂતેસરની વાડીએ ... ઓલ્યો ઘૂઘરિયાળો ધૂણે છે.'

'ઈ તો ધૂણે ય છે ને મોઢામાંથી નાડાછડી ય કાઢે છે.'

'ફીંડલાંનાં ફીંડલાં નાડાછડિયું નીકળે છે...ફીંડલાંનાં ફીંડલાં...'

'હાલો ભૂતેસરની વાડીએ ઓલ્યા ઘૂઘરિયાળાને મેલડીમા સરમાં આવ્યાં છે.'

સાંજ પડતાં તો ગામની શેરીએ શેરીએથી હાલરાં નીકળી પડ્યાં. કોઈના હાથમાં નાળિયેર, કોઈના હાથમાં ચૂંદડી, કોઈના હાથમાં મોડિયો...સહુને મોઢે એક જ વાત :

'મેલડી મા કોપ્યાં છે.'

'પૂછ ને મૂછ ઉપર ભાર છે.'

'ગામમાં એકે ય મૂછાળો કે એકે ય ઢોર સાજું નઈં રિયે.'

જોતજોતામાં તો ગામને એકેએક ઘેરેથી માણસોના ઘેરા પાદરની દિશામાં હાલી નીકળ્યા : પાદરથી ભૂતેશ્વરની વાડી સુધી માનવપ્રવાહ રેલાઈ રહ્યો.

'જુવો, સાંભળો, મેલડીમાના હાકોટા સંભળાય !...'

'જુવો, ડાકલાં સંભળાણાં !'

'ઈ ઘુઘરિયાળો હૂક હૂક કરે !'

'માડી ! આ તો વરૂડી કે શીતળામા નંઈ; મેલડી મા કોપ્યાં છે ! એને રાજી નો કરીએ તો ગામનું ધનોતપનોત નીકળી જાય !'

ભૂતેશ્વરની વાડીના મેદાનમાં મનખો માતો નહોતો. વચ્ચોવચ્ચ ઘુઘરિયાળો બાવો વરણાગિયા વેશ ધૂણતો હતો અને અડખેપડખે કૂંડાળે વળીને ગામના મોવડીઓ બેઠા હતા અને એ કૂંડાળાની આજુબાજુ ભયભીત પ્રેક્ષકો ઊભાં હતાં.

ઘુઘરિયાળાની સન્મુખ મુખી ભવાનદા ચિંતાગ્રસ્ત ચહેરે બેઠા હતા. એમની બાજુમાં ઓઘડ ભૂવો ડાકલું વગાડતો હતો. આ ઓઘડભાભો ગુંદાસરનો સાર્વજનિક ભૂવો હતો. ગામમાં કોઈને ઝપટ જેવું હોય, વળગાડ હોય, કોઈ નજરાઈ ગયું હોય, કોઈ નવોઢાને એની આગલી શોક નડતી હોય, કોઈને કામણટુમણ થયાં હોય, કોઈની સરમાં જિનાત-ખવિસ આવતાં હોય, કોઈનાં પિતૃઓ રૂઠયાં હોય, કોઈના ઘરમાં રોજ સાપ નીકળતા હોય ત્યારે રતાંધળો ઓઘડભાભો એનું ચાર દાયકાનું જૂનું ડાકલું વગાડતો ને ધૂણનાર માણસને સવાલ-જવાબ કરતો. અત્યારે પણ ઘુઘરિયાળાને મોંઢેથી મેલડીનો 'જવાબ' મેળવવા એણે ચાર ચાર નાળિયાંની નાળમાં સૂકાં મરચાની ધુંવાડી કરીને ડાકલું વગાડવા માંડયું હતું.

બાવો હુઉઉઉ હુઉઉઉ કરીને ધૂણતો હતો ને ઓઘડ ડાકલા પર થાપી મારી મારીને એને તાલ આપતો હતો. પ્રેક્ષકો કુતૂહલ અને ભયની મિશ્ર લાગણી વડે આ નાટક નિહાળી રહ્યાં હતાં.

જોતજોતામાં તો લગભગ ગામ આખું અહીં ઠલવાઈ ગયું. ગામની બધી જ ગણનાપાત્ર વ્યક્તિઓ હાજર થઈ ગઈ હોવાથી હાદા ઠુમરની ગેરહાજરી આપોઆપ જણાઈ આવી. કર્ણોપકર્ણ ધીમી પૂછગાછ પણ થઈ :

'હાદો પટલ કયાં રોકાણા ?'

'ઈ ડેલીએ બેઠા.'

'કોઈએ બરકયા નંઈ ?'

'એ સાદ કર્યો, તો કિયે કે આવા તો ઘણા ય બાવાને ધૂણતા જોઈ નાખ્યા.'

'પણ આ બાવો અટાણે ઘુઘરિયાળો નથી; એને તો ઘણા મેલડી મા સરમાં આવ્યાં.'

'ઈ યે ય કહી જોયું, પણ ન માન્યા. બોલ્યા, કે મારે ખેતરે સતીમાનું થાનક છે, એમાં હંધી ય માવડીયું સમાઈ ગઈ...માણહને મા એક હોય ઝાઝી ન હોય.'

'ઓહોહો! મિજાસ કાંઈ મિજાસ! મેલડી ઠીકાઠીકની કોપશે તંયે ખબર્ય પડશે.'

'ને તંયે ઓલ્યાં સતીમા આડા હાથ દેવા નંઈ આવે.'

હાદા પટેલ જેવી જ નોંધપાત્ર ગેરહાજરી રઘાની જણાઈ આવી.

'એલા જીવાભાઈએ ડેબાં ભાંગી નાખ્યાં પછી રઘોબાપો ઊંબરા બાર્યો જ નથી નીકળતો કે શું?'

'ના રે ના, ઠેઠ શાપર લગણ જઈને જુબાની આપી આવ્યો, ઈ આંહીં વાડી લગણ આવતાં બીએ?'

'તો પછી ઘરમાં શું કામે ઘલાણો છે?'

'ઈ તો કિયે છ કે ઘુઘરિયાળો ને ઓઘડ ભૂવો ને મેલડી, ઈ બધાં ય પાખંડ છે પાખંડ!'

'મેલડી મા રઘાને મન પાખંડ છે? એના ગિરજાને ભરખી જશે તંયે ખબર્ય પડશે કે એને પાખંડ કેમ કે'વાય છે?'

'અટાણે તો ગિરજા કરતાં રઘા ઉપર જ ભાર લાગે છે. મેલડી પૂછ ને મૂછ ઉપર રૂઠી છે, તી રઘો ય સોડાની બાટલિયુંના મારામાંથી માંડ માંડ બચ્યો છે.'

'બચ્યો છે? હજી તો જીવતો રિયે તયેં બચ્યો ગણું. પૂછ ને મૂછ ઉપર ભાર છે ઈ કાંઈ અમથો થોડો ઊતરશે? રઘા જેવા દસવીસના રામ રમાડી દેશે. મા મેલડી રૂઠી છે ઈ કાંઈ જેવીતેવી વાત કહેવાય?'

ત્યાં તો એકાએક બાવાની ઘુઘરમાળો ધમ્મ્ ધમ્મ્ ગાજી ઊઠી. ડાકલાંના અવાજો વધારે જોશીલા બન્યા. ધૂણતા બાવાના હૂહકાર

વધારે ઉગ્ર થવા લાગ્યા.

'આવી ! આવી !' પ્રેક્ષકો એકી અવાજે પોકારી ઊઠયાં. કોણ આવી એ પ્રશ્ન પૂછવાની જરૂર જ નહોતી. 'આવી' ક્રિયાપદ જોડે મેલડી અધ્યાહાર હતી.

નળિયાંની ધૂપદાનીઓમાં મરચાં ઉમેરીને ધુમાડો વધારવામાં આવ્યો; ચારે ય તરફ ખોં...ખાં થઈ રહ્યું. કેટલાંકની આંખો બળવા લાગી. કોઈ કોઈ દમિયલ માણસોને તો ધાંસ પણ ચડી.

સુખી આ બધી લીલા વ્યગ્ર નજરે નિહાળી રહ્યા.

ઓઘડભાભાએ ઘોઘરે સાદે પૂછ્યું : 'કોણ છો તું ?'

ધુણરિયાળે જવાબ આપવાને બદલે સામો હુહુકારો કર્યો.

ઓઘડભાભાએ આદત મુજબ વધારે ઘોઘરે સાદે ફરી વાર પૂછ્યું :

જવાબમાં જાણે કે ડાચિયું કરતો હોય એ રીતે ધુણરિયાળો બમણા જોરથી હુંકારી ઊઠચો.

આજુબાજુમાંથી સૂચનાઓ આવવા લાગી :

'એમ સીધેસીધું નઈં માને. લોઢાની સાંકળું તપાવો.'

'ઠીકઠીકના ડામ દિયો !'

'ઈ તો સાંકડા ભોણમાં આવે તયેં જ સરપ સીધો હાલે.'

ઓઘડે નળિયામાં ભભૂકતા દેવતામાં વધારે મરચાં હોમ્યાં, ને આખી વાડીમાં એના તીખા ધુમાડા ગોટાઈ રહ્યા. ચારે ય ખૂણેથી મોટે અવાજે ખોં...ખોં કરતી ધાંસ ઊઠી.

ડાકલા ઉપર બમણા જોરથી ડાંડીઓ મારીને ઓઘડભાભાએ પૂછ્યું : 'બોલી નાખ્ય તું કોણ છે, નીકર તારી ખેર નથી આજે ! મીઠામાં બોળી બોળીને ચાબખા મારીશ...રણગોળિયો કરીશ... ખેતરમાં લઈ જઈને બીંહરું કરીશ...'

કેમ જાણે ભૂવાની આ આકરી દમદાટીથી જ ગભરાઈ ગયો હોય, એમ 'બોલી નાખ !'ના ત્રીજા પડકારના ઉત્તરમાં બાવો બોલી ઊઠચો : 'હું મેલડી છઉં !'

અને પ્રેક્ષકોમાં ભયસૂચક ગણગણાટ ફેલાઈ ગયો : 'મેલડી...' મેલડી... ચોંસઠ જોગણિયુંવાળી... ખોપરિયું પરોવેલી રૂંઢમાળાની પેરનારી...માતા મેલડી...રૂઠે તો રાન રાન ને પાન પાન કરી મેલનારી...'

ભૂવાએ હવે બમણા શૂરથી પૂછ્યું :

'આંયાંકણે શું કામ આવી છો ?'

હુહુકાર વચ્ચે ઉત્તર મળ્યો :

'મારાં ગોઠિયાં ભૂખ્યાં...મને મલીદો...'

સાંભળીને શ્રોતાઓમાં ફરી ભયસૂચક ગણગણાટ શરૂ થઈ ગયો : 'મલીદો...મેલડીનો મલીદો...ભોગ ચડાવ્યા વન્યા એનું પેટ ભરાય જ નઈં...'

ભૂવો બોલ્યો : 'મલીદો જોતો હોય તો બીજે ગામ જઈને માગય ! આંયાંકણે તારું શું દાટ્યું છે ?'

જવાબ મળ્યો : 'આ ગોંદરે જ મારું બેહણું...આ ગામમાંથી જ મારું ખપ્પર ભર શ.'

આ ગામનો કાંઈ વાંકગનો ?' ભૂવાએ કહ્યું : 'બીજું કો'ક સારું ગામ જોઈને સોંઢી જાની ?'

'નઈં સોંઢું...નઈં સોંઢું...હું તો ગોંદરે બેહીને જ ગામનાં પૂછ ને મૂછ ભરખીશ.'

સાંભળીને શ્રોતાઓમાં જાણે કે સોપો પડી ગયો. હવે તો કોઈને ટીકાટિપ્પણ રૂપે ગણગણાટ કરવાના ય હોશ ન રહ્યા.

ઓઘડભાભો ઉત્કંઠાથી પૂછતો રહ્યો : 'તને બીજું કોઈ ગામ ન જડ્યું'તી આ ગોંદરે જ આવીને બેઠી ?'

'આ ગામે મને અભડાવી છે.' ઘુઘરિયાળે ધટસ્ફોટ કરી નાખ્યો.

શ્રોતાઓ સ્તબ્ધ બની ગયાં.

ભૂવાને બદલે હવે ધૂણનારો જ રંગમાં આવી ગયો. એનું ડોલન વધી ગયું, દમામ વધી ગયો.

મેલડી માતાને ઝનૂનપૂર્વક હુહુકાર કરતાં જોઈને કેટલાંક લોકો તો પૂજ્યભાવથી ને બાકીનાં કેટલાંક ભયપ્રીતથી પ્રણિપાત રહ્યાં. ભાવુક સ્ત્રીવૃન્દે માતાનું સ્તવન કરતાં ઘોળ પણ ગાવા માંડયાં.

ઓઘડભાભાએ યાચના કરી :

'મા ! ગામનો એક ગનો માફ કરો.'

'નઈં કરું...નઈં કરું...' માતાને વધારે શૂર ચડયું.

હવે મુખીની હિંમત હાથ ન રહી. એમણે ઓઘડભાભાને સૂચન કર્યું : 'ભૂવા ! પૂછો તો ખરા કે કોણે તમને અભડાવ્યાં છે ?...ઠાલો પાડાને વાંકે પખાલીને ડામ દેવાઈ રિયો છ.'

'મા ! કોણે તમને અભડાવ્યાં ?' ભૂવાએ સીધો પ્રશ્ન ફેંક્યો.

આખું શ્રોતૃવૃન્દ એકકાન થઈને ઉત્તરની રાહ જોઈ રહ્યું.

ઓઘડભાભાએ ફરી પૂછ્યું : 'મા ! ચોખ્ખું ફૂલ નામ પાડી દિયો. કોણે તમને અભડાવ્યાં ?'

'મારા થાનકને ઠેકનારીએ.'

'હેં !' એક સામટો સહુના મોઢામાંથી શબ્દ નીકળી ગયો.

'કોણે માના થાનકને ઠેક્યું ?'

'કોને એની અવળમત સૂઝી ?'

'કોણ હતી ઈ માથાની ફરેલી ?'

'માની આણ્ય ઉથાપનારી ઈ અવળચંડી છે કોણ ?'

ભવાનદા પોતે ગભરાઈ ગયા. એમણે વધારે ખુલાસો મેળવવાની ભૂવાને સૂચના કરી.

'મા ! તમે તો સાગરપેટાં...ને અમે રિયાં કાળાં માથાનાં માનવી...' ઓઘડભાભાએ ફરી દીન વદને યાચના શરૂ કરી. 'કોઈ છૈયુંછોકરું રમતયરોળાં કરી ગ્યું હોય તો ગનો માફ કરો !'

સામેથી જવાબ મળ્યો :

'કોઈ છૈયુંછોકરું નો'તું...આ તો પૈણેલી ને પશટેલીએ મારા થાનક ઉપર ઠેક લીધી...હાય રે, મને અભડાવી ગૈ !'

'ઈ છોકરમત્યને ગણકારો મા, ને ગામ ઉપર કીરપા કરો.'

'છોકરમત્ય ! છોકરું તો એના પેટમાં હતું.'

સાંભળનારાઓ ફરી સ્તબ્ધ થઈ ગયાં. ડાકલા પર પડતી તાલબદ્ધ થાપી પણ ઘડીભર બંધ થઈ ગઈ. સહુ મનશું વિચારવા લાગ્યાં : કોણ હશે એ બેજીવસુ બાઈ ? કોને આવી કમત સૂઝી ? કોને પાપે મેલડી મા કોપ્યાં ?

ભવાનદાની ધીરજ ખૂટી ગઈ. બોલ્યા : 'ભૂવા ! માને મોંઢેથી નામ પડાવો નામ; આ તો એક તિખારો સો મણ જાર્ય સળગાવશે.'

'મા ! ઈ બાઈનું નામઠામ...બોલો ઈ ભેગી ઈને પાંહરી દોર કરીએ...'

'સૌ જાણો છો, ને ઠાલાં મને પૂછો છો ?' ઘૂઘરિયાળે ધમ્મ્ ધમ્મ્ કરતાકને ઘૂઘરા રણકાવીને એવી તો ત્રાડ નાખી કે કાચાંપોચાં માણસો તો થડકી ઊઠ્યાં.

*

## પ્રકરણ નવમું

# અજાણ્યાં ઓધાન

સંભવિત અપરાધી અંગે અનુમાનો થવા લાગ્યાં. કર્ણોપકર્ણ મુખીને કાને ત્રણચાર નામ તો આવી પહોંચ્યાં. તુરત તેઓ બોલી ઊઠ્યા :

'ના ના, આમાં તો કોક નવાણિયું કુટાઈ જાય. લ્યે લાલો ને ભરે હરદા જેવું મારે નથી કરવું. ભૂવા! માને પગે લાખીને ચોખ્ખું ફૂલ નામ જ પડાવો ની!'

તુરત ઓઘડભાભાએ ડાકલું એક બાજુ મૂકી દીધું ને પોતે ઘૂઘરિયાળાના ચરણકમળમાં સાષ્ટાંગ દણ્ડવત્ પ્રણિપાત કરી નાખ્યા.

'મા! હું તમારો ગોઠિયો. તમે મારા પંડ્યમાં હાજરાહજૂર ...હવે ઝટ નામ ભણી દિયો...ઈ બેજીવવાળીનું એંધાણ?'

'એંધાણ? એંધાણ એક જ...એના ઓદરમાં પારકાં ઓધાન-'

સાંભળીને ઓઘડભાભો પોતે જ જાણે કે અવાક્ થઈ ગયો. ભવાનદાની આંખો ચાર થઈ ગઈ. શ્રોતાઓમાં સન્નાટો છવાઈ ગયો...

'મારા થાનક ઉપર પારકું ઓધાન ઊતર્યું ને હું અભડાણી!'

શ્રોતાઓ ગભરાતાં ગભરાતાં કાનસરિયાં ચલાવી રહ્યાં:

'જોબરિયાની બાયડી જ, બીજી છે કોણ ગામને ટી'બે?'

'હવે સમજાણું, હાદો પટેલ શું કામે માનાં દર્શને નથી આવ્યા ઈ?'

'શું મોઢું લઈને આવે? બે આંખ્યવાળું સૌ જાણે છે કે સંતડીને માંડણિયાનાં ઓધાન—'

'અરરર ! પણ ઈ એકને પાપે મેલડી માએ આ પ્રથમીનો હંધો ય વરસાદ રોકી દીધો ઈ કાંઈ જેવોતેવો કોપ ગણાય ?'

'ને આ મૂછાળા માણુહ ટપોટપ મરવા મંડચા ઈ કાંઈ ઓછી કઠણાઈ કે'વાય ?'

અને વળી એક કાનેથી બીજે કાને થઈને મુખીના કાનમાં સાંકેતિક ભાષામાં સંતુનો નામોલ્લેખ થયો. તુરત તેઓ બોલી ઊઠચા :

'ના, માને મોઢેથી સાંભળ્યા વિના હું કાંઈ સાચું ન માનું. મા પંડચે જ ફોડ પાડે તો સાચું સમજું.'

'મા ! અમે તો તમારાં છોરું.' ભૂવો કરગર્યો. 'અમારાં પાપનું પ્રાછત કરવા દિયો. આટલી કીરપા કરી છે તો હવે થોડીક વધારે કીરપા ય કરતા જાવ. તમને અભડાવનારીનું નામ ભણતાં જાવ તો ઈની ઓખાત્ય ખાટી કરી નાખીએ.'

'અમારી જીભેથી પાપણીનું નામ ન ભણાવ.'

'તમે તો જગદંબા જેવાં દેવી...આટલી દિયા કરતાં જાવ, મા !

'પાછલી રાત્યે આભમાં સાંતીડું ઊગે છ ઈ ભાળ્યું છે ?'

ઉત્તરમાં એક સામટા હોંકારા ઊઠચા : 'હા...હા...'

'હાંઉ....ઈ સાંતીડાને નામે નામ સમજી લ્યો ! ઈથી વધારે એક અકશરે ય બોલું તો મારી જોગણિયું રૂઠે !'

પણ એ જોગણીઓએ રૂઠવાની જરૂર જ ઊભી ન થઈ. મેલડી માના સ્વમુખેથી ઉચ્ચારાયેલા આટલા જ ઈંગિતે વાડીના આ છેડાથી પેલા છેડા સુધી અસંખ્ય હોઠનો આછેરો ફફડાટ મચાવી દીધો હતો : 'સંતુ...!'

વાયરે વાત ફેલાઈ ગઈ : 'સંતુ...સંતુ....!'

ઓતરાદે ઝાંપેથી દખણાદે ઝાંપે ચર્ચા થઈ રહી : 'સંતુ... સંતુ...!'

પાણીશેરડે, ચોરચૌટે, શેરીએગલીએ અને ઘરને છાને ખૂણે

સુદ્ધાં એક જ વાત થઈ રહી :

'સંતુએ મેલડી માને અભડાવ્યાં !

'એવડી વેંત એકની છોકરીની પોંચ તો જુઓ પોંચ ! બીજે ક્યાં ય નંઈ ને હડમાનની દેરીની પડખે ઠેઠ મેલડીમાના થાનક ઉપર ઠેક લેવા ગઈ !'

'પાપ આવી ભરાણાં હોય તંયે જ આવી કમત્ય સૂઝે ને!'

'કમત્ય સંતુને સૂઝી, ને મેલડી કોપી આખા ગામ ઉપર... કોઈ મૂછાળો કે કોઈ ઢોરઢાંખર સાજું નંઈ રિયે.'

જીવા ખવાસે દાવ આબાદ અજમાવ્યો હતો. ઘૂઘરિયાળાને મોઢેથી ઉચ્ચારાવેલા તહોમતનામાનો તાળો સરસ રીતે મેળવી આપ્યો. સગર્ભા સંતુ પોતાનું પાપ ઢાંકવા મધરાતને સમયે ગામમાંથી નાસી છૂટવાનો પ્રયત્ન કરતી હતી. સંતાતી છુપાતી પાદર સુધી પહોંચી ત્યાં સામેથી જુસબ ઘાંચીનો એકો આવતો કળાયો એટલે પોતે પકડાઈ જવાની બીકે ઝટપટ પાછી વળી. પણ ઝાંપેથી ગામમાં ગરે તો તો કાસમો પસાયતો એને પડકારે, એટલે એ શૂરાપૂરાના પાળિયે હડમાનની દેરી વચ્ચેના મેલડીના થાનક ઉપર ઠેક લઈને ગામમાં ગરી ગઈ...

'અરરર ! ઈ ભાનભૂલીને એટલું ય ભાન નંઇ રિયું હોય કે બેજીવવાળીનો ઓછાયો મેલડી મા ઉપર પડે તો મા કોપી ઊઠે ?'

એક તો આ ઓછાયો ને એમાં વળી પારકાં ઓધાનનો..- મેલડી ઈ જ ટાણે ભરખી કેમ ન ગઈ ઈ જ અચરજ !'

'ઈ ભૂંડાં કામની કરનારીને ભરખી લીધી હોત તો હંધું સમે-સૂતર ઊતરી જાત. આ તો હવે માનાં કોપમાં ગામ આખું ભરખાશે !'

× × ×

હવે આ સાર્વજનિક આફતમાંથી શી રીતે ઊગરવું એનો કશો વિચાર કરવાનો ય કોઈને અવકાશ મળે એ પહેલાં તો ગામ આખાથી વહેલી ઊઠીને પાણીશેરડે પહોંચી જનારી વખતી ડોશી

મણુ મણુની ગાળો દેતી ખાલી બેડે પાછી વળી :

'એના હાથ ભાંગે મરી ગ્યાંવના ! એને રૂવે રૂંવે રગતપીત ફૂટે રોયાંવને !'

'શું થ્યું વખતીકાકી ? શું થ્યું ?'

'આ કૂવામાં કોઈ અડદનાં પૂતળાં નાખી ગ્યું છ...એનો કાંધ કૂતરાં ખાય નખોદિયાંવનાં !'

'રોયાં ઝાંપડાવની ફાટય તો જો વધી છે ફાટય ! ગામનો પિયાવો અભડાવી માર્યો, મરીગ્યાંવે !'

ગામમાં હાહાકાર મચી ગયો. 'ભંગિયાઓ ઊઠીને ઉજળિયાત વરણનો પાણીશેરડો બગાડી જાય ? એકેય ઝાંપડાંને જીવતા ન મેલીએ.

'ઝાંપડાની જાત્યનું જડાબીટ જ ગામમાંથી કાઢો એટલે હંમેશની પીડા જાય.'

હજી તો મુખીને ઘેરે આ અડદનાં પૂતળાં અંગેની રાવફરિયાદ પહોંચે એ પહેલાં તો ભવાનદાની ડેલી બહાર ગામના ભંગિયાઓની આખી નાત જમા થઈ ગઈ. શેરીમાં કોઈના ઘરને આંગણે આભડ-છેટનો ઓછાયો ન પડી જાય એની તકેદારી રાખતાં, પાઘડીઓ ઉતારીને સહુ ગભરાતાં ગભરાતાં કહી રહ્યાં હતાં :

'એ ભાઈશા'બ ! આમાં અમારો કોઈ વાંકગનો નથી.'

'અમે કૂવામાં પૂતળાં નથી નાખ્યાં.'

'ઓતરાદે ઝાંપે અમે પગ મેલ્યો હોય તો ય તમે કિયો એના સમ ખાઈએ.'

'અમે કૂવાને કાંઠેય ચડયા હોઈએ તો અમારાં છોકરાંને મેલડી ભરખે.'

સાંભળીને ભવાનદા ખરેખર મૂંઝાયા. ગામને પજવી રહેલ એક રહસ્યનો ઉકેલ તો હજી આવી શકયો નહોતો એમાં આ નવું રહસ્ય ઉમેરાતાં એમની મૂંઝવણનો પાર ન રહ્યો.

'આ તો અમારા કો'ક દશમનનાં જ કામાં લાગે છે.' ભંગી-લોકો કકળતા હતા. 'અમને આંખ્યે ચડાવવાના જ ધંધા...કો'ક દોણાંફોડને વાંકે અમે નવાણિયા કુટાઈ નો જાયીં એટલું ધિયાન રાખજો, માબાપ!'

અલબત્ત, ધીરગંભીર ભવાનદાએ આ નવાણિયાંઓને કૂટી તો ન નાખ્યા પણ તેથી તો એમની પોતાની જ દ્વિધામાં ઉમેરો થયો. ગામના ભંગી લોકો નિર્દોષ છે, તો કૂવામાં પૂતળાં નાખ્યાં કોણે? શું કોઈ સવર્ણનું એ કૃત્ય હશે? બહારગામનાં કોઈ માણસો આવીને આ તોફાન કરી ગયાં હશે?

દરમિયાન ગામમાંથી પાણિયારીઓનો કકળાટ ઊઠ્યો. દેરાણી-જેઠાણીની વાવમાં પૂતળાં તરતાં જોઈને સહુ ખાલી બેડે પાછાં વળવા લાગ્યાં. વખતીએ આ સહુ ગૃહિણીઓની સરદારી લીધી અને ગામનાં ભંગી લોકોનાં છાજિયાં લેવા માંડયાં.

ભંગી લોકોએ ભવાનદા સમક્ષ ખોળા પાથર્યા. પોતાના સાત ખોટનાં છોકરાંઓના સમ ખાધા.

માથાભારે માણસો લાકડીઓ લઈને આ ભંગિયાઓને ટીપી નાખવા તૈયાર થયા.

ભંગીવાસમાંથી એકેએક ઝૂંપડું જડમૂળથી ઉખેડી નાખવાની વાત આવી, પણ મુખીએ એ સહુને વાર્યા.

બપોર સુધીમાં તો ઓઝતના પટમાં વીરડા ખોદાઈ ગયા. ગામનો પાણીશેરડો અભડાવનારને નસિયત કરવા માટે મુખી પર દબાણ થવા માંડયું. આ દુષ્કૃત્ય કરનારાઓને શોધવાનું મુશ્કેલ થઈ પડયું.

સારું થયું કે ઓઘડભાભો સમસર જ ધૂણી ઊઠ્યો, ને મુખીની મૂંઝવણનો ઉકેલ લાવી દીધો. એણે ધૂણીધફીને જાહેર કર્યું કે મેઘવાળોએ નહિ પણ મેલડીએ જ પાણીશેરડે પૂતળાં નાખ્યાં છે...

તરત રોષનું નિશાન બદલાઈ ગયું. મેઘવાળોને બદલે સંતુ

જ આ આપત્તિ માટે જવાબદાર ગણાઈ ગઈ.

પાણીશેરડો અભડાયાની વાત વિસરાઈ ગઈ. મંત્રેલાં પૂતળાં ગામમાં મરકી–રોગ ફેલાવશે એ ભય પણ ઘડીભર ભુલાઈ ગયો. ભંગિયાઓને ભોંયભેગા કરી દેવાની યોજના પણ મુલતવી રહી. અત્યારે તો મેલડીને કોપાયમાન કરનાર અને આ સર્વ આપત્તિઓનું નિમિત્ત બનનાર સંતુને જ ગામમાંથી હાંકી કાઢવાની માગણી થઈ રહી.

'ગુંદાસરની સીમમાં ય એનો ટાંટિયો ન જોઈએ !'

'મેલડીને અભડાવનારીનો ઓછાયો ય ક્યાંય રૈ જાશે તો ગામનું નખોદ નીકળી જાશે !'

'ઈ પાપણીને તો જીવતી જ ન મેલવી. આ ગામની સીમ છાંડીને પરગામ જાશે તો ત્યાંનાં માણહનો મરો બેહશે !'

'મરો બેહવામાં હવે બાકી ય શું રિયું છ ? આ પંચાણભાભો મર્યો. ને હવે પરભા ભામણને ટાઢિયો તાવ આવવા મંડ્યો છે; ભૂધર મેરાઈ કાલ્ય વાત કરતો'તો કે એને ડિલે આખે કળતર થાય છે.'

'ને ઓલ્યા ઊકા રાખોલિયાને ઊંટાટિયા જેવું થ્યું છ. બચે કે ન બચે.'

'ને ઓલ્યા ધરમશીભાઈને સવારસાંજ થઈ રૈ છે એનું કાંઈ નંઈ ? આજ સવારમાં તો એક ઝોબો ય આવી ગ્યો'તો.'

'ઢોરઢાંખરમાં ય ઓછો મંદવાડ નથી. જગા પટલનો બળધ પૂંહલી ગ્યો છે...આ મેલડી તો મૂછ ને પૂછનો હંચોડો બૂકરડો જ કરી જાહે.'

'મુખી ! ભલા થઈને મેલડીને રીઝવો, નીકર ગામ આખું મહાણુ ભેગું થઈ જાહે.'

કોપાયમાન મેલડીનું શી રીતે સાંત્વન કરવું એની ચર્ચાઓ ચાલી, ઓઘડ ભૂવાને ઘેરે ગામના વગદાર માણસો પહોંચી ગયા.

'ઘરમાં જેટલા મૂછાળા હોય એટલી મૂછ ગણીને સવા સવા પાવલીની કુલેર મેલડીમાની દેરીએ ઝારી આવો.'

ઓઘડભાભાએ એક પછી એક ઉપાયો સૂચવવા માંડ્યા.

'પંચાઉનો ફાળો કરીને મલીદો ચડાવો.'

'માને અભડાવનારીને આઠ ગાઉ આઘી મેલી આવો.'

આગલા બે ઉપાયો તો સરળ હતા, પણ આ અંતિમ ઉપાય બહુ અઘરો હતો. એ અળખામણું કામ કરવા આગળ કોણ આવે એ પ્રશ્ન હતો. મુખી સિવાય કોઈની મજાલ નહોતી કે સંતુને ગામ બહાર હાંકી કાઢવા વિષે હરફ પણ ઉચ્ચારી શકે ! અને ભવાનદા જેવા ભદ્રિક માણસને કોઈ વ્યક્તિના પાપ અંગેની પ્રતીતિ ન થાય ત્યાં સુધી આવું પગલું વિચારી પણ શેં શકે ?

તેથી જ તો એ પાપની પ્રતીતિ કરવા માટે વાતો વહેતી મૂકવામાં આવી.

'કૂવામાં તરતાં મંત્રેલાં પૂતળાં કોઈએ બાર્યથી નાખ્યાં નથી, ઈ તો મેલડીમાના કોપથી એની મેળે જ પ્રગટ્યાં છે—'

'સંતુનું જ પાપ પૂતળું થઈને પ્રગટ્યું ગણો ને !'

'ગામમાં હવે એકે ય માણહ જીવતું રિયે તો કે'જો !'

અને ફરી મૂળ સૂચન વધારે આવેશથી રજૂ થવા લાગ્યું : 'મેલડી અભડાવનારીને આઠ ગાઉ આઘી મેલી આવો !'

પણ મુખીને આ આત્યંતિક માર્ગ કેમે ય કર્યો ગળે ઊતરતો નહોતો. એ ભલા જીવ આવી વિષમ પરિસ્થિતિમાં શું કરવું એની મૂંઝવણ અનુભવી રહ્યા હતા ત્યાં જ એમને દરબારની ડેલીએથી છાનું તેડું આવ્યું.

'ઠકરાણાં બરકે છે.'

*

### પ્રકરણ દસમું

## મહેણાંની મારતલ

**શ્રાવણના** એ છેલ્લા સોમવાર પછી સંતુની સ્થિતિ દિવસે દિવસે વધારે વિષમ બનવા માંડેલી, હરખ અને અજવાળીકાકી વચ્ચે ઊભી શેરીએ જે ચડભડાટ અને પછી ગાળાગાળી થઈ ગયેલાં એના પડઘા આ દેરાણી-જેઠાણી વચ્ચે દિવસો સુધી ગાજતા જ રહેલા.

દેરાણીને મેણુંટોણું મારવાની એક પણ તક ઊજમ છોડતી નહોતી. હાલતાં ને ચાલતાં, રોટલા ઘડતાં, ઢોરને નીરણ કરતાં કે ગમાણમાં વાશીદું કરતાં એ સંતુને માથામાં મારતી:

'હવે તો ડેલી બારું નીકળ્યું નીકળાતું નથી, ભોંઠપનાં માર્યાં નાકું વળોટવું ય ભોંભારે થઈ પડ્યું છે.'

આવે પ્રસંગે સંતુ બહુધા મૂંગી રહેતી તેથી ઊજમ વધારે ઉશ્કેરાતી:

'પાણી ભરવા જાઉં છું ને કૂવે પાણિયારિયું મને પૂછી પૂછીને પીંખી ખાય છે.'

સંતુ કહેતી: ઈ પૂછનારિયુંને ને પીંખી ખાનારિયુંને ય ખબર્ય પડશે કે જબાપ દેનારી જડી'તી—'

'તેં તો લાજશરમ નેવે મેલી એટલે ઝટ કરતીક ને જબાપ દે જ દે! તને થોડી કુમરના ખોરડાની સોના જેવી આબરૂ સાચ-વવાની ચંત્યા છે!'

'ને તમે ગામ આખામાં ગોકીરો કરીને ઈ સોના જેવી આબરૂ

કેવીક સાચવો છો ઈ હું જાણું છું—'

'જીભડો બવ વધ્યો લાગે છ! લાજતી નથી ને માથેથી ગાજ છ?'

'હું શું કામ લાજું?' સંતુ ફરી ફરીને એક જ દલીલ કરતી હતી: 'મેં કાંઈ કાળું કબાડું કર્યું છે? મેં કાંઈ છાનું–છિનાળવું કર્યું છે?'

સંતુની આ દલીલ સામે ઊજમનો આક્ષેપ તો તૈયાર જ હતો. આજ સુધી એ અનેક વાર આ આક્ષેપનું પુનરુચ્ચારણ કરી છૂટી હતી અને એના ઉત્તરમાં સંતુ તરફથી જે જડબાતોડ જવાબ મળતો એનો ઊજમને આકંઠ અનુભવ થઈ ચૂક્યો હોવાથી હવે એ આક્ષેપ કરવામાં એને બહુ રસ પણ રહ્યો નહોતો. તેથી જ તો દેરાણીના અપરાધનું વર્ણન કરવાને બદલે એણે માત્ર રોષ જ ઠાલવ્યો:

'જીભડો વધ્યો છે એટલે બોલવે શૂરીપૂરી છો.' એમ છણકો કરીને પછી કામે વળગતાં ઊજમે અસ્પષ્ટ ગણગણાટ કર્યો: 'જેને નહિ લાજ એને કાચું રાજ—'

એક દિવસ હાદા પટેલ વાડીએથી આવ્યા ત્યારે ખડકીમાં પગ મૂકતાં જ રાંધણિયામાં સંતુ અને ઊજમ વચ્ચે ચાલી રહેલો ચડભડાટ કાને પડ્યો અને તેઓ થંભી ગયા. પુત્રવધૂઓની ગોઠડી કાને પડી જાય તો ય એનું શ્રવણ ટાળવાને ટેવાયેલા આ શાણા શ્વશુરને આજે વાતચીતનો વિષય વિચિત્ર લાગતાં એમણે ન છૂટકે એ દિશામાં કાન માંડ્યો તો કર્કશા ઊજમ રોજને રાબેતે ગોબરની હત્યાનો કકળાટ માંડીને બેઠી હતી અને એ હત્યાનું સંતુ ઉપર આરોપણ કરી રહી હતી. વચ્ચે વચ્ચે માંડણનું નામ ઝબકી જતું હતું, શાદૂળનો ઉલ્લેખ આવી જતો હતો અને સંતુના ભવિ બાળક જોડે એ બે વ્યક્તિઓનાં નામ જોડાઈ રહ્યાં હતાં. અગાઉ તો આવા આક્ષેપોને સોઈઝાટકીને પાછા વાળનારી સંતુ આજે કોણ જાણે

કેમ પણ નિઃશબ્દ ડૂસકાં વડે જ જવાબ આપી રહી હતી.

સાંભળીને હાદા પટેલ ડઘાઈ ગયા. આ વિષયની જે લોકવાયકાઓ એમને કાને આવી હતી, એ તો આ સાગરપેટા માણસે સાવ હસી કાઢી હતી. પણ એ જ વાયકાઓનું ઊજમને મુખેથી ઉચ્ચારણ સાંભળીને એમને અદકો આઘાત લાગ્યો; અને એમાં ય સંતુનાં દૈન્યસૂચક ડૂસકાં સાંભળીને તો મોટી વહુ ઉપર એવી દાઝ ચડી કે ઘડીભર તો થઈ આવ્યું કે પુત્રવધૂ અને શ્વશુર વચ્ચેની સઘળી મર્યાદાઓ લોપીને રાંધણિયાની અંદર ધસી જાઉં અને આવી હીન વાણી ઉચ્ચારી રહેલી ઊજમની જીભ જ ખેંચી કાઢું ! પણ બીજ જ ક્ષણે એ વિચાર માંડી વાળ્યો. સાંભળેલાં વેણ ખમી ખાધાં. રખે ને પોતાની દરમિયાનગીરીની કશી ગેરસમજ થાય એ બીકથી એમણે તત્કાળ તો કડવો ઘૂંટડો ગળી નાખ્યો, અને ઊજમની જીભાજોડીને આગળ અટકાવવાના સંકેત તરીકે મોટેથી ખોંખારો ખાધો.

અસ્ત્રાની ધાર જેવી ઊજમની જીભ તો એકાએક અટકી ગઈ પણ ક્યારની ક્રંદન કરી રહેલ સંતુનાં ડૂસકાં કાંઈ ચાંપ દાબવાથી બત્તી બુઝાઈ જાય એટલી ઝડપે થોડાં બંધ થઈ જવાનાં હતાં ? એના મૂંગા રુદનમાં હવે એક વધારે ચિંતા ભળી. ઊજમે ઉચ્ચારેલાં નાલેશીભર્યાં મેણાંઓ શ્વશુર સાંભળી ગયા હશે ? જેઠાણી મારી ઉપર જે નરાતાળ જૂઠાં આળ ચડાવી રહી છે એ એમને કાને પડી ગયાં હશે ?

અને સંતુના સંતપ્ત હૃદયમાં એક વધારે સંતાપ ઉમેરાયો. એ શ્રાવણિયા સોમવારે અજવાળીકાકી ઊભી શેરીએ જે ન–બોલ્યાંનાં વેણ બોલી ગયાં, એ સસરાના કાન સુધી પહોંચ્યાં હશે ? એમણે એ ગામગપાટા સાંભળ્યા હશે તો મારે વિષે કેવો હીન અભિપ્રાય બાંધી બેઠા હશે ?...પણ તો પછી એમણે સાચી વાત શી છે એ

અંગે કશી પૂછગાછ કેમ નથી કરી ? આ મહત્ત્વના પ્રશ્નમાં હજી ય તેઓ મૂંગા કેમ રહ્યા છે ? અરે, ગામલોકો કહે છે એમ હું જોબરની હત્યારી હોઉં ને મેં પાપાચાર પણ કર્યો હોય તો ઘરના મોભી મને ખાસડું મારીને ઘરમાંથી તગડી કેમ નથી મેલતા ? આ બધી કૂથલી એમને કાને પહોંચી હશે, ને છતાં ય લોકલાજે મૂંગા રહેતા હશે ? તો તો એમના મન પર કેટલો બધો હૈયાભાર તોળાઈ રહ્યો હશે ? અને એ કૂથલી એમને કાને નહિ પહોંચી હોય તો પણ અત્યારે જેઠાણીને મોઢેથી ઉચ્ચારાયેલાં વેણ તો એમણે કાનોકાન સાંભળ્યાં જ હશે ? અને એ સાંભળ્યા પછી એમના મન ઉપર કેવી છાપ પડી હશે ? હાય રે, મને કેવી કપાતર ગણી બેઠા હશે ! જે માણસની સામે મેં ખોળા પાથર્યો, ને જેણે મારી લાજ રક્ષવા ઉતાવળે ઉતાવળે આણું કરી લીધું, એ દેવ જેવા સસરાની નજરમાં હું કેટલી હલકી પડી ગઈ હોઈશ ?

સંતુને ઘડીભર તો થઈ આવ્યું કે તે દિવસે નંદવાયેલું બેડું પાછું લાવવા માટે માતાએ શાદૂળભાની હોકી સ્ટીક પાછી સોંપી દેવાનું ને એ રીતે નાકલીટી તાણવા જેવું સૂચન કરેલું ત્યારે પોતાનું સ્વમાન રક્ષવા માટે લાજ-લોકાચાર બાજુ પર મૂકીને શ્વશુર સમક્ષ ખોળા પાથરેલો, એવી જ રીતે આજે ફરી વાર લાજનો ઘૂમટો ઊંચો કરીને આ શિરછત્રસમા વડીલ સમક્ષ અંતરની વેદના ઠલવી દઉં. શ્વશુરના મનમાં જે અનેકાનેક શંકા-કુશંકાઓ ઘોળાઈ રહી હશે એનું સાચી વાત કરીને સમાધાન કરી આપું, ને એ રીતે એમની જોડે મારો ય હૈયાભાર હળવોફૂલ કરી નાખું. ગામમાં જે ગપગોળાના ગબારા ચડયા છે એ કેટલા પોલા છે એ તોડી-ફોડીને કહી દઉં...મેં કાંઈ કરતાં કાંઈ જ પાપ નથી કર્યું, એટલી પેટછૂટી વાત કરી દઉં.

...પણ વળી વિચાર આવ્યો : મારી કીધી વાત એ માનશે ખરા ? ગામના ઝેરીલા માણસોએ એમના કાનમાં ઝેર રેડયાં હશે એમાં એકાદબે અમૃતબિંદુની શી અસર થાય ? ઊલટાની કાંઈ ઝેર-

સમજ તો નહિ થાય? સામે ચાલીને હું વાત કરવા જાઉં તો ગુનેગાર તો નહિ ગણાઉં ને?...અરે, હવે હું કયે મોઢે આવા મહેલ ને મોભાદાર સસરાને મારું મોઢું બતાવું? એના કરતાં તો બહેતર કે હું બૂડી મરું!...

સાંજે વાળુટાણા સુધી સંતુ મૂંગી જ બેઠી રહી. ઊજમે એને જમવાનું સૂચવ્યું ત્યારે એ 'નથી ખાવું' એટલો જ મિતાક્ષરી ઉત્તર આપીને મૂંગી થઈ ગઈ.

ઊજમે પૂછ્યું : 'શું કામે નથી ખાવું?'

સંતુ ફરી બે જ શબ્દો બોલી :

'નથી ભાવતું—'

જ્યાં ને ત્યાં વાંકું જ જોવા ટેવાયેલી ઊજમે આમાંથી પણ અવળો અર્થ તારવ્યો :

'ક્યાંથી ભાવે! શાદૂળભા જેવાંની ડેલીએ સાત ભાત્યની સુખડી જમી આવેલીને આંહી ગરીબ ઘરના સૂકા રોટલા શેના ભાવે?'

સંતુને દાઝ તો એવી ચડી કે ઊજમની જીભ જ ખેંચી કાઢું. પણ હવે તો એને કોઈ ઉપર રોષ ઠાલવાની ય પરવા નહોતી રહી. 'બોલનારનું મોઢું ગંધાય' એમ મનશું ગાંઠ વાળી એ મૂંગી રહી તેથી તો ઊજમને વધારે શૂર ચડ્યું.

'આના કરતાં તો શાદૂળભા ભેગી જન્મટીપમાં સથવારો પુરાવવા ગઈ હોત તો તું ય સુખી થાત ને અમે ય સુખી થાત! ને અમારે ઘરના મોભી જેવો દીકરો નંદવાતો રૈ જાત—'

સાંભળીને સંતુના હૃદયમાં ઝાળ ઊઠી. ઊભા થઈને ઊજમને આડા હાથની એક બૂંહટ ખેંચી કાઢીને એને બોલતી બંધ કરી દેવાનું મન થઈ આવ્યું. પણ વળી વિચાર્યું : 'હવે મારે જીવવું થોડું ને ઝાઝાં વેર ક્યાં બાંધવાં?' અને એ મૂંગી જ બેઠી રહી.

ઊજમને આ મૌનનો ભેદ ન સમજાયો. આડે દિવસે તો એક વેણના સાટામાં સામાં સાત વેણ સંભળાવનારી, 'રાકડિયા હડમાન

જેવી' સંતુના હોઠ આજે સિવાઈ કેમ ગયા છે ?

'એકલા સોરવતું ન હોય તો હજી ય હાલી જાની શાદૂળભાનો સથવારો કરવા ?' સંતુનું મૌન તોડવા માટે જ ઊજમે ફરી વાર ઘા મારી જોયો. 'ઈય બિચારો સુખી થાશે ને તું ય સુખી થઈશ—'

'હાલી જાઈશ.' સંતુએ દ્વિઅર્થી ઉત્તર આપ્યો.

ઊજમ આ ઉત્તરનો વાચ્યાર્થ સમજી પણ એનો સંકેતાર્થ સમજવા જેટલી એનામાં ત્રેવડ નહોતી તેથી એ વધારે ઉશ્કેરાટ અનુભવી રહી. પણ એની કમનસીબી તો એ હતી કે હવે સંતુને વધારે ઉગ્ર મહેણાટોણાં મારવા માટે એની પાસે કશા વધારે મુદ્દાઓ નહોતા રહ્યા. ગોબરની હત્યા પછી આજ સુધીમાં એ. નિઘૃણમાં નિઘૃણ આક્ષેપો કરી ચૂકી હતી, નિંદ્યમાં નિંદ્ય આળ ચડાવી ચૂકી હતી અને સંતુનો તેજોવધ કરવા માટે તીખી તમતમતી વ્યંગવાણી ઉચ્ચારવામાં ભાષાની નિઃશેષ વ્યંજના પણ વાપરી છૂટી હતી. હવે એ જે કોઈ વાગ્બાણ ફેંકે કે મહેણુંટોણું ઉચ્ચારે કે વ્યંગવાણીમાં ટાઢા ચાંપે એ સઘળું એનાં આગલાં ઉચ્ચારણો કરતાં ઊણું પડે એમ હતું.

તેથી જ તો, સજાયાની ધાર જેની ઊજમની જીભ આજે પહેલી જ વાર સંતુની મૌનવાણી સમક્ષ મહાત થઈ ગઈ. આડે લાકડે આડો વહેર મૂકવામાં પાવરધી એવી સ્ત્રીને આજે પહેલી જ વાર નાસીપાસ થવાનો પ્રસંગ આવ્યો. ઘવાયેલી વીંછણ પોતાને જ ડંખ મારે એમ આ હતપ્રભ સ્ત્રી પણ હવે સંતુને બદલે પોતાને જ સંભળાવવા લાગી.

'કિયા ભાવનાં પાપ ભોગવવાં રૈ ગ્યાં હશે તી આવાં માણહ હાયે પનારાં પડચાં છે...હવે તો ભગવાન મોત મોકલે તો છૂટિયે ! પણ માગ્યાં મોત થોડાં જડે ?...રોજના લોઈઉકાળા રિયા...જીવતાં રેવા જેવાંને ભગવાને વે'લાં બરકી લીધાં...ને આવાં દાધારંગાં જીવતાં રિયાં...'

અને પછી ઊજમ એકાએક દેવસીને યાદ કરીને રડવા લાગી :

'કોણ જાણે કોણે પાપે વિજોગ વેઠવાના વારા આવ્યા...મને એકલીને મેલીને હાલી નીકળ્યા...બાર બાર વરહનાં વછોયાં...ફરી-દાણ મોંમેળા જ ન થ્યા...જીવતે જીવ મૂવા જેવું ગણાઈ ગયું... હાય રે, હાથે કરીને જ એનું અડદનું પૂતળું બાળવું પડ્યું ને હવે રોજ રાત્યે ઊઠીને ઈ મારે સોણે ભરાય છે...કિયે છ, કે મારું જીવતે-જીવ શરાધ કાં કરી નાખ્યું ? પૂતળું ઘડીને એને દેન કીધું તંયે મને રૂંવેરૂંવે એની ઝાળ લાગી'તી...'

ઘડીભર સંતુ પ્રત્યેનો રોષ ઓસરી ગયો, રોજનો કંકાસ ભુલાઈ ગયો. દેરાણી માટેનાં મહેણાંટોણાં વિસરાઈ ગયાં, અને રુદનની પરાકાષ્ટાએ ભાવોદ્રેક અનુભવતાં ઊજમ જાણે કે અનાગત દેવસી જોડે એકાકાર થઈ ગઈ. પરોક્ષ રીતે અંત્યેષ્ટિ ક્રિયા અને શ્રાદ્ધ સુધ્ધાં પામી ચૂકેલો પતિ કેમ જાણે કે પોતાની નજર સામે જ ઊભો હોય એટલી સાહજિકતાથી એ વાતો કરવા લાગી.

સંતુ માટે આ દૃશ્ય જીરવવું મુશ્કેલ હતું. ઊજમ પતિવિયોગની જે વેદના વેઠી રહી હતી એ સંતુના હૃદયમાં જાણે કે સંક્રાન્ત થઈ રહી હતી. ઊજમ પ્રત્યેનો એનો સઘળો રોષ આ પરિતાપના પારાવારમાં ઓગળી ગયો. લોકાચાર અને લોકરૂઢિનું દાસ્ય વેઠી રહેલી ઊજમે આજ સુધીમાં સંતુ પર કલંકારોપણ કરી કરીને જે સંતાપ કરાવ્યો હતો એની વેદના પણ આ વિયોગિનીના વલવલાટ સમક્ષ વિસરાઈ ગઈ. હૃદયમાં માત્ર મૃત્યુની મીંઢી મીંડ ઘૂંટાઈ રહી. દેવસીનું મૃત્યુ, પરબતનું મૃત્યુ અને છેલ્લે ગોબરનું મૃત્યુ : સર્વભક્ષી મૃત્યુનાં ખડકો વચ્ચે થઈને આ જીવનની ક્ષીણપ્રવાહ સરવાણી વહી રહી હતી. આ દૈવશાપિત ઘરની ઈંટઈંટમાંથી ઊઠતા મૃત્યુના ઓછાયાઓ અહીં વસનારાંઓને અદૃષ્ટપણે ભીંસી રહ્યા હતા. મૃત્યુની આ મૂંગી ભીંસ સંતુ માટે અદકી ગૂંગળાવનારી બની રહી હતી, કેમકે એના જીવનમાં પતિવિયોગની યાતના ઉપરાંત વળી એક હીન કલંકનું

આરોપણુ થયું હતું.

મૃત્યુની આવી અસહ્ય ભીંસ વચ્ચે આવું કલંકમય જીવન કેમ કરીને જિવાશે ?...સંતુના ઉદ્વિગ્ન ચિત્તમાં એક સ્ફુલિંગ શો પ્રશ્ન ચમક્યો અને બીજી જ ક્ષણે એવો જ એક બીજો વિચારસ્ફુલિંગ પણ ઝબકી ગયો. જીવવું ભલે મુશ્કેલ હોય; મરવું તો સહેલું છે ને ? જીવન ભલે દૈવાધીન હોય, મૃત્યુ, તો મનુષ્યાધીન છે ને ?'

આ વિચિત્ર વિચારઝબકારે સંતુની શૂન્ય આંખોને ચમકાવી મૂકી. એણે એક ભયાનક નિર્ણય કરી નાખ્યો.

*

## પ્રકરણ અગિયારમું

## સતનાં પારખાં

મોડી રાતે શેરીમાં સોપો પડી ગયો, અને સંતુએ જાણ્યું કે ક્યાંય કશો સંચાર નથી થતો, ત્યારે એ હળવે પગલે ઓરડામાંથી ઓસરીમાં આવી.

ફળિયામાં હાદા પટેલ પહેલા પહોરની નીંદરમાં ઘસઘસાટ ઊંઘતા હતા, એ જોઈને સંતુને વધારે હિંમત આવી. પોતાનો પગરવ પોતાને ન સંભળાય એવા ધીમા બિલ્લીપગલે એ આગળ વધી. હળવે હાથે ડેલીનાં તોતિંગ કમાડનો આગળિયો સેરવી દીધો. બારસાખના લુવામાં ચણિયારાનો જરા સરખો યે અવાજ ન થાય એની સંભાળ રાખીને બારણું અધખુલ્લું ઉઘાડયું અને ધીમેથી એક પગ ઊંબરા બહાર મૂક્યો.

નિરધાર તો એવો હતો કે સીધાં બહાર જ નીકળી જવું, છતાં એક પ્રલોભન એ ટાળી ન શકી. બીજો પગ ઊંબર બહાર મૂકતાં પહેલાં એણે પાછું જોયું અને જે સ્થળે ગોબર જોડેની મિલનરાત્રી વીતેલી એ ઓરડા ભણી એક છેલ્લી નજર નાખી લીધી. બીજી નજર, ગમાણમાં ઊંઘતી કાબરી તરફ નાખી અને સંતુ ઝડપભેર ચાલી નીકળી.

પાણીશેરડે પહોંચતાં પહેલાં હવે એને એક એક જ ભય હતો: શ્વાનનિદ્રા લઈ રહેલ શ્વસુર તો મારે સદ્‌ભાગ્યે જાગી ન ગયા, પણ શેરીને નાકે સાચી શ્વાનનિદ્રા લઈ રહેલો કાળિયો મારો પદસંચાર સાંભળીને ભસી ઊઠશે તો?...નથુ સોનીની ડેલી પાસેથી પસાર થતાં

સંતુના પગ ધ્રૂજી ઊઠ્યા. હમણાં આ ખડકીના ઊંબરામાં સૂતેલો ડાઘિયો જાગી જશે અને મારી આખી યોજના ઊંધી વાળશે ?

થડકતે હૃદયે એ આગળ વધી અને એના સદ્‌ભાગ્યે, જાણે કે એના આખરી પ્રયાણને રક્ષણ આપવા જ, ડાઘિયો આંખ મીંચીને પડ્યો રહ્યો.

બીજું સદ્‌ભાગ્ય એ સાંપડ્યું કે ઊભી બજારે કોઈ સામું ન મળ્યું. ઝાંપા વાટે બહાર નીકળવાને બદલે એણે ત્રાંસો મારગ લીધો. રખે ને કાસમ પસાયતો ચૂંગી ફૂંકતો બેઠો હોય અને પોતાને પકડી પાડે તો ? એથી ઝાંપામાંથી પસાર થવાને બદલે એ પસાયતાની કોટડીની નવેળીમાંથી નીકળી ગઈ અને હડમાનની દેરીની બાજુમાં ઊભેલા મેલડીમાના નીચા ખામણાના થાનક ઉપર ઠેક લઈને બહાર નીકળી ગઈ.

કૂવાને કાંઠે હેમખેમ પહોંચી ગઈ. સરસ મજાનું એકાંત હતું. પોતાની જીવાદોરી પોતાને જ હાથે ટુંકાવવાનો આવો મનગમતો મોકો મળી ગયા બદલ હજી તો એ મનમાં ને મનમાં હરખાતી હતી ત્યાં તો ભૂતેસરના ઓવારાની દિશામાંથી જુસબાના એકાનો ખખડાટ સંભળાયો...હવે ? કૂવામાં ઝંપલાવવું કે ન ઝંપલાવવું ? ઝાઝો વિચાર કરવાનો અવકાશ નહોતો. રખે ને પોતે વાવમાં પડે, ને આ જુસબો એના ધુબાકાનો અવાજ સાંભળી જાય, ગોકીરો થાય, અને લોકો એને જીવતી બહાર કાઢે તો ? તો તો કશો અર્થ સરે નહીં એટલું જ નહિ, ગામમાં નાહકનો ફજેતો થાય.

એમણાને મળવાને ઉત્સુક જુસબાએ એના ગળિયલ બળદને આર ઘોંચી અને એકાએક વેગ પકડ્યો. હાય રે હાય ! આ તો આંખના પલકારામાં જ પાણીશેરડે આંબી લેશે. હવે તો ધુબાકો ય કેમ કરીને મરાય ? જુસ્બો તો મને ભાળી જ ગયો હશે. વાંસોવાંસ જ એ બાજોઠિયો મારીને કૂવામાં જ ખાબકે કે બીજું કાંઈ ? ના, ના, આજે લાગ નહિ ફાવે, ફરી દાણ આવીશ, એમ વિચારીને એ

તો ચોંપભેર પાછી ફરી અને જે કેડીએ આવેલી એ જ કેડીએથી પાછી ફરવા એણે ઝડપભેર મેલડીના થાનક ઉપર ઠેક લીધી અને નવેળામાં થઈને ગામમાં દાખલ થઈ ગઈ.

ઘરમાંથી નીકળીને પાણીશેરડે આવતી વેળા જે ડાઘિયાએ સંતુને અભય આપ્યું હતું એ જ ડાઘિયો, એના પુનરાગમન વેળા જાગી ગયો અને મોટેથી ડાંઉ ડાંઉ કરીને ભસવા લાગ્યો.

ડાઘિયાના અવાજ સાથે નથુ સોનીની મેડીનું જાળિયું ઊઘડ્યું અને અજવાળીકાકીએ શેરીમાં નજર નાખી.

સંતુ ગભરાતી ગભરાતી ચોંપભેર ચાલી ગઈ.

ખડકીના અધખુલ્લા બારણામાં પેસતાં જ એને કાને હાદા પટેલનો અવાજ અથડાયો : 'કોણ ?'

જવાબમાં કશું બોલવાના તો સંતુને હોશ રહ્યા જ નહોતા, તેથી એ ક્યારનું દબાવી રાખેલું રુદન ડૂસકે ડૂસકે વહાવી રહી.

* * *

લાંબા રુદનને આખરે જ્યારે બધો ઘટસ્ફોટ થયો ત્યારે શ્વશુરે કશા ઠપકા આપવાને બદલે સાંત્વન જ આપ્યું :

'ગાંડી રે ગાંડી ! આવા ગામગપાટાથી ગભરાઈ જઈને કાંઈ જીવ કાઢી નંખાતો હશે ? સારું થયું, તને જુસ્બાનો એકો સામો જડ્યો, ને તને નવી જિંદગી દીધી ! ખબરદાર, હવે કોઈ દી કૂવો પૂરવાનો વિચારેય કર્યો છે તો !'

પણ શ્વશુરના આવા સાંત્વનથી સંતુને થોડી શાતા મળે એમ હતી ? એની સામે તો ખુદ વિધાતા જ કોઈક ક્રૂર વેર વાળવા કૃતનિશ્ચય હોય એમ લાગતું હતું.

સવારના પહોરમાં જ અજવાળીકાકી જુસ્બાની ઘાણીએ તલ પિલાવવા જઈ પહોંચ્યાં ત્યારે જુસ્બાએ રાતની વાત કહેવા માંડી. 'કો'ક દખિયારી બાઈ કૂવે પડવા આવી 'તી, પણ મારા એકાનો સંચાર સાંભળીને પાછી વળી ગઈ ને મેલડીમાના થાનક ઉપર ઠેક

વેતીકને ગામમાં ગરી ગઈ—'

'મેલડીના થાનક ઉપર ઠેક લીધી ? મરે રે નભાઈ !'

અજવાળીકાકી આનંદી ઊઠયાં. પોતે રાતે જોયેલા દશ્યમાં ખૂટતી કડી આમ અનાયાસે જ મળી રહેતાં એમનો આનંદ હવે દ્વિગુણિત થઈ ગયો.

'કોણ હશે ઈ માથાની ફરેલી જેણે મેલડીમાના થાનક ઉપર ઠેક લીધી ?' અજવાળીકાકીએ પૂછવા ખાતર જ જુસબને પૂછ્યું.

'કુમરની સંતુ જેવી લાગી. એનું મોઢું તો કળાણું નહિ, પણ કૂવો પૂરવો પડે એવી દખિયારી બાઈ ગામમાં બીજી કોણ છે ?'

'સંતડી જ. બીજી કોણ વળી ? મધરાત્યે ડાઘિયો ભસ્યો તંયે મેં જાળિયામાંથી નજર કરી તો સંતડી વાજેવાજ ધોડતી જાતી'તી.' હવે અજવાળીકાકીએ સમર્થન કર્યું.

કિસ્સાની કડીઓ સરસ રીતે મળી રહી. નથુ સોનીએ તુરત જીવા ખવાસને આ બાતમી આપી દીધી અને જીવાએ ઘૂઘરિયાળા બાવાને સાધ્યો.

સાંજ પડતાં જ ઘૂઘરિયાળો ધૂણ્યો અને દુષ્કાળ તથા મેલડીના કોપનો બધો જ ઓળિયો-ઘોળિયો માતાના થાનક ઉપર ઠેક લેનારીને માથે ઓઢાડી દીધો !

મેલડીના કોપનું વધારે સમર્થન કરવા પાદરના પિયાવામાં અડદનાં પૂતળાં પણ પ્રગટાવી દેવાયાં અને ગામ આખામાં હાહાકાર મચાવી દેવાયો.

'મેલડીને અભડાવનારીને ગામમાંથી આઘી કરો !'

અને આ કામમાં અળખામણા થવાનો બધો ભાર ઓલિયા-દોલિયા જેવા મુખી પર જ નાખી દેવાયો.

રખે ને ગામની નિર્દોષ વહુવારુને અન્યાય થઈ જાય એવા ભયથી ભવાનદા નિષ્ક્રિય બની રહ્યા હતા ત્યાં તો એમને સમજુબાએ

તેડું મોકલ્યું.

*　　　*　　　*

ઠકરાણુંએ અજબ કુનેહથી મુખીને ગામમાંથી 'પાપ હાંકી કાઢવા'નો પાનો ચડાવ્યો.

હવે ભવાનદા ભારે દ્વિધા અનુભવી રહ્યા. ઠકરાણુંએ નગ્ન સૂચન કર્યા પછી એમને માટે બીજો કોઈ માર્ગ ન રહ્યો.

અને એ દરમિયાન, ગામનો પાણીશેરડો અપવિત્ર થવાથી ઓઝતના પટમાં વીરડા ખોદી ખોદીને પાણી ભરનાર ગૃહિણીઓનો પોકાર પણ ઉત્તરોત્તર વધારે ઉગ્ર બનતો રહ્યો.

'હવે તો ગામમાંથી પાપ આઘું કરો તો છૂટીએ. વીરડેથી છાલિયે છાલિયે પાણી ભરીને તો હવે હાથ દુઃખવા આવ્યા—'

અજવાળીકાકીએ આ ગૃહિણીઓનું નેતૃત્વ લઈ લીધું અને કાગારોળ કરીને મુખીને મૂંઝવી માર્યા.

આખરે નાછૂટકે મુખીએ હાદા પટેલને કહેણ મોકલ્યું :

'મેલડીના કોપનો નિવાર કરવો છે...હરુભરુ વાત કરીએ તો સારું.'

હાદા પટેલે સામેથી કહેવડાવ્યું :

'હું મેલડીમાં માનતો નથી; હું સતીમાનો ગોઠિયો છું. એક માણસ બે માને ન પૂજે—'

બેત્રણ દિવસ સુધી તો આમ સામસામા સંદેશાઓ ચાલ્યા.

છેલ્લે છેલ્લે મુખીએ કહ્યું :

'સંતુને પાપે ગામ આખું હેરાન થાય છે. કાંઈક રસ્તો કાઢો—'

સામેથી જવાબ મળ્યો :

'સંતુએ કાંઈ પાપ નથી કર્યું.'

મુખીએ કહ્યું : 'તો એનું પારખું કરવા દિયો.'

'સતીમાએ એનું પારખું કરી લીધું છે.' હાદા પટેલે ઉત્તર

આપ્યો. 'માણસના પાપનું પારખું કરવાનું કાળા માથાના માણસનું ગજું નથી.'

મુખી જેમ જેમ વધારે દબાણ કરતા ગયા તેમ તેમ હાદા પટેલ વધારે મક્કમતાથી એમની દરખાસ્તને નકારતા ગયા. બંને વચ્ચે સારી ચડસાચડસી જામી ગઈ. ઘડીભર તો એમ લાગ્યું કે આ કટોકટીમાંથી કોઈ ઉકેલ જ નહિ નીકળે. પણ ત્યાં તો, પારકે મોડે પાણી પીનાર ભવાનદાએ એક ભયંકર ઉકેલ સૂચવ્યો.

હાદા પટેલ પોતાના નિત્યક્રમ મુજબ વહેલી સવારમાં પારેવાંને જાર નાખવા ગયા ત્યારે મુખીએ એમને આખરી મહેતલની ભાષામાં કહી દીધું :

'એમ કરીએ : ધગધગતા તેલની કડામાં સંતુના હાથ બોળાવીએ. એણે કાંઈ પાપ નહિ કર્યું હોય તો હાથ ઉપર ઊની ફોડલી ય નહિ ઊઠે, ને સાચે જ પાપ કર્યું હશે તો હાથ સસડી જાશે ને પાપ પરખાઈ જાશે—'

આરંભમાં તો હાદા પટેલે આ સૂચન જ ધુત્કારી કાઢ્યું. પણ મુખીએ આખી ય વાતને એવો તો વળ આપ્યો કે આ યોજનાનો અસ્વીકાર થાય તો સંતુનો અપરાધ આપમેળે જ સાબિત થઈ જાય.

હાદા પટેલે ઘણી દલીલો કરી જોઈ : 'મેં પંડયે જ સતીમાની સાખે સાચી વાતનું પારખું જોયું છે. સંતુ તો સતીમા જેટલી જ ચોખી છે. એણે કોઈ કરતાં કોઈ પાપ નથી કર્યું—'

'તો પછી તેલની કડામાં હાથ બોળાવવામાં તમને વાંધો શું છે ? વધારે પાકું પારખું થઈ જાશે—'

મુખીની આ દલીલ સામે હાદા પટેલ પાસે કશો અસરકારક ઉત્તર નહોતો. આટલા દિવસથી પોતાને મૂંઝવી રહેલી દ્વિધા કરતાં ય અદકેરી દ્વિધા લઈને તેઓ ગમગીન ચહેરે ઘેર આવ્યા.

મેલડીના નામનો હોબાળો ઊઠ્યા પછી હાદા પટેલના ચહેરા

પર ચિંતાની જે ઘેરી છાયા પથરાઈ ગઈ હતી એમાં આજ એકાએક થઈ ગયેલો ઉમેરો ભોજમની કે સંતુની જાણ બહાર ન રહી શક્યો. એ જાણ્યા પછી આ નવી ચિંતાનું કારણ શોધવા સંતુ ઉત્સુક બની રહી.

પાણીશેરડેથી આપઘાત કર્યા વિના પાછી ફરેલી સંતુને એ મધરાતે શ્વશુર તરફથી જે સાંત્વન અને હૈયાધારણ સાંપડેલાં એની સંજીવની વડે આ સંતપ્ત યુવતીમાં એક નવી જ પ્રાણશક્તિનો સંચાર થયો હતો. હવે એ હતપ્રભ બનીને કોઈ પણ આપત્તિથી નાસીપાસ થવા નહોતી માગતી. શ્વશુરને મારા સતમાં શ્રદ્ધા છે, સતીમાએ મારા સતીત્વની સાખ પૂરી છે, એ જાણ્યા પછી સંતુમાં અસાધારણ આત્મશ્રદ્ધા આવી હતી.

આ અત્મશ્રદ્ધાથી પ્રેરાઈને જ એણે લાજના ઘૂમટાની આડશમાંથી આજે શ્વશુરને ચિંતાનું કારણ પૂછ્યું.

અત્યંત અનિચ્છા છતાં, અત્યંત ક્ષોભ સાથે હાદા પટેલને આજ સવારની મુખી જોડેની વાતચીતનો અહેવાલ આપવો પડ્યો.

'ઓયવોય ! એમાં આટલા મૂંઝાવ છો શું કામે ?' સંતુએ સાવ સહજિકતાથી કહી દીધું : 'તેલની કડામાં શું કામે, ધગધગતા સીસાની કડામાં જઈને હું હાથ બોળી આવું !'

'વહુ દીકરા ! ગામના માણહ તો મૂરખ છે. તારાથી આવી છોકરમત ન કરાય.'

'એમાં છોકરમત શેની ? મેં ક્યાં કાંઈ છાનું પાપ કર્યું છે, તી મને હાથ દાઝવાનો ભો છે ?' સંતુએ કહ્યું. 'કહેવરાવી દિયો મુખીને, કે તેલની કડા ઉકાળવા માંડો. હું હાથ બોળવા તૈયાર છું—'

પણ હાદા પટેલને પુત્રવધૂનું આવું હિંમતભર્યું સૂચન સહેલાઈથી ગળે ઊતરે એમ નહોતું.

'ના ના; ગામના ચૌદશિયાએ ચડામણી કરી છે એટલે મુખી

ભરમાઈ ગયા છે. પણ તારે આવી નાનમ શું કામેની વહોરાવી ?'

'એમાં નાનમ શેની ?' સંતુએ વધારે ઉત્સાહથી કહ્યું, 'હવે તો હું જ સામે હાલીને તેલની કડા ઉકળાવવાનું મુખીને કહું છું. હવે આ આળ મારે જ હાથે મારે માથેથી ઉતારવું પડશે. હું જ સામી હાલીને કડામાં બોળવા જાઈશ...મારે જ મારા સતનાં પારખાં કરી દેખાડવાં છે... મુખીને કહેવરાવો ઝટ, હવે આાં મોડું ન કરે—'

*

## પ્રકરણ બારમું

# કળોયું કકળે છે?

રઘા મહારાજને ખબર પડી કે સંતુ અગ્નિપરીક્ષા માટે તૈયાર થઈ છે ત્યારે એ બ્રહ્મપુત્રનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો :

'ઈ પરીક્ષા કરનારાં છે કોણ ? ઈ પાપપુન્યનાં પારખાં લેનારા શું ભગવાનના દીકરા થઈ આવ્યા છે ?'

શાપર જઈને જોરદાર જુબાની આપી આવ્યા પછી માંડમાંડ શાંત થયેલો રઘો ફરી અશાંતિ અનુભવી રહ્યો. ગામના ખટપટિયાઓ પ્રત્યેના એના આવેશો અને આવેગો માંડ કરીને શમ્યા હતા એ ફરી પાછા ઉગ્ર બની ગયા.

'તમે કાંઈ ધરમરાજાના અવતાર છો તી કોઈના ધરમઅધરમનાં પારખાં કરવા બેઠા છો ? અરે, ધરમરાજા પણ એક વાર જરાક ખોટું બોલી ગયા'તા, એમાં એના રથનું પૈડું વેંતએક હેઠું ઊતરી ગ્યું'તું—'

પણ ગામ આખું જ્યારે પરપીડનના આનંદમાં ગુલતાન હતું ત્યારે રઘાનો આ વિરોધ કોણ કાને ધરે ? લોકોને તો એક જ ચિંતા હતી : મેલડીના કોપને કારણે વરસાદ બંધાઈ ગયો છે. સંતુએ મેલડીનું થાનક અભડાવ્યું છે, એટલે ગુંદાસર ઉપર માતાનો કોપ ઊતર્યો છે. પૂછ ને મૂછ ઉપર ભાર છે, તેથી પંચાણભાભો પંચકમાં જ ભરખાઈ ગયો છે, અને હવે પાંચ 'પ' નામધારીઓએ એની પાછળ પાછળ જવું પડશે. વળી, મૂછની જેમ જ પૂછ ઉપર પણ ભય હોવાથી ગામનું ઢોરઢાંખર ટપોટપ મરવા માંડશે. અને

આ બધી આપત્તિઓના મૂળમાં સંતુ–શાદૂળનો દુરાચાર જ જવાબદાર છે. સંતુ પોતે ભલે ને આ આરોપનો ઈનકાર કર્યા કરે, અને પોતે મોટી સતી સાવિત્રી હોવાનો દાવો કર્યા કરે, પણ એના સતીત્વની સાબિતી શી? એની સાખ તો એકમાત્ર એનો પતિ જ પૂરી શકે; પણ ગોબર તો ગારદ થઈ ગયો. ને શાદૂળ જનટીપમાં જઈ બેઠો. હવે તો એનું પારખું કરવાનો એક જ રસ્તો રહ્યો છે : ધગધગતા તેલના તાવડામાં હાથ બોળી જુવે; જો એના પેટમાં કાંઈ પાપ નહિ હોય તો ફડફડતા તેલમાં ય એના હાથને ઊની આંચ નહિ આવે; ધગધગતું તેલ એના આંગળાંને અડશે ય નહિ, ને જો કાંઈ પાપ કર્યું હશે તો હાથ સડસડી જાશે ને ધડ કરતુંકને બધું છતું થઈ જાશે.

રઘાએ કહ્યું :

'આવાં સતનાં પારખાં તો સતજગમાં સાચાં પડતાં હશે; આ હળાહળ કળજગમાં તો કડકડતી તેલની કડામાં બિચારી છોકરીના હાથ ફડફોલી ઊઠશે.'

સામેથી જવાબ મળ્યો :

'તું શું કામે ઠાલો પારકી ચંત્યા કરીને દૂબળો પડશ?'

રઘાનો વળતો જવાબ હતો :

'ગામની વહુદીકરી ઉપર આવાં વીતક વિતાડવાની મુખત્યારી તમને કોણે લખી દીધી છે? કોરટ દરબારનાં કામ તમે માથે લઈ લેનારાં છો કોણ?'

પણ પરિસ્થિતિ એક તરફ રામ ને બીજી બાજુ ગામ જેવી હતી. એમાં રઘાની વાત કોણ સાંભળે?

'ગામ આખા ઉપર કોપ ઊતર્યો છે તંયે મેલડીને રીઝવવાના ધરમના કામમાં આડી જીભ વાળનારો તું કોણ?'

ચારે બાજુથી રઘા સામે પોકાર ઊઠ્યો. એના ઉપર હેત્વારોપણો પણ થવા લાગ્યાં :

'હવનમાં હાડકાં નાખનારો તું રઘલો નંઈ, રાખહ છો—'

'ગામ આખાનું નખોદ કઢવી નાખીને પંડયે ન્યાલ થઈ જવાની તારી દાનત છે.'

'આમાં તારું પંડયનું જ કાંક દાળમાં કાળું લાગે છે. નીકર નંઈ નાત્યનો, નંઈ જાત્યનો ને સંતુનો મોટો વાલેશરી તું શેનો થઈ બેઠો છો ?'

'સંતુનું ઉપરાણું લઈને પોતાનાં જ કો'ક કાળાંધોળાં ઢાંકતો લાગ છ—'

રઘાને લાગ્યું કે લોકલાગણી સામે ટક્કર ઝીલવી મુશ્કેલ છે, ત્યારે એણે સુખીને સમજાવવા પ્રયત્ન કર્યો; પણ એણે જોયું કે ભવાનદા તો આ કિસ્સામાં કુહાડાના હાથા જ બની રહ્યા છે, ત્યારે એ સીધો હાદા પટેલ પાસે જઈ પહોંચ્યો અને આવી ધોકાપંથી પરીક્ષામાં સંતુને સાથ નહિ આપવા દેવાની વિનંતી કરી.

લાંબી માથાઝીક ચાલી. રઘાને સમજાયું કે આ પારખું કરાવવામાં હાદા પટેલનો વિરોધ તો મારા કરતાં વધારે ઉગ્ર છે, છતાં એ ભદ્રિક જીવ લોકલાગણીના જુવાળ સમક્ષ લાચાર થઈને બેઠા છે.

'સંતુ કેમે ય કરી માનતી નથી. હું જેમ જેમ ના કહેતો જાઉં છું, એમ એમ ઈ તો વધારે વેન લેતી જાય છે કે મારાં પારખાં કરી લેવા દિયો, ને માથેથી કલંક ઉતારવા દીયો—'

'બાપુ ! આ કળજગમાં આવાં પારખાં સાચાં ન પડે !' રઘાએ કહ્યું.

'પણ સંતુને તો સતીમા ઉપર આસ્થા છે. ઈ કિયે છ કે સતીમા મારી રખ્યા કરશે—'

'બાપુ ! પણ તાવડાના ફળફળતા તેલમાં હાથ બોળાય તંયે ફડફડ ફડફોલ્લા ઊઠશે તંયે સતીમા આડા હાથ દેવા નંઈ આવે—'

'ઈ તો હું ય કહી કહીને થાક્યો કે સતનાં પારખાં આવી રીતે ન થાય. પણ સંતુ કેમે ય કરી સમજતી જ નથી. કિયે છ કે મારા કારણે આખા ઘર ઉપર કાળું કલંક આવે, એના કરતાં મારું પારખું કરી લેવા દિયો—'

સાંભળીને રઘો નિરાશ થયો. તરણોપાય તરીકે એણે કમાડની આડશે ઊભીને ખુદ સંતુને જ સમજાવવાનો પ્રયત્ન કરી જોયો. રડમસ અવાજે એણે આજીજી, વિનંતી, કાકલૂદી સુદ્ધાં કરી જોઈ.

'દીકરી! આ ભામણ ડોસાનું કહેવું માની જા; આવી દાધારંગી થા મા...ગામના માણસનું બોલવું ગણકારાય નહિ...ઈ તો બે ગાઉ આઘાં હાલે ને બે ગાઉ પાછાં ય હાલે...આવી આકરી અગનપરીક્ષા રે'વા દે—'

પણ સંતુ પાસે તો એક જ ઉત્તર હતો:

'ઓઘડભાભે ડાકલાં વગાડીને કીધું છે કે કડામાં હાથ બોળનારીએ કાંઈ પાપ નહિ કર્યું હોય તો ધગધગતું તેલ એનાં આંગળાંને અડશે ય નહિ... સાચને આંચ ન હોય...હાથ બોળનારીનાં સત સાચાં હશે તો મેલડીમા એની રખ્યા કરશે—'

'બાપુ! આ કળજગમાં કોઈ જ મેલડી આડા હાથ દેવા નવરી નથી બેઠી. ફ્ણફ્ણતા તેલમાં હાથ બળીને ભડથું થઈ જાશે—'

'નહિ થાય, નહિ થાય!' સંતુ હિંમતભેર કહેતી હતી, 'મેં સામે હાલીને હાથ બોળવાની હા કહેવરાવી છે. હવે પારોઠનાં પગલાં ભરું તો મારા દુશ્મન રાજી થાય, ને ઓલ્યું કાળું કલંક કાયમનું થઈ જાય. ના ના, હવે તો ભગવાનને ભરોંહે મેલડીનો કોપ ઊતારવો જ દિયો—'

સંતુનું જિદ્દી વલણ જોઈને રઘો વધારે બેચેન બન્યો. જીવા ખવાસે જુક્તિપૂર્વક ઓઘડભાભાને ધુણાવીને આ પારખા માટે મંગળવારનું 'મૂરત' કઢાવ્યું હતું. એ મંગળવારની આગલી રાતે રઘાને ઊંઘ ન આવી. એને થયું કે બે-ચાર માથાભારે માણસોને

હાથે ગામની એક નિર્દોષ ગૃહિણીની નાલેશી થઈ રહી છે. ભોળુડાં ગામલોકો મેલડીના કોપની તર્કટી વાતોથી ભરમાઈને આ નાલેશીમાં સાથ આપી રહ્યાં છે. આ વહેમી માણસોએ ઘૂઘરિયાળાની વાતોથી ભોળવાઈ જઈને પાલી પાલી ખીચડાનાં અને પવાલું પવાલું કુલેરનાં નિવેદ ઝારી નાખ્યાં છે. એમને વધારે ભડકાવવા માટે જીવા ખવાસે ગામના પિયાવામાં પૂતળાં નંખાવ્યાં છે. આ બધા કૌભાણ્ડના મૂળમાં સમજુબાનો દોરીસંચાર રહેલો છે એમ સમજાતાં રઘો ઠકરાણાંને સમજાવવા—બલકે સંતુ માટે દયા યાચવા—જવા તૈયાર થયો. એક હાથ ગિરજાને ખભે ટેકવીને અને બીજા હાથે લાકડીનો ટેકો લઈને એ ખોડંગાતો ખોડંગાતો દરબારની ડેલીએ જઈ પહોંચ્યો.

થોડા સમયથી ઠકરાણાં જોડેનો પોતાનો નાતો બગડચો હોવાથી અત્યારે એમની સમક્ષ દયા યાચવા જતાં રઘાનો પગ ભારે તો લાગતો જ હતો, છતાં એણે સંતુની લાજ રક્ષવા સારુ અત્યારે લાચાર બનીને ડેલીના ઊંબરે પગ મૂકચો. જે ઓરડે જતાં એને કોઈ અટકાવનાર જ નહોતું ત્યાં આજે ઊંબરામાં જ ઓટા ઉપર પંચાણભાભાના અનુગામી અને જીવાના દૂરના પિતરાઈ પુનશીએ રઘાને પડકાર્યો.

'બાને કે', બે વાત કરવી છે.' રઘાએ રજા માગી.

'બાના હકમ વન્યા ડેલીમાં કોઈને ગરવાની ના છે.'

'તો બાનો હકમ લઈ આવ્ય, જા!' રઘાએ કહ્યું.

પુનશી અંદરને ઓરડે ગયો અને થોડી વારમાં જ પાછો આવ્યો.

'બાને અટાણે ટાણું નથી—'

'પણ મારે બે મિલટ જ વાત કરવી છે.'

'બે શું, અડધો મિલટની ય ફુરસદ નથી, અટાણે!' પુનશીએ કહ્યું. 'બાપુના મંડવાડ ટાણે ઠાલો કકળાટ કરવો રેવા દિયોની—'

'મારે બાપુની ય ખબર્ય કાઢવી છે. ઘણા ય દિ' થ્યા સુવાણ્ય

નથી પૂછી.' રઘાએ કહ્યું. 'જા, ફરી દાણ્ બાને કે' કે રઘામા'રાજ ઉંબરે ઊભા છે—'

પુનશી ફરી બબડાટ કરતો કરતો ઓરડે ગયો.

રઘો ઉત્સુક બનીને સમજુબાના ઈજનની રાહ જોઈ રહ્યો.

પુનશી પાછો આવ્યો ત્યારે એના મોઢા ઉપર વધારે કરડાકી દેખાતી હતી. બોલ્યો :

'ઘરમાં મંદવાડ ઘેરાણો હોય તંયે કચકચ કરવા શું કામ આવ્યો છ. એમ બા કિયે છ.'

'કચકચ કરવા નથી આવ્યો, બા !' હવે રઘાએ ઠકરાણાં છેક અંદરને ઓરડે સાંભળે એવા મોટા અવાજે બોલવા માંડયું, 'હું તો અટાણે નિયા માગવા આવ્યો છું—'

ઓરડાના પેટાળમાંથી જ અવાજ આવ્યો :

'નિયાના સગલા ! માથે ઊભો રહીને માથાં વઢાવનારા માંયલો તું શું મોઢે નિયા માગવા આવ્યો છો ?'

'બા ! હું મારે કામે નથી આવ્યો; ગામની એક નોધારી નિયાણીનો નિયા કરાવવા આવ્યો છું—'

'જા રે જા, નિયાણીનો મોટો વાલેશરી ન જોયો હોય તો !' ઓરડેથી અવાજ આવ્યો. 'આંઈ કોને ઊઠાં ભણાવવા આવ્યો છો ?'

આવા ઉપરાઉપરી જાકારા મળવા છતાં યે રઘો નિરાશ ન થયો. એણે વધારે આર્જવભરી વાણી ઉચ્ચારી :

'બા ! તમારી રાંકડી રૈયત વતી વાત કરવા આવ્યો છું. ગામનું જ એક કળોયું બચારું કકળી રિયું છે. એના ઉપર અટાણે વેળ પડી છે. તમે તો રૈયતનાં માવતર. તમારી દીકરી ઉપર દિયા નહિ કરો તો ઈ ગભુડીની હત્યાનું પાપ ગામ આખા ઉપર ચડશે—'

'ઈ ગભુડી તો ઓલી સગા ધણીને ગૂડી નાખનારી જ કે બીજી કોઈ ? ઓરડેથી પડકાર થયો, 'એના પાપે તો ગામ ઉપર મેલડી કોપી છે ને મે' બંધાણો છે—'

'ના, બા ! ના. એના ધણીને ગૂડનારો તો ઓલ્યો માંડણિયો ઈ જેલમાં બેઠો મજો કરે મૂળાને પાંદડે. સંતુ તો બચારી ગવતરીના દાંત જેવી સોજી છે—'

'સોજીના સગલા !' સમજૂબાનો વળતો જવાબ આવ્યો, ત્યાં તો અંદરને ઓરડેથી એક પૌરુષી ખુંખારો સંભળાયો. ગળે ગળફો આવ્યો હોય ને ખખરી કાઢવા ખુંખારવું પડે એવો કોઈનો દબાચેલ અવાજ ઊઠ્યો અને રઘાના કાન ચમકયા. હજી તો એ અવાજ ખુંખારનારની પૂરેપૂરી પરખ કરે ત્યાં તો ઠકરાણાંએ એકાએક ઉગ્રતાથી એને પોંખવા માંડ્યો : 'એલા શું કામે આંચાકણે ઊભો છો ? કિયો ગરાસ દાટ્યો છે તારા ડોહાનો ? પુનશીડા ! મેલ્ય એક પાણો આ ધૂતારા ઉપર...નીકળ્ય ડેલીમાંથી...તારું મોઢું કાળું કર્ય ઝટ...'

સાંભળીને રઘો ડઘાઈ ગયો. ઠકરાણાંને એકએક શું થઈ ગયું ? અણધારી કમાન કેમ કરતાં છટકી ? હમણાં સુધી તો સંતુની વગોવણી કરવામાં મશગૂલ હતાં. એ આમ અચાનક કોપાયમાન કેમ થઈ ગયાં ? ઠકરાણાંનો આ ભેદી મિજાજ જોઈને રઘો એવો તો બેબાકળો થઈ ગયો કે સંતુનો મુકદ્દમો લડવાનું માંડી વાળીને એ સહસા જ ગિરજાના ખભા પર હાથ ટેકવીને ડેલી બહાર નીકળી ગયો.

*

## પ્રકરણ તેરમું

## ઠાકરદુવારે

'આ વેળુ પિલ્યે તેલ ન નીકળે.' એમ વિચારીને, ઠકરાણાં પાસેથી ન્યાય મેળવવો વ્યર્થ છે એમ મનમાં ગાંઠ વાળીને ઘર ભણી પાછા ફરતાં ફરતાં પણ રઘો પેલા અણધાર્યા પ્રકોપનું કારણ શોધવા મથી રહ્યો હતો. શા માટે ઠકરાણાં ભઠી પડચાં ? પેલો ભેદી ખુંખારો સંભળાયો એ કારણે ? હું એ અવાજ સાંભળી ગયો એ કારણે ? કોનો હશે એ ખુંખારો ?

રઘાના મનમાં શંકાઓ ઘેરાવા લાગી. પોતે સાંભળેલા ખુંખારાનો અવાજ કઈ પરિચિત વ્યક્તિનો હોઈ શકે એ પારખવા પ્રયત્ન કર્યો. તખુભા દરબારનો તો એ સાદ નહોતો જ. દારૂના બાટલા ઢીંચી ઢીંચીને ગરગરાટી બોલાવતો ને તરડાઈ ગયેલો તખુભાનો ખુંખારો હું ન ઓળખું ? તો પછી ખુંખારનાર અજાણ્યો છતાં ઓળખીતો કેમ લાગ્યો ?...હા, એક પંચાણભાભો આવે સાદે ખુંખારે ખરો. પણ ઈ તો કે'દુનો લાકડાં ભેગો થઈ ગયો. તો પછી પંચાણભાભા જેવો જ સાદ ક્યાંથી સંભળાણો ?

ઘેર પહોંચતાં સુધીમાં તો રઘાના વિચારક્રમણમાં એક ચિનગારી જેવો સંશય ઝબકી ગયો. ઈ સાદ સાચોસાચ પંચાણભાભાનો તો નહિ હોય ? ડોસો મરી ગયો, મરી ગયો એમ વાત હાલે છે, પણ હજી જીવતો તો નહિ હોય ? જીવલા ખવાસનું ભલું પૂછવું ! ઠકરાણાંએ કાંઈક ત્રાગડો રચ્યો હોય. સમજુબા તો સાત ભાયડાને ભાંગીને ભગવાને એક બાયડી ઘડી હોય એટલી પહોંચવાળી છે.

પંચાણુભાભાને જીવતો રાખ્યો હશે ને ખોંખારો હું સાંભળી ગયો એટલે જ મારા ઉપર ખિજાણાં હશે ?

પણ અત્યારે સંતુની ચિન્તામાં ડૂબેલા રઘાને આ ખોંખારાનો ભેદ ઉકેલવા બેસવાનો અવકાશ જ નહોતો. એના અંતરમાં તો એક જ ઉચાટ હતો. સવારના પહોરમાં સંતુની થનારી નાલેશી શી રીતે અટકાવવી ? જઈને નથુ સોનીને સમજાવું ? જઈને અજવાળી-કાકીના પગમાં પડું, ને કહી દઉં કે હવે હદ થાય છે, સંતુ ઉપર વેર વાળવામાં હવે હાંઉ કરો. તમે તો વાતનું વતેસર કરી નાખ્યું. તમારા પોતાના ઘરની એબ ઢાંકવા જાતાં તમે તો એક પારકી જણીનું જીવતર સળગાવી રહ્યાં છો. તમે પેટનાં દાઝ્યાં ગામ બાળવા નીકળ્યાં છો…પણ ધાએ ચડેલાં અજવાળીકાકી માનશે ખરાં ? એમને કેમ કરીને સમજાવું કે સંતુ પણ તમારી જડી સમાણી દીકરી જ છે ? એના ઉપર આવાં આકરાં વીતક ન વિતાડાય ?… પણ અટાણે વેરના ઝનૂનમાં મારી વાત કાને ધરે જ શેનાં…?

રઘાને એક બીજો ઉપાય સૂઝ્યો. આ બધું કૌભાણ્ડ ઊભું કરનાર, ઘૂઘરિયાળાને ચાવી ચડાવનાર જીવા ખવાસને ડારો દઈ આવું ? મારા પૂર્વજીવનના મારકણા રઘાનો એને પરચો દેખાડું ? શાપરની અદાલતમાં જુબાની દેવા જતી વેળા જીવા સામે જે બળ વડે ઝીંક ઝીલી હતી એ બળ આ વેળા પણ અજમાવું ?…પણ બીજી જ ક્ષણે રઘાને એ તરકીબની વ્યર્થતા સમજાઈ ગઈ…ગામ આખું જ્યારે પાખણ્ડની પૂજા કરી રહ્યું છે, ત્યારે હવે એકલા જીવા ખવાસને સમજાવવાથી કશું વળે એમ નથી. ગામના મોભી ભવા-નદા, પણ હવે ભવાનદા નામની એક વ્યક્તિ રહ્યા નહોતા; સમગ્ર લોકોમાં વ્યાપેલ વહેમ, અંધશ્રદ્ધા, ભય અને પાખણ્ડનાં બળોના એ એક પ્રતીક બની રહ્યા હતા. આ બળો એવાં તો ઉગ્ર હતાં કે હવે એ ઉશ્કેરાયેલી લોકલાગણીને ઊવેખવાનું મુખીનું ગજું નહોતું. અને હવે તો ગામવાસીઓનું ઝનૂન એટલી હદે પહોંચ્યું હતું કે

એની સામે શારીરિક બળ વાપરવું પણ બેકાર હતું.

તો કયા બળ વડે આ પાખણ્ડનો પ્રતિકાર કરું ? આ પ્રશ્ન રઘાના અંતરને વલોવી રહ્યો. એ ધારે તો આ આખાય તર્કટના મૂળમાં રહેલા નથુ સોનીને ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂળ ચાટતો કરી શકે એમ હતો. ઘૂઘરિયાળાને અને ઓઘડભાભાને ધુણાવનાર અને ગામ આખાને ભડકાવી મૂકનાર જીવા ખવાસને રઘો પોતાનો પરચો બતાવે એટલી જ વાર હતી. સંતુને સણુસણુતા તેલમાં હાથ બોળાવ-નારની છાતી સામે બંધૂકની નાળ નોંધવાની ય આ બ્રાહ્મણમાં તાકાત હતી. અરે, પોતે ધારે તો આ કિસ્સામાં દોરીસંચાર કરી રહેલાં સમજુબાને ય સાત પેઢી સંભારવી પડે એવી સ્થિતિ સર્જવાને એ સમર્થ હતો.

પણ રઘો અત્યારે પોતાનું રાજસ્ સ્વરૂપ પ્રગટ કરવા નહોતો માગતો. પોતે જે પૂર્વાશ્રમનો ત્યાગ કર્યો છે એમાં હવે એ પુનઃ પ્રવેશ કરવા નહોતો ઇચ્છતો. રઘાના પૂર્વસંસ્કાર સળવળ્યા. હું બ્રાહ્મણનો પુત્ર, દુષ્કૃત્ય તરફ વળેલાં ગામલોકોને હું સત્કૃત્ય તરફ વાળી ન શકું તો ધૂળ પડી મારા બ્રાહ્મણત્વમાં ! હું ગામનો સંસ્કારરક્ષક આવે સમયે લોકોમાં સુસંસ્કાર પ્રેરી ન શકું તો મારું જીવ્યું શા કામનું ?

અને તુરત રઘાના હૃદયમાંથી સઘળા રાગ, દ્વેષ, વેર, ઝેર, આવેગો અને આવેશો ઓગળી ગયા. અંધશ્રદ્ધાળુ લોકોમાં સદ્બુદ્ધિ પ્રેરવા માટે એ પોતાના બ્રહ્મતેજ ઉપર જ મદાર બાંધી રહ્યો.

* * *

મંગળવારના પ્રભાતના પહોરમાં ગામને ચોરે ઠાકર ભગવાન-ની સામે સંતુની અગ્નિપરીક્ષા યોજાઈ હતી. પણ પ્રભાતનો છડી-દાર, જુસબા ઘાંચીનો કૂકડો છડી પોકારે એ પહેલાં તો રઘો અને એનો પુત્ર ગિરજાપ્રસાદ ચોરાનાં પગથિયાં પાસે જ હાથમાં રુદ્રાક્ષ-ની માળાઓ લઈને બેસી ગયા હતા.

વેજલ રબારી રાબેતા મુજબ વહેલાં પરોઢમાં દૂધ આપવા ગયો ત્યારે રઘાને કે ગિરજાને કોઈને ન જોતાં એને નવાઈ લાગી. થોડી વાર તો અડોસપડોશમાં 'ક્યાં ગ્યો રઘો? ક્યાં ગ્યો ગિરજો?' થઈ પડયું. પણ ત્યાં તો ગામ આખામાં સહુથી વહેલો એકો જોડનાર જુસબા ઘાંચીએ સમાચાર આપ્યા:

'રઘોબાપો ને એનો દીકરો ગિરજો તો એ...ને ઠાકરદુવારે બેઠા હાથમાં માળા ફેરવે છે—'

સંતુની અગ્નિપરીક્ષા કરતાં ય વધારે રોમાંચક જોણું તો અનશનવ્રત લઈને બેસી ગયેલા આ બ્રાહ્મણ પિતાપુત્રનું થઈ પડયું.

'ઠાકરદુવારે રઘોબાપો ને ગિરજો પલાંઠી વાળીને બેઠી ગ્યા છે—'

'મોઢેથી શાસ્તરના શ્લોક ગાંગરે છે, ને કિયે છે કે સંતુનો નિયા નહિ થાય ત્યાં લગણ હું અનપાણીને નહિ અડું—'

વા'વેગે વાત પ્રસરી ગઈ.

'એલા આ તો રઘા મારાજે ત્રાગું કર્યું, ત્રાગું!'

અગ્નિપરીક્ષાનું જોણું જોવા આવનાર લોકો વાત સાંભળીને ત્રાગાનું જોણું જોવા વહેલેરાં આવી પહોંચ્યાં.

'આણે તો ધરણટાણે જ સાપ કાઢચો—'

'આ તો સો ચુઆનો મારનારો અટાણે હાથમાં માળ લઈને બગભગત થઈને બેઠો છે—'

* * *

અગ્નિપરીક્ષાના નાટકનો સૂત્રધાર જીવો ખવાસ આવ્યો અને રઘા સામે જીભાજોડી કરવા લાગ્યો:

રઘાના મોઢામાં તો એક જ ઉત્તર હતો: 'ગામની નિયાણી દીકરીને અનિયા થાય ઈ પહેલાં મારી દેઈ પાડી નાખીશ—'

સાંભળીને લોકોના પેટમાં ધ્રાસકો પડી ગયો.

આ તો ગામ ઉપર બ્રહ્મહત્યાનું પાતક ચડશે; મેલડીનું બકરું

કાઢતાં ઊંટ પેસશે—'

પણ જીવો આવા કલ્પિત ભયથી ગભરાઈ જાય એવો કાયર નહોતો. એણે જોરશોરથી રઘાની દાંભિકતા ઉપર પ્રહારો કરી કરીને લોકોને ઉશ્કેરવા માંડ્યા. તાબડતોબ મુખીને તેડાવ્યા, ઓઘડભૂવાને હાજર કર્યો અને કશી ય રોકટોક વિના વેઠિયા કણબીઓને બોલાવીને જબરદસ્ત કડાઈમાં તેલ ઉકાળવા મુકાવ્યું.

થોડી વાર વાતાવરણ તંગ બની રહ્યું. રખે ને લોકોની સહાનુભૂતિ સંતુ તરફ કે રઘા તરફ વળી જાય એ ભયથી જીવો હાકલાપડકાર કરતો રહ્યો:

'આવા તો કૈંક ધુતારા જોઈ નાખ્યા! આમ તર્કટ કર્યે કોઈ ભરમાઈ નહિ જાય—'

જીવાની હાકલોનેય અવગણીને કેટલાક સમજુ માણસોએ રઘાને સમજાવવા પ્રયત્ન કરી જોયો, પણ રઘો મક્કમ જ રહ્યો.

'કાં તો ગામમાં હું નહિ ને કાં આ પાખણ્ડ નહિ—'

'પણ આવી આકરી ટેક ન લેવાય—'

'મરવાનું તો એક જ વાર છે ને?' રઘો કહેતો હતો, 'તો ખાટલે પડીને પિલાઈ પિલાઈને મરવા કરતાં આ ઠાકરદુવારે આવા પુન્યના કામમાં શું કામે ન મરું?'

'હવે જોયો મોટો પુન્યશાળીનો આવતાર?' જીવો હાકોટા કરતો હતો: 'જિંદગી આખી ગોરખધંધા કર્યા ને હવે હાથમાં માળા લઈને બેઠો છે!'

સૂત્રધારના દિગ્દર્શન અનુસાર ઓઘડભૂવો ધૂણવા લાગ્યો.

કડાઈમાં તેલ ઊકળવા લાગ્યું.

મંદિરના પ્રાંગણમાં મેદની હકડેઠઠ થઈ ગઈ.

'બરકો સંતુને! ધરમના કામમાં ઢીલ કેવી?'

થોડી વારમાં સંતુ હાજર થઈ અને સઘળી આંખો રઘા પરથી ઊઠીને સંતુ ઉપર ઠરી.

ઓઘડભાભાએ હાંકોટા પાડવા માંડચા :

'કરો પારખાં! કરો પારખાં!'

સંતુ આગળ આવી.

રઘાએ વધારે મોટે અવાજે રામધૂન મચાવી.

'ભલે ગાંગર્યા કરે ઈ બેઠો બેઠો!' જીવાના ટેકેદારો વાતાવરણનો ઉત્સાહ ટકાવી રહ્યા.

'બોળાવો હાથ!' ઓઘડે આદેશ આપ્યો, 'હમણાં ખબર સાચ-જૂઠની.'

સંતુ ધગધગતી કડાઈની નજીક આવી; મેદનીમાં સોપો પડી ગયો!

ગોબરને યાદ કરીને અને સતીમાને પ્રાર્થીને એણે તાવડામાં બોળવા માટે હાથ લંબાવ્યો.

લોકોના શ્વાસ તાળવે ચોંટચા!

રઘાએ અંતરના ઊંડાણમાંથી વેદનાપૂર્ણ સ્વરે રામનામ ઉચ્ચાર્યું.

અને એ રામનામની સાથે જ સંતુના મોઢામાંથી ભયંકર વેદનાની કાળી ચીસ નીકળી ગઈ! એના કમળ-દુંખ સમાં બન્ને કોમળ હાથનાં કાંડાં ફણફણતા તેલના અગનદાહમાં ફડફોલી ઊઠચાં હતાં!

*

## પ્રકરણ ચૌદમું

# આઠ ગાઉ આઘી કાઢો

**સંતુની** ચીસ સાંભળીને ચોરાસાં એકઠી થયેલી આખી મેદની ચોંકી ઊઠી. આ અણધાર્યા પરિણામે થોડી ક્ષણ તો વાતાવરણમાં સોપો પાડી દીધો.

ગામના મોવડી તરીકે આ કિસ્સાના ન્યાયાધીશ બનેલા મુખી સંતુના સડસડી ગયેલા હાથ જોઈને સ્તબ્ધ થઈ ગયા. પરપીડનવૃત્તિથી પ્રેરાઈને આ આખું કૌભાંડ ઊભું કરનાર જીવો ખવાસ પણ આ કમકમાંપ્રેરક દૃશ્ય જોઈને થોડી વાર તો કંપી ઊઠચો.

ફણફણતા તેલના અગ્નિદાહનો સ્પર્શ થતાં જ સંતુના હાથમાં એવી તો અસહ્ય વેદના ઊઠી હતી કે એના મોઢામાંથી આપોઆપ કાળું બોકાસું નીકળી ગયું અને તુરત આંખે અંધારાં આવી જતાં એ લથડિયું ખાઈ રહી હતી ત્યાં જ બાજુમાં ઊભેલી ઊજમે એને ઝીલી લીધી. એના ફડફોલી ઊઠેલા લાલચોળ હાથનાં કાંડાં જોઈને ઘણા ય લોકોના મોઢામાંથી અરેરાટી નીકળી ગઈ.

ઠાકરદુવારના ધર્મસ્થાનકમાં જ ધર્મના નામે જે પાખંડલીલા ભજવાઈ ગઈ એ જોઈને વહેલી પરોઢથી રામધૂન મચાવી રહેલા રઘાની આંખમાંથી બોર જેવડું આંસુ ખર્યું.

પાષાણહૃદયના જીવાએ સંતુના માસૂમ ચહેરા પર ઊપસી આવેલી વેદના વાંચી, પણ રઘાની જેમ અનુકમ્પાનું આંસુ સેરવવાનો શોખ એને પાલવે એમ નહોતો. તેથી જ એણે એકાદ ક્ષણ અરેરાટી અનુભવીને તુરત પોતાના અંતરમાં ફૂટતી અનુકમ્પાનો પ્રતિકાર

કરવા જ ઉગ્ર અવાજે બરાડો પાડી દીધો :

'થઈ ગ્યું પારખું ! સુરજદાદાની સાખે ને ગામ આખાની નજર નીચે પારખું થઈ ગ્યું !'

પણ ગામલોકો તો સંતુનો આર્તસ્વર સાંભળીને જ એવાં તો સ્તબ્ધ થઈ ગયાં કે જીવાએ ઉચ્ચારેલા આ તહોમતનામાસાં સૂર પુરાવવા જેટલી એમનામાં સ્વસ્થતા જ નહોતી. તેઓ તો કરુણ સિસકારા બોલાવી રહેલી ને ઊજમના બાહુમાં ઢગલો થઈને પડેલી સંતુની અગનવેદનાના ઉપચારો સૂચવવામાં જ રોકાયાં હતાં.

'હાથ ઉપર ચૂનાની આશ નિતારીને રેડો—'

'ના ના, દીવેલ ચોપડો, એટલે ફડફોલા બેસી જાય—'

'ગાલાવેલા થાવ મા ! આ કાંઈ રોટલો ચોડવતાં તાવડીની ઝાળ અડચાનો ફડફોલો નથી કે ફૂંક માર્યા ભેગો બેસી જાય. આ તો બે ય હાથ ભડથાં થઈ ગ્યા છે. એને તો શાપરને દવાખાને પાટો જ બંધાવવો પડશે—'

પાપી ઉપર પિસ્તાળ પાડવાને બદલે લોકો એના ઉપર આવો પ્રેમ વરસાવી રહે એ જીવાને કેમ કરીને પોસાય ? એણે ફરી વાર ત્રાડ નાખી :

'પારખું થઈ ગ્યું છે ને આપણો વે'મ સાચો પડ્યો છે. કેમ બોલ્યો નહિ ઓઘડભાભા ?'

'હવે આમાં બોલવાની જરૂર જ ક્યાં રઈ છે ?' રતાંધળા ઓઘડભાભાએ કહ્યું. 'આંધળું માણહે ય ભાળે એવું દીવા જેવું દેખાણું છે કે મારી મેલડી માનો કોપ સાચો છે. બાઈનું પાપ છતું થઈ ગ્યું...એના પેટમાં પારકાનું ઓધાન—'

સાંભળીને કેટલાક શ્રોતાઓએ મોઢેથી ડચ ડચ ડચકારા બોલાવીને આ પાપિણી પ્રત્યે તુચ્છકાર દર્શાવ્યો. બીજાં કેટલાંક ઓઘડભૂવાના આ ધોકાપંથી ન્યાય પ્રત્યે શંકા સેવીને મૂંગાં રહ્યાં અને બાકીનાં તો હજી પણ સંતુની અગનવેદના ઓછી કરવા માટે વિવિધ ઉપચાર

જ સૂચવતાં રહ્યાં. ભૂધર મેરાઈનો વલ્લભ તો તાબડતોડ ઢીંવેલ લેવા દોડી ગયો.

ચાર-પાંચ જુવાનિયાઓ તો આ રજમાંથી ગજ થઈ પડેલ કરુણ ઘટના નિહાળીને ઉશ્કેરાઈ ગયા, અને જીવાની આ જોહુકમી સામે ખુલ્લો વિરોધ કરી રહ્યા.

'બરકો શાપરથી શંકરભાઈ ફોજદારને. નખાવો આ ઓઘડિયાને હાથકડી—'

'જીવા ખવાહને જેલમાં જ પુરાવવો પડશે—'

હવે રતાંધળા ઓઘડની આંખ ઊઘડી ગઈ. બોલ્યો :

'હાથકડી પેરાવવાની સગી ! મેલડી રૂઠશે તો જાઈશ ઘી'હોડાં ફૂટતો—'

જીવાએ પણ સંભળાવી :

'જેલ જેલ શું કરી રિયા છો ! જેલું તો ભવ જોઈ નાખી !'

જુવાનિયાઓએ સામું સંભળાવ્યું :

'ઈ તો શાપરથી શંકરભાઈ ફોજદાર આવશે તયેં ખબર્ય પડશે કે કેટલી વીહુંએ સો થાય છે—'

'શાપરથી ય આઘેરા જા ની !' જીવાએ ગર્વોક્તિ ઉચ્ચારી. 'શંકરભાઈથી ય ઊંચેરા પૂગ્ય ની ! રાજકોટ જઈને મોટા સુપ્રિન્ટેન્ડેન્ટને તેડી આવ્ય, જા ! ગૂંજામાં ગાડીભાડું ન હોય તો મારી પાંહેથી લેતો જા !'

આખા જમેલામાં ત્રણ વ્યક્તિઓની સ્થિતિ વિષમ હતી. રામ-નામના ઉચ્ચાર જોડે જ સંભળાયેલી સંતુની કાળી ચીસ સાથે રઘાની આંખમાંથી જે પ્રથમ અશ્રુ સર્યું હતું એનો પ્રવાહ અસ્ખલિત ચાલી રહ્યો હતો. પોતે આ પાખંડીઓનું પ્યાદું બની બેઠા છે, એવી પ્રતીતિ થતાં મુખી ભવાનદાને ભયંકર વસવસો થઈ રહ્યો હતો. સંતુની ચીસ સાંભળીને જ એમના હૃદયમાં ચિરાડ પડી હતી અને એ અનાથ યુવતીની યંત્રણા જોઈને તો મુખીની આંખમાં ઝળ-

ઝળિયાં આવી ગયાં હતાં. આવી જ એક ત્રીજી વ્યક્તિ હતી ઊજમ. આજ સુધીમાં સંતુ ઉપર કલંકારોપણ કરવામાં જેણે કશી ય કમીના રાખી નહોતી; એ જેઠાણી અત્યારે સંતુનું દારુણ દુઃખ જોઈને પીગળી ગઈ હતી અને મન મૂકીને રડી હતી. વેદના સંતુ અનુભવતી હતી અને એને રુદન વાટે વાચા જાણે કે ઊજમ આપી રહી હતી.

'હુઉઉ...હુઉઉ...હુઉઉ...' હાથકડી, જેલ, ફોજદાર વગેરેની વાતો સાંભળીને ઓઘડને એકાએક શૂર ચડયું; એ ફરી ધૂણવા લાગ્યો.

'હુઉઉઉ...હુઉઉઉ...' કરીને એણે મેલડીનાં ગીતો ગાવા માંડયાં. એ સટીક ગીતની એકેકી તૂક વચ્ચે ઓઘડ પોતે જ ઊપજાવી કાઢેલી મલ્લિનાથી ઉમેરવા લાગ્યો :

'હું મારી સાત સૈયરું હાર્યે રથમાં બેહીને રમવા નીકળી'તી તયેં આ પારકાં ઓધાનવાળીએ મને અભડાવી.'

અને મેલડોના સાક્ષાત્કારની ખાતરી કરાવવા ઓઘડે સિફતપૂર્વક મોઢામાંથી નાડાછડી કાઢી આપી અને ચપટી ચોળીને એમાંથી કંકુ પણ વેર્યું અને પછી હૂક...હૂક...હૂક કરીને મોટે હાકોટે ધૂણવા માંડયું.

ફરી ભીરુ લોકો ભાવુક બની ગયા અને આ પાખંડી ભૂવાને મેલડી પ્રમાણીને પ્રણિપાત કરી રહ્યાં.

ઓઘડને આ અંધશ્રદ્ધાળુ લોકોની રગ હાથમાં આવી કે તુરત એણે ગીતની તૂક વચ્ચે ગદ્ય-ટિપ્પણ ઉમેરી દીધું :

'મને અભડાવનારીનો ઓછાયો મારા થાનકથી આઠ ગાઉ આઘો કાઢો—'

'કાઢશું મા ! કાઢશું; આઠ શું અઢાર ગાઉ આઘો કાઢી આવશું.' ડોસાંડગરાંઓએ પાઘડીઓ ઉતારી ઉતારીને ઓઘડને દંડવત્ નમસ્કાર કરતાં કોલ આપ્યો અને પછી યાચના કરી :

'તમે કે'શો એમ કરશું. પણ હવે ભલાં થઈને ગામ ઉપર

દિયા કરો, કોપ સંકેલો, મેઘરાજાને છૂટા મેલો ને પૂછ-મૂછ ઉપરથી ભાર ઉતારો !'

ઓઘડે શરતો મૂકી, ને માગણી કરી :

'મારો મલીદો !'

'ચડાવશું ચડાવશું !' એકસામટા કોલ આવી પડચા. 'તમે મહેર કરો એનાથી મલીદો શું મોંઘો છે ? ગાડરું કિયો તો ગાડરું ને બોકડો માગો તો બોકડો વધેરી દઈએ—'

હવે મેલડીએ વધારે શરતો મૂકી :

'સુવાસણને હાથે ને ગવતરીને દૂધે મારું થાનક ધોવરાવો—'

'સવા મણ દૂધે નવરાવશું. પછે છે કાંઈ ?'

હવે જુવાનિયાઓની ધીરજનો અંત આવ્યો.

'એલાવ, બરકો હાદા પટેલને; કરાવો આ ઓઘડિયા ઉપર ફોજદારી—'

'પણ હાદો પટેલ છે કયાં ? ડેલીએ તો કળાતા નથી—'

ઊજમે રડતાં રડતાં જ કહ્યું :

'ઈ તો સતીમાને થાનકે જઈને બેઠા છે, ને સંતુની રખ્યા કરવાનો ને પારખામાં પાર ઉતારવાનો જાપ કરે છે—'

'પારખામાં પાર ઊતરી ગઈ સોંસરવી !' હવે જીવાએ ઘા કર્યો. 'પાપ તો અંતે પીપળે ચડીને પોકાર્યા વિના રિયું ? આમ કોઈ વાત માનતા નહોતા, ને આ હજાર માણહની હરૂભરૂમાં ઘડો ફૂટી ગ્યો. અટાણે કાં સતીમા આડા હાથ દેવા ન આવ્યાં ? મેલડી મા તો હાજરાહજૂર છે. એની પાસે તો ચોખ્ખીફૂલ વાત. ભલભલા લખપતિની ય લાજશરમ ન રાખે. મેલડી મા તો માણસની માલીપાનો અરીસો. જેવું હોય એવું નજરોનજર દેખાડી દિયે !'

ઓઘડભાભા તરફથી આરોપીને સજા ફરમાઈ રહી અને ન્યાયની દેવડીમાં પલટાઈ ગયેલા આ ઠાકરદુવારના ગભારામાં લોખંડની જાળીની આડશે બિરાજતા ઠાકોરજી આ ન્યાયનું નાટક નિહાળી રહ્યા.

*

પ્રકરણ પંદરમું

# દલ્લી દેખા, બમ્બઈ દેખા !

રોટલાટાણું થયું પણ રઘો પોતાના આસન ઉપરથી ઊઠચો નહિ.

'રઘાને રોટલા વિના હાલે પણ તેજ–તમાકુ પાન ખાધા વિના ન હાલે.' લોકોએ આગાહી કરી. 'પાનની તલપ લાગશે એટલે આફુડો ઊઠશે.'

રાંઢા મળ્યા, પણ રઘાને રોટલાની કે પાનની કશી તલપ ન લાગી.

દરમિયાન ઓઘડભાભાએ સૂચવેલું 'મને અભડાવનારીને આઠ ગાઉ આઘી કાઢો 'નું આંદોલન જોર પકડતું રહ્યું. અગ્નિપરીક્ષાનું પરિણામ જાણ્યા પછી હાદા પટેલને એવો તો તીવ્ર આઘાત લાગેલો કે એ સાવ શૂન્યમનસ્ક થઈ ગયેલા. ખુદ સંતુ પણ આ અણધાર્યા પરિણામથી ડઘાઈ જઈને મૂંગી મૂંગી મનમાં ને મનમાં સમસમી રહી હતી.

સંતુના આ મૌનનો સારો ગેરલાભ લેવાયો.

'હવે શું મોઢે હોઠ ઉઘાડે ? બોલવા જેવું આમાં રિયું છે જ શું ? બોલવા જેવું હતું ઈ તો હંધુ ય તેલનો તાવડો બોલી ગ્યો છે, બે ને બે ચાર જેવી ચોખ્ખીફૂલ વાત !'

'આ હાથે કરીને હાથ બાળી બેઠી; એના કરતાં પહેલાં પરથમ જ પેટછૂટી વાત કબૂલી દીધી હોત તો ? આટલો ગામગોકીરો તો ન થાત !'

'ભાઈ ! આ કળજગમાં સંધાંય સતવાદી હરીચંદરાજા થોડાં છે કે સામે હાલીને પાપ પરગટ કરી દિયે ? ઈ તો સાંકડા ભોણમાં ગરે તયેં જ સરપ સીધો હાલે.'

'પાપ તો પીપળે ચડીને પોકારે, કૂડકપટ છાનાં રહી શકતાં હોત તો આ ધરતીમાતા ઉપર પાપના ભાર કેટલા બધા વધી ગયા હોત !'

'આપણે તો માનતા'તા કે શાપરમાં ઓલ્યા ગાગરભટે આખું ભારત વાંચી કાઢયું એમાં વરસાદ બંધાઈ ગ્યો. પણ ગામમાં જ આવાં અઘોર પાપ થ્યાં હશે એની કોને ખબર ?'

'મનમાં આવા મેલ હોય પછી તો પરણ્યા ધણીને ગૂડી જ નાખવો પડે ને ? માંડણિયો બચાડો ઠાલો મફતનો જેલમાં પુરાણો.'

'આવાં નુઘરાં માણહને પાપે નવાણિયો કુટાઈ ગ્યો—'

નવરાં માણસોમાં તરેહતરેહની નુકતેચિની ચાલી રહી. હવે માત્ર ઓઘડભૂવો કે મેલડી જ નહિ પણ ગામનું નાનું છોકરું પણ ન્યાયાધીશ બની બેઠું. આટલા દિવસ સુધી હાદા પટેલે સેવેલા સંયમયુક્ત મૌનનો પણ વિપરીત અર્થ ઘટાવાયો :

'હવે સમજાણું, હાદા પટેલે આટલા દિ' હોઠ સંચોડા સીવી જ કેમ રાખ્યા'તા, ઈ—'

'હંધુ ય જાણતા હોય પછે તો મોઢે મોટું ખંભાતી જ મારી રાખવું પડે કે બીજું કાંઈ ? સાઠ વરહનો ડાહો ઊઠીને જાંઘનો જખમ કોને દેખાડવા જાય ?'

'એક તો બચાડા સતીમાના ગોઠિયા, ને એમાં ઘરની જ વવે આવાં કૂડ કર્યાં, ડાહ્યાનાં ધોળાંમાં ધૂળ નાખવા જેવું કર્યું—'

'હજી જોજો તો ખરાં, સતીમા પંડયે જ કોપશે, ને ઠુમરના ખોરડાનું ધનોતપનોત કાઢી નાખશે—'

'ઠુમરના ખોરડાનું તો નીકળવાનું હશે તંયે નીકળશે, પણ અટાણે તો ગામ આખાનું નખોદ નીકળતું રોકવું હોય તો ઓલી

કુભારજાને ઝટ ગામમાંથી આઠ ગાઉ આઘી કાઢો—'

સાંજ પડી પણ રઘો એના સ્થાન પરથી ઊઠયો નહિ તેથી સહુને નવાઈ લાગી.

'એલા આ ભામણનું ત્રાગું તો બવ લાંબું હાલ્યું—'

'પણ ઘીના ઠામમાં ઘી પડી રિયા કેડેય હજી શું કામેને ઈ ત્રાગું કરીને બેઠો ?'

'ઈ તો કિયે છ કે તમે હંધાયે ભેગા થઈને સંતુ ઉપર વીતક વિતાડયાં છે એનું હું પ્રાછત કરું છું.'

'હવે જોયો મોટો પ્રાછત કરનારો ! સો ચુવા મારીને મીંદડી હજ પઢવા હાલી !'

'ઈ તો બનાવટી બાવો જ બમણી ભભૂત ચોળે ને ?'

'એનામાં ભામણના દીકરાનાં એકેય લખણ છે ખરાં ? નાનપણમાં સીમમાં હહલાં ગૂડી ગૂડીને મોટો થયો, ને હવે હાથમાં માળા લઈને બેઠો છે બગભગત !'

ધારણા તો એવી હતી કે સાંજે નહિ તો મોડી રાતે તો રઘો ઘર ભેગો થઈ જ જશે પણ એણે તો પુત્ર સાથે ભૂખ્યે પેટે ચોરાની ઓસરી ઉપર જ લંબાવી દીધું.

'લાંઘી લાંઘીને મરી જઈશ, પણ મારા જીવતાં ગામની નિયાણીને આવો અનિયા થાતો નહિ ભાળું !'

ભવાનદાની સ્થિતિ હવે સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી. અજવાળીકાકીએ એવો ગોળો ગબડાવ્યો કે મેલડીને અભડાવનારીનો ઓછાયો ગામમાંથી આઘો થાય તો પછી પાદરના પિયાવામાંથી પાણી પીવાનો કંઈ બાધ નહિ.

'તો પછી ઈ ઓછાયો આઘો કાઢવામાં હવે કોનાં શકન જોવાં બાકી રિયાં છે ?'

'કે પછી સંતડીને સોંઢાડવાની સારી તથ પુછાવવી છે ? તો બરકો શાપરથી કામેસર ગોરને.'

એક તરફ આવી વ્યંગવાણી ઉચ્ચારાઈ રહી ને બીજી તરફ ગામની પાણિયારીઓનો કકળાટ ઊઠ્યો.

'હવે તો વીરડેથી છાલિયે છાલિયે પાણી ભરીને હાથ દુઃખવા આવ્યા.'

'પાદરનો જ પાણીશેરડો મેલીનો નદીએથી બેડાં નથી સરાતાં અમારાથી.'

'ને આ દકાળ વરહમાં વીરડામાંય પાણી ક્યાં ઠારી રાખ્યાં છે? ટબૂડી ટબૂડી પાણી આછરતાં અડધો પો'ર લાગે છે.'

'હવે તો આનો કાંઈક નિકાલ કરો તો આ આપદાનો આરો આવે!'

અને આ 'નિકાલ' માટે સહુની નજર સ્વાભાવિક જ મુખી તરફ વળી.

'આ ગુંદાહરના નસીબે મુખી ય કેવા માલ વિનાના જડ્યા છે! ગણાય ગામનું ઢાંકણ, પણ મે'તો મારે ય નહિ ને ભણાવેય નહિ, એવા માથે પડ્યા છે.'

'મુખીની નામની તો ફેહ ફાટવી જોઈએ! કોઈની દેન છે કે આવી લબાડોકબાડી કરી જાય? પણ આપણા ભવાનદા તો સાવ નરછીં મેં'તા જેવા જ છે.'

ત્રીજા દિવસની સવાર પડી ને મુખીની સ્થિતિ વધારે વિષમ બની. બે દિવસથી રઘાએ મોઢામાં અનાજનો દાણો ય મૂક્યો નહોતો. ઠાકરદુવારે દેહ પાડી નાખવા બાબતમાં એ પૂરેપૂરો કૃતનિશ્ચય લાગતો હતો. બીજી બાજુ, સંતુનો ઓછાયો ગામમાંથી દૂર કરવાની માગણી વધારે જોર પકડતી જતી હતી.

જેમ જેમ મુખી રઘાને અનશન છોડવાનું સમજાવતા ગયા તેમ તેમ રઘો વધારે મક્કમ બનતો ગયો.

'સંતુને કહટ આપવામાં તમે પાછું વાળીને નથી જોયું. હવે એને ગામ બહાર કાઢશો તો હું ઠાકુરદુવારને પગથિયે જ પેટકટારી

ખઈને પ્રાણ કાઢી નાખીશ.'

રઘાની આ ધમકી સાંભળીને તો મુખી ઉપરાંત હવે જીવા ખવાસને પણ થોડી ગભરામણ થઈ. ન કરે નારાયણ ને ઠાકરદુવારમાં ભામણના દીકરાનો દેહ પડે તો પછી ઉપાધિનો પાર ન રહે. આ ગભરામણને લોકો વળતી ધમકીઓ રૂપે વ્યક્ત કરી રહ્યા.

'આ ભામણ તો ભાટચારણથી ય ભૂંડો નીકળ્યો! આવાં તર્કટી ત્રાગાં ક્યાંય મલકમાં ય સાંભળ્યાં'તાં?'

'વાંહે કોઈ રોનારી કે ચૂડલો ભાંગનારી નથી એટલે પેટકટારી ખાવાની ભવાઈ સૂઝે છે, ને ગામ આખાને હેરાન કરે છે!'

'આ તો સાચે જ ભવાઈ કરે છે, ભવાઈ. જિંદગી આખી ભવાયો જ રિયો છ. કંઈ અલકમલકમાં ફર્યો છે ને ને જાત્યભાત્યના વેશ ભજવી આવ્યો છે એટલે હવે આ મરવાનો વેશ લઈને બેઠો છે—'

'અરે હંધું ય મનમાં સમજ્યા જેવું છે. આ રઘલો તો પણે આફ્રિકાના જંગલમાં ઘણા ય સીદી ને આરબાંવને જીવતા મારીને આવ્યો છે. ઈ હવે ગુંદાહરમાં આવીને શું પોતાને હાથે જ મરશે! રામરામ ભજો!'

'પણ તો પછે ગામ આખાને ફૂચે શું કામ મારે છે?'

'ને પોતાને એકલપંડચે મરવું હોય ને પેટકટારી ખાવી હોય તો મર ખાતો; પણ ભેગો આ ખોળે લીધેલા પારકા જણ્યાનેય શું કામે ભૂખે મારતો જાય છે?'

મામલો વધારે ગૂંચવાયો એટલે ગામલોકોએ મુખીને પણ પડતા મૂક્યા ને બધો દોર પોતાના હાથમાં લઈ લીધો.

'ભવાનદાને ભરોહે રેશું તો તો ખુવારને ખાટલે થૈ જાઈશું. એક સાડલો વીંટનારીને ગામ બાર્ય કાઢવી એમાં તી કયા મોટા વેદ ભણી નાખવા'તા! એક કતીકો મારશું ઈ ભેગી સીમ વળોટી જાહે—'

મુખીની ઉપરવટ જઈને પણ ધાર્યું કામ પાર પાડવાનો જીવા ખવાસે નિર્ણય લઈ લીધો, અને એ નિર્ણયનો અમલ કરવા માટેનો દિવસ પણ નક્કી કરી નાખ્યો. અમાસને દિવસે અકતો હોય એટલે સહુને આ સાર્વજનિક કામ પાર પાડવાની નવરાશ પણ હોય. વળી એ વેળા મુખી કે રઘો કાંઈ અવરોધ ઊભા કરે તો સામટા માણસો એમને સીધાદોર કરી શકે.

અમાસની એ આગલી રાતે ગુંદાસરમાં જાગરણ જેવું જ થઈ પડ્યું. જાતજાતની અફવાઓ, આગાહીઓ અને અનુમાનો થયા કરતાં હતાં. એક અનુમાન એવું હતું કે આજ સુધી મૂંગા રહેલા હાદા પટેલ હવે પોતાનો પરચો બતાવવાના છે. ડેલીને ઊંબરે એ ડોસા કડીઆળી ડાંગ લઈને ઊભા રહેશે અને જે માણસ સંતુને બહાર કાઢવા આવશે એની ખોપરી ફાડી નાખશે.—

એક અફવા એવી હતી કે અગ્નિપરીક્ષાની અને સંતુની હકાલપટ્ટીની સઘળી બાતમી શંકરભાઈ ફોજદારને કાને પહોંચી ગઈ છે, અને સવારના પહોરમાં એ ગામમાં આવીને જીવલાને ને નથુ સોનીને જેર કરશે.

એક આગાહી તો એવી હતી કે સંતુને ગામમાંથી બહાર કાઢશે ત્યારે રઘો ને એનો છોકરો ગિરજો ઝાંપા આડા ઊભા રહેશે. રઘો પહેલવહેલાં ગિરજાને પેટકટારી પરોવીને એનું લોહી છાંટશે, ને પછી પોતે કટારી ખાઈને ઝાંપા આડો સૂઈ જાશે.

* * *

અમાસનું વહાણું વાયું ત્યારે આ ત્રણ અનુમાનોમાંથી એકેય સાચું ન પડ્યું. એને બદલે ગુંદાસરમાં એક ચોથી જ અણધારી ઘટના જોવા મળી.

બહારગામથી ચાલતી આવેલી એક ડોસી ખભે કાચના ટચૂકડા કબાટ જેવું કશુંક બાંધતી આવી ને ઠાકુરદુવારના ચોકમાં જ એણે

બગલમાંથી નાનકડી ત્રણ પગાળી ઘોડી કાઢીને એના ઉપર પેલું કબાટ ગોઠવી દીધું.

થોડી વારમાં તો એણે આ કબાટ પરથી દૂરબીન જેવાં ખાનાંનાં ઢાંકણાં ઉઘાડ્યાં, ને અરધું ગામ સાંભળે એવા મરદાની રાગે જાહેરાત ગાવા માંડી :

'દિલ્લી દેખો, બમ્બઈ દેખો !'

'દિલ્લી દેખો, બમ્બઈ દેખો !'

અવાજ સાંભળીને રઘાના કાન ચમક્યા.

થોડી વારમાં તો આ નવતર દૂરબીન મારફત દિલ્હી ને મુંબઈ બન્ને નગરીઓ જોવાનું કુતૂહલ ન નાથી શકનારાઓનું ટોળું જામી ગયું.

આસપાસની શેરીઓમાંથી નાગાંપૂગાં ટાબરિયાં આવી પહોંચ્યાં.

ડોસીએ વધારે મોટેથી જાહેરાત કરવા માંડી :

'એકેક પૈસો, એકેક પૈસો !'

લોકો બધાં એક પૈસો શોધવા ખિસ્સાં ફંફોસવાં લાગ્યાં.

'આગરે કા તાજ દેખો !'

'બારા મનકી ધોબન દેખો !'

'વિલાત કી રાની દેખો !'

એક પછી એક આકર્ષણ જાહેર થવા લાગ્યાં.

આબાલવૃદ્ધ સહુ એકઠાં થઈ ગયાં. ઘડીભર સંતીની હકાલપટ્ટીનો પ્રશ્ન ભુલાઈ ગયો, રઘાની લાંઘણ વિસરાઈ ગઈ, શંકરભાઈ ફોજદારના આગમનનો ભય પણ વિસારે પડ્યો અને સહુ લોકો ગામમાં આવેલી આ નવતર વ્યક્તિના નિરીક્ષણમાં રોકાઈ ગયાં.

ગામમાં ઘરડામાં ઘરડો ડોસો ઓઘડભાભો હતો. પોતે છપનિયો દુકાળ નજરે જોયો હોવાનો એનો દાવો હતો. એને એંસીમે વરસે માતાના ગોખલા જેવા એના બોખલા મોંમાં નવી દાઢ ફૂટી હતી. આંખે રતાંધળો હતો છતાં એનું અંધત્વ સગવડિયું અંધત્વ હતું,

પોતાને પ્રતિકૂળ હોય ત્યારે એ કશું ન સૂઝવાનો ડોળ કરતો અને સાનુકૂળ હોય ત્યારે સઘળું જોઈ શકતો. વળી, દિવસ કરતાં એને રાતે વધારે સૂઝતું તેથી લોકો એને ઘૂડપંખ કહીને પણ ઓળખતાં.

આ આંધળા ઓઘડભાઈએ અત્યારે ધોળે દિવસે આ આગંતુકને ઓળખવા માટે ધોળાં પૂણી જેવાં નેણ ઉપર હથેળીનું છાજવું ગોઠવ્યું અને થોડી ક્ષણમાં એ આશ્ચર્ય સાથે પોકારી ઊઠ્યો :

'એલા, આ ડાહીનો અણહાર અમથી સુતારણ્ય જેવો નથી લાગતો ? કે પછી મને હવે આંખ્યે ઝાંખ્ય આવવા મંડી છે ?'

*

## પ્રકરણ સોળમું

## તાતી તેગ

'ઓઘડભાભા ! અટાણના પોરમાં ભાંગબાંગ તો નથી પીધી ને ? આ કાબુલીવાળાને ભાળીને અમથી સુતારણ્ય સાંભળી આવી તમને તો !' જુવાનિયાઓ ડોસાની મજાક કરી રહ્યા.

'માણહની સાઠે બુદ્ધિ નાઠે ને ઓઘડભાભાને તો સાઠ ઉપર એક વીહું વરહ વીતી ગયાં, એટલે તો આવાં ગાંડાંઘેલાં જ કાઢે ને !'

'બુવાએ પણ ભાર્યે કરીને ! સંભારી સંભારીને બીજા કોઈને નહિ, ને અમથી સુતારણ્યને જ સંભારી !'

પોતે કરેલા નિરીક્ષણ વિષે આવાં ટોળટીખળ થવા લાગ્યાં તેથી ઓઘડ જરા ઓઝપાઈ ગયો. આંખે બાઝેલાં પરવાળાનાં પાણી લૂછીને નજર વધારે સતેજ બનાવી અને કપાળ પર ફરી વાર હથેળીનું છાજવું ગોઠવીને એણે વળી ગામના આ નવતર આગંતુકનું નિરીક્ષણ કરવા માંડ્યું.

'દલ્લી દેખો, બમ્બઈ દેખો !'

'આગરે કા તાજ દેખો !'

એકેકથી ચડિયાતાં આકર્ષણોના પ્રલોભનથી ટાબરિયાંઓની સારી એવી ઠઠ જામી ગઈ. મોટેરાંઓને પણ આ નવતર આગંતુક અને એની જોડેનો એટલો જ નવતર 'પટારો' જોઈને એનું નિરીક્ષણ કરવાનો રસ લાગ્યો.

'આ પટારાની માલીપા સિનેમા થાય છે.'

'આને સિનેમા નહિ, બાઇસ્કોપ કે'વાય.' બીજાએ ભૂલ સુધારી.

'શાપરમાં ઘણી ય વાર આવા આવે છે, ને ગામને ધૂતી જાય છે.'

'એકેક પેસા...એકેક પેસા...'

ભાવતાલ સાંભળીને ઘણા ય પ્રેક્ષકો ભડકી ગયા. આ હરતા-ફરતા 'સિનેમા'ની ફી તરીકેનો આખો પેસો મેળવવાનું કામ નાનાં બાળકો માટે મુશ્કેલ હતું. એ હકીકત સમજતાં ડોશીને જરાય ય વાર ન લાગી. તુરત એણે ટિકિટ માટેના રોકડ નાણાંને બદલે વિકલ્પ સૂચવ્યો :

'છૂટું ફદિયું ન હોય તો અડધો અડધો રોટલો લઈ આવો.'

અને પારધીની જાળમાંથી ફરરરર કરતાં પક્ષીઓ ઊડે એમ આ ટાબરિયાં ઘર ભણી ઊડ્યાં ને થોડી વારમાં તો શિરામણમાંથી વધેલા રોટલા લઈ લઈને આ સિનેમા જોવા આવી પહોંચ્યાં.

ડોશીએ એક ખભે ભરાવેલી ઝોળીમાં એકેક રોટલો નાખીને બાયોસ્કોપનું એકેક ખાનું ખોલવા માંડ્યું. પિત્તળની સાંકળ વડે બાંધેલો એકેક ડાબલો ઊઘાડતાં એની અંદરના કાચ ઉપર નજર નોંધીને એકેક ભૂલકું ગોઠવાઈ ગયું. ડોશીએ પટારાને એક છેડે ગોળ ઊભા ભૂંગળા ઉપરનું હેન્ડલ ફેરવવા માંડ્યું અને યંત્રની ભીતરમાં પસાર થતાં દૃશ્યોનું કર્કશ અવાજે વર્ણન કરવા માંડ્યું :

'વેલાત કા રાજા દેખો.–'

'દલ્લી કા દરબાર દેખો–'

'રાની કા હજીરા દેખો–'

'બમ્બઈ કી બીબી દેખો–'

'બારા મન કી ધોબન દેખો–'

બાર મણની ધોબણનું દૃશ્ય જોઈને ટાબરિયાં ખડખડાટ હસી પડ્યાં. 'અરર, આટલી જાડી બાયડી હોય ?'

'આ તો ભીમની વવ લાગે છ !'

ઘેરો વળીને દૂર ઊભેલાં મોટેરાંઓએ આ બાર મણ વજન-વાળી ધોબણનું દૃશ્ય નજરોનજર જોયું નહોતું. છતાં તેઓ વર્ણન-

માત્રથી જ મરક મરક મલકી ઊઠ્યાં. એક માત્ર ઓઘડ અત્યારે આ આગંતુકના વધારે ઝીણવટભર્યા અવલોકનમાં રોકાયો હોવાથી એને હસવાની નવરાશ નહોતી.

'માનો ન માનો; પણ અણુહાર તો અમથીનો જ—' ડોસાએ ફરી વાર પોતાનું નિરીક્ષણ કહી સંભળાવ્યું. 'તમે સહુ મર મને આંધળો કીધા કરો, પણ મારી વાત ખોટી પડે તો તમારું ખાહડું ને આ ઓઘડનું માથું—'

'એલા ડોહા! ડાગળી ચસકી કે શું? અમથીને મરી પરવાર્યાંને તો જનમારો થઈ ગ્યો, ને એનો ધણી વેલજી ડોહો ય વાંહે વલોપાત કરી કરીને મરી ગ્યો—'

'તો પછી અમથીનું ભૂત હશે!' ઓઘડભાભાએ દલીલ કરી.

'ભૂત? તું પંડ્યે જ મેલડીનો ભૂવો છો, તી ડાકલું વગાડી ધુણાવી જો, તો હમણાં ખબર્ય!'

બજારમાં ચોકમાં આવાં નાટક-ચેટક ચાલી રહ્યાં હતાં ત્યારે ગામને ઝાંપે એક દરબારી મોટરગાડી આવીને ઊભી હતી. ગાડીની આગલી બેઠકમાં શંકરભાઈ ફોજદાર કરડાકીભરી સિકલ સાથે બેઠા હતા અને ગાડી બહાર કાસમ પસાયતો અદબભેર ઊભો ઊભો જવાબ આપતો હતો.

'ના સા'બ! કોઈ કરતાં કોઈને નથી ભાળી, મેંસૂઝણા ટાણે છેલ્લી રોન મારી આવ્યા કેડ્યે હું આ ખાટલેથી આઘો ખસ્યો જ નથી ને!...ના સા'બ! ના. એમ અજાણ્યું માણહ ગામમાં શેનું ગરી જાય?...તો તો આટલાં વરહ પહાયતું કર્યું ઈ પાણીમાં જ ગ્યું ગણાય ને?......હા, સા'બ! પરગામથી આવનારને એકો-એકને નામઠામ પૂછ્યા વન્યા પાદરમાં પગ મેલવા નથી દેતા... થોડાક દિ' મોર્ય કાળકાની ટૂંકેથી આલ્યો ઘૂઘરિયાળો એનો લાગો ઊઘરાવવા આવ્યો તંયે એને ય પડકારી જોયો'તો...એમ વે'મ નો રાખું તો તો સહુ પોલું ભાળી જાય ને સાંજ મોર્ય ગામ લૂંટાઈ

જાય...ના સા'બ ! કાળી મુહરી વેચવાવાળી કે ધોળી વેચવાવાળી કોઈને મેં ભાળી નથી...કાબુલીવાળી ય નહિ ને કલકત્તાવાળી ય નહિ....ગામની પાણિયારી વવદીકરિયું સિવાય કોઈનો આવરોજાવરો આ ઝાંપામાંથી થ્યો જ નથી....એક માતર વખતી ડોહી વગડો કરીને આવી, ઈ જ. કોઈ અજાણ્યું બાઈમાણુહ ભાળ્યું જ નથી ને !...'

ઝાંપે મોટર પડી છે ને એમાં શંકરભાઈ ફોજદાર બેઠા છે એવી જાણ થતાં જ ગામમાં ફફડાટ થઈ ગ્યો. ઝાંપા નજીક વસતાં અને ગામ-પરગામમાં ગણેશિયા ભરાવીને લોંટાઝોંટા કરવામાં પાવરધાં એવાં કાંટિયા વરણનાં ખોરડાંઓમાં કેટલોક ચોરાઉ મુદ્દા-માલ સગેવગે થવા લાગ્યો. કેટલાક નામચીન અને 'શકમંદ' શખસો ફોજદારની બીકે આઘાપાછા થવા લાગ્યા.

બજારના ચોકમાં ભજવાતા નાટક જેવું જ એક બીજું નાટક હાદા ઠુમરની ખડકીમાં ભજવાઈ રહ્યું હતું. જીવો ખવાસ જાણે કે મોઢામાં તરણું લઈને હાદા પટેલને શરણે આવ્યો હતો અને કર-ગરતો હતો.

'બાપા ! અટાણે તો તમે જ મને મારો ને તમે જ મને જિવાડો.'

'મારનારો કે જિવાડનારો તો ઊંચે બેઠો છે, હજાર હાથવાળો. આપણે કાળાં માથાનાં માનવીનું શું ગજું ?'

'હાદાબાપા ! અટાણે તો તમે જ મારા ભગવાન છો. ભલા થઈને મારો ગનો માફ કરો...આમાં મારો વાંક નથી. હંધુંય કોઠું નથુ સોનીએ ઊભું કર્યું'તું—'

'થાવા કાળે થ્યા કરે—' હાદા પટેલ દર્શનિકની અદાથી ઉત્તર આપતા હતા.

'થાવામાં તો હવે શું બાકી રઈ છે ? સોની ને એની સોના-રણ્યે થઈને સંતુ ઉપર છાણાં થાપ્યાં છે. બિચાડી જલમદખિયારીને

માથે દુઃખનાં ઝાડવાં ઊગાડયાં છે !'

'હોય. કરમની વાત—'

'કરમ ? અરે ઊભી હોય તો આંગણું કોળી ઊઠે એવી સતવતી બાઈ ઉપર આવાં આળ ચડાવ્યાં, એને કરમની વાત કે'વાય ? હંધા ય કારહા ઓલ્યા સોનકાના—'

આગલી રાતની અફવા જાણે કે સાચી પડી હોય એમ લાગતું હતું. સંતુને ગામની સીમ બહાર હાંકી કાઢવાની યોજના સામે જુવાનિયાઓ શાપરથી ફોજદારને બોલાવનાર છે એવો જે ગપગોળો ઊડેલો એ સાચો પડયો લાગતો હતો, અને તેથી જ ગામના ચૌદશિયાઓ ફફડી ઊઠયા હતા. ગુનેગારોમાં ગભરાટ વ્યાપી ગયો હતો. રાંપીના ઘા જેવો તાલ થઈ ગયો હતો.

'જીવા ખવાહને જેર કરશે !'

'નથુ સોનીને હાથકડી નાખશે !'

'ના રે ના, સાચો ગુનેગાર તો ઓઘડભાભો જ ગણાય. ડાકલાં વગાડી વગાડીને મેલડીને નામે સંતુડીના હાથ સસડાવી મેલ્યા, તી પહેલવહેલી કડી તો એને જ પે'રાવશે.'

'અરે જોજો તો ખરા, શંકરભાઈ ફોજદારના ઝપાટા ! ઠેઠ કાળકામાતાની ટ્રંક લગણુ પગેરું કાઢીને ઓલ્યા ઘૂઘરિયાળાનો જબાપ માગશે.'

એક તરફ રઘો મ્યાનમાંથી કાઢેલી કટારીને નજર સન્મુખ મૂકીને હવે સંતુ પર શી વીતે છે એની રાહ જોતો રહ્યો; બીજી તરફ 'દલ્લી દેખો, બમ્બઈ દેખો !'નો ખેલ ચાલતો રહ્યો. ત્રીજી તરફ ઓઘડભાભો આ આગંતુક વૃદ્ધાને ઓળખવા માટે વિવિધ અણુસાર અને એંધાણુાને યાદ કરતો રહ્યો, ચોથી તરફ, ગામને પાદર અણુધાર્યા આવી પહોંચેલા પોલીસ અફસરનો પંજો કોના ઉપર પડે છે એ અંગે અનુમાનો થતાં રહ્યાં.

'રઘાભાઈ ! આ કટાર હવે મ્યાન કરો ! હવે સંતુને કોઈ

ગામબાર્યં કાઢવાનું નથી.'

એક આંખ નાગી કટાર સામે માંડીને અને બીજી આંખ દૂર ચાલી રહેલા 'દલ્લી દેખો !' વાળા તમાશા પર નોંધીને અન્યમનસ્ક જેવો બેઠેલો રઘો આ વિનંતી સાંભળીને વિસ્મય અનુભવી રહ્યો. જોયું તો સામે જીવા ખવાસે જાણે કે ખોળો પાથર્યો હતો.

'ગોર બાપા ! ગામને પાપે તમે બવ કહટ વેઠ્યાં, હવે હાંઉ કરો ને તણ્ય તણ્ય અપવાસનાં પારણાં કરો.'

રઘાએ જીવાની આંખમાં પોતાની આંખ પરોવી કે તરત જીવો ધ્રૂજી ઊઠ્યો.

'ભુદેવ ! મેં તમને બવ દૂભવ્યા છે...ભામણના દીકરાની આંતરડી કકળાવીને કોણ જાણે કિયે ભવ છૂટીશ ? પણ આ ભવમાં તો મારો વાંકગનો ભૂલી જાવ !'

રઘો સાંભળતો રહ્યો. ઠાકરદ્વારે બેઠાં એને ક્યાંથી ખબર પડે કે આ ક્ષમાયાચક ઉક્તિઓ જીવો નથી બોલતો પણ પાદરમાં આવીને પડેલી શંકરભાઈ ફોજદારની મોટરગાડી બોલાવી રહી છે ?

ગ્રામજીવનની આવી અટપટી જીવનરીતિ સમજવાને અશક્ત અને અબુધ એવો ગિરજાપ્રસાદ આશ્ચર્યમુગ્ધ બનીને આ નાટક નિહાળી રહ્યો.

'હાદા પટેલ પાંહે હું હંધીય પેટછૂટી વાત કરીને આવ્યો છું. ઈ સતીમાના જોડિયા તો સાગરપેટા, એટલે મારા હંધા ય વાંકગના માફ કરી દીધા છે... મેં પાપ કરવામાં પાછા વળીને પછ-વાડે જોયું નથી. તમે ગોરદેવતા તો મા ગવતરી જેવા ગણાવ, તમને દૂભવીને તો હું દહ ભવે ય નંઈ છૂટું. કિરપા કરો ને મારાં કરતૂક હંધાંય ભૂલી જાવ !'

જીવો રાજરમતનો જબરો ખેલાડી હતો. પણ રઘાએ જીવા કરતાં વધારે ખેલ ખેલી જાણ્યા હતા. જીવો તો એકલી ઓઝતનું જ પાણી પીને મોટો થયો હતો, પણ રઘાએ તો અલકમલકનાં

પાણી પીધાં હતાં. પોતાની મૂછ ખંખેરે તો એમાંથી દસ જીવા ખવાસો ખરે એટલી રઘાની ગુંજાશ હતી. પણ એ તો એના પૂર્વાશ્રમની વાત થઈ. હવે એ ગુંજાશ કે મુત્સદ્દીગીરી કામે લગાડવાની એની ઇચ્છા નહોતી. અત્યારે તો એના દિલમાં 'દલ્લી દેખો, બમ્બઈ દેખો !'ની શબ્દાવલિએ જ એવું તો ઘમસાણ મચાવી મૂક્યું હતું કે ડાહ્યોડમરો બનીને પગે પડતો આવેલો જીવો શું બોલી રહ્યો છે એ સાંભળવામાં ય એને રસ રહ્યો નહોતો...

અડધી દુનિયા પગ તળે કાઢી ચૂકેલ રઘો અત્યારે 'દલ્લી દેખો, બમ્બઈ દેખો !'ના ઇજન દ્વારા માત્ર દિલ્હી કે મુંબઈ જેવાં શહેરો નહિ પણ પોતાની ગત જીવનયાત્રાનાં વિવિધ ધામો નિહાળી રહ્યો હતો. કેવી બહુરૂપી ને બહુરંગી એ યાત્રા હતી !...ઝડપભેર જિવાઈ ગયેલા એ ગત જીવનનું આખું ય ફલક અત્યારે ભાતીગળ ચૂંદડીની જેમ રઘાની નજર સામે ઊપસી આવ્યું.

આ યાત્રાનો યાત્રી હું પોતે જ હતો ? રઘાના મનમાં એક વિચિત્ર પ્રશ્ન ઊઠ્યો. અલકમલકમાં વંટોળિયાની જેમ ઘૂમી વળનાર, અનેકાનેક વેશ ધારણ કરનાર, કંઈ કંઈ સારાંનરસાં કૃત્યો કરનાર, નેકી અને બદીની એક વિલક્ષણ ગંગાજમની જેવું જીવન જીવી જનાર હું પોતે જ હતો.

'રઘાબાપા ! આ હંધાં ય પાપનાં મૂળમાં નથુ સોની જ હતો. અજવાળીકાકીએ અમને સહુને ઊંબેળ્યાં'તાં. ધણીને ખારે શોક્યનો ખાટલો સળગાવી મેલે ઈ માંયલાં અજવાળીકાકી. પોતાનાં ઢાંકવા પારકાંનાં ઉઘાડવા ગઈ, પણ કૂડકપટ ક્યાં સુધી નભે ? શંકરભાઈ ફોજદાર એની ધૂળ કાઢી નાખશે...ને ઘીના ઠામમાં ઘી પડી રહેશે. આજ સંતુને અભેદાન સમજી લ્યો, ને હવે આ કટારી મ્યાન કરો ! આ ગામનાં પાપ તો આવી ભરાણાં છે ને એમાં વળી બ્રહ્મહત્યાનું નવું પાતક ચડશે.'

જીવાને ભય તો એ હતો કે રખે ને રઘો પેટકટારી ખાઈ

બેસશે તો ફોજદારની હાજરીમાં ગુનેગાર હું ગણાઈ જઈશ, તેથી વારે વારે એ કટાર મ્યાન કરવા વિનવી રહ્યો હતો.

રઘો તો પોતાની જ ભીતરમાં ચાલી રહેલા દ્વન્દ્વમાં અટવાયો હતો. આજ સુધીની જિંદગાનીમાં આટઆટલા પ્રપંચો આચરનાર રઘો, અને આજે આખર જતાં ગામની એક પતિવ્રતાની વહારે ચડીને ઠાકરદુવારે પ્રાણપ્રતિષ્ઠા કરી રહેલ રઘો, એક જ વ્યક્તિ છે? આ જીવનદર્પણમાં દેખાતી મિશ્રિત રેખાઓવાળી મુખચ્છવિ મારી પોતાની છે?

અને તુરત રઘાના મનમાં પ્રશ્ન ઊઠયો: જિંદગીની આવી કઢંગી રફતારનો અંત શો હોઈ શકે? આ લાંબી મજલની આખરી આરામગાહ કયાં હશે?

'રઘાભાઈ! આ નાગી કટારીને હવે લોહી ચખાડયા વિના મ્યાનમાં ન મુકાય ઈ તો હું ય જાણું છું.' જીવાએ કહ્યું. 'તો લ્યો, આ મારી ટચલી આંગળીએ આછેરો છરકો મારી લ્યો, એટલે એને લોહી ચખાડયું વહી જાય; ને પછી એને મ્યાનમાં પૂરી દિયો.'

પણ જીવાની બધી જ વિનવણીઓ વ્યર્થ ગઈ. રઘાની સન્મુખ તાતી તેગ તગતગી જ રહી.

*

## પ્રકરણ સત્તરમું

# પેટકટારી

પાદરમાં 'મોટરગાડી'માં બેઠેલા શંકરભાઈ કાસમ ઉપર રાતાપીળા થઈ રહ્યા હતા :

'પાતાળ ખોદીને ય પગેરું કાઢો. છ છોકરાંને પકડી ગઈ છે ને ઘણુંયની ડોકમાંથી ઓમ્‌કાર કાપતી આવી છે.'

કાસમ ગેંગેં ફેંફેં કરતો હતો : 'પણ સા'બ ! આણી કોર્ય આવવાને સાટે રાણુપરની સીમ ઢાળી નીકળી ગઈ હશે. નીકર કાંઈ સંજવારીમાં સાંબેલું સંચોડું હાલ્યું જાય ?'

આ વાતચીત ચાલતી હતી ત્યાં જ બે પાણિયારીઓ ખાલી બેડે ઓઝત તરફ જવા નીકળી, એ વાતો કરતી હતી :

'ડોસીએ કાંઈ કરામત કરી છે કાંઈ કરામત ! કાચના ડબલામાં જુવો તો દલ્લીનો દરબાર દેખાય !'

'બચાડી સૂકા રોટલાનાં બટકાં ભિક્ષાવીને પેટ ભરતી લાગે છે.'

'કો'ક અજાણ્યા મલકમાંથી આવી હશે. ભાત્યભાત્યની બોલી બોલે છે—'

શંકરભાઈ નિરાશ થઈને રાણુપરની સીમમાં સગડ કાઢવા જતા હતા ત્યાં જ પસાર થતી આ પાણિયારીઓની વાતચીતે એમને વહેમમાં નાખી દીધા. કાસમને વીજળીના ઝબકારા જેવો અણસારો મળી રહ્યો.

ચોકમાં હવે ઓઘડભાભાએ પોતાના નિરીક્ષણના સમર્થન માટે

વખતી ડોસીની સહાય લીધી હતી.

'આ અમથીની જ નાની બેન નથી લાગતી ?'

'નાની બેને ય હોય ને મોટી બેન ય હોય.' વખતી કહેતી હતી. 'ને ભલી હોય તો અમથી પંડ્યે પણ હોય.'

'પણ હવે અમથી તો શની જીવતી હોય ? પળ પટલાઈ ગઈ; કે'દુની મરી પરવારી હશે.'

'પણ ડોશીને પંડયને જ પૂછી જુવોની ?' ભાણા ખોજાએ સૂચન કર્યું અને પછી પોતે જ એનો અમલ પણ કરી દીધો. ટોળામાંથી જરા આગળ આવીને એણે ડોશીને પૂછ્યું :

'એલી બાઈ ! તું અમથી સુતારણ્ય જ છો કે બીજી કોઈ ?'

અને ઉત્તરમાં ડોશીએ કોઈક એવી તો અપરિચિત બોલીમાં વડછકું ભર્યું કે શ્રોતાઓ એ અજાણ્યા શબ્દો—અને એથી ય વિશેષ અજાણ્યા ઉચ્ચાર—સાંભળીને ખડખડાટ હસી પડયાં.

આ સામૂહિક હાસ્યના ખડખડાટ અવાજમાં ડાઘિયા કૂતરાનો મોટેથી ભસવાનો અવાજ એકાએક ઉમેરાઈ ગયો. ડાઘિયો કયા અજાણ્યા માણસને ભસી રહ્યો છે એ જોવા કોઈએ પાછળ નજર કરી તો સામેથી કાસમ પસાયતો હાથમાં લાકડી લઈને આવતો હતો, અને એના ખાખી ગણવેશથી ભડકીને ડાઘિયો ડાંઉ ડાંઉ ભસતો હતો.

ગામઝાંપાના દરવાજાની દોઢીમાં દિવસ દરમિયાન નિરાંતે ખાટલે પડચો પડચો 'પહેરો' ભરવાને ટેવાયેલો કાસમ આજે ધોળે દિવસે શા કામે ગામમાં ગર્યો એ જાણવાનો કોઈ પ્રયત્ન પણ કરે એ પહેલાં તો કાસમ મણ મણની ગાળો ઉચ્ચારીને ને લાકડી ઉગામીને ટોળામાંથી મારગ કરીને અંદર ધસી આવ્યો ને 'રાણીકા બાગ દેખો !' નું વર્ણન કરી રહેલી વૃદ્ધાના વાંસા ઉપર ધડ કરતીકને હાથમાંની લાકડી ફટકારી દીધી.

'મલકની ચોરટી ! આવા ખેલ કરી કરીને ગામને લૂંટવા

નીકળી છે ?'

લાકડીના ફટકા સાથે જ વૃદ્ધાના મોઢામાંથી નીકળી ગયેલા વોયકારાને ગણકાર્યા વિના જ પસાયતાએ એને ઊડઝૂડ પ્રહારો કરવા માંડચા :

'નામ સિનેમા દેખાડવાનું ને ધંધા જાકુબીના ? બોલ્ય, ક્યાં સંતાડચાં છે હંધાં ય છોકરાં ?'

પસાયતાના આ પ્રશ્નના ઉત્તરમાં ડોશીએ કોઈક એવી તો જડબાતોડ ભાષામાં ગોટા વાળ્યા કે એનાં ઉચ્ચારણોએ શ્રોતાઓને હસાવ્યા, ને કાસમને બમણો ઉશ્કેર્યો. કોઈક સરહદી લોકબોલીના વળતા ઉત્તરમાં પસાયતાએ શુદ્ધ સોરઠીનો પ્રયોગ કર્યો.

'રાંડ ગોલકીની ! મારી સામે ગોટપીટ કર છ ? ભીંગડાં ઊખેડી નાખીશ, ભીંગડાં !'

અને આ વખતે તો વૃદ્ધા કોઈ અજાણી બોલીમાં કશો ખુલાસો પણ કરી શકે એ પહેલાં જ કાસમે ધડ કરતીક લાકડી ફટકારી દીધી.

'દલ્લી દેખો'ના ખેલમાં અડધેથી ભંગ પડચો. કેટલાંક ટાબરિયાં તો પસાયતાને જોઈને જ બીકનાં માર્યાં નાસી ગયાં હતાં; બીજાં કેટલાંક આ ભાઠાવાળી ભાળીને ભાગ્યાં. અને હવે તો કાસમે જે ચોંકાવનારી પૂછગાછ કરવા માંડી એ સાંભળીને તો મોટેરાંઓ પણ ભડકી ગયાં, અને વિચારવા લાગ્યાં કે આમાં જરૂર કશોક ભેદ છે.

'બાઈ પરમલકમાંથી કાંઈક કાળું-ધોળું કરીને આવી લાગે છે.'

'આમ દીઠચે તો રાંકડી લાગે છે ને વાસી રોટલા માગી પેટ ભરે છે; પણ માલીપાથી કંઈક મેલી લાગે છે.'

કાસમની ગાળાગાળી ને ભાઠાંવાળી બન્ને ચાલુ હતાં.

'ઝાંપેથી હાલવાને સાટે નજર ચૂકવીને છીંડેથી ગામમાં ગરી

ગઈ, કેમ ? જાણે અમે હંધા ય તો સાવ આંધળા જ હઈશું, કેમ ? દેખાડય ક્યાં સંતાડયાં છે છોકરાં ?'

આ અણધારી ઘટનામાં સંતુને ગામમાંથી હાંકી કાઢવાની વાત તો જાણે કે સાવ વિસરાઈ જ ગઈ. સંતુની ચર્ચાને બદલે હવે તો આ 'પરદેશી' આગંતુકની આસપાસ ઘેરાઈ રહેલો ભેદ જ વાતચીતનો વિષય બની રહ્યો.

'આ તો બહુરૂપી જેવું લાગે છે. ઘડીકમાં અમથી સુતારણ, ઘડીક આ ખેલ કરનારી, ઘડીક છોકરાં પકડનારી, એમ ભાત્યભાત્યના વેશ કળાય છે.'

કાસમ હજી શામ, દામ, ભેદ અને દણ્ડના સમજાવટના પ્રકારો અજમાવી રહ્યો હતો, ત્યાં જ શંકરભાઈ ફોજદારની મોટર આવી પહોંચી.

સ્તબ્ધ વાતાવરણમાં વધારે સોંપો પડી ગયો.

કાસમના આગમનથી જ પાંખું થઈ ગયેલું ટોળું હવે વિખરાઈ ગયું. ફોજદારની ધાકનાં માર્યાં કેટલાંક માણસો આઘાંપાછાં થઈ ગયાં; કેટલાંક હવે શો તાલ થાય છે એ જોવા ફોજદારની નજરથી દૂર જઈને ઊભાં રહ્યાં.

'ઝાંપો ચાતરીને છીંડેથી ગામમાં ગરી છો, પણ હવે ક્યાં જઈશ ?' શંકરભાઈ બોલતા હતા, 'આઠ આઠ દિ' થ્યાં રાવ ઊઠી છે તારી. બોલી નાખ્ય, કેટલાં છોકરાં ચોર્યાં છે ? કેટલાંની ડોકમાંથી ઓમ્કાર કાપ્યાં છે ? કેટલી માદરડી સેરવી લીધી છે ?'

આ પ્રશ્નોની સામે પણ ડોશીએ એ જ અપરિચિત બોલીમાં ઘૂરકાટ કર્યો તેથી ફોજદારે કાસમને હુકમ કર્યો.

'ઝડતી લ્યો ! ખંખેરો હંધુ ય સોનું, ને છોકરાંવને ક્યાં સંતાડયાં છે એની વાત કઢાવો.'

'દિલ્હી-મુંબઈનું બાયોસ્કોપ હવા ખાતું રહી ગયું અને થોડી વાર પહેલાંના નાટકચેટક જેવા વાતાવરણમાં આ તો છોકરાં પકડ-

નારી આવી છે એવી ધાક બેસી ગઈ.

એક બાજુ, જીવો વિદાય થયા પછી એકલો પડેલો રઘો પોતાના અતીત જીવનની માનસિક પરકમ્મા કરતો કરતો વધારે વ્યગ્રતા અનુભવી રહ્યો; બીજી બાજુ ઓઘડભાભો પોતે ઉતાવળે કરી નાખેલા અનુમાન બદલ લોકોની હાંસી અનુભવી રહ્યો હતો.

'લ્યો ! ભૂવો ધૂણ્યો ને બોલ્યો કે આ તો અમથી સુતારણ્ય છે, ને નીકળી પડી કો'ક પંજાબણ્ય જેવી છોકરાં પકડનારી !'

'રતાંધળાં માણહનું ભલું પૂછવું ! આપણને ન સૂઝે એવું એને સૂઝે ને એને ન સૂઝે એવું આપણને સૂઝે !'

'પણ ઓઘડિયે તો સાવ આંધળે બહેરું જ ફૂટી માર્યું ને !'

આ બધાં નાટકચેટક જોઈને ગિરજાપ્રસાદ ક્યારનો મૂંઝવણ અનુભવી રહ્યો હતો. ગામમાં આવેલી આ અજાણી વૃદ્ધાને જોઈને એને ભય અને કુતૂહલની મિશ્ર લાગણીઓ થતી હતી. આરંભમાં ગામનાં છોકરાંઓ રોટલો-રોટલી આપીને આ નવતર સિનેમા જોવા લાગ્યાં. ત્યારે ગિરજાએ રઘાને પૂછેલું : 'બાપા, હું દલ્લી-મુંબી જોવા જાઉં ?' એ વેળા તો રઘાએ રોષભરી આંખ કાઢીને જ એને મૂંગો કરી દીધેલો. એ પછી પસાયતાએ આવીને ડોશીને જે મારપીટ કરવા માંડી એથી તો ગિરજો એવો તો ગભરાઈ ગયેલો કે દલ્લીમુંબી જોવાનું નામ પણ નહોતો લેતો, અને એમાં પણ ફોજદાર આવ્યા પછી ડોશીની ઝડતી લેવાવા માંડી એ જોઈને તો ગિરજો થરથર કમ્પી રહ્યો હતો. એવામાં રઘાએ એને કહ્યું :

'હું જાઉં છું, દીકરા !'

'ક્યાં ? ક્યાં જાવ છો ?'

'પરલોકમાં—'

ગિરજો કશું સમજ્યો નહિ અને રડવા લાગ્યો તેથી રઘાએ એને સાંત્વન આપ્યું :

'જો, આ ડોશી આવી છે ને, ઈ તને સાચવશે.'

'ઈ કોણ છે!'

'તારી મા.'

'મારી મા?' ગિરજાને નવાઈ લાગી. 'મારી મા તો મરી ગઈ છે—'

'નથી મરી; જીવતી છે—'

બાપદીકરા વચ્ચે આ વાતચીત ચાલતી હતી અને કાસમ ડોશી પાસેથી ચોરાઉ સોનું મેળવવા તપાસ કરી રહ્યો હતો. ડોશીના પોટલાં–પોટલી ને ગાભેગાભા વીંખી નાખ્યા પછી કાસમે નિરાશ થઈને શંકરભાઈને કહ્યું: 'કાંઈ નથી—'

'અરે ક્યાંક સાચવીને સંતાડેલું હશે. હાલો, એને કડી પે'રાવીને ઝાંપાની કોટડીમાં પૂરી દિયો, એટલે આફુડી સીધી થઈને હંધુંય કાઢી દેશે.'

કાસમે ડોશીને ખભે એનો સઘળો સરંજામ ચડાવ્યો, ને બાવડું ઝાલીને એને ઝાંપા તરફ દોરી; પાછળ શંકરભાઈની મોટરગાડી ચાલી, અને ગાડીની પાછળ નવરાં માણસોનું ધાડિયું ઊપડ્યું.

ઠાકરદ્વારમાં સોંપો પડી ગયો કે તુરત રઘાએ લાગ જોઈને નાગી કટારી હાથમાં લીધી.

પિતાના હાથમાંની તાતી કટાર અને એથી ય વધારે તાતી આંખો જોઈને ગિરજો પૂછી રહ્યો:

'બાપા, બાપા! આ શું?'

પણ રઘા પાસે આ પ્રશ્નનો ઉત્તર નહોતો. કશો ખુલાસો કરવાનો પણ એને અવકાશ નહોતો. માંડ કરીને સાંપડેલો એકાંતનો લાભ લઈને પોતે ધારેલું કામ ઝટપટ પતાવી નાખવા એણે ઠાકરદુવારના ગભારા તરફ નજર નોંધીને મોટેથી 'ૐ નમઃ

શિવાય'નો ઉચ્ચાર કર્યો અને તત્ક્ષણ પેલી તીક્ષ્ણ કટારી પોતાના પેટમાં ભોંકી દીધી.

કમકમાંપ્રેરક આ ભીષણ દૃશ્ય જોઈને ગિરજો કાળી ચીસ પાડી ઊઠ્યો. એ સાંભળીને પડખેની શેરીમાંથી એક–બે ખેડૂતો દોડી આવ્યા.

પણ રઘાને પેટકટારી ખાતો અટકાવવામાં તેઓ મોડા પડ્યા હતા. ઠાકુરદ્વારની ગાર લીંપેલી એ બેઠક પર રઘો ઢળી પડ્યો હતો; તીક્ષ્ણ કટારના સંખ્યાબંધ જખમો વડે એ હાથે કરીને વેતરાઈ ગયો હતો.

*

પ્રકરણ અઢારમું

# ભીતરના ભેદ

'કાઢી નાખ્ય હંધા ય ઓમકાર; ગણી દે હંધાં ય માદરડાં–' એકેક ભાઠાવાળી સાથે શંકરભાઈ ડારો દઈ રહ્યા હતા.

'દેખાડય, ક્યાં સંતાડયાં છે હંધાં ય છોકરાં? બોલી નાખ્ય, શું ભર્યું છે આ પટારામાં?'

ડોશીનાં ખિસ્સાં, ખિસ્સી, પોટલાં, પોટલી, ગાભા, બચકી, ચીંદરડી, ચીંથરાંચીંથરી બધું ય ફેંદી નાખ્યા છતાં ઓમ્કાર કે માદરડી તો શું, પણ સોનાની ઝીણી સરખી કરચ પણ હાથ ન આવી, તેથી શંકરભાઈ નિરાશ થયા. હવે માત્ર મૌખિક દમદાટીઓ દેવા સિવાય કોઈ ઉપાય ન રહ્યો.

'કાઢો દે હંધો ય ચોરાઉ માલ, નીકર હાડકાં રંગી નાખીશ ...ચામડું ઊતરડી નાખીશ...ગોખરું ભરીને રણુજોવાળિયો કરીશ... વડવાઈએ ટાંગીને હેઠે તાપ કરીશ...જંદગીભર હેડમાં ઘાલીશ... કાનખજૂરા કરડાવીશ...આખા અંગમાં ઇતરડી ભરીશ...'

આટઆટલી ધમકીઓની પણ કશી અસર ન થઈ ત્યારે શંકરભાઈને સમજાયું કે આમાં નવાણિયું કુટાઈ ગયું લાગે છે; આંધળે બહેરાં જેવો ઘાટ થયો છે. આ તો કોઈક પરદેશી ભિખારણ જ લાગે છે ને 'દલ્લી–મુંબી' દેખાડીને પેટ ભરતી લાગે છે. પણ આ પરદેશણ છે કયા મુલકની? જાતજાતની ભાષા બોલે છે, કિસમ કિસમની બોલીઓ જાણે છે, મલક આખાનાં પાણી પીને આવી છે.

શંકરભાઈએ પૂછ્યું : 'બાઈ ! તારું નામ શું ? ગામ કિયું ?'

ડોસીએ વળી પાંચ–સાત બોલીઓનું મિશ્રણ કરીને એવો તો બબડાટ કર્યો કે ફોજદાર પણ હસવું ખાળી ન શક્યા.

કાસમે કહ્યું : 'સાબ ! ઈ તો બનાવટ કરે છે. બાકી મૂળ તો આ ગામની જ સુતારણ્ય છે, એમ સહુ વાતું કરે છે—'

'હવે રાખ્ય, રાખ્ય ! આ તી કાંઈ ગુંદાહરની ડોહલી છે ? આ તો કાબુલણ્ય છે, કાબુલણ્ય—'

'અરે પણ ઓઘડભાભો તો કિયે છ કે આ અમથી સુતારણ્ય જ છે. રઘો મા'રાજ નાનપણુમાં ગામમાંથી ભગવી ગયો'તો ઈ જ—'

'એલા તું ય ગધાડાને તાવ આવે એવી વાત કર છ ?' ફોજદારે કાસમની વાત ફરી હસી કાઢી. 'ક્યાં રઘો મા'રાજ, ને ક્યાં પરમલકની કાબુલણ્ય !'

સોનાનાં ઓમ્કાર–માદળિયાં કાપનાર તથા છોકરાંઓને ઉઠાવી જનાર ગુનેગારનું પગેરું કાઢવાનો પોતાનો પ્રયત્ન નિષ્ફળ ગયો એમ સમજીને શંકરભાઈ પાછા ફરવાની તૈયારી કરતા હતા ત્યાં જ ભૂધર મેરાઈના વલ્લભે શ્વાસભેર આવીને સમાચાર આપ્યા :

'ધોડજો, ધોડજો કાસમભાઈ ! રઘા મા'રાજ પેટકટારી ખાઈને લોહીના પાટોડામાં પડ્યા છે—'

'હેં !' કોઈએ નહિ ને ડોસીએ જ ચીસ પાડી અને તુરત એ ચોરાની દિશામાં દોડી.

'આ કુપાધમાં નવી ઉપાધિ...ઠાલા મોફતનો પંસક્યાસ કરવાની પીડા...એમ બબડતા બબડતા ફોજદાર અને કાસમ ચોરા નજીક પહોંચ્યા ત્યારે રઘાના મૃતદેહ સમક્ષ પડીને ડોસી હૈયાફાટ કલ્પાંત કરતી હતી.

જોનારાઓને તો હસવું ને હાણ્ય જેવો બેવડો અનુભવ થઈ રહ્યો. ડોસી આમ તો ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી ને મોઢામાંથી રઘાને મણમણની ગાળો સંભળાવતી જતી હતી.

'મારા રોયા! મને રઝળાવીને ક્યાં ગ્યો? અંત ઘડીએ મૂઓ મને છેતરી ગ્યો......મારા છોકરાને આશ્રમમાંથી ચોરી આવ્યો ને હવે અમને માછોરુને નોંધારાં મેલા ગ્યો મારો પીટડિયો!...હાય રે હાય! જંદગી આખી મને ભેગી ફેરવી, ને ઘડપણમાં આવા વિજોગ કરાવતો ગ્યો, ફાટી પડ્યો!......'

ઘડીમ ઘડીમ છાતી કૂટતી ને મોઢેથી ગાળોનો વરસાદ વરસાવતી આ વૃદ્ધાને જોઈને લોકો વિમાસણમાં પડી ગયાં.

'એલા ઓઘડભાભાનો વે'મ સાચો જ લાગે છે. આ તો અમથી સુતારણ્ય જ! બીજું કોઈ નહિ—'

'આપણે કે'તા'તા કે આ તો કાબૂલથી આવી છે, ને કલકત્તાવાળી છે, પણ નીહરી તો ગુંદાહરની જ—'

'ગુંદાહરની ન હોય તો આવી મજાની શુદ્ધ ગુજરાતી ગાળ્યું ક્યાંથી આવડે?'

રઘાની આત્મહત્યાનું કમ્પાવનારું દૃશ્ય જોઈને બેબાકળા બની ગયેલા ગિરજાને ડોસીએ ખોળે લીધો ને માતૃસહજ વાત્સલ્યથી એને છાનો રાખતાં રાખતાં પણ એણે મૃત રઘાને ઉદ્દેશીને સ્વસ્તિવચનો તો ચાલુ જ રાખ્યાં.

'રોયા! જંદગી આખી મારી હાર્યે છેતરામણી જ રમ્યો? મને છેતરીને ગામમાંથી લઈ ગ્યો. મને છેતરીને મલક મલકમાં ભમ્યો. મને છેતરીને મારા છોકરાને આશ્રમમાં મેલ્યો, ને મને છેતરીને એને આશ્રમમાંથી પાછો ઉપડી આવ્યો...ને અંત ઘડીએ મને છેતરીને જ હાલતો થઈ ગ્યો! હલામણ—'

રોંઢા નમતાં સુધી ડોશીની આ રોકકળ ચાલુ રહી. રઘાએ આત્મહત્યા જ કરી છે, કોઈએ એનું ખૂન નથી કર્યું, એના પ્રતીતિકર પુરાવાઓ એકઠા કરવામાં શંકરભાઈને ઠીક ઠીક શ્રમ લેવો પડ્યો. આખરે, આખી ય ઘટનાના સાહેદ તરીકે મુખીએ પોતાનો બોલ આપ્યો ત્યારે ફોજદારે ગામના એ મોવડી પર ઈતબાર રાખીને

છેક સમી સાંજે રઘાની લાશની સોંપણી કરી.

રઘાએ ખોળે લીધેલો ગિરજાપ્રસાદ વાસ્તવમાં તો એનો પોતાનો જ પુત્ર છે, અને લોકલાજે એને આશ્રમમાં મૂકવો પડેલો ત્યાંથી એને પાછો લાવવામાં આવ્યો છે, એવી જાણ થતાં હવે લોકો આશ્ચર્ય અને આનંદની બેવડી લાગણી અનુભવી રહ્યાં.

'હવે સમજાણું ઓલ્યા વાજાંવાળા આવ્યા તંયે રઘો એના ઉપર આટલો બધો વરસી કેમ પડચો'તો !'

'ઈ તો હંધું ય લાભેલોભે જ, આમ તો કોઈને છાંટ ન નાખનારો રઘો ઈ વાજાંવાળાને અચ્છોઅચ્છો વાનાં કરતો'તો ઈ કાંઈ સવારથ વિના ?'

'ને એમાં ઓલ્યો કાંખમાં કોથળો દાબીદાબીને મોરલી-વાજું વગાડતો'તો, ઈ છોકરો આ ગિરજા જેવો જ નો'તો લાગતો ? તંયે જાંબલાં પાટલૂન પેર્યાં'તાં એટલે ઓળખાતો નો'તો; પણ મોંકળા કાંઈ અછતી રિયે ?'

'એલા ગિરજો તો રઘાનો જ છોકરો છે ઈ તો જાણે સમજ્યાં; પણ આ ડોહલી સાચે જ અમથી સુતારણ્ય છે કે પછી કોઈ ગળે-પડુ છે ?'

આ સંશય સકારણ હતો. પણ ડોશીએ પોતે અમથી હોવાની એવી તો પાકી સાબિતીઓ આપી દીધી, આખા ગામના માણસોનાં નામ એવાં તો કડડાટ બોલી ગઈ, ઓળખીતા-પાળખીતાઓના એવા તો ઝીણવટથી ખબરઅંતર પૂછ્યા કે આ સંશય તો સમૂળો જ ઊડી ગયો.

'ના, ના, છે તો અમથી જ. ઓઘડભાભાની અટકળ સાવ સાચી પડી.'

અને પછી તો ઓઘડ અને અમથી એવાં તો વાતે ચડચાં, એવાં તો વાતે ચડચાં કે વીતી ચૂકેલા દાયકાઓ દરમિયાનનો ગામ આખાનો ઇતિહાસ એમણે ઉથલાવી નાખ્યો. વાતવાતમાં જાણવા

મળ્યું કે ડોશીને કલકત્તા તરફના કોઈક ગામમાં જેરામ મિસ્ત્રીનો ભેટો થઈ ગયેલો અને જેરામ મારફત એણે જાણેલું કે રઘાએ કોઈક અજાણ્યા છોકરાને ખોળે લીધો છે. અમથીને તુરત વહેમ ગયો. એણે અનાથાશ્રમમાં તપાસ કરી તો પોતે મૂકેલો પુત્ર જ ન મળે! તુરત એણે ગાંસડાંપોટલાં ઉપાડયાં ને 'દલ્લી દેખો બમ્બઈ દેખો 'નો ખેલ લઈને ગુંદાસર આવવા નીકળી પડેલી.

રઘાનાં લાકડાં ટાઢાં થયા પછી પણ આ નાટચાત્મક ઘટનાની અસર ઓસરી નહિ, બલકે, થોડા દિવસ સુધી તો એના પડઘા ગામપરગામમાં પણ ગાજતા રહ્યા. અડખેપડખેનાં ગામડાંમાંથી પણ ઘણાં ય માણસો : હટાણાનું કે એવું કોઈક બહાનું કાઢીને ઐતિહાસિક અમથીને જોવા આવી લાગતાં. ડોસી કેમ જાણે રાણીબાગનું કોઈ જનાવર હોય એમ આગંતુકો એને ટગર ટગર તાકી રહેતા. કોઈ જિજ્ઞાસુ લોકો એને પૂછતા :

'અમથી! આટલાં વરહ લગણ કયાં હતી?'

ડોશી જવાબ આપતી : 'સરગાપુરીમાં—'

'મર રે રાંડ!' સાંભળનારાંઓ મનમાં કહેતાં : 'તને તો રવરવ નરક કે સાતમું પાતાળે ય નહિ સંઘરે. ને વાતું મોટી સરગાપુરીની કરે છે!'

ધીમે ધીમે અમથી અંગેનું કુતૂહલ તો શમવા માંડયું, પણ રઘાની આત્મહત્યા તથા આ વૃદ્ધાના અણધાર્યા આગમન પાછળનો ભેદ તો ઉત્તરોત્તર વધારે ઘેરો બનતો ગયો.

રઘાએ પેટકટારી શા માટે ખાધી? દેખાવ તો એવો જ થયો હતો કે રઘો જાણે કે એક અબળાની વહારે ચડયો હતો અને એની રક્ષાને ખાતર પોતે પ્રાણ ન્યોચ્છાવર કરી નાખ્યા.

'પણ સંતુને હાંકી કાઢવાની વાત તો માંડવાળ થઈ જ ગઈ'તી. કટારી ખાધા મોર્ય જ જીવોભાઈ જઈને માફામાફી કરી આવ્યો'તો.'

'જીવેભાઈએ તો ચોખ્ખું કીધું કે સંતુને ઊની આંચ આવે તો એની જુમ્મેદારી મારે માથે.'

'એણે તો ઉઘાડેલી કટાર મ્યાન કરાવવા સારુ ગોરમા'રાજનાં બવબવ મનામણાં કરી જોયાં'તાં.

'તો પછી હંધુંય સમુંસૂતર ઊતરી ગયા કેડ્યે રહીરહીને ભૂદેવને આ શું સૂઝ્યું ?

'ભાઈ! માણહના મનની માલીપા કોણ જોવા ગયું છે? બાકી કાંઈ ઊંડા કારણ વન્યા માણહ જીવ થોડો કાઢી નાખે ?'

'ને એમ જીવ કાઢી નાખવો કાંઈ રમત્ય વાત છે ? એનું કહટ તો ઈ કટારી ખાનાર જ જાણે.'

'કિયે છ કે કટારી ખાતાં તો ખાઈ લીધી પણ પછી લોહીના પાટોડામાં એણે કાંઈ તરફડિયાં માર્યાં છે, તરફડિયાં માર્યાં છે!'

'આવા કહટ ખમીને ય જેને મરવું ગમ્યું એની ભીતરમાં કેવી અગન ભરી હશે!'

'કિયે છે કે આ અમથીએ જ રઘાને પેટકટારી ખવરાવી.'

'એમાં અમથીનો શું વાંક ? ડોહી તો બિચારી બટકું બટકું રોટલો ઉઘરાવીને દલ્લીમુંબી દેખાડતી'તી; ઇનો ને રઘાનો તો હજી મોંમેળાપે ય નો'તો થ્યો—'

'મોંમેળાપ ભલેની ન થ્યો હોય, પણ ડોહીને છેટેથી ભાળીને જ રઘો ભડકી ગ્યો—'

'આમ તો ગામ આખાને ઊભું ધ્રુજાવતો ને તીરને ઘાએ રાખતો ઈ ભડનો દીકરો આ સાડલો પેરનારીથી ભડકી જાય ?'

'ભાઈ, ઈ જ મોટો ભેદ છે આમાં. ઈ સાડલો પેરનારીના હાથમાં જ રઘાની ચોટલી હતી—'

'રઘાની ચોટલી ?'

'હા, રઘાની ચોટલી અમથીના હાથમાં હતી. કિયે છ કે રઘાને માથે તો દેશપરદેશનાં વારન્ટ ભમતાં'તાં, ને એના માથાનું

તો ઈનામ પણ નીકળેલું—'

'ભામણના દીકરા ઉપર આટલો બધો ભો હતો ?'

'ઈ તો ધંધા એવા કરે પછી તો ભો હોય જ ને ? રઘલો દીઠચે આમ ચુંચો લાગતો'તો પણ આફ્રિકાને મધદરિયે ચાંચિયાગીરી કરતો. હબસિનિયામાંથી ગુલામ પકડી પકડીને અરબસ્તાનમાં વેચતો ને અરબસ્તાનમાંથી સાવ પાણીને મૂલે સોનું ઊસરડી ઊસરડીને સલાયાને બંદરે ઠલવતો. આ અમથી એના હંધાય ગોરખધંધા જાણે એટલે એને ભાળતાંવેંત જ ભડકી ઊઠયો હશે.'

*

## પ્રકરણ ઓગણીસમું

# મારી આંખનાં રતન

**દિવસો** સુધી આવાં અનુમાનો થતાં રહ્યાં, અર્થઘટાવ થતા રહ્યા, છતાં રઘાની આત્મહત્યાની આસપાસ ઘેરાઈ રહેલો ભેદ તો એવો ને એવો ઘેરા જ રહ્યો, એટલું નહિ, એ ભેદી ઘટનામાં વધારે ભેદ ઉમેરાતો રહ્યો.

બન્યું એવું કે અમથીના આગમન પછી થોડા જ દિવસમાં ભૂતેશ્વરની ધરમશાળામાં બહુરૂપીઓએ ઉતારો કર્યો. આમ તો હર· સાલ ગુંદાંસરમાં લણણી થઈ જાય ને ખળાં ભરાય ત્યારે બહુ· રૂપીઓ આવતા; આઠદસ દિવસ ધરમશાળામાં પડ્યાપાથર્યા રહેતા; રોજેરોજ નવા નવા વેશ કાઢીને ગામમાં ઘેરઘેર ફરતા અને લોકોનું મનરંજન કરીને ખળાવાડમાંથી 'કળ' દીઠ અધમણ અધમણ અનાજ ઉઘરાવી પછી બીજે ગામ પડાવ નાખતા. પણ આ સાલ તો દુકા- ળિયા વરસમાં બહુરૂપી આવ્યા, તેથી લોકોને નવાઈ લાગી.

એક તો દુકાળ વરસમાં બહુરૂપી આવ્યા, ને રાબેતા પ્રમાણે બે આદમી આવવા જોઈએ એને બદલે ત્રણ આવ્યા. દુકાળમાં અધિક માસ જેવા ત્રણ યાચકો આવ્યા એ તો ઠીક, પણ પાછા કમોસમે આવ્યા. નપાણિયા વરસમાં ખેતર ખાલીખમ પડ્યાં હતાં અને લલણી થવાની કે ખળાં ભરાવાની કોઈ શક્યતા જ નહોતી ત્યારે માઠે વરસે આ વેશધારીઓ આવ્યા તેથી લોકોના અચંબાની અવધિ આવી રહી.

અચંબા જોડે થોડી શંકાકુશંકા તો ત્યારે ઉપજી, જ્યારે એ

સાલના બહુરૂપીઓ સાવ અજાણ્યા નીકળ્યા. આટલા વરસ જે જોડી આવતી એ તો લાંબા મહાવરાને લીધે ગામલોકોને પરિચિત થઈ ગઈ હતી. તેઓ ગમે તેવા અણધાર્યા વેશપલટા કરે તો પણ એમના હાવભાવ, બોલવાની લઢણ તથા લહેકા વડે જ લોકો એમને ઓળખી કાઢતાં, ને એમણે સજેલા સ્વાંગથી કોઈ ભરમાતાં–ભોળવાતાં નહિ. ત્યારે આ વેળા તો આવનારા માણસો ય નવા ને અજાણ્યા હોવાથી એમના ચહેરામહોરા વેશભૂષા, બોલચાલ, બધું જ લોકોને અપરિચિત લાગતું હતું.

તેથી જ તો આગમનને પહેલે જ દિવસે આ બહુરૂપીઓ ઘોડાં વેચનાર વણજારાનો વેશ પહેરીને ઊભી બજારે નીકળ્યા ત્યારે ઘણાખરા વેપારીઓ એમને સાચા વણજારા જ સમજી બેઠા. ભાણા ખોજાની હાટે તેઓ બેઠા, ભૂધર મેરાઈ સાથે વાતચીત કરી, અને એ બન્ને વેપારીઓને ગંધ સુદ્ધાં ન આવી શકે કે આ વેશધારીઓ છે. એમણે તો આ વણજારાઓને ઘોડાના સોદાગર જ માની લીધા.

'આવા માઠા વરહમાં તો ઘરમાં ખાવા ધાન નથી, ને ઘોડાને નીરવાની ચંદીચણાના ય ધાંધિયા છે, એમાં ઘેર નવું ઘોડું તો કોણ બાંધશે ?' ભૂધર મેરાઈએ ચિંતા વ્યક્ત કરી.

આવા ભોળાભટાક માણસો પ્રત્યે બહુરૂપીઓ મૂછમાં હસતા હસતા દરબારની ડેલી તરફ વળ્યા.

'ક્યાં ગયા દરબાર તખુભા ? ઊંચો તોખમના ઘોડાના ઘરાક ક્યાં ગયા ? અસલ અરબી ઓલાદ...મખમલ જેવી રૂંવાટીવાળી પવનવેગીના પલાણનાર ક્યાં ગયા ?'

'દરબાર તો કે'દુના મંડવાડમાં ખાટલે છે—' ઠકરાણાંએ જવાબ આપ્યો. પણ એમને ગંધ સરખી ન આવી કે આ તો બહુરૂપી છે.

વણજારાઓ દરબારના મંદવાડના સમાચાર સાંભળીને જાણે કે સગો બાપ મરવા પડ્યો હોય એવો ખરખરો, ને ઝીણી–મોટી અનેક પૂછગાછ કર્યા પછી માંડમાંડ ડેલીની બહાર નીકળ્યા.

વળતે દિવસે કાશીથી વેદ ભણીને આવેલા પંડિતનો વેશ કાઢયો. ગુંદાસરની સાંકડી બજારમાં શિખાધારી ત્રણ શાસ્ત્રજ્ઞો ગીર્વાણગિરાની અસ્ખલિત ધારા વહાવી રહ્યા. અભણ ખેડૂતો સમક્ષ તો આ ભેંશ આગળ ભાગવત જેવો ઘાટ થઈ ગયો, છતાં ભોળુડાં ગામલોકોને કલ્પના પણ ન આવી કે આ સાચા પંડિતો નહિ પણ બહુરૂપી છે. ખેડૂતોએ તો માત્ર આટલી જ ટકોર કરી: 'આ માઠા વરહમાં કાશીમાં ય દાણાનો દકાળ હશે તી આવા વેદવાનને ઠેઠ આંયાંકણે માગવા આવવું પડયું--'

ત્રીજે દિવસે ત્રણ ફકીરો હાથમાં ભિક્ષાપાત્ર લઈને 'દે ઉસકા ભલા, ન દે ઉસકા ભી ભલા !' કરતા ઊભી બજારે નીકળ્યા ત્યારે લોકોને વહેમ ગયો કે રોજ ઊઠી ઊઠીને ત્રિપુટીમાં જ નીકળતી આ વ્યક્તિઓમાં કશોક ભેદ છે. જમાનાના ખાધેલા ઓઘડભાભાએ ઈશારો કર્યો કે આ સાચા ફકીર નથી, ત્યારે લોકોને શંકા ગઈ કે રખેને આ બહુરૂપી હોય !

'સાંઈ ! જુસ્બા ઘાંચીને ઘેરે જાવ, સાંઈ !' કોઈએ વેશધારીઓની મજાક કરી.

અને ત્યારે જ બહુરૂપીઓ પણ મનમાં મલકી ઊઠયા: 'આખરે આપણને ઓળખનાર નીકળ્યાં ખરા !'

બહુરૂપીઓ ઓળખાયા ખરા પણ અપરિચિત લાગવાથી લોકો એમાંથી કશું મનોરંજન મેળવવાને બદલે એમનાથી ભડકતા જ રહ્યા.

'આ વરહોવરહ આવે છે ઈ માંયલા નથી લાગતા--'

'એની સિકલ જ કહી દિયે છે કે આ કો'ક પરદેશી છે.'

'પરદેશી બહુરૂપીને આપણે શું કામે લાગો આપવો ? આનાં મોઢાં ભરશું તો ય ઓલ્યા કાયમવાળા તો આવીને ઊભા જ રે'શે, ને એને તો ના ય નહિ કે'વાય.'

'આને આપશું ઈ હંધું ય આટાલૂણુમાં જાશે, ને ઓલ્યા બાંધ્યા બવરૂપીનો ભાર તો માથે ઊભો ને ઊભો ર'શે.'

આમ આ 'પરદેશી' બહુરૂપીઓને રાતું કાવડિયું ય પરખાવવાની લોકોની અનિચ્છાને લીધે કહો, કે પછી બીજા કોઈક ભેદી કારણને લીધે કહો, પણ આ આગંતુકો પૂરા એક અઠવાડિયા સુધી ગામમાંથી ખસ્યા જ નહિ. એમણે તો નિત-નવતર વેશ કાઢવા માંડયા. આજે સરાણિયા બનીને નીકળ્યા છે તો કાલે ગોડબજાણિયાનો વેશ લીધો છે; એક દિવસ શરાફ મહાજન બનીને ગામમાં લાખ લાખની શરાફી હૂંડીઓ વટાવવા નીકળ્યા, તો બીજે દિવસ લૂલા-લંગડા ભિખારીના સ્વાંગ સજીને લોકોને વિમાસણમાં નાખી દીધા. ખુદ ગુંદાસરના જીવનમાં જ હમણાં ખેલાઈ રહેલી વિવર્તલીલાનું આ સ્થૂલ પ્રતીક જોઈને પ્રેક્ષકોને રમૂજ થતી, પણ આ યાચકોને એમનો લાગો ચૂકવી આપવાનું કોઈને મન નહોતું થતું. સહુના દિલમાં એક ઊંડી શંકા ઘર ઘાલીને બેઠી હતી : આ સાચેસાચ બહુરૂપી હશે કે પછી બીજા કોઈ ?

આખરે ભવાનદાને થયું કે આ ગરીબ યાચકોને આમ આઠ આઠ દિવસ સુધી ટટળાવવામાં તો ગામના મુખી તરીકે મારી જ આબરૂ જાય છે, તેથી એમણે પંચાઉ ફાળો શરૂ કર્યો. માઠા વરસમાં લોકો એક કાવડિયું ય ભરવા તૈયાર નહોતાં, એમને મુખીએ માંડ કરીને સમજાવ્યા.

'મેલડી કોપી તંયે કેમ સહુ સવા સવા પવાલું કુલેર જારવા ગ્યાં'તાં ? આ પણ મેલડીનો જ કોપ ગણી લ્યો, ને ઘરદીઠ અડધો અડધો ભરી દિયો, એટલે ગામમાંથી બલા ટળે.'

દેશીને બદલે આ પરદેશી બહુરૂપીની ગામમાં હાજરીથી જ લોકો એટલા તો ગભરાઈ ગયા હતા કે આઠ આઠ આના ભરીનેય છેડોછૂટકો થતો હોય તો તેમ કરવા તૈયાર થયા.

ચીલરની ખાસ્સી મોટી કોથળી ભરીને ભવાનદા ભૂતેશ્વરની

જગ્યામાં ગયા ને આ વિલક્ષણ અભ્યાગતોને સાદર ભેટ ધરીને ગામમાંથી વિદાય થવાને વિનવ્યા.

પણ આ અજાણ્યા બહુરૂપીની હાજરીથી ગભરાઈ ગયેલા લોકો એમની વિદાય પછી તો વિશેષ ગભરામણ અનુભવી રહ્યા.

'એલા, ઈ તણ્યે ય મૂર્તિ હતી તો બહુરૂપીની જ કે પછે બીજા કોઈની ?'

'બીજા કોઈની ? બીજા કોઈની એટલે કોની ?'

'કિયે છ ઈ તો બહુરૂપીના વેશમાં છૂપી પોલિસના માણહ હતા. સાચી વાત ?'

'છૂપી પોલિસ ? આપણા ગામમાં કિયો મોટો દલ્લો દાટ્યો છે કે છૂપી પોલિસે ફેરો ખાવો પડે ?'

'ઈ તો ઈ પોલિસવાળા પંડ્યે જ જાણે, આપણને શું ખબર્ય ? પણ કિયે છ કે વણજારાનો વેશ કાઢીને ઘોડાં વેચવાને બહાને ઠેઠ તખુભા બાપુની ડેલીએ જઈ આવ્યા'તા, ને દરબાર ક્યાં ગ્યા, શું મંદવાડ છે, કેટલાં વરહનો મંદવાડ છે, શું દવાદારૂ કરો છો, કે'દી આરામ થશે ? એવી એવી તો હજાર વાત પૂછી પૂછીને ઠકરાણાંનો તો ઠેઠ કાઢી ગ્યા—'

'બહુરૂપીનો તો સભાવ જ વાતુડિયો ગણાય. નવરા બેઠા વાતું ન કરે તો બીજું કરે ય શું ?'

'પણ આ તો ગામમાં રિયા, એટલા દી રોજ ઊઠીને અમથીને ઘેર આંટો મારતા. એવડા ગલઢા આખા ભાયડાવે ઊઠીને ઓલ્યું દલ્લી–મુંબીવાળું સિનેમા ય જોતા, અલકમલકની વાતું કરતા. રઘોબાપો કેમ કરીને દેવ થ્યા, એને શું દખ હતું, તમારી ને રઘાની કેદુકની ઓળખાણ, આ છોકરો આટલાં વરહ કોને ઘેર ઊછર્યો, તમે આટલાં વરહ ક્યાં હતાં, એવું એવું પૂછી ગ્યા—'

'તો તો હવે અમથીના જ કોક ઓળખીતા કે નાતીલા–'

'મને તો આમાં કાંઈક વે'મ જેવું લાગે છે. આ બહુરૂપી

ભાંડભવાયા જેવા મુદ્દલ નો'તા લાગતા—'

'બહુરૂપીનાં તો રૂપ જ અપરંપાર. ઈને ભાંડભવાયા જેવું દેખાવું કેમ કરીને પોહાય ?'

'પણ તો પછી ઈ અજાણ્યા માણહ પોતાનાં કાયમનાં કળ મેલીને આપણા ગામમાં શું કામે ને માગવા આવ્યા ?'

'એને ય બચાવડાને ભગવાને પેટ આપ્યાં છે ને ! આવા માઠા વરહમાં બે કળ વધારે માંગવાં પડે—'

'પણ લાણી કે ખળાં થ્યાં મોર્ય ?'

'ભઈ ! કોઠીએ બાજરો વહેલેરો ખૂટચો હશે એટલે નીકળી પડચા હશે.'

પણ આમાંનો એકે ય ખુલાસો લોકોને ગળે નહોતો ઊતરતો. દિવસે દિવસે શંકાઓ વધારે ઘેરી બનવા લાગી. બહુરૂપીઓના ભેદી આગમને એવો ભય ઊભો કર્યો હતો કે એની સમક્ષ મેલડીના કોપનો ભય તો કશી વિસાતમાં ન રહ્યો. જીવા ખવાસે ગામની પાણિયારીઓને લીલી ઝંડી બતાવી દીધા પછી સહુ ગૃહિણીઓએ મંતરેલ પૂતળાંવાળા પિયાવામાંથી પણ ચૂપચાપ પાણી ભરવા માંડચાં હતાં. સંતુને ગામમાંથી હાંકી કાઢવાના તો હવે નથુકાકાના કે અજવાળીકાકીના ય હોશ નહોતા રહ્યા. રઘાએ હાથે કરીને વહોરેલી આત્મહત્યાથી સમજુબાને મહાસુખ થઈ ગયું હતું, અને ટાઢે પાણીએ ખસ ગઈ એવો આત્મસંતોષ તેઓ અનુભવતાં હતાં, ત્યારે બીજી બાજુ અમથીના અણધાર્યા આગમનથી ઠકરાણાંની ઊંઘ ઊડી ગઈ હતી. અને એમાં ય એક દિવસ અમથીએ ઊભી બજારે ગામની ગત પચીસીના સમાચારો પૂછતાં પૂછતાં માર્મિક પ્રશ્ન પૂછચો : 'ક્યાં ગ્યો મારો શાદૂળ ?' ત્યારે તો એ પ્રશ્નમાંના 'મારો' શબ્દે સહુને ચોંકાવી મૂકેલા. એ વાતની જાણ થયા પછી તો સમજુબાની અસ્વસ્થતા અનેકગણી વધી ગઈ હતી.

એક દિવસ અંતરની વેદના અસહ્ય બનતાં ઠકરાણાંએ

અશરણુશરણુ સમા જીવા ખવાસને તેડાવ્યા ને પોતાની લાક્ષણિક શૈલીમાં હુકમ કર્યો :

'શાદૂળને 'મારો' કેનારી ઈ કભારજાનો કાંટો કેમે ય કરીને કાઢય !'

'ન નીકળે, બા ! કેમે ય કરીને ન નીકળે—'

'કારણુ કાંઈ ?'

અટાણે આપણી માથે સરકારની રાતી આંખ્ય થઈ છે. બાપુ દેવ થઈ ગ્યા છે, ને બાપુને સાટે પંચાણભાભો મરી ગ્યાની વાત હાંકી છે, એવી સરકારી કોઠીમાં કો'કને ગંધ્ય આવી ગઈ લાગે છે.'

'સાચે જ ?'

'હા. ઓલ્યા બહુરૂપી આંચકણે ડેલીએ ઘોડા વેચવા આવ્યા'તા એમાં કાંઈક ભેદ જેવું લાગે છે.'

'મૂવા મારાં પિયરિયાંનાં સગલાં હોય એવા વહાલા થઈ થઈને હંધુ ય પૂછતા'તા તો ખરા !'

'કયે છ કે ઈ તણ્ય જણામાં એક તો એજન્સીની કોઠીનો મોટો અમલદાર હતો—'

'મરે રે મૂવો ! આપણા ગામમાં શું કામે આવ્યો'તો ?'

'ઈ નીકળ્યો તો છે ખોટા રૂપિયા પાડવાનું સિશીન પકડવા.'

સાંભળીને ઠકરાણાં ઝાંખાંઝપ પડી ગયાં. માંડ માંડ બોલી શક્યાં : 'આપણી વાડીએ—'

'વાડીઢાળા ઈ આવ્યા'તા તો ખરા, સાવ અજાણ્યા થઈને. પણ હું શું પાણીને ભૂ કહું એવો ભોળો થોડો છું ? એના આવ્યા મોર્યનાં જ મેં હંધાં ય સિશીન આઘાંપાછાં કરી નાખ્યાં'તાં—'

'તો ઠીક.'

'એને સગડ તો કાઢવો'તો સોનાનો—'

'સોનું ?' સમજુબા બોલી ઊઠયાં. 'સાચું સોનું કે ઓલ્યું સલાયાવાળું ?'

'સલાયાવાળું. કિયે છ કે આધન ને મસવાથી વહાણનાં વહાણ ભરીને સોનું ઊતર્યું છે ને હંધુંય અંતરધ્યાન થઈ ગયું છે.' જીવાએ સમજાવ્યું. 'એટલા સારુ તો આ બહુરૂપી એક દી ચોકસીનો વેશ કાઢીને ને હાથમાં કસોટી લઈને નીકળ્યા'તા, બજાર કરતાં બે ટકા વધારે ભાવ બોલીને સોનું માગવા મંડ્યા—'

'પછી કોઈએ વેચ્યું ખરું ?'

'કોના ઘરમાં સોનાના ઢગલા પડ્યા હોય તી વેચવા કાઢે ?— આ દકાળ વરહમાં દાણાનાં તો ઠેકાણાં નથી, ન્યાં સોનાં ક્યાં ઠારી મેલ્યાં હોય ?'

'પણ વેશ કાઢીને ગામમાં આવ્યા, તી કાંઈક વે'મ તો હશે જ ને કો'ક ઉપર ?'

'ભગવાન જાણે, પણ આ અમથી કાંઈક કબાડું કરીને આવી હોય એમ લાગે છે.'

'એને એકને વાંકે ગામ આખા ઉપર સરકારની નજર રિયે, એના કરતાં ઈ ડોહલીનો જ કાંટો કાઢચની !'

'નીકળે એમ નથી. અમથી તો હવે જમોકામી થઈ ગઈ. એણે તો આવતાંવેંત ટીહા વાગડિયાની ગાય વેચાતી લઈ લીધી, ગીગા પટેલની ભેંસ લઈ લીધી ને આંગણે દુઝાણાંવઝાણાં બાંધ્યાં છે. કિયે છે કે મારો ગિરજો મા વિનાનો સાવ સૂકાઈ ગ્યો છ, તી એને દૂધ-ઘી ખવરાવીને તાજોમાજો કરવો છે.'

'મારો ગિરજો !' સમજુબાએ વ્યંગમાં ઉચ્ચાર કર્યો. 'ને મારો શાદૂળ ! શાદૂળને 'મારો' કહેનારી ઈ કાળમુખીની જીભ કેમ કાપી લેતા નથી ?'

'બા ! અટાણે આપણો સમો મોળો છે. ચારે ય કોયથી સાણસા ભીડાણા છે. અટાણે ઉફાંદ કરવાનું ટાણું નથી. હંધુંય ખમી ખાવ; પછી દાવ આવ્યે સોગઠી મારશું—'

'માંડણિયે કોરટમાં શાદૂળભાનું નામ લીધું છે ?' ઠકરાણાંએ

બીજી ચિંતા વ્યક્ત કરી.

'ના, એણે તો એમ કીધું કે દારૂના નશામાં ગોબરને શાદૂળ સમજીને મેં મારી નાખ્યો છે.'

'દારૂના નશામાં ?'

'હા. હમણાં મૂળગર બાવો એની જુબાની આપી આવ્યો—'

'મૂળગરિયે શું કીધું ?'

'એણે કબૂલ કર્યું કે વાડીના કૂવામાં ટાટા ફૂટ્યો ઈ મોર્ય માંડણિયો મારે ઘેર આવીને અડધા રૂપિયાનો દારૂ પી ગ્યો'તો.'

'હવે ?'

'હવે મૂળગરની જુબાની ઉપર માંડણિયો છૂટી જાશે એમ લાગે છે. દારૂના નશામાં ખૂન થઈ ગ્યું, એમ ગણાશે—'

સાંભળીને સમજુબાને વધારે ચિંતા થઈ. 'માંડણિયો છૂટીને આવશે પછી તો સખણો રે'શે કે નહિ ? કે આવ્યા પછી ય શાદૂળ-ભાનો ખેધો નંઈ મેલે ?'

જીવો કંઈ નજૂમી નહોતો કે ઠકરાણાંએ પૂછેલા આ નાજુક પ્રશ્ન અંગે ભવિષ્યની કશી આગાહી કરી શકે. કેમ કે, અમથીએ તો રઘાની માલિકીના મકાનમાં ગિરજાને લઈને સરેધાર રહેવા માંડયું, આંગણે દુઝાણું બાંધ્યું; અને 'ગાયભેંસના રૂપિયા ક્યાંથી કાઢ્યા ?' એવી લોકપૃચ્છાના જવાબમાં એણે ધડ દેતુંકને સંભળાવી દીધું : 'કાળા ચોર પાંહેથી રૂપિયા લઈ આવી છું. કાંઈ તમારે ઘેરે તો ખાતર પાડવા નથી આવી ને ?'

અમથી તો ગિરજાને લાલનપાલનથી ઉછેરતી રહી ને વારે વારે આડોસીપાડોસીને મોઢે બોલતી રહી :

'મારી આંખનાં બે રતન : એક આ મારો ગિરજો, ને બીજો મારો શાદૂળ.'

*

## પ્રકરણ વીસમું

# ઝમકુનો કોયડો

**ઊજમના** ઉદ્વેગનો પાર નથી. સંતુએ સડસડતા તેલની કડામાં હાથ બોળ્યા એ ઘડીથી જ એની આંખ ઊઘડી ગયેલી. તાવડામાં ઊકળતા ધગધગતા તેલની અગનઝાળ સંતુને લાગી હતી પણ એની વેદનાની ચોટ જાણે કે ઊજમે અનુભવી હતી.

આંખના પલકારામાં જ ઊજમને સમજાઈ ગયું કે સંતુ સાચી છે, હું ખોટી છું; સંતુ ઉપર કલંકારોપણ કરવામાં મેં ભૂલથાપ ખાધી છે. મારી સ્ત્રીસહજ શંકિત મનોદશાએ સંતુને પારાવાર અન્યાય કર્યો છે. વહેમીલા લોકમાનસથી ભરમાઈને મેં દેરાણીને દુષ્ટાતિદુષ્ટ લેખી. એનાં સતનાં આવાં આકરાં પારખાં થયાં ત્યાં સુધી મારી આંખ જ ન ઊઘડી? મારી આંખ ઉપર પાખંડનાં એવાં તે કયાં ઘેરાં પડળ બાઝયાં હતાં કે એને ઓગાળવા માટે ઊકળતી કડાની જ્વાળાની જરૂર પડી?

ઊજમ પોતાના એકલીના જ અપરાધનું નહિ પણ અજ્ઞાન-તિમિરાંધ આખા ય ગામના અપરાધનું પ્રાયશ્ચિત્ત કરી રહી છે. અગ્નિદિવ્યની વેદના સંતુએ સહન કરી છે, પણ અશ્રુપ્રવાહ ઊજમની આંખમાંથી વહી રહ્યો છે. દેરાણીના સડસડી ગયેલા બન્ને હાથ ઉપર સવારસાંજ એ પાટાપિંડી કરે છે ને મનમાં ને મનમાં વસવસો અનુભવે છે. હાય રે, હું તે કેવી જડભરથ કે તારા જેવી જોગણીના અવતાર સમીને ઓળખી જ ન શકી? હું એવી તે કેવીક કાચા કાનની કે ઉંધાય ગામગપાટાને સાવ સાચા જ માની લીધા?

એક બાજુ ઊજમ આવો ઉદ્વેગ અનુભવી રહી હતી ત્યારે સંતુના ચિત્તમાં અગ્નિદિવ્યના પ્રયોગ પછી એક નવી વ્યથા જન્મી હતી. અગ્નિદિવ્યની કસોટીમાં પોતાના હાથ સાચે જ સળગી ગયા તેથી આજ સુધીની સઘળી ખુમારી એ ખોઈ બેઠી. આટલા દિવસ, પોતે તદ્દન નિષ્કલંક છે એમ બેધડક કહી શકતી હતી, એ મનોદશા, એ મિજાજ અને વિશેષ તો એ અંગેની એની આત્મશ્રદ્ધા આ અગ્નિપ્રયોગમાં ઓગળી ગયાં.

શંકાશીલ ગામલોકોએ સંતુનાં સતનો દર્શનીય પુરાવો માગ્યો, ભોળુડી સંતુએ પોતાની સચ્ચાઈ પર મુસ્તાક રહીને એ મહાભયંકર પરીક્ષામાંથી પસાર થવાની તૈયારી બતાવી. અગ્નિ પોતાના ગુણધર્મને વળગી રહ્યો અને સંતુ એ પરીક્ષામાં નિષ્ફળ પુરવાર થઈ. તુરત એની શારીરિક વ્યથા સાથે, એથી ય અદકી મનોવ્યથા શરૂ થઈ : હું સાચે જ અપરાધી હોઈશ ? મેં સાચે જ પાપ કર્યું હશે ? મને તો કાંઈ કરતાં કાંઈ એવું સાંભરતું નથી, કે જેનો મારે ભગવાનને ઘેર ગ્યા પછી જબાપ આપવો પડે. મારું મન તો અરીસા જેવું ચોખુંફૂલ હતું, એટલે તો મેં સસરા જેવા સસરાની આજ્ઞા ઉથાપીને ય તેલની કડામાં હાથ બોળ્યા. મને તો પાકી ખાતરી હતી કે મારાં બે ય કાંડાં હળવાંફૂલ રહેશે ને એને કાંઈ નહિ થાય. પણ આ તો દસે ય આંગળાં ભડથું શેકાય એમ શેકાઈ ગ્યાં. હાય રે ! આ તો હું હાથે કરીને માથા ઉપર આળ વહોરી આવી. હવે હું ગામમાં શું મોઢે કહી શકીશ કે ગોબરને, મેં નથી માર્યો, મારાં ઓધાન મારા ધણીનાં જ છે, શાદૂળનો મેં ઓછાયો ય નથી લીધો !...

એક અણઆચર્યા અપરાધનો ડંખ સંતુના અંતરને કરકોલી રહ્યો. સદા ય પ્રફુલ્લ અને પ્રસન્ન રહેતી આંખોમાં ભાવિનો કોઈક પ્રચ્છન્ન ભય આવી ભરાયો. નીતર્યાં પાણી જેવું નિર્મળ હાસ્ય જાણે કે સદાયને માટે વિલુપ્ત થઈ ગયું. એની જગ્યાએ એક ઘેરો વિષાદ

ઘર ઘાલી બેઠો.

સંતુનાં વાણી-વર્તનમાં એકાએક પલટો આવી ગયો. ઊકળતી કડામાં કકડી ગયેલાં કાંડાંની શારીરિક વેદના તો અસહ્ય હતી જ; પણ એથી ય વધારે અસહ્ય તો 'હું અપરાધી ઠરી' એવી લાગણીમાંથી જન્મતી માનસિક વેદના હતી. ફડફોલી ઊઠેલા હાથના જખમ તો ઘરગથ્થુ ઉપચારો વડે ધીમે ધીમે રુઝાવા લાગ્યા, પણ સંતુને કાળજે લાગેલો ઘા તો કેમે ય કરીને રુઝાયો જ નહિ. ઊલટાની, દિવસે દિવસે એની માનસિક વેદના તીવ્રતર બનતી રહી.

પોતે અતિઉત્સાહમાં અને વધારે પડતી આત્મશ્રદ્ધામાં આપમેળે જ વહોરી લીધેલ અગ્નિપરીક્ષામાંથી પરિણમેલી આ અંતરની વેદનાનું નિદાન કરવાનું કોઈનું ગજું નહોતું. એની ભયભીત આંખો અને બહાવરું વર્તન જોનારાઓ એમાંથી જુદો જ અર્થ તારવવા લાગ્યાં.

'માણસ બેબાકળું થઈ જ જાય. કાચો રંડાપો જીરવવો સહેલ છે ?'

'બચાડીને વે' વિનાની વપત્ય પડી છે. હજી એની ઉમ્મર શું ને વાત શું ! હજી એણે જંદગી થોડી જોઈ કે'વાય ?'

'ઈ વાત લીલો સાંઠો કે'વાય. કાચો રંડાપો કાઢવો સહેલ નથી.'

આવી આવી પ્રાસ્તાવિક માર્મિક ટકોર કરીને લોકો હળવેકથી મમરો મૂકતાં :

'ઈ તો આછુંપાતળું ગોતી લેતાં આવડવું જોયીં, મારી' ઓ!

'આછુંપાતળું શું કામે ને ગોતે ? ભર્યુંભાદર્યું ન ગોતે ? હજી તો સાવ નછોરવી છોકરી છે—'

સંતુના ભાવિ અંગે એના હિતેચ્છુઓ આવી વણમાગી વિચારણાઓ કરી રહ્યા હતા ત્યાં જ એક વિચિત્ર ઘટના બની ગઈ.

રોજના રાબેતા પ્રમાણે ઠુમરની ખડકીએ છાશનો કળશો ભરવા આવેલી ઝમકુએ એની જૂની આદત મુજબ ઠૂઠવો મૂક્યો.

ગિધાના મૃત્યુ પછી આવી પ્રાણપોક મૂકવાનું ઝમકુને હવે

કોઈ જ પ્રયોજન નહોતું રહ્યું, તેથી ઊજમે આશ્ચર્ય અનુભવીને આજના રુદનનું કારણ પૂછ્યું.

રુદનનું પ્રયોજન સીધેસીધું નિવેદિત કરવાને બદલે ઝમકુએ તો જાણે કે પોતાની આત્મકથા જ આરંભી :

'હું તો જલમદખિયારી...મારાં કરમમાં સુખનો રોટલો લખ્યો જ નથી...હું તો બાળોતિયાની બળેલ...મહાણુમાં ય મારાં લાકડાં ટાઢાં નહિ થાય...'

'મહાણુમાં પૂગવાની આટલી બધી શી ઉતાવળ આવી છે?' ઊજમે પૂછ્યું.

'ઓલે ભવ દુઃખનાં પોટલાં જ લખાવીને આવી હઈશ, પછી સુખનો રોટલો ક્યાંથી જડે? હું તો જલમદખિયારી—'

'પણ થયું શું? વાત તો કરો, ઝમકુભાભી?' ઊજમે પૂછ્યું. 'ગિધોભાઈ પાછા થયા કેડ્યે તો તમારે કોઈ વાતનો ઉદરાવો નથી રિયો—'

'ભૂત મરે તો પલિત જાગે; એમ એક સોણુ ક્યાં રાત્ય પૂરી થવાની હતી?'

ઝમકુની આ મર્મવાણી સાંભળીને ઊજમને થયું કે વાત કાંઈક વિશેષ ઊંડી છે. શૂન્યમનસ્ક બેઠી રહેતી સંતુને પણ આ ભેદી રુદનમાં રસ પડચો.

'ઝમકુભાભી! તમે તો હવે જાતી જંદગીમાં આવી ઉપાધિ મેલીને ભગવાનનું નામ લ્યો.'

'મેં તો ઘણી ય ઉપાધિ મેલી દીધી છે. પણ ઉપાધિ મને ક્યાં મેલે એમ છે? ભૂત મરે તો પલિત જાગે.'

ઝમકુની ઉક્તિઓમાં વારંવાર પુનરાવર્તન પામ્યા કરતા આ ભૂત-પલિતના તકિયાકલામે ઊજમને અને સંતુને ભડકાવી મૂકચાં. એમને થયું કે ઝમકુના મનની વાત કાંઈક ઝીણી છે.

'તમારે શું દુઃખ છે?' ઊજમે ઔપચારિક આશ્વાસન આપ્યું.

'ભગવાનનાં દીધાં વેરાએક જણ્યાં છે. વળી દેનારે ગોઠણુ સમી જાર્ય દીધી છે, એટલે ઈ પાંતીની ય ચંત્યા નથી. તમતમારે આવી હંધી ય હાયવોય મેલીને મૂળાને પાંદડે મજો કરો ની, ઝમકુભાભી!'

'રાયો દામલો મને ક્યાં સુખ લેવા દિયે એમ છે?' કહીને ઝમકુએ સગા ભાઈ દામજી ઉપર દાઝ કાઢી. 'વાંઝિયો મને ઘર-ઘાવવાની વાત કરે છે! મરી ગ્યાનું મૂળ જાય!'

'સાંભળીને ઊજમ-સંતુને એવો તો આંચકો લાગ્યો કે ફાટી આંખે ઝમકુ તરફ તાકી જ રહ્યાં. અને ઝમકુની જીભ વણબોલાવી પણ પીપળાના પાનની જેમ ઊપડી :

'આ હું ગલઢે ગઢપણ ઘરઘરણું કરું ઈ તો શોભતું હશે મલકમાં? મુવા દામલાને જરા ય વચાર નહિ થયો હોય? આ હું આટલાં જણ્યાંની મા ઊઠીને નાતરે જાઉં તો મનખ્યો મારી ઠેકડી જ કરે કે બીજું કાંઈ? ને હેં બૈ! સાચું કહેજે, 'નાતરે જાનારી પોતાની આંગળીએ પણ કેટલાંક જણ્યાંને લઈ જાય? ગાડું એક છોકરાં આંગળિયાત થઈને જાય, એવું તી ક્યાંય મલકમાં ય સાંભળ્યું છે...? પણ દામલાની મૂવાની દાનત જ ખોરી ટાપરા જેવી. માલીપાથી એમ કે હું છૈયાંછોકરાંને લઈને કો'કના રોટલા ઘડવા જાઉં તો મારા વરની હંધી ય કમાણીનો પોતે ધણી થઈ બેહે. પણ હું એમ ક્યાં કાચી છું કે આ ઊતર્યે કાળે ઉજાણી જેવું ઘરઘરણું કરું? એક તો મારા જીવતરમાં ધૂળ પડે ને ગામને જોણું થાય... ના રે બૈ! દામલો મર ની મને રોજ ઊઠીને કીધા કરે? પણ મારે તો મારાં પેટનાં જણ્યાંનો વચાર કરવો કે નહિ? નખોદિયા દામલાને મારાં જણ્યાંની શેની દયા આવે? ઈ તો વાટ જ જોઈને બેઠો છ કે કે'દી ઝમકુ નાતરે જાય, ને કે'દી હું ઘરમાં સંજવારી કાઢી લઉં. પણ હું એવી હૈયાફૂટી છું કે મારા ધણીની કરી કમાણી હંધી ય દામલાના હાથમાં જવા દઉં?...'

ઊજમ અને સંતુ તો આ અસંબદ્ધ પ્રલાપ સાંભળીને વધારે

વિસ્મય અનુભવી રહ્યાં. ઝમકુ શું કહેવા માગે છે, એના મનમાં શી યોજના રમી રહી છે, એ જ સમજાયું નહિ. ગિધાના આકસ્મિક મૃત્યુ પછી નોધારી બની ગયેલી, બહેનની સારસંભાળ લેવા માટે દામજી આવેલો. પોતે અંગત અગવડો વેઠીને પણ એણે ગિધાના વેપારવહીવટનો પથારો સંકેલેલો; આવા માઠા વરસમાં માંડી જ વાળવી પડે એવી કેટલીક ઉઘરાણીઓ પણ કુનેહપૂર્વક પતાવેલી. દામજી આવતાં નિરાધાર ઝમકુને એક ઓથ થઈ પડેલી અને નબાપાં બાળકોને શિરછત્ર સમું ઢાંકણ મળી રહેલું. આવો વહાલસોયો ને સાચદિલ ભાઈ હવે ઝમકુને બળજબરીથી બીજું ઘર કરવા પ્રેરી રહ્યો છે કે એમાં એ નડતરરૂપ બની રહ્યો છે?

ઝમકુએ કરેલો લાંબો અસંબદ્ધ વાર્તાલાપ સાંભળનારના મનમાં આવી શંકા ઊઠે એ સ્વાભાવિક હતું.

'મુવાની કંજુસાઈ તો જુવો, કંજુસાઈ!' ઝમકુએ વળી પાછો પ્રલાપ શરૂ કર્યો. 'મારે આંગણે બે મહીમે'માન આવે ઈ ય દામલાને ન ગમે. હેં બૌ! આપણે ઘર માંડીને બેઠાં હોઈ એ પછી કોઈ સગાંસાંઈ તો આવે કે ન આવે? સાચું કે'જો. હવે ઈ ટાણે આવનારને સાવ રોટલાશાક થોડાં ખવરાવાય? મીઠું રાંધણું તો રાંધવું જ પડે ને મારી બૌ? હવે એમાં ઘી વવરાય તો મારા ધણીની કમાણીનું વવરાય, પણ દામલાનો જીવ માલીપાથી લચુપચુ થાય.' કહીને ઝમકુએ આ આખા ય જીવનનાટકનું ભરતવાક્ય ઉચ્ચાર્યું : 'ભલા, આવા ભાઈ હારે ભેગું રે'વું કેમ કરીને પોહાય?'

આ વેળા તો ઊજમ-સંતુ વધારે વિસ્મય અનુભવી રહ્યાં.

એ વાત સાચી હતી કે ગિધાના મૃત્યુ પછી ઝમકુને આંગણે મહેમાનોની ભીડ વધી હતી. સગાંઓને પણ છાંટ ન નાખનાર ગિધો જીવતો ત્યાં સુધી તો ભાગ્યે જ કોઈ નાતીલાં એને ઊંબરે ચડેલાં. પણ એના મૃત્યુ પછી કારજ વગેરે નિમત્તે ઝમકુને રાંધણિયે જે તાવડો ચડેલો એ તો કાણ-કૂટણાં ને કારજ પણ પતી ગયા પછી

ઊતરવા પામેલો નહિ; બલકે, લોકાચાર અનુસાર જે શોકના દિવસો ગણાય એ દરમિયાન, તો ઝમકુને આંગણે મહીમહેમાનોનો ને મિષ્ટાન્નોનો મારો જ ચાલેલો. તાવડામાં લોટ સાથે ઘી શેકાય ત્યારે એની નાક ભરી દેતી સોડમ નવેળામાં થઈને ડુમરની ખડકી સોંસરવી શેરીમાં પૂગતી અને ત્યારે પડોશીઓ ટકોર પણ કરી લેતાં : 'ગિધો જીવતાં તો ઝમકુડીનું પેટ બાળીને ગ્યો છ, પણ હવે તો બચાડી ધરાઈને ધાન ખાશે.'

'હાય રે ! આજે મારો ધણી જીવતો હોત તો મારે આવા ઓશિયાળા દી તો ન આવત ! ઝમકુએ આખા સંભાષણને અંતે ફરી વાર આરંભમાં મૂકેલો એવો જ ઠૂઠવો મૂક્યો. 'માથાનો મોડ ગ્યો ને હવે મારે છતી મૂડીએ માગ્યો રોટલો ખાવાનું ટાણું આવ્યું. હવે તો ભગવાન ઝટઝટ તેડું મોકલે તો આમાંથી છૂટું...'

ઝમકુની પતિવિયોગની વ્યથા, પરાવલંબની વેદના તથા સંસાર પ્રત્યેના નિર્વેદ અંગેનાં આ ત્રિવિધ કથનો એકીશ્વાસે ઉચ્ચારણ પામ્યાં તેથી ઊજમના મનમાં રહેલો ગૂંચવાડો વધારે ગૂંચવાયો. આ સ્ત્રી ખરેખર શું કહેવા માગે છે ? પતિવિયોગથી એને વ્યથા થઈ છે કે આનંદ થયો છે ?

સામાન્યતઃ સૂનમૂન બનીને બેઠી રહેતી સંતુને પણ ઝમકુની આ કથની કોયડા સમી લાગી. આ વિધવા ગૃહિણીનું માનસ-વહેણ કઈ દિશામાં વહી રહ્યું છે ?

'દામલો મર ની મને કીધા કરે કે નાતરે જા. પણ મારે જીવતરને થીગડું મારીને નાતમાં નાક નથી કપવવું.'

ઝમકુએ વળી મૂળ વાતનો તંતુ સાંધ્યો તેથી ઊજમને કશોક વહેમ આવ્યો.

સંતુ ભયભીત નજરે એના તરફ તાકી રહી.

'હું હવે કાંઈ નાની બાળ થોડી છું કે બીજું ઘર કરવા જાઉં ? આ સંતુ કાલ્ય સવારે નાતરે જાશે તો શોભશે, પણ મારે

તો ઢગલોએક જણ્યાં—'

'શું ? શું બોલ્યાં ઝમકુભાભી ?' સાંભળીને સંતુએ ત્રાડ નાખી.

ઊજમે પણ ઝમકુના આ વિધાન સામે અણગમો વ્યક્ત કર્યો.

'બાપુ ! મેં તો જેવી સાંભળી'તી એવી વાત કરી, એમાં આટલાં આકરાં શું કામે થઈ જાવ છો ?' ઝમકુ બોલી.

'ક્યાંથી વાત સાંભળી ?' ઊજમે પૂછ્યું.

'કોણ છે ઈ વાત કરનારું ? નામ પાડો તો જીભ ખેંચી લઉં—' સંતુએ પડકાર કર્યો.

'બાપુ ! આ તો કાનનો દોષ છે. આંગળીનો કરડો સમો કરાવવા નથુબાપાની હાટે ગઈ'તી, તંયે દુકાનની માલીપા અજવાળી-મા થાક મોરતાં મોરતાં વાત કરતાં'તાં કે સંતુ કો'ક શાપરવાળા પટેલના ઘરમાં બેસે છે—'

'શાપરવાળા પટેલના ઘરમાં ? બેહાડે નહિ એની પંડ્યની જ દીકરી જડકીને !' ઊજમે સંભળાવી.

'બચાડી જડીને શું કામે સંભારો છો ?' સંતુએ શાંત અવાજે ટકોર કરી. 'ઈ વળી મારા કરતાં ય વધારે દખિયારી છે—'

'માડી ! મને ય માન્યામાં તો ન આવ્યું, એટલે મેં અજવાળી-માને પૂછ્યું કે સંતુ તો પૂરે દી'એ છે ને કેમ કરીને કોઈનાં ઘરમાં બેસે ?' તો અજવાળીમાં બોલ્યાં, 'કોઈ તો છોકરાંને આંગળીએ લઈ ગઈ એમ ગણાશે—'

'મરે રાંડ કાળમુખી !' સંતુને બદલે ઊજમે અજવાળીમાને સંભળાવી.

સંતુ આવી ઉદ્વેગકારક વાતોથી કંટાળી તેથી એણે તુરત ઊભાં થઈને છાશનો કળશો ભરીને ઝમકુના હાથમાં સોંપ્યો. 'લ્યો ઊઠો ઝટ, તમારે અસૂરું થાશે.'

'સાંભળ્યું કારવ્યું હંધું ય પેટમાં જ રાખજો, હો માડી ! ઠાલું બોલ્યું બાયડ પડે ને રાંધ્યું વરે પડે.'

આવી ઠાવકી શિખામણ આપીને છાશનો કળશો સાડલાના સંગટા તળે ઢાંકીને ઝમકુ આખરે ખડકી બહાર નીકળી ત્યારે એની પીઠ તરફ તાકી રહેલી ઊજમના મનમાં પ્રશ્ન ઊઠ્યો.

'આ ઝમકુડી ભોળુડી છે કે કપટી ?'

પણ ઊજમને આ પ્રશ્નનો ઉત્તર એમ સહેલાઈથી મળી શકે એમ નહોતો.

*

## પ્રકરણ એકવીસમુ

# જીવતરનાં થીગડાં

બીજે દિવસે ઊજમને જાણવા મળ્યું કે આંગળીનો કરડો સમો કરાવવાને બહાને ઝમકુ નથુ સોનીને હાટે ગઈ હોવાનો, સંતુના સંભવિત નાતરા અંગેની વાત સાંભળી આવી હોવાનો એણે જે દાવો કરેલો, એ વસ્તુતાએ સાચો હતો, માત્ર એની વિગત-માં ફેર હતો. ઝમકુ આંગળીનો કરડો સમો કરાવવા નહોતી ગઈ, પણ સતીમાને ચડાવવા માટેનું છત્તર ઘડાવવા નાખેલું, એ લેવા ગઈ હતી.

ઊજમ બીજે દિવસે વાડીએ ગઈ ત્યારે સતીમાના ફળા ઉપર નવું નક્કોર છત્તર ઝૂલતું જોઈને એને નવાઈ લાગેલી. 'આવા માઠા વરહમાં કોણે આ દહ તોલા રૂપાનું ખરચ કરી નાખ્યું?' એમ મનમાં વિચારી રહી.

ઝાબરના મૃત્યુ પછી વાડીપડાના પરચૂરણ કામ માટે હાદા પટલે રોકેલા નવા સાથી ગીગાને ઊજમે પૂછગાછ કરી ત્યારે શરૂ-આતમાં તો ગીગાએ સોઈઝાટકીને કહી દીધું કે મને ખબર જ નથી. પણ જે વાત મન પર લે એને છેડા સુધી પહોંચવાના સ્વભાવવાળી ઊજમને સાથીના આ નકારથી સંતોષ થયો નહિ. એણે તો ફેરવી ફેરવીને એ પ્રશ્ન પૂછ્યા જ કર્યો. આરંભમાં તો ગીગો મક્કમ રહ્યો. પણ આખરે એ ગેંગેં-ફેંફેં થઈ ગયો એટલે ઊજમે એને દબાવ્યો: 'તને આંયાંકણે સાથી મેલ્યો છે, તી વાડીનું ધ્યાન રાખવા મેલ્યો

છ, ગડાકુ પીવા નહિ. વાડીમાં કોણ આવ્યું, કોણ ગયું, એનો વે'મ ન રાખ્ય તો કાલ સવારે સારે વરહે કો'ક ઊભા મોલ ભેળવી જાશે તો ?' ત્યારે ગોગાએ મભમ કહ્યું : 'ગામમાંથી જ એક બાઈ છત્તર ચડાવી ગઈ છે--'

'કોણ ?'

'એણે નામ દેવાની ના પાડી છે.'

'શું બોલ્યો ?' ઊજમે આંખ કાઢી.

'એણે કીધું છે કે કોઈને વાત કરીશ મા--'

'પણ ઈ છત્તર ચડાવનારી હતી કોણ ?'

'ઝમકુકાકી...ગિધા લુવાણાની વવ.'

'હવે હમજી !'

'પણ કોઈને કાને વાત ન જાય, એમ એણે કીધું છે.' ગીગાએ સમજાવ્યું. 'બચાડીની કાંઈક માનતા ફળી હશે એટલે છાનું છત્તર ચડાવી ગઈ--'

ઊજમ માટે આ બાતમી બહુ રસિક હતી. ઘેરે આવીને એણે સંતુને વાત કરી.

સાંભળીને સંતુ ખિન્ન હાસ્ય વેરી રહી.

ઊજમની જિજ્ઞાસા વધી. ઝમકુની એવી તે કઈ મનોકામના ફળી હશે કે પતિવિયોગના આ શોકના દિવસોમાં ય એણે છત્તર ચડાવવું પડ્યું ?

આનું સૂક્ષ્મ કારણ સંતુ જાણતી હતી. ગિધાની હયાતી દરમિયાન એના ત્રાસથી કંટાળેલી ઝમકુએ સતીમાની એક માનતા માનેલી, પણ સંતુએ એ વેળા તો ઝમકુની અગંભીર લાગતી એ વાતને ટોળ ગણીને હસી કાઢેલી. ઝમકુ પોતાની માનતાને આટલી ચુસ્તપણે વળગી રહેશે, અને ભક્તિભાવે એનું પાલન પણ કરશે, એવી સંતુને કલ્પના નહોતી. પતિવિયોગની વેદના વેઠી રહેલી આ યુવતીને એવી જ એક પતિવિયોગિનીનું આ વર્તન વિચિત્ર જ નહિ, બેહૂદું લાગ્યું. છત્તર

ચડાવવાની ક્રિયા ગુપ્ત રાખવા પાછળનો ઝમકુનો આશય પણ એને સમજાયો. એક સ્ત્રી આવું વર્તન આચરી શકે એ કલ્પના જ સંતુને માટે અસહ્ય હતી, ત્યાં એવા આચરણની વાસ્તવિક પ્રતીતિ એને વધારે વિષાદ પ્રેરે એમાં શી નવાઈ?

ઝમકુ 'રોયા દામલા' સામે જે ફરિયાદો કરી ગયેલી એનાં વિવિધ સંસ્કરણો ગામમાંથી વિવિધ સ્થળોએથી સંભળાવા લાગ્યાં, ત્યારે ઊજમને ખાતરી થઈ કે ઝમકુ ભોળી નથી પણ કપટી છે. ભૂધર મેરાઈને હાટે કડિયાની તૂટેલી કસ ટંકાવવા ગયેલા હાદા પટેલ એ સમાચાર સાંભળતા આવ્યા: ઝમકુને એનો ભાઈ પરાણે નાતરે મોકલે છે અને સંતુને શાપરવાળા પટેલના ઘરમાં બેસવું છે પણ સસરો રજા નથી આપતો.

ઝમકુનું વિચિત્ર વર્તન જાણી લીધા પછી ઊજમને કે હાદા પટેલને આવા ગામગપાટાથી બહુ આઘાત થાય એવું રહ્યું નહોતું. એમને તો જાણવા મળ્યું કે ઝમકુ ઘેરઘેર જઈને પોતાની વીતકકથા અને સંતુની વગોવણીનું પારાયણ કરી આવે છે. ઊજમ પાણીશેરડે ગઈ ત્યારે એકબે સ્ત્રીઓએ તો આ સમાચારની સત્યાસત્યતા અંગે ખાતરી કરી જોવા એને મભમ પૂછગાછ પણ કરી જોઈ.

ઝમકુ પોતાની વીતકકથા ગામનાં ખસૂડિયાં કૂતરાંને પણ સંભળાવે એ તો સમજી શકાય; પણ સાથે સાથે સંતુના સંભવિત પુનર્લગ્ન વિશે પણ, શા માટે ટમકો મૂકતી ફરતી હશે એ ઊજમને મન એક કોયડો બની રહ્યો.

પોતાની નાનમ ઢાંકવા માટે સંતુને ઢાલ તરીકે વાપરતી ઝમકુએ થોડા જ દિવસમાં વાત એટલી હદે વધારી મૂકી કે ગામમાં છડેચોક બોલાવા માંડ્યું:

'સંતુ નાતરે જાય છે, ને એને માંડણિયાના ઘરમાં જ બેસવું છે.'

'માંડણિયો છૂટે એટલી જ વાર. એના આવવાની જ વાટ જોવાય છે—'

'હંધું ય આગોતરું જ ગોઠવી રાખ્યું'તું, એટલે તો આખો કેસ લૂલો કરી નાખ્યો. પોતે દારૂના નશામાં ટેટા સળગાવી નાખ્યો'તો એમ કહી માંડણિયો છૂટી જાશે—'

માંડણના સંભવિત છુટકારારાનો આવો અવળો અર્થઘટાવ થઈ રહ્યા. આખી ય ઘટનાને સહાનુભૂતિથી જોનારાં માણસો પણ ગામમાં હતાં.

'ભગવાન કરે ઈ હંધું ય જોઈવિચારીને જ કરે. માંડણિયો ઘરભંગ છે, ને સંતુ હજી નાની બાળ છે. ગમે એવી અજવાળી તો ય રાત્ય ગણાય. લીલા સાંઠાને વળતાં શી વાર ? એના કરતાં બેય જણાં સાંઢેવાંઢે ઘરસંસાર હલવે એના જેવું રૂડું શું ?'

'ને આપણે તો રિયાં લોકવરણ...ખેડયનો ધંધો કરનારે તો ભેઠય વાળીને ભૂતની ઘોડયે કાળી મજૂરી કરવાની. આપણને કાંઈ વાણિયાભામણ જેવા લાડકા રંડાપા માણવા પોહાય ?'

હિતૈષીઓ માંડણ અને સંતુનાં ભાવીને આમ અધ્ધરોઅદ્ધર જોડી રહ્યાં હતાં ત્યારે એમાં વિસંવાદી સુર પુરાવનાર પણ કોઈ કોઈ નીકળી આવતાં હતાં :

'એલાંવ તમે આંયાંકણે બેઠાં લાકડેમાંકડાં જોડી રિયાં છો, પણ માંડણિયો તો જેલમાં બેઠો વેરાગી થઈ ગ્યો છ, ઈ વાત જાણો છો ? પોતાને હાથે સગા પિતરાઈની હત્યા થઈ ગઈ એનું પ્રાછત કરે છે... રોજ રાત્ય પડે ને ચોધાર આંસુડે રૂવે છે. કિયે છ, કે મને મારા કરમે જ કમત્ય સુઝાડી, ને મૂળગરિયાના હાથનો દારૂ પીને મેં ગોબરિયાને ગૂડી નાખ્યો. મારો આ ભવ તો બગડ્યો, પણ હવે આવતે ભવ બળધ થઈને ન અવતરવું પડે, એટલે પ્રાછત કરું છું....સાંભળ્યું છ કે માંડણિયે તો જેલમાં જ અતીતને હાથે ડોકમાં માળા પે'રીને ભભૂત ચોળી લીધી છે—'

'હવે રાખો, રાખો ! માંડણિયા જેવો કલાંઠ માણહ ભભૂત ચોળશે તંયે સાચા ભભૂતિયાવે ભેખ ઉતારી નાખવા પડશે. ઈ તો

પારકાને જતિ કરે ઈ માંયલો છે—'

આવી આવી અટકળો થતી રહી અને દરમિયાન વાત આગળ વધતી રહી, અને છેક મુખીના ઘર સુધી પહોંચી ગઈ. રોતી રગડતી ઝમકુ, છેક ભવાનદાને આંગણે જઈ ઊભીને 'રોયા દામલા' સામેની પોતાની ફરિયાદ કહી સંભળાવી :

'પીટડિયો મને પરાણે નાતરે મેલે છે—'

પોતાને આંગણે ધા નાખવા આવેલી ઝમકુની કથા સાંભળીને ભવાનદા પીગળી ગયા. અલબત્ત, એમને કશી દરમિયાનગીરી કરવાનો અધિકાર નહોતો, છતાં ગામના એક મોવડી તરીકે એમણે દામજીને તેડાવ્યો, ને ઝમકુની ફરિયાદ કહી સંભળાવી ત્યારે એમને વળી જુદી જ પરિસ્થિતિ જાણવા મળી.

'ઝમકુડીને પંડચને જ નાતરે જાવું છે. હું ના કહું છું એટલે ગામ આખામાં મને વગોવી રહી છે.'

'પણ આ છ છોકરાંની માવડીને સંઘરશે કોણ ?'

'ઈ તો આઈને આતો જડી રે'શે કો'ક. પણ ઈ ગ્યા કેડય, આ છ છોકરાંની ભૂંજાર્યને સાચવશે કોણ, એની મને ફકર્ય થાય છે. ને એટલા સારુ જ હું ના કવ છું. એટલે મને ગામ આખામાં ઉતારી પાડે છે.'

દામજીએ કરેલો આ ઘટસ્ફોટ મુખી માટે એક નવો જ અનુભવ બની રહ્યો. છ છ સંતાનોની જનેતાને પોતાનાં પ્રાણપુદ્‌ગળનો ત્યાગ કરતાં જરા ય વિચાર નહિ થતો હોય ? જરા ય અરેરાટી નહિ ઊપજતી હોય ? પણ હમણાં હમણાં ગામલોકો તરફથી આવા એકેકથી ચડિયાતા આઘાતો અનુભવી ચૂકેલા ભવાનદાને આ સમાચાર બહુ આઘાતજનક ન લાગ્યા : 'આ કળગજમાં તો કોઈનો ભરોંસો કરવા જેવું નથી.' એમ વિચારીને એમણે આશ્વાસન લીધું.

ઝમકુ તે દિવસે સંતુ અંગે અંગે ઘસાતું બોલી ગઈ એ પછી કુમરની ખડકીએ છાશ લેવા ફરી વાર આવી જ નહોતી. પણ

ગામમાં ઘેરઘેર ફરીને એ જે વગોવણું કરી હતી એ સાંભળ્યા પછી ઊજમ તો એ પડોશણની રાહ જોઈને જ બેઠી હતી. કયારે ઝમકુ છાશનો કળશો ભરવા આવે અને કયારે એને ઘઘલાવી કાઢું ! પણ ઝમકુ તે દિવસે છેલ્લી છાશ ભરી ગઈ એ ભરી ગઈ ! ફરી વાર આ ડેલીએ ડોકાવાની એની હામ નહોતી.

દરમિયાન, ઝમકુના રાંધણિયામાં શેકાતાં વિવિધ પકવાનો અને મિષ્ટાન્નોની સોડમ નવેળામાં થઈને ઠુમરની ખડકીમાં આવતી રહી. આજે શીરો તો કાલે સેવ; ત્રીજે દહાડે તરધારી તો ચોથે દિવસે ચૂરમું. ઝમકુને ઘેર મહેમાનોનો તો રોગો રાફડો જ ફાટ્યો છે. રોજ રોટલાટાણું થાય છે ને નવેળામાંથી દાઝતા ઘીની સુગંધ ફોરે છે : અને ઊજમ-સંતુ કૌતુકપૂર્વક બબ્બે પછીતોની પેલી પારની જીવન-લીલા વિશે કલ્પનાઓ કરી રહે છે.

એવામાં એક વહેલી પરોઢે આવી કલ્પનાઓનો કાયમને માટે અંત આવી ગયો. ઊજમ પરેવાશમાં દળણું દળવા ઊઠી ત્યાં જ ડેલીની સાંકળ ખખડી. ગભરાતાં ગભરાતાં એણે ડેલીનું બારણું અરધુંક ઉઘાડયું તો સામે દયામણે ચહેરે ઊભેલો દામજી પૂછતો હતો :

'આંયાંકણે ઝમકુ આવી છે ?'

'ના, ભૈ ! અટાણુના પો'રમાં—'

પણ ઊજમ વાકય પૂરું કરે એ પહેલાં તો દામજી બીજી ડેલીએ સાંકળ ખખડાવવા પહોંચી ગયો હતો.

બહાવરા બનેલા દામજીએ ગામને ઘેરઘેર સાંકળ ખખડાવીને ઝમકુની તલાશ કરી જોઈ. અને આખરે સવાર પડતાં એણે જાહેર કર્યું :

'ઝમકુ ભાગી ગઈ છે—'

વાયુવેગે વાત ફેલાઈ ગઈ.

'ઝમકુડી કાંઈ જોરુકી, કાંઈ જોરકી ! માથે રાત્ય લીધી !'

દામજી અરધો ગાંડા જેવો થઈને બહેનની તલાશમાં ઘૂમતો રહ્યો. લોકોએ એને પૂછ્યું : 'ઝમકુડી કાંઈ લેતી ગઈ છે ખરી ?'

દામજીએ કહ્યું :

'લેવા જેવું મેલતી ગઈ છે, ને મેલવા જેવું હંધું ય ભેગું બાંધતી ગઈ છે—'

ગુંદાસરમાં કાળો કકળાટ થઈ ગયો. આધેડ ઉમ્મરની બાઈ, પેટનાં જણ્યાં છ છોકરાંને મેલતી ગઈ હતી અને ઘરમાંથી સામટાં સોનાં ને રોકડા રૂપિયાનો ઊસરડો કરતી ગઈ હતી.

*

## પ્રકરણ બાવીસમું

### સગડ

ઝમકુ ગાયબ થતાં ગુંદાસરમાં દેકારો બોલી ગયો. દામજી બહાવરો બનીને બહેનની શોધ માટે જે ફાંફાં મારતો રહ્યો એ જોઈને મુખીને દયા આવી. એમણે તાબડતોબ પોતાની લોઢી છોડી અને ભુધર મેરાઈના વલ્લભને આજુબાજુની સીમમાં તપાસ કરવાની વિનતિ કરી.

'ભાઈશા'બ ! ગોત્ય કરાવો તો તો તમારા જેવો ભલો ભગવાને ય નહિ !' દામજી દીનભાવે બોલી રહ્યો. 'ઘરમાંથી હંધુંય લીંપી-ગૂંપીને લઈ ગઈ છે, તી આ છ છોકરાંનાં પેટ હું કેમ કરીને ભરીશ ?'

દુકાનમાં અક્તા જેવું કરી નાખીને વલ્લભ સવારથી બપોર સુધી ગુંદાસરની આખી સીમ ખૂંદી વળ્યો. મુખ્ય ગાડાં–મારગ ઉપરાંત કાચા આડા–કેડા પણ જોઈ આવ્યો. છેક રોટલાટાણે એ વીલે મોઢે પાછો ફર્યો.

'ક્યાં ય સગડ જડતા નથી.'

સાંભળીને સહુ નિરાશ થયાં.

'એલા કોઈને પૂછ્યું-કારવ્યું ? કોઈએ ક્યાંય ભાળી હોય તો ખબર્ય--'

'જેટલાં માણહ સામાં જડયાં ઈ હંધાંયને પૂછતો આવ્યો છું. કોઈને કાંઈ વાવડ નથી—'

'આ અચરજ કોને કે'વું ? એટલી વારમાં હંધા ય સીમડા કેમ કરીને વળોટી ગઈ હશે !'

'પગે હાલતું માણહ કરી કરીને ય કેટલા ગાઉનો પલ્લો કરી શકે ?'

'કે પછી ગામમાં જ ક્યાંક છાનીછપની સંતાઈ બેઠી છે ?'

'ગામમાં એને કોણ સંઘરે ? ને ગામમાં ને ગામમાં કેટલા દી' અદીઠી રિયે ?'

ભવાનદાની મતિ મૂંઝાઈ ગઈ : નક્કી, આ કિસ્સામાં કશોક ભેદ છે !

દામજીએ તો હવે બહેનના નામની રીતસર પ્રાણપોક જ મૂકી. એ બિચારો દુન્યવી જીવ ઝમકુ કરતાં ય વિશેષ તો એની જોડે પગ કરી ગયેલા દરદાગીના ને જબરી રોકડ રકમને રોતો હતો.

'ભાગી તો ગઈ, પણ વાંહે પેટનાં જણ્યાંવને ભભૂત ચોળાવતી ગઈ ! બચુડિયાં બચાડાં ખાશે શું ?'

મુખીની મૂંઝવણ વધી રહી હતી. એવામાં વખતી ડોસી વગડો કરીને માથે સૂકાં અડાયાંનો સૂંડલો મેલીને ગામમાં પ્રવેશી.

જાગતું પડ ગણાતી વખતીએ મુખીની મૂંઝવણમાં વધારો કરે એવા સમાચાર આપ્યા :

'હાથિયે પાણે મેં સાંઢિયાનાં પગલાં ભાળ્યાં—'

'સાંઢિયાનાં ? સાંઢિયાનાં પગલાં ?' સહુને કૌતુક થયું.

આટઆટલા પંથકમાં કોઈ માલધારીને આંગણે સાંઢિયો હતો જ નહિ.

'વશવા ન બેહતો હોય તો હાથિયે પાણે જઈને નજરોનજર જોઈ આવો.' વખતીએ કહ્યું, 'ઘી પીધેલ લાપસી જેવી ભોંયમાં કોઈએ નિરાંતે બેહીને આળખ્યાં હોય એવાં ચોખાંફૂલ પગલાંની ભાત્ય કળાય છે.'

તુરત શંકા ઊઠી :

'ઝમકુ સાંઢિયે બેહીને ભાગી હશે ?'

'પણ તો પછી હાથિયે પાણે જ શું કામે ને પગલાં કળાય ?

ગામના પાદર લગણ સાંઢિયો કેમ ન આવ્યો હોય ?'

ગૂંચનો કશો ઉકેલ આવવાને બદલે એ વધારે ગૂંચવાતી ગઈ.

હવે મુખીની ધીરજ હાથ ન રહી. સત્વર ઊભા થયા, 'હાલો હાથિયે પાણે—'

અને તરત એમણે હુકમ છોડયો :

'બરકો મૂળગરિયાને' મૂળગર બાવાનો બાપ રામગર પગી હતો. ભલભલાં ભેદી પગલાં ઓળખવામાં અને પગેરું કાઢવામાં એ પાવરધો હતો. આજે રામગર તો મરી પરવાર્યો હતો, પણ મૂળગરને પિતાની હયાતી દરમિયાન પગેરાં કાઢવાની થોડીઘણી તાલીમ મળેલી, તેથી મુખીએ એને યાદ કર્યો.

કાસમ પસાયતાને મુખીએ ખબર આપી, વલ્લભ જેવા બે-ચાર સેવાભાવી જુવાનિયા પણ તૈયાર થયા.

અને બહુ મોડું થાય અને પગલાં ભૂંસાઈ જાય એ પહેલાં મુખી અને કાસમ પસાયતાની સરદારી તળે નાનુંસરખું હાલરું હાથિયે પાણે હાલ્યું.

વખતીની વાત સાચી નીકળી. ઓઝતને કાંઠે હાથિયા પાણા પાસે કાંઠાની જમીન ભરડેલા ઘઉં પાથર્યા હોય એવી સમથળ હતી. અલબત્ત, અરધા દિવસ સુધી ગાડાંગડેરાં, ઢોરઢાંખર તથા માણસોની સારી અવરજવર થઈ ચૂકી હોવાથી જાતજાતનાં ને ભાતભાતનાં પગલાં ઊપસી આવ્યાં હતાં. પણ એ સહુની વચ્ચે ઊંટનાં વિલક્ષણ આકારનાં પગલાં જુદાં જ તરી આવતાં હતાં.

'સો ભાત્યનાં પગલાંમાં ય સાંઢિયાનાં પગલાં અછતાં ન રિયે.' કહીને મૂળગરે વખતીના અહેવાલનું સમર્થન કર્યું અને સાથે સાથે ગામલોકોની શંકાઓને વધારે ઘેરી બનાવે એવું નિરીક્ષણ પણ કર્યું.

'સાંઢિયાનાં પગલાં આ પાણા લગણ આવ્યાં છે, ને પાણેથી પાછાં વળતાં વરતાય છે.'

આનો અર્થ શું ? ગઈ રાતે કોઈ માણસ સાંઢિયે ચડીને

હાથિયા પાણા સુધી આવ્યો હશે ? ઝમકુ ઘેરથી પગપાળી નીકળીને હાથિયે પાણે પહોંચી હશે ? અગાઉની કોઈ સંતલસ મુજબ બંનેએ આ સ્થળે મળવાનું નક્કી કર્યું હશે ?

'સાંઢિયો આપણી સીમમાં આવે જ શું કામે ને ?'

'આ કાસમ પસાયતાનું જ સાવ પોલાણું છે, નીકર અજાણ્યો સાંઢિયો ગામની સીમમાં આવીને જાતો રિયે શેનો ? આજ તો ઝમકુડીને ઉપાડી ગ્યો, કાલ સવારે ગામ લૂંટાઈ જાશે તો ય ખબર્ય નહિ પડે.'

અને પછી તો વખતીએ ગામમાં વાત વહેતી મૂકી દીધી :

'ઝમકુડી તો સાંઢિયો પલાણીને ભાગી ગઈ !'

'આનું નામ જ અસ્ત્રીચરિતર ! દીઠયે તો બચાડી કેવી ગરીબડી જેવી લાગતી'તી ! પણ પેટનાં જણ્યાંની ય દયા ન આવી ને રાત્ય લઈને નીકળી પડી !'

'આનું નામ જ કળજગનાં એંધાણ. મા-છોરું વચાળે હેતપ્રીત ન રિયે, એનું નામ જ કળજગ. આમાં ઉપરવાળો વરસાદ તો શેનો વરસવા દિયે ? માણહ જાત્યનાં આવાં કૂડાં કરતક જોતાં તો બાર બાર વરહના સળંગ દકાળ પડવા જોઈએ.'

'છપનિયા કાળમાં આવું થ્યું'તું, એમ નજરે જોનારો ઓઘડ ભૂવો કિયે છે. ઈ કાળમાં માવડીએ સગાં છોકરાંને વછોડયાં'તાં ગવતરીએ પોતાનાં વાછરું વછોડયાં'તાં...આનું નામ જ કળજગનાં એંધાણ !'

આ 'કળજગનાં એંધાણ'થી મુખી એવી તો ભોંઠપ અનુભવી રહ્યા હતા કે એમણે કાસમ પસાયતાને તાકીદ કરી કે પાતાળ ખોદીને ય ઝમકુનું પગેરું કાઢો.

દામજીએ રીતસરની ફરિયાદ નોંધાવ્યા પહેલાં જ કાસમે ખાસ કાસદ મોકલીને તાલુકે ફોજદાર કચેરીએ ખબર આપી દીધા હતા. શંકરભાઈએ લગભગ આખા પંથકના પોલિસ પટેલોને સાબદા

કર્યાં હતા, પણ ક્યાંયથી ઝમકુના સગડ જડતા નહોતા.

દામજીએ ગામેગામના નાતપટેલો પર પત્ર લખીને, બહેન કોના ઘરમાં બેઠી છે એની તલાશ કરાવી જોઈ, પણ ગામેગામથી 'કાંઈ વાવડ નથી' એવા નિરાશાજનક ઉત્તરો આવતાં લોકોના મનમાં વળી એક નવી શંકા ઊઠી :

'ઝમકુ જીવતી હશે કે મરી ગઈ હશે ?'

'ભેગું સામટું સોનું ને જર-જોખમ લઈને ભાગી છે, તી મારગમાં કોઈએ ઘડોલાડવો તો નહિ કરી નાખ્યો હોય ?'

'આંહીથી કોઈ એને આંબાઆંબલી દેખાડીને ભોળવી ગ્યું હોય ને પછી હંધો ય દરદાગીનો લૂંટીને બચાડીને ઓઝતના પટમાં દાટી દીધી હોય તો ?'

અને પછી તો ચારે ય બાજુથી હતાશ થયેલો દામજી નાના બાળકની જેમ રડવા લાગ્યો. એનાં તથા ગિધાનાં નબાપાં ને નમાયાં બાળકોની રોકકળ જોઈને સુખીને દયા આવી અને એમણે તુરત બાજરાની એક ગુણ તથા જૂના ગોળનું એક માટલું મોકલી આપ્યું. ઝમકુએ જતાં પહેલાં ગિધાની લગભગ બધી જ ઊઘરાણી વસૂલ કરી લીધી હતી, છતાં હજી હુમરની ખડકી અને બજારમાં ભાણા ખોજાની દુકાન ગિધાએ ગિરવી રાખેલાં એની વસૂલાત બાકી રહી હતી. આ રકમ પણ વસૂલ કરીને પોતાની સાથે લઈ જવા માટે ઝમકુએ તકાદા તો બહુ કરેલા, પણ આ માઠા વરસમાં કોઈ પાસે રોકડની છૂટ ન હોવાથી એટલી સ્થાવર અસ્કયામત બચી જવા પામેલી.

'આ તો ઝમકુડીનાં જણ્યાંવનાં નસીબે જોર કર્યું, તો વળી આટલું રોટલાનું સાધન હાથમાં રૈ ગ્યું. નહિ તો શકોરું લેવાનો વારો આવત બચાડાંવને—'

પણ આ અનાથ બાળકોને ખરેખર હાથમાં શકોરું લેવા દે એટલું દકુર કે દયાહીન આ ગામ નહોતું. અલબત્ત, નાનીમોટી

બાબતોમાં લોકો ઈર્ષા, અસૂયા, ખટપટ, હોંસાતુંસી, કૂથલી અને નિંદાખોરી વગેરેથી પીડાતાં હતાં. કોઈ કોઈ વાર અંગત સ્વાર્થથી પ્રેરાઈને તેઓ અમાનુષિતાની હદે વર્તતાં. છતાં એકંદરે જનપદનો આત્મા હજી જાગૃત હતો, માનવતા છેક મરી પરવારી નહોતી.

તેથી જ, મુખીએ બાજરાની ગુણ ને ગોળનું માટલું મોકલાવ્યાં કે તુરત ગામ આખાએ ઝમકુનાં અનાથ બાળકોને પોતાનાં ગણીને અપનાવી લીધાં. સહુએ પોતાના ગજાસંપત પ્રમાણે મદદ કરવા માંડી. કોઈ પોતાની વાડીએથી ઊતરેલું શાકપાંદડું આપી જાય, તો કોઈ કઠોળનો ઢગલો કરી જાય. હાદા પટેલે તાજેતરમાં પૂંજિયા ઢેઢ પાસે વેજું વણાવેલું એમાંથી બાર હાથ ગિધાનાં બાળકોને વેતરી આપ્યું. અલબત્ત, ગિધાએ એક વેળા જમાવેલો ધમધોકાર વેપાર તો હવે ફરી હાથ કરવાનું શક્ય જ નહોતું; છતાં, દામજી જેમ-તેમ કરીને 'રોટલા કાઢતો થાય, એ ઉદ્દેશથી મુખીએ એને ગામના ચોરાની માલિકીની એક નાનકડી ઓરડી કાઢી આપી, અને ત્યાં ચપટી મૂઠી માલ ભરીને દામજીને નાનીસરખી હાટડી મંડાવી દીધી. જીવા ખવાસની જબરજસ્ત દુકાનની સ્પર્ધામાં આ ખોબા જેવડી હાટડી ટકવી મુશ્કેલ હતી છતાં દામજીને સુપાત્ર જાણીને લોકોએ સહકાર આપવા માંડયો.

આમ, નાનપણમાં જ માબાપથી વિખૂટાં પડેલાં આ બાળકો પર ગામ આખું વાત્સલ્ય વરસાવી રહ્યું હતું એવામાં જ માંડણિયો તાલુકાની જેલમાંથી છૂટીને આવ્યો.

આવતાંની વાર જ માંડણિયે તોપના ધડાકા જેવા સમાચાર આપ્યા :

'ઝમકુ તો સતાપરવાળા શિવાભારથીના ઘરમાં બેઠી છે.'

'તને કોણે કીધું ? તને કયાંથી વાવડ ?'

'સતાપરનો એક ખાંટ ખૂનના કેસમાં તાલુકાની જેલમાં આવ્યો, એણે વાવડ દીધા.'

*

## પ્રકરણ ત્રેવીસમું

# ડાઘિયો ભસ્યો

**આરંભમાં** તો માંડણની વાત ઉપર કોઈને વિશ્વાસ ન બેઠો.

'એલા હોય નહિ હોય ! ક્યાં પડ્યું સતાપર ને ક્યાં આપણું ગુંદાહર !'

'આલ્યે ખાંટડે માળે સાવ ટાઢા પોરની હાંકી લાગે છે.'

'ક્યાં લોટમગાની નાત્યનો શિવોભારથી ને ક્યાં ઝમકુ ! આ તો લંકાની લાડી ને ઘોઘાનો વર જેવી વારતા કરી માંડણિયે—'

કેટલાંક પરગજુ માણસોએ તો ઝમકુ વિષે આવો નામોશીભર્યો ગપગોળો હાંકવા બદલ માંડણને ધમકાવ્યો પણ ખરો, ત્યારે માંડણે સામું પૂછ્યું :

'ગુંદાહરમાં ઝમકુ નામવાળી એક જ હતી કે હજી છે બીજી કોઈ ?'

'એક જ હતી સાત ખોટની.'

'તો બસ. ઈ સતાપરના શિવાભારથીના ઘરમાં બેઠી તનકારા કરે છે.' માંડણે વિશ્વાસપૂર્વક ઉમેર્યું, 'શિવોભારથી એક અંધારી રાત્યે સાંઢિયો લઈને આપણી સીમમાં આવ્યો'તો, ને ઝમકુ સંતાતી સંતાતી સામી ગઈ'તી. કિયો કે હા—'

'હા, હાથિયે પાણે કો'કનો સાંઢિયો આવ્યો'તો ખરો—'

'કો'કનો નહિ, શિવાભારથીનો જ.' હવે માંડણે પોતે સાંભળેલી વધારે વિગતો રજૂ કરવા માંડી : 'ને ઝમકુ ઘરમાંથી હંધુય વીણીચૂણીને બચકી બાંધતી ગઈ છે. કિયો કે હા—'

'હા, વાલની વાળી તો શું, અટાણે કો'ક મરી જાય તો મડદાના મોઢામાં મેલવા જેટલી સોનાની કરચે ય નથી મેલતી ગઈ—,

'તો હાંઉ. ઓલ્યા ખાંટની વાત સાવ સાચી નીકળી. ઝમકુડી ઈ એ...ય...ને શિવાભારથીના ઘરમાં બેઠી તનકારા કરે!'

પણ વાત એટલી તો વિસ્મયપ્રેરક હતી કે માંડણે આપેલાં આટઆટલાં એંધાણો પરથી ય એમાં ઝટ વિશ્વાસ બેસે એવું નહોતું. ગુંદાસર અને સતાપરના પંથક જ સાવ ઉત્તરદખ્ખણ જેવા; એમાં એ બન્નેનો મેળ સધાય જ શી રીતે? ક્યાં એક વેપારી ને ક્યાં એક અતીત!

'ના, ના, ઈ તો કો'ક બીજી ઝમકુ હશે.'

'શિવાભારથીની નાતીલી જ કો'ક દખિયારી બાઈ હશે—'

આવી અટકળો અને અનિશ્ચિતતાનો અંત લાવવા માટે સુખીએ તુરત માર્ગ કાઢ્યો. એણે દામજીને વાટખરચી આપીને સતાપર દોડાવ્યો.

'જા, છાનોમાનો જઈને સાચી વાત જાણી આવ્ય ઝટ. આ ઠૂંઠિયાની વાત સાચી ન મનાય.'

અને દામજીએ સતાપરનો કેડો લીધો.

ત્રીજે દિવસે એ ખોટા રૂપિયાની જેમ પાછો આવ્યો, ને કહ્યું:

'વાત સાવ સાચી. ઝમકુને મેં શિવાભારથીની જગ્યામાં નજરોનજર ભાળી ને કીધું કે બે'ન! હાલ્ય તારાં છોકરાં રૂવે છે. તો મને સગા ભાઈને, સાંભળી ન સંભળાય એવી ગાળ્યું દઈને કાઢી મેલ્યો. શિવાભારથીએ મને ગડદાપાટુ કરીને ગામમાંથી તગડી મેલ્યો ને કીધું કે હવે ફરી દાણ સતાપરની સીમમાં ય ક્યાંય દેખાણો છો તો ડેબાં ભાંગી નાખીશ!'

હવે ગામ આખાને ગળા સુધી પાકી ખાતરી થઈ કે ઝમકુએ એક અતીતનું ઘર માંડ્યું છે.

'અરરર! નાત્ય આખીમાં એને કોઈનું ઘર ન સૂઝયું તી

બાવાના ઘરમાં બેઠી !'

'ભામણ વટલે એટલે તરક જ થાય.'

પણ હવે ઝમકુના આ પગલા વિષે બહુ ટીકાટિપ્પણ કરવામાં લોકોને રસ નહોતો રહ્યો, હવે તો રસનો વિષય હતો :

'શિવોભારથી છે કોણ ?'

'ઝમકુને એની ઓળખાણ ક્યાંથી ?'

અને તુરત સંશોધકોએ પોતપોતાનાં સ્મૃતિપડ ઊખેળવા માંડ્યાં. અનુમાનો થવા લાગ્યાં. તૂટક તૂટક નિર્દેશોના તાળા બેસાડવા માંડ્યા.

'ગિધાની હાટે રતૂમડું લોઢું લઈને એક અતીત આવતો'તો ખરો—'

'ને કો'ક કો'ક ફેરે તો રોટલો ખાવા ય રોકાતો—'

'કિયે છ કે ગિધાને ઈ અતીતમાં બવ આસ્થા હતી. તી બાવાને ઝમકુ ચૂરમું રાંધીને જમાડતી—'

'ઈ ચૂરમું જમનારો શિવોભારથી જ હશે તો તો ગિધાને હાથનાં કર્યાં જ હૈયે વાગવા જેવું થયું ગણાય.'

'ભગવાન જાણે, ભાઈ ! ગિધાની ગત્ય તો એકલો ગિધિયો જ જાણે. બાકી પોતે ય કોઈ દી પેટ ભરીને ખાતો નહિ, ઈ માણસ આવા બાવાસાધુને ચૂરમાં જમાડે ઈ કાંઈ સમજણમાં ઊતરે એવું નથી.'

'ચૂરમાં તો ગિધો મર્યા કેડ્યે ય ઝમકુએ કાંઈ ઓછાં નથી રાંધ્યાં. રોજ ઊઠીને આખી શેરીમાં ઘીની દાઝ ફોરી ઊઠતી.'

આખરે, ખુદ, દામજીએ પણ અનુમાન કર્યું કે ગિધાના મૃત્યુ પછી એક માણસ નાતીલાને અને દૂરના સગપણને દાવે વારંવાર ઘેર આવતો અને ઝમકુ જેને હોંશ હોંશે જમાડતી, એ આ વેશધારી શિવોભારથી જ હોવો જોઈએ.

ઝમકુના જીવનનાટક ઉપર આ રીતે છેલ્લો પરદો પડી રહ્યો

કે તુરત લોકોએ સંતુની ચિંતા કરવા માંડી.

ઝમકુ જતાં જતાં પણ સંતુ વિષે જે ભવિષ્યવાણી ઉચ્ચારતી ગયેલી એ લોકસ્મૃતિમાંથી સહેલાઈથી દૂર થાય એમ નહોતી. સંતુએ પોતાનાં પુનર્લગ્ન અંગે સોઈઝાટકીને ના ભણી દીધી હોવા છતાં એનાં હિતૈષીઓ થોડાં એને સુખે રહેવા દે એમ હતાં ? એમણે તો કાગને ડોળે રાહ જોવા માંડી.

'આ માંડણિયો તો સાજોનરવો પૂગ્યો છે. જોઈએ, હવે સંતુની ટેક કેટલાક દી ટકે છે.'

'અરે ઝમકુડી જેવી ખાઈપી ઊતરેલી ઝાઝા દી ન ટકી તો સંતુનું શું ગજું ?'

લોકો રાહ જોતાં રહ્યાં પણ એમની મનીષા ફળે એવાં કોઈ ચિહ્ન દેખાયાં નહિ; બલકે, માંડણનાં વાણીવર્તન વગેરે તો પેલી આગાહીને સાવ ઊંધી વાળે એવાં લાગ્યાં.

જેલમાંથી છૂટીને આવ્યો એ દિવસે માંડણ સીધો ડુમરની ખડકીએ ગયેલો અને હાદા પટેલના ખોળામાં માથું મૂકીને નાના બાળકની જેમ ધ્રૂસકે ધ્રૂસકે રડેલો, ને બોલેલો :

'મેં દારૂ પીને હાથે કરીને જ ગોબરને ગૂડી નાખ્યો છે, કાકા ! મારું માથું વાઢો તો મારા જીવને નિરાંત થાય.'

અલબત્ત, માંડણનો આ પશ્ચાત્તાપ પણ લોકનજરે તો નાટકમાં જ ખપી ગયો.

'ઈ તો ઘરથી જ નાટકિયો છે, તરગાળા ભવાયા જેવો. નિતનવા વેશ કાઢવામાં સૂરોપૂરો—'

'એમ તો પોર સાલ સંતુનું બેડું સોંપવા ગ્યો'તો, તંયે ય ડીબકે ડીબકે રોયો'તો. સાંપટમાં આવે તંયે સહુને વાલો થાવા જાય ઈ માંયલો છે.'

'આ ફેરે ય આમ રોઈ રોઈને હાદા પટેલને ભરમાવી નાખશે

ને અંત્યે જતાં સંતુને ઘરમાં ન બેહાડે તો મારી મૂછ મૂંડાવી નાખું—'

માંડણના ભવિષ્યની આ આગાહી કરવામાં પોતાની મૂછને હોડમાં મૂકનાર નથુસોની હતો.

પોતાની આગમવાણી સાચી પડવા માટે એણે થોડા દિવસ રાહ જોઈ, પણ એ ચરિતાર્થ થાય એવાં કોઈ ચિહ્નો દેખાયાં નહિ તેથી નથુસોની નાસીપાસ થયો.

એંધાણ તો બધાં એની આગાહી કરતાં સાવ અવળાં જ દેખાવા લાગ્યાં. માંડણે જેલમાં જતાં પહેલાં જ જે દાઢી વધારવા માંડેલી એ હવે તો ખાસ્સી કોઈ ગુફાવાસી અઘોરી જેવી લાગતી હતી. દિવસનો ઘણોખરો સમય એ ગામમાં રહેવાને બદલે ભૂતેશ્વરની જગ્યામાં ગાળવા લાગ્યો.

'ઈ તો ગાંજાની ફૂંક ને ચરસની ગોળીની લાલચે ભૂતેશ્વરમાં જાય છે.' નથુસોનીએ કારણ રજૂ કર્યું અને પછી ઉમેર્યું : 'બાકી, એની નજર તો સંતુડી ઉપર જ છે.'

નથુસોનીનું આ નિરીક્ષણ પણ ખોટું ઠર્યું. સંતુ હમણાં હમણાં ડેલી બહાર બહુ જતી નહિ : છતાં કામપ્રસંગે એ શેરીમાં નીકળે અને આકસ્મિક માંડણ એને સામો મળે તો એ યુવાન નીચી મૂંડીએ એક બાજુ તરી જતો, એટલું જ નહિ, પોતાની નજર જમીનમાં ખોડીને જ ક્ષોભ અનુભવતો ઊભો રહેતો. એ મૂંગી નજર જાણે કે ક્ષમા યાચી રહેતી : 'મેં તારા ધણીને મારી નાખ્યો છે. મેં તારું સૌભાગ્ય ઝૂંટવી લીધું છે. હું જલ્લાદ જું. મને માફ કર, સંતુ!'

નીચી મૂંડીએ ઊભા રહેવાના માંડણનાં આ વર્તાવનો ખુલાસો પણ નથુસોની પાસે તૈયાર હતો :

'ઈ તો બગભગત છે. માછલું લાગમાં આવશે કે તરત હડફ ફેરી જાશે, જોજો તો ખરાં!'

અને છતાં ય આ 'ભગત' બગભગત પુરવાર થાય એવાં કશાં

ચિહ્ન ન દેખાયાં ત્યારે તો નથુસોનીએ એક બપોરે ભરબજારમાં જ માંડણને પાંચ-સાત માણસોનાં સાંભળતાં જ પૂછી નાખ્યું :

'એલા, હવે સંતુને હાથે કે'દી રોટલા ઘડાવવા છે ?'

'સંતુ તો મારા માને ઠેકાણે છે. નથુકાકા ! મોઢું સંભાળીને બોલજો !'

શ્રોતાઓને પ્રશ્ન કરતાં ય એનો જડબાતોડ જવાબ વધારે રસપ્રદ લાગ્યો.

ખસિયાણો પડી ગયેલો નથુસોની બબડતો રહ્યો :

'જોયો હવે માનો મોટેરો દીકરો ! બાળા હાળાવ મોઢેથી બોલવામાં જ શૂરા...દીદાર દરવેશના, ને કરતૂક કાબાનાં...કળજગ છે કળજગ.'

અને બજારમાંથી શેરીમાં ને શેરીમાંથી ઉંબરે ઉંબરે વાત પહોંચી.

'માંડણિયે સંતુને મા કીધી ! માંડણિયે સંતુને મા કીધી !'

ઠેઠ ઠુમરની ખડકી સુધી વાત પહોંચી : 'માંડણિયે સંતુને મા કીધી !'

ઊજમે ઉત્તર વાળ્યો :

'લખમણજતિને મન તો સીતા મા જ ગણાય ને ! એમાં નવી વાત શું કીધી ?'

* * *

એક પાછલી રાતે માંડણ ભૂતેશ્વરની ભજનમંડળીમાંથી આવીને ખડકીને એક ખૂણે ખાટલામાં પડ્યો હતો.

આખું ગામ નિદ્રાધીન હતું. સદા ય જાગતો રહેતો ડાઘિયો કૂતરો પણ ખડકી બહાર પગથિયે આંખો મીંચીને પડ્યો હતો.

એક માત્ર માંડણની આંખમાં ઊંઘ નહોતી. એના મગજમાં હજી પણ ભજનમંડળીએ ચગાવેલા ભજનોની રમઝટ ગુંજતી હતી. દાસી જીવણ અને દેવાયત પંડિતની શબ્દાવલિઓના સૂર માંડણના

ચિત્તમાં રમતા હતા.

આખું ગામ પ્રગાઢ નિદ્રામાં પોઢ્યું હતું ત્યારે માંડણની આંખમાં અજંપો હતો.

મોડી રાતે માંડ માંડ પાંપણ જરા ભારે થઈ અને સહેજ તંદ્રાવસ્થા આવી ત્યાં જ કશોક અણધાર્યા અવાજે એને જગાડી દીધો.

એ અવાજ નથુસોનીના ઘરમાંથી આવતો જણાયો.

માંડણના કાન ચમકી ઊઠ્યા. આ કોનો અવાજ ? શાનો અવાજ ? પાછલી રાતે કોઈ રડે છે ? ના, ના. આ અવાજ રુદનનો ન હોઈ શકે.

કશીક અસહ્ય શારીરિક પીડાની વેદના એ દબાયેલા અવાજમાંથી વ્યક્ત થતી હતી.

પણ નીંદરે ઘેરાતા માંડણને આ અવાજ પારખવા જેટલો અવકાશ નહોતો. અર્ધજાગૃત અવસ્થામાં કશુંક અસ્પષ્ટ બબડીને એ પડખું ફર્યો અને થાકચોપાકચો નસકોરાં બોલાવવા લાગ્યો ત્યાં તો ફરી એ ઝબકીને જાગી ગયો.

આ વેળા પેલી વેદનાની અભિવ્યક્તિ વધારે તીવ્ર બની હતી. પ્રયત્નપૂર્વક દબાયેલી છતાં તીણી તીસ સંભળાતી હતી.

હવે માંડણની ઊંઘ ઊડી ગઈ. એને સમજાતાં વાર ન લાગી કે આ દબાયેલી ચીસો બીજા કોઈની નહિ પણ જડીની છે.

વળી થોડી વાર શાંતિ થઈ ગઈ અને ઘરમાં કશીક ધીમે સાદે ગુફતેગો ચાલી. અત્યંત ધીમાં કાનસૂરિયાં સાથે જરા મોટે સાદે ધમકીભર્યાં વચનો પણ સંભળાયાં.

માંડણને નવાઈ લાગી. આટલી મોડી રાતે આ શી ધમાલ છે ?

'મા !...મા !' જડીની કરુણ કાકલૂદીઓ કાને પડી.

અને તુરત 'મૂંગી મર્ય, મૂંગી !' એવો અજવાળીકાકીનો અવાજ પણ સુસ્પષ્ટ સંભળાયો.

માંડણ વધારે વિસ્મય અનુભવી રહ્યો.

એકાએક અવાજો બંધ થઈ ગયા.

ખલેલ પતી ગઈ છે, એવું આશ્વાસન લઈને માંડણે નિરાંત અનુભવી અને હવે સૂરજ ઊગે એ પહેલાં થોડી વાર જંપી જવા એણે પડખું ફેરવ્યું, ત્યાં તો હળવેથી ઊઘડતા કમાડના ચણિયારાએ ચડડડ અવાજ કરીને ચાડી ખાધી.

માંડણે નથુસોનીના ઘરના ઉંબરા ઉપર નજર નોંધી તો કાળાડીબાણ અંધકારમાં હાથમાં હરીકેન ફાનસ લઈને એક પુરુષ બહાર આવ્યો. એની પાછળ એક પ્રૌઢ સ્ત્રી હાથમાં કશુંક લપેટીને નીકળી.

પુરુષે કોઈ જ અત્યારે પોતાને નિહાળતું નથી, એની ખાતરી કરીને ખડકી ઉઘાડી અને ચોર-પગલે બન્ને જણાં ચોંપભેર બહાર નીકળી ગયાં.

પણ કમનસીબે ખડકીને પગથિયે જ સૂતેલા ડાઘિયાએ ડાંઉ ડાંઉ કરીને શાંત વાતાવરણમાં ખલેલ કરી. એનો ભસવાનો અવાજ નિરવ રાતે અનેકગણો વધારે ઉગ્ર લાગ્યો.

માંડણે કાન સરવા કર્યા.

પેલા પુરુષે ડાઘિયાને શાંત પાડવા પરિચિત ણુચકારો બોલાવ્યો અને એ મૂંગું પ્રાણી કોઈક અંતરગત ઊંડી સમજદારીથી પૂંછડી પટપટાવતું એની પાછળ ચાલ્યું.

માંડણને આ આખી ય હલચલ ભેદભરી લાગી. ખડકી ઉઘાડીને એ પગથિયે પહોંચ્યો. જોયું તો પેલાં સ્ત્રીપુરુષ ઉતાવળે પગલે આઘાં નીકળી ગયાં હતાં. ડાઘિયો જાણે કે એમનાં પગલાં દબાવતો એમનું પગેરું કાઢી રહ્યો હતો.

ખાસ્સો કલાકેક વીતી ગયા પછી સ્ત્રીપુરુષ પાછાં આવ્યાં. ઠાંસોઠાંસ અંધકારથી ભરેલા ફળિયામાં માંડણની હાજરી જ નથી. એમ સમજીને એમણે નચિંત બનીને ખડકીનાં કમાડ કસાર્યાં, ને વિશેષ નચિંત બનીને પોતાના ઘરમાં ઘૂસી ગયાં.

હવે માંડણને ઊંઘ આવવી અશક્ય હતી.

પાછલી રાતની ભેદી હિલચાલે આ યુવાનનું અંતર વલોવી મૂક્યું હતું, અનેક શંકાઓ પ્રેરનારી આ ઘટનાનો તાળો મેળવવા એ મથી રહ્યો.

કેટલો સમય વીતી ગયો એનો પણ માંડણને ખ્યાલ ન રહ્યો. એકાએક ખડકી બહાર ડાઘિયો ભસ્યો ત્યારે જ એ વિચારતંદ્રામાંથી જાગ્યો.

ડાઘિયો વધારે ને વધારે ઉગ્રતાથી ભસવા લાગ્યો. એના ભસવામાં જાણે કે કશીક તાકીદની ઉતાવળ વરતાતી હતી.

માંડણને એ ભસવામાં કશોક ભેદ લાગતાં એણે ખડકી ઉઘાડી. ઊંબરા પર નવજાત બાળકનો લોચો પડ્યો હતો.

ડાઘિયો એની પોતાની વાણીમાં જાણે કે કહી રહ્યો હતો :

'આને વગડામાં મેલી દીધું'તું, ત્યાંથી હું પાછું લાવ્યો છું. ઝટ લઈ લો, હજી જીવે છે. બહુ મોડું થાય એ પહેલાં જ એને માને ખોળે સુવરાવી દિયો ઝટ !'

ખડકીના ઊંબરાની ખડબચડી ફરસ ઉપર પડેલા નવજાત શિશુને માંડણે કશો ય વિચાર કર્યા વિના પોતાના એક સાજા હાથમાં ઊંચકી લીધું. થોડા જ મહિના પહેલાં વાડીએ સ્ફોટક દારૂનો ટોટો ફોડીને પિતરાઈનો જાન લેનાર જલ્લાદ હાથનાં આંગળાં વચ્ચે એક સુકોમળું શિશુ સળવળી રહ્યું. માંડળનો રુક્ષ કઠોર હાથ આ સુમધુર સળવળાટે ઝણઝણાટી અનુભવી રહ્યો.

તુરત એણે પોતાના પડોશીના ઘરની સાંકળ ખખડાવી.

'લ્યો; આને ડાઘિયો પોતાના મોઢામાં ઉપાડીને પાછું લઈ આવ્યો છે. હજી જીવે છે !'

*

## પ્રકરણ ચોવીસમું

# સૂરજ ઊગતાં પહેલાં

ફૂંઠા માંડણને એક હાથમાં રાતુંચોળ બાળક લઈને ઊભેલો જોતાં અજવાળીકાકી તો આભાં જ બની ગયાં.

આ શું ? આ સપનું હશે કે સાચું ? આ બચોળિયાને તો હું સગે હાથે ઠેઠ હાથિયે પાણે મૂકી આવી હતી, એ પાછું કેમ કરીને આવ્યું ? ને આ માંડણિયો મળસ્કા ટાણે ક્યાંથી ફૂટી નીકળ્યો ? ખડકી તો ખાલીખમ હતી; માંડણિયો તો ભૂતેશ્વરમાં ભજનમાં બેઠો હતો. એ ઓચિંતો અહીં ક્યાંથી આવી પૂગ્યો ?

'લ્યો, કાકી ! લઈ લ્યો આ મૂંગા જીવને. ભગવાનને ઘેરથી આવરદા લાંબી લખાવીને આવ્યો હશે, ઈ આપણે હાથે કેમ કરીને ટૂંકી થાય ?'

માંડણ બોલતો રહ્યો ને અજવાળીકાકી અચરજ અનુભવતાં રહ્યાં.

અંદર ઓરડામાંથી ઉત્સુકતાભર્યો અવાજ ઊઠ્યો : 'મા !... મા !...'

'હવે મૂંગી મરીશ ?' કાકીએ પછવાડે મોઢું ફેરવીને ડારો દીધો. 'મા વન્યા જાણે કે વઢૂકી ગઈ !'

અને તુરત માંડણ તરફ મોઢું ફેરવ્યું. હાથમાંના હરીકેન ફાનસની વાટ ઊંચી ચડાવીને બાળક તરફ નજર કરી.

તાજા જન્મેલા શિશુનું રેશમ જેવું સુંવાળું શરીર હાથિયા પાણાની રતુમડી માટી વડે ખરડાયેલું લાગતું હતું. અરે, પણ આ

અચરજ કોને કહેવું ? આ તે કોઈ પરીકથાનો કિસ્સો છે કે સાચી ઘટના ?

'આ ઘરમાં આનાં અન્નજળપાણી લખ્યાં લાગે છે. ઈ વન્યા, વગડામાંથી આ ઊંબરે પાછું શું કામે આવે ? લઈ લ્યો !' માંડણ વીનવી રહ્યો.

'મા ! લાવ્ય ઝટ, પાછું લાવ્ય ઝટ !' અંદરથી જડીએ ઉત્સુકતાભેર આજીજી કરી.

આ વખતે પુત્રીને ધમકાવી કાઢવાની અજવાળીકાકીમાં હિંમત રહી નહોતી.

હરીકેનની વાટ હજીય વધારે સતેજ કરીને એમણે બાળક તરફ જોયું. ટચૂકડા ટચૂકડા હાથ હવામાં ઉલાળીને જાણે કે માતાની વત્સલ ગોદ એ માગી રહ્યું હતું.

'લ્યો, આ તો દીકરી, એટલે લખમીમાતાનો અવતાર ગણાય.' માંડણ હજી વીનવતો હતો. 'આને જાકારો ન દેવાય. આને તો જલમતાંવેંત જ નવો જલમ જડ્યો એમ ગણો !'

અજવાળીકાકી શિયાંવિયાં થઈ રહ્યાં. માંડમાંડ બોલી શક્યાં :

'આ......આ......પાછી કેમ કરીને આવી ?'

'ભગવાને જ મોકલી એમ ગણોની ! ડાઘિયો મોઢામાં ઘાલીને આપણી ખડકી લગણ લઈ આવ્યો. જિવાડવાવાળો તો ઉપર હજાર હાથવાળો બેઠો છે ને !'

'સાચે જ આને ડાઘિયો લઈ આવ્યો ?' અજવાળીકાકીને હજીય મનમાં સંશય હતો.

'આ જુવોની ડિલ ઉપર ડાઘિયાની દાઢું ઊઠી આવી છે ઈ ! બચાડે પોચે દાંતે ઉપાડી હશે, તોય ઈ તો કૂતરાની દાઢું. રાતાં-ચોળ ચાંભાં ઊઠી આવ્યાં છે છોકરીને !'

'મુવો ડાઘિયો ! ઠેઠ હાથિયા પાણા લગણ મારી વાંહે ને વાંહે ...વાંહે ને વાંહે...જરાય ખહે નઈં રોયો !'

'ઈ તો એને ભગવાને જ મોકલ્યો હશે ને!' માંડણે કહ્યું. 'કાકી! જી થાય ઈ સારા સારુ જ થાય, એમ ગણો. આ ગગીનું આયખું લાંબું લખાણું હશે. ઈ આપણે કેમ કરીને ટૂંકાવી હકીએ?'

વળી અંદરથી અવાજ ઊઠ્યો :

'મા! હવે તો મને એનું મોઢું જોવા દે?'

અને માતાના મગજની કમાન છટકી. વડછકું ભર્યું :

'મોઢાં જોવાની સગલી! મૂંગી મર્યની! લાજતી નથી ને માથેથી ગાજશ?'

'હવે ઠાલાં આફળાં થાવ મા, કાકી!' માંડણ વીનવી રહ્યો. 'આ ગભુડિયા ઉપર જરાક દિયા કરો! ઉઘાડે દિલે ને કૂતરાંની દાઢ વચ્ચે બેહીને લાંબો પલ્લો કરી આવ્યું છ, તી એને માને થાનેલો મેલો. બે ઘૂંટડા પેટમાં જાહે તો ડિલમાં કાંટો આવશે—'

'માંડણ, ગગા! મારી જડીની લાજ હવે તારા હાથમાં છે—'

'જડી તો મારી માની જણી બે'ન સમાણી—'

'તો ઠીક. ગગા! તારા સિવાય બીજા કોઈને વાતની જાણ્ય નથી ને?'

'એક આપણો ડાઘિયો જાણે છે—'

'એનો વાંધો નહિ.'

'ને બીજો જાણે છે ઉપર બેઠો ઈ હજાર હાથવાળો—

'એની તો આ હંધીય લીલા છે.' અજવાળીકાકીએ આખરે કબૂલ કર્યું.

'તો ઠીક. ઈ ભગવાને જ આ ગગીને જીવતી રાખી એમ ગણોની! નીકર ઈયાં કણે હાથિયે પાણે તો રોજ રાત્યે દીપડો મારણ કરીને ધૂતે પાણી પીવા આવે; જરખ ને નાર તો સેંથકનાં રખડતાં હોય; એમાં આ મૂંગો જીવ હેમખેમ રૈ' ગ્યો, ને જડી બે'નને ખોળે પાછો આવ્યો, ઈ ભગવાનનો પાડ માનોની!'

માંડણે અજવાળીકાકી માટે ભારે મૂંઝવણ ઊભી કરી. આ

બાળકીને હવે સ્વીકારવી કે નહિ ? ને સ્વીકારવી તો ક્યાં રાખવી ? કેમ કરીને રાખવી ?

ઘરને છાને ખૂણે ગુસપુસ ચાલી. પતિપત્નીના મનમાં ગડમથલ ચાલી.

જડીના મનમાં, ઝટપટ પોતાની પુત્રીનું મોઢું જોવાની તાલાવેલી ચાલી.

અજવાળીકાકી મનમાં ને મનમાં પસ્તાઈ રહ્યાં. છોકરી ઠેઠ હાથિયે પાણે મેલી આવી, તો ભેગાભેગો એનો ગળાટૂંપો કેમ દેતી ન આવી ? હા, ઘરમાંથી નીકળવા ટાણે જડીએ રોતાંરગળતાં એક વચન માગ્યું હતું : મારી છોકરીને જ્યાં મેલો ત્યાં જીવતી મેલજો, એની હત્યા ન કરશો.

હાયરે ! મેં જડકીનું કે'વું માન્યું જ શું કામે ને ? બાળહત્યાના પાપથી હું આટલી બધી બી ગઈ ? રાજરજવાડામાં તો રોજ ઊઠીને દીકરીને દૂધ પીતી કરી નાખે, ને કોઈનું રૂંવાડું ય ન ફરકે. હું જ આવી ભડભાદર ઊઠીને આવડી નખ જેવડી છોકરીની ગળચી દાબતાં કેમ ગભરાઈ ગઈ ?

અરર ! આ તો હાથે કરીને ઘરમાં સાલ ઘાલ્યું. છાણે ચડાવીને વીંછી ઘરમાં ઘાલવા જેવું કરી બેઠી...મને શી ખબર કે મુવો ડાઘિયો મારાં પગલાંની ગંધ્યે ઠેઠ હાથિયા પાણા લગી મારો સગડ નહિ મેલે ? ઈ મુવો કૂતરો મારા જ ઘરના રોટલા ખાઈને ઊઝર્યો ને આજ મારી જ લાજ લેવા બેઠો !...જનાવર પણ કાંઈ ગંધીલાં, કાંઈ ગંધીલાં ! મોઢામાં ઘાલીને આ જીવનો લોચો મારે ઊંબરે પાછો આણ્યો...છોકરીનું આયખું જોર કરી ગયું ઈ વાત તો સાચી જ...નીકર ક્યાં હાથિયો પાણો, ને ક્યાં ડાઘિયો કૂતરો ! એ મૂંગો જીવ એને ઉગારવા ગ્યો, ઈ ય કિરતારની એક કરામત જ ગણવી ને !

ઉગારનારે આને ઉગારી, પણ હવે એને સંઘરવી કેમ કરીને ?

મોંસૂઝણું થવાને હજી સારી વાર હતી, તેથી અંધકારનો લાભ લઈને અજવાળીકાકીએ પતિ અને માંડણુ સાથે નિખાલસ ચર્ચાવિચારણા કરવા માંડી. બગબગું થઈ જાય એ પહેલાં ગમે તે પ્રકારે બાળકીનો નિકાલ લાવવા એમણે પેટછૂટી વાત કરી નાખી—'

'ઘરમાં તો કેમે ય કરીને સંઘરાય એમ નથી—'

'પણ કાકી!' માંડણે કહ્યું, 'આ મૂંગા જીવ ઉપર જરાક તો દિયા કરો!—'

'જિવાડનારે એને જિવાડી દીધી છે, તો હવે એની હત્યા નહિ કરું.' કાકી કબૂલ થયાં. 'પણ આ ઘરમાંથી એને ઝટ આઘી કરવી જ પડશે. સૂરજ ઊગ્યા પહેલાં જ આઘી કરવી પડશે—'

'કેમ કરીને આઘી કરશો?' માંડણે પૂછ્યું. 'આ તો મૂંગાં પશુ જેવું પરવશ—'

અને અજવાળીકાકી એકાએક અત્યંત ગદ્ગદ અને યાચક સ્વરે માંડણને વિનવી રહ્યાં:

'માંડણ, ગગા! મારી જડીની લાજ રાખ્ય, તો તારો પાડ ભવોભવ નહિ ભૂલું—'

'પણ હું આમાં શું કરું, કાકી?'

'આ છોકરીને ક્યાંક આઘીપાછી કરી દે. સૂરજ ઊગ્યા મોર્ય ક્યાંક આઘીપાછી કરી દે—'

'આ કાંઈ ઘઉં–બાજરાનું બાચકું થોડું છે કે ગાડામાં નીરણ પૂળાની હેઠળ સંતાડીને આઘુંપાછું કરી દેવાય? આ તો જીવતો જીવ...'

'માડી! આ સંસારમાં રૈને હંધુંય કરવું પડે...કહુલે કરવું પડે...દુનિયાના વે'વાર તું જાણશ? આબરૂને આછે ઢાંકણે જીવવાનું ...મારી પારેવડી જેવી જડીને અટાણે જીભ કચડીને મરવાનું ટાણું.. એનું જીવતર આખું રોળાઈ જાય...પોર સાલ તો લગન લેવાનાં ...વાને કાને ય વાત જાય તો મારી ગગીને કપાળે કાળી ટીલી

ચડે—'

'કાળી ટીલી નહિ ચડવા દઉં, કાકી !' માંડણે એકાએક નિર્ણય બદલી નાખ્યો અને સધિયારો આપ્યો :

'વાને કાને ય વાત નહિ જાય, તમતમારે બેફિકર રિયો, કાકી ! જડકીબેનના જીવતર ઉપર ડાઘ નહિ લાગવા દઉં—'

'કેવી રીતે ?'

'તમે જ અબઘડીએ કીધું ને, એવી રીતે, આ છોકરીને ગામ-માંથી આઘી લઈ જાઉં છું.'

'ક્યાં લઈ જાઈશ ?'

'એની તમારે શું ચંત્યા ? હું એને એવે ઠેકાણે રાખીશ, કે કોઈને કાંઈ ગંધ્ય જ ન જાય—'

'સાચે જ, ગગા ?'

'હા. આ ફૂલને હું જતન કરીને જાળવીશ, ને ઉઝેરીશ—'

'પણ માડી ! તું ઘરબાર, ગામ—'

'હંધું ય મેલીને જાઉં છું—'

'ક્યાં કણે ?'

'જ્યાં આ ફૂલનાં નસીબ જોર કરીને દોરી જાશે ઈયાં કણે—'

'ગગા માંડણ ! અટાણે તારા જેવો ભલો તો અમારે મને ભગવાને ય નહિ. તારો તો જેટલો ગણ માનીએ એટલો ઓછો, અજવાળીકાકીએ વિવેક કરીને ઉમેર્યું, 'પણ માડી ! તું પંડ્યે રિયો દખિયો જીવ, તારું જીવતર બળ્યુંઝળ્યું એમાં તું આ પારકી પળોજણ વો'રીને વધારે દખ કાં વોર્ય, મારા વીર ?'

'આ દખ નથી વોર'તો, કાકી ! તમારી વાત સાચી કે હું દખિયો જીવ છું ને મારું જીવતર બળેલુંઝળેલું છે. મેં મારે હાથે સગા પિતરાઈને માર્યો છે; મારે પાપે મારી બાયડી બળી મરી છે, આ હંધાં ય કરતૂક મને માલીપાથી કરકોલી ખાય છે. હવે મનમાં થાય છે કે હત્યા તો બવ કરી, પણ હવે આવા એકાદ ફૂલને મરતું

ઉગારું તો મારા મનનો ભાર હળવો થાય...'

નથુસોની અને અજવાળીકાકી મૂંગાં મૂંગાં માંડણનું આ મનોગત સાંભળી રહ્યાં. આજે આ પડોશી એમને સાવ જુદો જ લાગ્યો–અપરિચિત લાગ્યો. માંડણનું આ સ્વરૂપ એમનાથી સાવ અજાણ્યું જ હતું.

અજવાળીકાકીએ પૂછ્યું : 'આ મૂંગા જીવને લઈને ક્યાં જાઈશ ?'

ક્યાંક પરમલકમાં ઊતરી જાઈશ, આઘો આઘો ક્યાંક હાલ્યો જાઈશ, જ્યાં કાળું કૂતરું ય મને ઓળખશે નહિ.' માંડણ પોતાનું અંતર વાંચવા માંડ્યું. આમે ય હવે આ ગામમાં મને સોરવતું નથી, ધરતી ખાવા ધાય છે. ગોબરનું ગામતરું થ્યા કેડ્યે મને ક્યાંય ચેન નથી પડતું, સાચું માનશો ? જેલમાંથી આવ્યા કેડ્યે મને ક્યાંય જંપવારો જડતો નથી. રાત્યની રાત્ય અજંપામાં કાઢું છું. ભજન મંડળીમાં જઈને બેસું છું, પણ જીવને શાતા નથી વળતી. મારી આંખ્ય સામે મોતની ભૂતાવળ જ ભમ્યા કરે છે. જીવતાંજાગતાં ને હાલતાંચાલતાં માણસનાં મોઢાં ઉપર પણ મને મોત કળાય છે. અટાણે આ નવા જીવનું મોઢું જોઈને મને જંદગાની દેખાણી છે. એને જીવતું રાખવા દિયો, તો ઈ મસે હું ય જીવી શકીશ. અટાણે તો હું આ બચોળિયાને જિવાડવા જાઉં છું. પણ કોને ખબર છે, કે કદાચ આ બચોળિયું જ મને જિવાડશે ? આ દુનિયામાં જીવને ઓથે જીવ જીવે છે--'

છાને ખૂણે ચાલતી ગુસપુસ શમી ગઈ.

ગડમથલ મટી ગઈ.

નવજાત શિશુના ભાવિ અંગેનો આખરી ફેંસલો થઈ ગયો.

સૂરજ ઊગતાં પહેલાં માંડણ આ બાળકીને બગલમાં વીંટીને ગુંદાસરની સીમ છોડી ગયો.

*

## પ્રકરણ પચીસમું

# વસમો વેરાગ

એક અઠવાડિયા સુધી તો કોઈ માનવા તૈયાર નહોતું કે માંડણ ગામ છોડીને ક્યાંક ચાલ્યો ગયો છે.

'ઘરમાં જ પુરાઈ રિયો હશે—'

'ભલો હશે તો ભૂતેસરમાં પડ્યો પડ્યો ગાંજો ફૂંકતો હશે–'

'રંગીભંગી માણસનું ભલું પૂછવું ! એને તો ઘર ને સીમ હંધું ય સરખું—'

એક અઠવાડિયા સુધી તો ઓળખીતાંઓ એને ઘેર સવારસાંજ તપાસ કરતાં રહ્યાં, ને અજવાળીકાકીને પૂછતાં રહ્યાં.

'માંડણિયો છે ઘરમાં ?'

'ભજનમંડળીમાંથી પાછો આવ્યો કે નહિ ?'

'કે પછી ચરસની ઝોળી ચડાવીને ઘેનમાં ઘોરતો નથી ને ?'

અજવાળીકાકી આ સહુ પૃચ્છકોને ટૂંકો જવાબ આપતાં : 'ભાઈ ! અમે એને ભાળ્યો નથી.'

લાગલાગટ આઠ દિવસ સુધી માંડણ ક્યાંય દેખાયો જ નહિ; બજારે ન નીકળ્યો, જીવા ખવાસની હોટલને ઉંમરે ન ફરક્યો, ભૂતેશ્વરની જગ્યામાં ચલમ ફૂંકવા પણ ન ગયો, ત્યારે ગામલોકોને થયું કે જુવાન ક્યાંક ગામતરે ગયો છે.

'પણ ક્યાં ગયો છે ? કયે ગામ ગયો છે ? ગામતરું પણ કેટલુંક લાંબું ? કઈ હૂંડી વટાવવા ગયો છે ?'

આ પ્રશ્નોના ઉત્તર ક્યાંયથી મળે એમ નહોતા.

'મારે વાલીડે ફરી દાણુ કાંઈક કબાડું કર્યું લાગે છે. ઈ વન્યા આમ ગામમાંથી પોબારા ગણી જાય એવો પોમલો ઈ જણ નથી.'

'હશે કાંઈક દાળમાં કાળું. ગામમાં રે'વું જ ભોંયભારે થઈ પડયું હશે, એટલે હાલી નીકળ્યો હશે.'

'ક્યાંક સાંપટમાં સલવાણો હશે, એટલે આઘોપાછો થઈ ગયો છે. માથેથી ભાર ઓછો થાશે એટલે આફુડો પાછો આવતો રે'શે.'

મુખી ભવાનદાએ તો કંટાળીને ટકોર કરી પણ ખરી:

'એલા, આ ગામનું શું થાવા બેઠું છે? રોજ ઊઠીને કો'ક રાત્ય લઈને ભાગે છે, રોજ ઊઠીને ભાગે છે! ઓલી ઝમકુડીનો માંડ કરીને સગડ કાઢયો, ત્યાં તો આ માંડણિયો ભાગ્યો. હું તી કેટલાંકના સગડ સાચવવા બેસું! પગેરાં કાઢનારો મૂળગરિયો એક ને ભાગનારાં ઝાઝાં—'

ગામમાં બનતી કોઈ પણ ઘટના વિશે બેફામ ટીકાટિપ્પણી કરનારાં અજવાળીકાકીની જીભ આ વખતે સાવ સિવાઈ ગઈ છે. વિચિત્રતા તો એ થઈ છે કે માંડણના એક ફળિયે જ રહેનારાં પડોસી તરીકે, બધી જ પૂછપરછ ફરતી ફરતી આખરે અજવાળીકાકીને આંગણે આવી ઊભતી અને એમને હોઠે તો માંડણિયાના ઘર પર ટિંગાતા ખંભાતી તાળા જેવું જ એક અદષ્ટ તાળું લાગી ગયું હતું.

'ભગવાન જાણે કયાં ગયો હશે. આવડો મોટો મલક પડયો છે. માંડણિયો તો એકલપંડયે માણસ, એને ઉલાળ-ધરાળ થોડા હોય? એને તો કાંધે કોથળો ને મલક મોકળો...ઊતરી ગયો હશે ક્યાંક આઘો અઘો—'

અજવાળીકાકીના મોઢામાંથી આવાં પોપટવાક્યો સિવાય એક અક્ષર પણ વધારે સાંભળવા મળતો નહોતો, ત્યારે પારકી વાતો વાવલવામાં પાવરધા વખતીડોસીએ પોતાની જીભ બે-લગામ છૂટી મૂકી દીધી હતી. એના ઉપજાઉ ભેજાએ એક ગોળો ગબડાવ્યો:

'ઈ તો સંતુએ એનું ઘર માંડવાની ના પાડી એટલે માંડણને રીસ ચડી છે.

'પોતાની પરણેતરને સળગાવી દીધી, ને ગોબારયાને પૂરો કરી નાખ્યો, પછી ઈના મનમાં સોળ આની ખાતરી હતી કે સંતુ મારા રોટલા ઘડશે. સંતુએ કાંઈ કાનસરો આપ્યો નહિ એટલે કુંવર થઈ ગ્યા હાલતા--'

પાણીશેરડે ઘણા દિવસથી કૂથલી માટેનો કોઈ ઉત્તેજક વિષય જ નહોતો. વળી વખતીએ મૂકેલી આ કલ્પના સારા પ્રમાણમાં ચગી.

'આ તો માંડણિયે ઓલ્યા જૂના વારાના ભાટ-ચારણ જેવું ત્રાગું કર્યું કે'વાય--'

'ને હવે તો સંતુ સામી જઈ ને માંડણને આંગણે હેલ્ય ઉતારે તો જ કુંવરનાં રિસામણાં છૂટે--'

'બાપુ! પણ આવાં ત્રાગાં કે રિસામણાં તો ક્યાંય મલકમાંય સાંભળ્યાં છે?

'પણ આ તો બાળાપણની પ્રીત...ને એની નીંગઠ ગાંઠ્યું કેમે ય કરીને છૂટે જ નહિ-'

આમ, લોકકલ્પનાનું વહેણ સાવ જુદી જ દિશામાં ચડી ગયું એથી અજવાળીકાકી બહુ રાજી થયાં. માંડણના ગુમ થવા પાછળનું ગુપ્ત પ્રયોજન ગોપિત જ રહેવા પામ્યું. પેલી પાછલી રાતે ડાધિયા કૂતરાએ ભસીને જે અકળામણ ઊભી કરેલી અને માંડણે એ વિકટ પરિસ્થિતિમાંથી જે માર્ગ કાઢેલો એની કોઈને ગંધ સુધ્ધાં આવી શકી નહિ.

અને એવામાં વળી એક રસિક સમાચાર આવ્યા.

બન્યું એમ, કે ગામમાંથી પરભો ગોર એના કોઈક દૂર દૂર વસતા યજમાનનાં શ્રાદ્ધસરામણાં કરવા ખભે ખાલી ખડિયો નાખીને તુલસીશ્યામ ગયેલો. થોડા દિવસ બાદ એ યજમાનનાં દાપાં-દક્ષિણા ને અખિયાણાં વડે ફાટફાટ થતો ખડિયો ખાંધે નાખીને પાછો આવ્યો

ત્યારે એણે વાવડ આપ્યા :

'મેં માંડણિયાને ભાળ્યો–'

'ક્યાં ? કિયે ઠેકાણે ?'

'તળસીશામની જીગામાં––'

'હોય નહિ. તારો કાંઈક જોવાફેર થઈ ગયો હશે–'

'ઈ ઢૂંઢિયાને નજરોનજર ભાળ્યો ઈ ખોટું ? ઢૂંઢિયાં માણહ મલકમાં કેટલાંક હોય ?—'

'પણ ઈ કરતો'તો શું ?'

'એણે તો સાવ ભભૂત ચોળી નાખી છે. પાંચસાત મૂંડકાં ભેગો સાજે હાથે બેઠો બેઠો બાટી શેકવતો'તો—'

'સાચે જ ?'

'હા. મેં કીધું કે હાલ્ય ગુંદેહર, તારી વાટું જોવાય છે—'

'હા. પછી ? શું કીધું એણે ?'

'એણે કીધું કે હમણાં નહિ આવું—'

'હા...માળો સાચે જ રિસામણે ગ્યો લાગે છ—'

'મેં કીધું કે હમણાં નહિ આવ્ય તો કે'દી આવીશ ? મૂરત-બૂરત જોવું પડે એમ છે ? તો મારા ટીપણામાંથી સારું જોઈને મૂરત ગોતી દઉં—'

'પછી ? પછી શું બોલ્યો ?'

'ઈ તો કિયે કે હું મારું ટાણું થાશે એટલે આકૂડો આવીને ઊભો રૈશ—'

હવે વખતીને પોતાના અનુમાનની અણધારી પુષ્ટી મળી રહેતાં એ વધારે ચગી.

'હું નો'તી કે'તી કે માંડણિયે ભેખ લઈ લીધો છે ? મારી વાત કોઈ માનતાં નહોતાં, પણ હવે આ પરભો ગોર કિયે છે, ઈ સાંભળો !'

હવે માંડણના સંસારત્યાગને વાજબી ઠરાવનારાઓ પણ નીકળી

આવ્યા.

'માનો કે ન માનો, પણ ઠુમરના ખોરડાને જ આવું વરદાન છે; એના કુટુંબમાં દર બીજી-ત્રીજી પેઢીએ એકાદ જણ તો વેરાગી થાય જ.'

'જુવોની, આ હાદા પટેલની ત્રીજી પેઢીએ એના ગલઢા ધરમા પટેલ સતીમાના ગોઠિયા થ્યા'તા, ને ગઢપણમાં એણે ગરનાર ઉપર ચડીને સમાધ લીધી'તી. ઈ પછે દેવશીએ વેરાગ લીધો, ને હવે આ માંડણિયે માથું મુંડાવ્યું.'

'ઈ તો ઠુમરના ખોરડાને જ વરદાન લાગે છે, નીકર આમ આટલા બધા જણ હાથમાં બેરખા લઈને બેહી જાય ?'

'તમે મર ઠેકડી કરો, પણ આ તો પુણ્યશાળી ઘરનાં એંધાણ ગણાય. સંસારની માયામમતા છોડવી કાંઈ રમત વાત છે ?'

માંડણના ગૃહત્યાગનું ગુપ્ત કારણ ન જાણનારાઓ તો એમાં દૈવી રહસ્યનું પણ આરોપણ કરી રહ્યાં :

'ભાઈ ! આ સતીમાનું થાનક સાચવવું કાંઈ સહેલ વાત નથી. ઈ તો વારેઘડીએ એના ગોઠિયાના ભોગ માગે. નીકર, એક જ કુટુંબમાંથી આટલા બધા જણે વેરાગ લેવો પડે ?'

* * *

પરભા ગોરે ગામમાં આવીને કોઈ જાણે નહિ એ રીતે હાદા પટેલને વાત કરેલી :

'માંડણિયે કેવરાવ્યું છે કે મારી કાંઈ ફકર્ય કરશો મા. સારે વરસે મારાં ખેતરવાડી સંભાળજો, ને મારા ખોરડાનો વેમ રાખજો. હું મારું ટાણું થયે પાછો ગામમાં આવીશ—'

'પણ ઈ ભગવાં પે'રીને બેઠો છે, ઈ પાછાં ઉતારશે કે નહિ ?' હાદા પટેલે ચિંતાતુર અવાજે પરભા ગોરને પૂછેલું.

'ઈ તો ભગવાન જાણે. પણ ગામમાં તમારા સિવાય બીજા કોઈને જાણ ન થાય એમ કહીને કે'વરાવ્યું છ ખરું, કે મારી

હુંધી ય માલમિલકત હાદોકાકો સંભાળી લ્યે. હું ટાણું થ્યે આવી પૂગીશ.'

ઊજમ મારફત સંતુને આ ગુપ્ત સમાચારની જાણ થઈ ત્યારે એ વિચારમાં પડી ગઈ.

'શું કામે માંડણ જેઠે આવો વેરાગ લઈ લીધો હશે? ભજન-મંડળીમાં બેસીબેસીને એને આ વેરાગ લાગ્યો હશે?...માથું મુંડાવ્યું ઈ તો જાણે કે ઠીક; પણ "પાછો ટાણાસર આવી પૂગીશ" એમ કહેવરાવ્યું એનો અરથ શું? કિયે ટાણે ઈ પાછા આવશે?'

ઊજમને પણ આ રહસ્ય સમજાતું નહોતું. માંડણ પણ દેવશીને જ પગલે પગલે સાધુ થઈ ગયો કે શું? દેવશીના તો જીવ્યામૂવાના કાંઈ વાવડ જ ન આવ્યા, પણ માંડણે ટાણાસર આવી પૂગવાનું કહેણ મોકલ્યું છે, એ કહેણ સાચું પડશે ખરું? કે પછી આ ખોરડાને કોઈ એવો શાપ છે કે એના જણ ઘરનો ઉંબરો છોડે એ પાછા આવે જ નહિ?

દિવસો સુધી સંતુ આ ઘટનાનું રહસ્ય ઉકેલવા મથી રહી. માંડણે ભરબજાર વચ્ચે નથુસોનીને સંભળાવેલું: 'સંતુ તો મારી મા છે.' એ વાક્ય એને યાદ આવતું રહ્યું, અને રહસ્ય ઉકેલાવાને બદલે વધારે ગૂંચવાતું રહ્યું.

માંડણ જેઠે મને ભરબજારે મા કહી છે એ સાચું હશે? કે પછી ગામના દેખતાં એણે એવો દેખાવ કર્યો હશે? એના મનમાં હજી ય કાંઈક મેલ તો નહિ ભર્યો હોય ને? અટાણે તો વસમો વેરાગ લઈને બેઠા છે, પણ વળી ટાણાસર પાછા આવવાનું કિયે છે. તો આવીને વેરાગ ઉતારી નાખશે? ભગવાં ઉતારીને પાછા સંસારી થાશે? ને સંસારી થાશે તો વળી પાછા મારી ઉપર નજર માંડશે કે પછી મને તો સાચોસાચ માને ઠેકાણે જ ગણશે?

આવી આવી ગૂંચો મગજમાં લઈને એક દિવસ સંતુએ ઢોર બાંધવાની ગમાણમાં પોતાનો ખાટલો ઢાળ્યો.

*

## પ્રકરણ છવ્વીસમું

# ડાઘિયો રોયો!

અંધારી ગમાણમાં મીઠા તેલનો મોઢિયો દીવો ફિક્કો ને માંદલો પ્રકાશ પાથરતો હતો.

એક ખૂણામાં ખાટલે પડેલી સંતુ પ્રસૂતિવેદનાથી પીડાતી હતી.

ઊજમ હાંફળીફાંફળી થઈને હરફર કરી રહી હતી.

ફળિયામાં હાદા પટેલ સમાચાર જાણવાની ઉત્સુકતાથી ખડે પગે ઊભા હતા.

ગમાણને સામે ખૂણે કાબરી ઊભી હતી અને વારેવારે એ વિચિત્ર ઢીંહોરાં નાખી રહી હતી એ સાંભળીને ઊજમને વહેમ આવ્યો, પણ એ તો 'અમથી અમથી ઉફાંદ આવી હશે' એમ વિચારીને ગાય પ્રત્યે એણે બહુ ધ્યાન આપ્યું નહિ.

સંદેશો મળતાં જ, વાળુ અધૂરું મેલીને નીકળી પડેલી હરખ શ્વાસભેર ગમાણમાં પ્રવેશી અને સંતુને ખાટલે બેઠી.

'વખતી ક્યાં રોકાણી ?' ઊજમે હરખને પૂછ્યું.

'મને કિયે કે તું પુગ્ય ઝટ, હું વાંહોવાંહ આવું છું—'

'ઈ પણ ખપ પડે તંયે જ મોંઘી થાય ઈ માંયલી છે.'

'શું કરીએ ? આપણે એનાં ઓશિયાળાં.' હરખે ટકોર કરી. 'ગામમાં સાત ખોટની એક જ સુયાણી—'

'ભાર્યે ભૂંડી છે. આમ આડે દિ'એ કામ વગર દહ ધક્કા ખાઈ જાય, ને કામ પડ્યે તેડવા જઈએ તંયે તેડામણ માગે ઈ માંયલી—'

'પણ ટાણું-કટાણું તો જોવું જોઈએ કે નહિ ? કો'કનો જીવ કહટાતો હોય તંયે ય ટાણાસર હાજર ન થાય તો ઈ કામની શું ? ટાણું વીતી ગયા કેડ્યે એને શું ઘંહીને ગૂમડે ચોપડવી ?'

'એમ ટાણું સાચવીને ઊભી રિયે તો તો વખતી શેની ?'

'બાપુ ! વખતીનાં વાંકાં શું કામે બોલો છો ઠાલાં ?' કરતીકને કમ્મરમાંથી લગભગ બેવડ વળી ગયેલી વખતી ગમાણમાં પ્રવેશી.

'વાંકાં માણહનાં તો વાંકાં જ બોલવાં પડે ને !' ઊજમે કહ્યું. 'તમને તો ઓલ્યા વાણંદ જેવું વરદાન...બરકયાં ભેગાં તો આવે જ નહિ...એક ઘરાકનું વતું કરીને આવું છું, એમ કહીને પડખેની શેરીમાં ખોટખોટા ફેરા ખાઈને જ આવે. ઈ વાણંદ સાંયલાં જ છો તમે. બરકયા ભેગાં આવો તો તમને તમારા જ સમ.'

'હવે તો મને બરકે છે ય કોણ ?' સંતુ નજીક જતાં વખતીએ માર્મિક મમરો મૂકચો. 'આ સોનીફળિયામાં સુવાવડ આવી તંયે સાવ દીધે બારે દિવાળી જેવું કરી નાખ્યું, ને કોઈને ખબરે ય ન પડવા દીધી !'

'કોણ ? કોણ ? કોની વાત કરો છો ?' ઊજમે પૂછ્યું.

'નામ દીધે શું વશેકાઈ ? ઠાલું બોલ્યું બાર્ય પડે.' કહીને વખતી બોલ્યા વિના તો ન જ રહી. 'એ...ય ને સખેને હાથોહાથ હથુકાં જેવું કરી નાખ્યું...આ વખતીની ભૂખે ય જરૂર ન પડી... હંધું ય સમેસૂતર પતવી નાખ્યું...નવા જલમનારા જીવને એ...ય ને નિરાંતે ઠેકાણે પાડી નાખ્યો...જાય ભેંસ પાણીમાં. કોણ જોવા જાવાનું હતું કે શું કર્યું ?...કોઈને ગંધ્યે ન આવવા દીધી...સાવ દીધે બારે જ દિવાળી...આ વખતી તો વા ખાતી રૈ ગઈ. ને મા-દીકરી એ...ઈ ને સરખેથી શ્રીનાથજીની જાતરાએ ઊપડી ગ્યાં... ઠાલું નામ દીધે શું વશેકાઈ.... બોલ્યું બાર્ય પડે મારી બૈ—'

નામ દીધા વિના વિચક્ષણ વખતીએ પોતાના તહોમતનામાને અંતે 'જાતરાએ ઊપડી ગ્યાં'નું જે સૂચક ઇંગિત આપ્યું એ ઉપરથી

ઊજમ તેમ જ હરખ બન્ને સમજી ગયાં કે આ તો હજી ગઈ કાલે જ વાજતેગાજતે શ્રીનાથજીની જાત્રાએ ઊપડેલાં અજવાળીકાકી ને એમની જડાવની જ વાત છે.

'મા !...મા !...' સંતુએ ચીસ પાડી.

'હં...મા ! હું આંયાકણે જ છું.' હરખે પુત્રીના શરીર પર હાથ પસવાર્યો.

મોઢિયા દીવાના આછા ઉજાસમાં ઊજમે સંતુના મોં તરફ જોયું તો એની મુખરેખાઓ વાટે આંતરવેદના વ્યક્ત થઈ રહી હતી.

ખડકી બહાર ડાઘિયો ભસ્યો.

'કૂતરો મૂવો ગંધીલો કાંઈ ગંધીલો ! સોનીફળિયું મેલીને હવે આ ખડકીએ આવ્યો !' વિચક્ષણ વખતી બોલી, 'મૂવાથી કાંઈ અજાણ્યું જ ન રિયે ને !'

'સોનીફળિયે હવે એને રોટલો નાખનારું કોઈ રિયું નંઈ, પછી તો આણી કોર્ય આવે જ ને ?' કહીને ઊજમ ચોંપભેર રાંધણિયા તરફ જતાં બોલી : 'લાવ્ય, વાળુનો રોટલો વધ્યો છે ઈ ડાઘિયાને નાખતી આવું તો આંગણે ગોકીરો કરતો આળહે—'

ડાઘિયાને રોટલો નીરીને ઊજમ પાછી આવી ત્યારે કાબરીએ ફરી વિચિત્ર અવાજો કરવા માંડ્યા હતા, તેથી એણે વખતીને કહ્યું :

'વખતીકાકી ! આ કાબરી તો જુવો, કામ ટાણે કૂદાકૂદ કરવા મંડી છે ! જુવો તો ખરાં. કાંઈ એરૂબેરૂ આભડચો હોય નહિ !'

'આને તો એરૂ ય નથી આભડચો ને બેરૂ ય નથી આભડચો !' વખતીએ કાબરી નજીક જઈને કહ્યું.

'તંયે આટલાં હીંહોરાં શેનાં નાખે છે !'

'એને ય અટાણે સંતુ જેવું ટાણું છે.'

'હેં ? સાચે જ ?'

'હા, બરકો ઝટ ધનિયાને.' કહીને વખતીએ જ બહાર ફળિયામાં બેઠેલ હાદા પટેલને મોટે સાદે સંભળાવ્યું.

'હાદાભાઈ ! ધનિયા ગોવાળને બરકો ઝટ, કાબરીને અબઘડીએ વાછડું આવશે.'

અને ઊજમ બેવડી ચિંતામાં પડી ગઈ.

'આ કાબરીએ પણ ઠીકાઠીકનું ઘરણટાણું જ સાચવ્યું !'

'સાચાં સહીપણાં કોને કિયે !' વખતીએ સમજાવ્યું. 'કાબરી તો સંતુને સગી બે'ન કરતાં ય સવાઈ. કેમ બોલી નહિ, હરખ ?'

પુત્રીની વેદના જોઈને ચિંતાગ્રસ્ત બની ગયેલી હરખે મૂંગાં-મૂંગાં જ હકારમાં ડોકું હલાવ્યું.

'સહીપણાં તો સમજ્યાં, મારી બૈ !' ઊજમ બોલી, 'પણ અટાણે આ સાંકડમાં બે નવા જીવ કેમ કરીને સામશે ?'

'આડું બૂંગણ નાખીને આડાશ કરી દિયો.' વખતીએ તરત રસ્તો સુઝાડયો. 'કાબરીની ઘોલકી નોખી થઈ જાશે. મલાજો તો એકલા ધનિયા ગોવાળનો જ રાખવાનો છે ને ! કાબરી તો આપણી અસ્તરીની જ જાત્ય ગણાય. કેમ બોલી નહિ, હરખ ?'

'સાચું. આપણાં આટલાં જણમાં ભાયડો માણહ તો એકલો ધનિયો જ.'

'ને હવે સંતુને છોકરો આવે તો બે જણા આદમીમાં ગણાય.' સંતુની શુશ્રૂષામાં રોકાયેલી હોવા છતાં વખતીની જીભને જંપ નહોતો.

ધનિયા ગોવાળને સંદેશો આપીને પાછા ફરી રહેલા હાદા પટેલે વખતીનું આ છેલ્લું કથન સાંભળ્યું : સંતુને છોકરો આવે તો બે જણા આદમીમાં ગણાય. સાચું, પણ છોકરો આવશે જ ? તો તો એનાથી રૂડું શું ? ગોબરનું નામલેણું પણ રહે ને સંતુનું જીવતર ધન્ય થઈ જાય. પણ હજી તો, કાબરીની જેમ આમાં ય ચારે ય ખરી પેટમાં જ....વાછડો કે વાછડી કાંઈ નક્કી ન કે'વાય... દીકરો હશે કે દીકરી ? દીકરો હશે તો ઠુમરના ખોરડાનો દિ' વાળશે... દીકરી ? દીકરી આવશે તો ય સોના જેવી....દીકરી તો ધરણી માતાનો અવતાર....આંગણું ઉજાળશે ને સહુને પાવન કરશે...

ફળિયામાં હાદા પટેલ ભાવિ વિશે આવી ઉજમાળી કલ્પનાઓ કરી રહ્યા હતા ત્યારે ગમાણમાં ખાટલે પડીને કણસી રહેલી સંતુને ગામલોકોએ આરોપેલા કલંકની યાદ એકાએક તાજી થઈ હતી. પોતે અગ્નિપરીક્ષામાંથી પાર નહોતી ઊતરી શકી. કડકડતા તેલમાં બોળેલા બન્ને હાથ કચકચી ગયેલા એ હજી હમણાં જ માંડ કરીને રુઝાયા હતા. પણ એના ઘઉંલા વાનમાં કઢંગી રીતે જુદા તરી આવતા એ લાલચોળ હાથ લોકદષ્ટિએ જાણે કે એના ચારિત્ર્યની ચાડી ખાતા હતા: તું કલંકિની છે, તેં તારા ધણીને ગારદ કર્યો છે, તારું બાળક તારા પતિનું નથી—'

અને એ ભયાનક યાદ તાજી થતાં સંતુ વધારે અસ્વસ્થતા અનુભવી રહી હતી. હાય રે! આ લોકોને હું શી રીતે સમજાવીશ કે મારું બાળક મારા ધણીનું જ છે! ગામનાં માણસોએ મારે માથે તો આટલાં છાણાં થાપ્યાં છે, પણ મારું જણ્યું મોટું થશે પછી એની શી દશા થશે? એને ય સહુ કપાળમાં મહેણું માર્યા કરશે કે શું? એ પણ આંગળીચીંધામણ બની રહેશે કે શું?

મારું જીવતર તો રોળાઈ ગયું, પણ મારા જણ્યાનું ય જીવતર રોળાઈ જશે કે શું? એની પાસે કંઈ સાબિતી રહેશે કે હું કોઈ અનૌરસ સંતાન નથી?....સાબિતી! સાહેદી! હા, સાહેદી તો આ દુનિયામાં એક જણ આપી શકે એમ છે, અને તે ગોબર પોતે જ. મસાણમાંથી મડદાં પાછાં આવી શકતાં હોય તો ગોબર પાછો આવીને ગામ આખાને કહી જાય કે આ સંતાન મારું છે! ખબરદાર એની સામે કોઈએ આંગળી ચીંધી છે તો!....અરે, પણ એમ થાતું હોય તો તો જોઈએ શું? ગોબર પાછો આવ્યો હોત તો તો આટલા સંતાપ પણ શેના થયા હોત?

જાગૃત-અજાગૃત અવસ્થાના સંધિકાળે સંતુના માનસમાં આવા મિશ્ર વિચારપ્રવાહો ચાલી રહ્યા હતા.

* * *

ઊજમે ગમાણના આડસરની સમાંતર બૂંગણ ટાંગીને આડશ ઊભી કરી.

થોડી વારમાં જ ધનિયો ગોવાળ આવી પહોંચ્યો અને કાબરીને ઉદ્દેશીને બોલવા લાગ્યો :

'બાપ્પો, બાપ્પો ! મારી કાબરી !'

'એલા ધનિયા ! મૂંગો મૂંગો કામ કર્ય. અટાણે વવને સુવાણ્ય નથી—' ઊજમે સૂચના આપી.

'ભલે બાપા, ભલે ! નાની વવ સાજાં-નરવાં રિયે...' કહીને મૌનનો આદેશ સ્વીકારતાં સ્વીકારતાં પણ ધનિયાએ સારો એવો ઘોંઘાટ કરી મૂક્યો. 'આ ગવતરીનો વેલો વધશે....ને પછી તો એ....ય ને તમારે બારે ય મઈના ઘમ્મર વલોણાં....ઘી–દૂધની છાકમ-છોળ....આ તો વાગડિયાના ઘરની મોટી કાબરીનો વેલો....આ પે'લવેતરી વિયાશે પછી તો તમારે ગવતરિયુંનો વસ્તાર વધ્યો જ જાણો....કાબરી મારી બાપ્પો ! બાપ્પો !'

'એલા ધનિયા, એક વાર કીધું કે અટાણે દેકારો કર્ય મા, તો ય સમજતો નથી.' ઊજમે બૂંગણના પટાંતરની આડશેથી હવે ગોવાળને દબડાવ્યો. મૂંગો રૈશ તો મોઢામાં બાવાં બાઝી જાશે ?'

'આમાં મૂંગા રેવાય કેમ કરીને ?' ધનિયાનો અવાજ આવ્યો. 'કાબરીની આંખ જ સંચોડી ફરી ગૈ લાગે છે. જરાક ભો જેવું લાગે છે. ચારે ય ખરી સમસરખી દેખાય તો ભગવાનનો પાડ...'

'વોય મા !' સંતુએ એક તીણી ચીસ પાડી.

બૂંગણની આડશેથી કેમ જાણે વળતો ઉત્તર આપતી હોય એમ કાબરી પણ એવા જ તીણા અવાજે ભાંભરી.

અર્ધજાગૃત અવસ્થામાં સંતુએ પોતાની સહોદરા સમી સહિયર-નો એ ભાંભરડો તો સાંભળ્યો, પણ અસહ્ય વેદનાને પરિણામે ઝડપભેર વધતી જતી તંદ્રાવસ્થામાં એ બીજું કશું સમજી કે વિચારી ન શકી.

ફળિયામાં ક્યારનાયે સમાચાર જાણવાને ઉત્કંઠ બની રહેલા હાદા પટેલે આ બન્ને તીણી વેદનાચીસો સાંભળી અને એમનો જીવ તાળવે ચોંટયો.

થોડી વારે વખતીનો અવાજ સંભળાયો : 'આ તો સાચે જ સંતુએ કાબરી હાર્યે સહીપણાં કર્યાં. બેયને સારીપટ કહટાવું પડશે—'

ઊજમે સચિંત અવાજે પૂછ્યું : 'ડોળા તારવી ગઈ છે તી વાંધો તો નહિ આવે ને ?'

હરખે પણ ગભરાઈને એવી જ પૃચ્છા કરી : 'સંતુને સુવાણ્ય તો થઈ જાહે ને ?'

વગર પૂછયેગાછ્યે પણ બોલબોલ કરનારી વખતી અત્યારે ભેદી મૌન સેવી રહી તેથી ઊજમને કશોક વહેમ ગયો. એણે પૂછ્યું :

'છોકરું તો સાજુંનરવું જલમશે ?'

'અટાણથી કેમ કે'વાય ? આભના તે ગાભના કાંઈ ભરુહા નહિ.' કહીને વખતીએ હૈયાધારણ આપી : 'મારો વાલોજી લાજ રાખશે—'

પણ વખતીનાં આવા 'વાલાજી'ના નામના સધિયારાથી કોઈને હૈયાધારણ મળી શકે એમ નહોતી, કેમકે સંતુની વેદનાચીસો વધતી જતી હતી.

આ વાતચીતના તૂટક તૂટક શબ્દો બહાર ફળિયામાં હાદા પટેલને કાને પડતાં તેઓ વિશેષ ચિંતાતુર બન્યા. એમણે ઓસરીમાં જઈને ઘીનો દીવો પેટાવ્યો અને એકચિત્ત થઈને સતીમાતાનું સ્તોત્ર ભણવા માંડયું.

ખડકી બહાર વળી પાછો ડાઘિયો ભસવા માંડ્યો તેથી ઊજમ અકળાઈ ઊઠી.

'મૂવાને સારીપટ રોટલો નીર્યો તો ય મૂંગો નથી રે'તો—'

'ઈ તો બવ ગંધીલો છે. માડી !' વખતી બોલી, 'ડાઘિયાને હું જાણું ને ! ગામને ખૂણેખાંચરે ય ક્યાંય આવું ટાણું હોય તંયે ઈ ન હોય ત્યાંથી આવીને ઊભો જ હોય !'

સંતુ અમળાતી હતી, પણ હવે એના મોઢામાંથી વેદનાચીસ સંભળાતી નહોતી, કેમકે, દાંતની દોઢ વળી ગઈ હતી; એની ઉઘાડી ફટાસ આંખો વાટે એનું અજાગૃત મન વરવાં દશ્યો જોઈ રહ્યું હતું :

ધરતીની લીલીછમ બિછાત ઉપર એક નવપુષ્પિત શિશુ ભાંખોડિયાં ભરવા મથી રહ્યું છે, પણ લોકો એના માર્ગમાં વિઘ્નો ઊભાં કરે છે. એનામાં કલંકનું આરોપણ થાય છે. ચારે ય દિશાએથી એના ઉપર પથરા પડે છે. સમાજના નીતિરક્ષકો એના ઉપર તૂટી પડે છે, અને બાળક આખરે રિબાઈ રિબાઈને મરણશરણ થાય છે.

ઓસરીમાં સ્તોત્ર ભણી રહેલા હાદા પટેલે એકાએક ઊંડો નિઃશ્વાસ નાખ્યો : 'જેવી હરિની ઇચ્છા !'

ગમાણમાં ધનિયો ગોવાળ 'બાપ્પો ! બાપ્પો કાબરી !' કરીને પોતાની આંતરિક ગભરામણ વ્યક્ત કરી રહ્યો.

ખૂંગણની આ બાજુએ સંતુની તંગ મુખરેખાઓમાંથી વ્યક્ત થતી મૂંગી વેદના જોઈને હરખનું હૈયું હાથ ન રહ્યું; એ રડી પડી.

ક્યારની અદ્ધર શ્વાસે સંતુની શુશ્રૂષા કરી રહેલી વખતીએ મોઢિયા દીવાની વાટ ચડાવીને ગમાણમાં વધારે ઉજાસ રેલાવ્યો, અને ચિંતાતુર નજરે સંતુ તરફ તાકી રહી.

રડતી હરખે પૂછ્યું : 'સંતુને સુવાણ્ય થાશે કે નહિ ?'

વખતીએ એ જ જૂનો ઉત્તર ફરી વાર આપ્યો : 'મારો વાલોજી લાજ રાખશે.'

અને વખતીનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો ખડકી બહાર ક્યારનો ઘૂંફરીઓ ખાઈ રહેલો ડાઘિયો ડોક ઊંચી કરીને તીણા ને તરડાયેલા અવાજે રોવા લાગ્યો.

'મરે, મરે પીટડિયો ! આંગણામાંથી ખહતો જ નથી, ને ઊભો ઊભો રૂવે છે રોયો !' કહીને ઉજમ ચિંતાગ્રસ્ત ચહેરે કૂતરાને દૂર હાંકવા બહાર ગઈ.

ફળિયામાં ઊભેલા હાદા પટેલે કહ્યું : 'ડાઘિયા ઉપર શું કામે

દાઝ કાઢો છો ? મૂંગાં જીવ કાંઈ સમજે છે કે અટાણે ન રોવાય ?'

પણ ઊજમે એ શબ્દો ગણકાર્યાં નહિ. એણે તો બડીકો લઈને ડેલી બહાર ડાઘિયાને મારવા માંડ્યો.

'ખસ આંહીથી, મૂવા રોતલ ! અમારા જ રોટલા ખાઈને અમારા જ આંગણામાં રોવા બેહસ ? ખબરદાર હવે ફરી દાણ રોયો છો તો !'

જોરદાર બડીકાં ખાઈને કાંઉ કાંઉ કરતો જરા દૂર ગયેલો ડાઘિયો, ઉજમે ખડકી વાસી કે તુરત વધારે તીણા ને ભયાનક તરડાયેલા અવાજે રોઈ ઊઠ્યો.

ઊજમ ગમાણમાં પ્રવેશી ત્યારે હરખ હીબકે હીબકે રોતી હતી; વખતીના હાથમાં નવજાત શિશુ હતું.

કઠણ કાળજાની વખતી પણ ગદ્‌ગદ્ અવાજે બોલી રહી :

'હાદા ઠુમરનાં કરમ અટાણે વાંકાં......છોકરું મરેલું આવ્યું પણ મા બચી ગઈ એટલાં નસીબદાર ગણો—'

બહાર મોકળે સાદે રડી રહેલા ડાઘિયાને રોતો અટકાવવાના હવે કોઈને હોશ ન રહ્યા.

*

## પ્રકરણ સત્યાવીસમું

# મુંઢકણું

**મોઢિયો** દીવો આખી રાત ગમાણમાંથી ફળિયામાં ને ફળિયા-માંથી ગમાણમાં હરફર કરતો રહ્યો.

કાબરીને આવેલું મરેલું વાછરડું ધનિયો ગોવાળ લઈ ગયો અને જાણે કે કાબરીને આશ્વાસન આપવા ખાતર જ નિયમ મુજબ પોતાના ઘરમાંથી નવજાત વાછરડાના જ હૂબહૂ પ્રતીક જેવું ચીંથરાં ભરેલું ચોપગું મુંઢકણું લાવીને કાબરીની સન્મુખ ગોઠવી દીધું.

અંધારી ગમાણને મોભારે મૂકેલા અજવાશિયામાંથી સૂરજનો તડકો સંતુના ખાટલા પર ઊતર્યો ત્યારે સંતુએ એની પહેલી જ વાર તંદ્રાવસ્થામાંથી આંખ ઉઘાડી.

એની નજર સામે કાબરી નિમાણી બનીને ઊભી હતી, અને એની નજીકમાં ચીંથરાં ભરેલું ચોપગું વાછરડું ગોઠવાયેલું હતું. માતા સમક્ષ એના સંતાનનો આભાસ ઊભો કરવામાં આવ્યો હતો; પણ માતાને એ સંતાનનો સ્વાંગ પ્રતીતિકર નહોતો લાગતો, તેથી જ તો કાબરી વારેવારે નિસાસા નાખ્યા કરતી હતી.

લાંબી તંદ્રાવસ્થામાંથી જાગેલી સંતુ હવે ધીમે ધીમે પોતાનાં વીતકોનો વિચાર કરી રહી હતી. પોતે સહેલી અસહ્ય યાતનાઓ અને યંત્રણાઓને યાદ કરી રહી હતી.

પુત્રીએ પૂરા ચાર પહોર પછી આંખ ઉઘાડી તેથી આનંદિત થઈને હરખ સંતુને શરીરે વહાલસોયો હાથ ફેરવી રહી.

હરખ અત્યારે બેવડા શોકમાં ગરકાવ થઈ ગઈ હતી. સંતુ

અને કાબરી બન્ને એને મન પુત્રીસમોવડી હતી, અને એ બન્નેને મરેલાં સંતાનો અવતર્યાં તેથી હરખ એ બન્ને મૃતવત્સાઓ તરફ વેદનાભરી નજરે વારાફરતી નિહાળી રહી હતી.

ધીમે ધીમે સંતુનો સ્મૃતિતંતુ સંધાઈ રહ્યો હતો. ધીમે ધીમે, છૂટકછૂટક ઘટનાઓના અંકોડાઓ મળી રહ્યા હતા.

સંતુએ આંખ ઉઘાડી છે એવી જાણ થતાં ઊજમ પણ હરખાઈ ઊઠી. બાળક તો નસીબમાં ન સમાયું, પણ સંતુ ઊગરી ગઈ એ ય એને મન મોટું આશ્વાસન હતું.

આંખ ઉઘાડ્યા છતાં સંતુ હજી કોઈને ઓળખી શકતી નહોતી. પોતે તંદ્રાવસ્થાની દુનિયામાંથી કોઈક સાવ અપરિચિત સૃષ્ટિમાં આવી પડી હોય એવો એને અનુભવ થતો હતો. આ અજાણી દુનિયા સાથે તાળો મેળવતાં એને અસાધારણ પરિશ્રમ પડતો હતો.

આ નવપરિચયનો પહેલો તાર ઊજમ કે હરખ જોડે નહિ પણ નજર સામે નિમાણી થઈને ઊભેલી કાબરી સાથે સંધાયો. પોતાની આ સહિયર સમી ગવતરી સામે સંતુ ટગર ટગર તાકી રહી.

એવામાં ધનિયો ગોવાળ હાથમાં નાનકડું બોઘરણું લઈને આવી પહોંચ્યો. આવીને એણે ગાભા ભરેલા વાછરડાનું મુંઢકણું હાથમાં લીધું ને કાબરીની સન્મુખ એને રમાડી દેખાડ્યું.

સંતુ રસપૂર્વક આ તમાશો જોઈ રહી.

સારી વાર સુધી ગાભા ભરેલા વાછડા જોડે ગેલ કરીને ધનિયાએ એની કાબરીની બરોબર નજર સામે જ મૂક્યું અને પોતે બે ગોઠણ વચ્ચે બોઘરણું મૂકીને ગાયને દો'વા બેઠો.

અને બીજી જ ક્ષણે કાબરીએ પાછલા પગ વડે એવું તો જોરદાર પાટુ ઝીંક્યું કે ધનિયા જેવો ધનિયો પણ એક ગડથોલિયું ખાઈ ગયો અને એના હાથમાંનું બોઘરણું તો દડતું દડતું છેક ગમાણના બારણા સુધી પહોંચી ગયું.

'સમજી ગઈ, સમજી ગઈ!' કરતો ધનિયો ઊભો થયો અને

હાથેપગે બાઝેલી ધૂળ ખંખેરતાં બોલ્યો : 'કાબરી ભારે ચતુર ! હંધું ય સમજી ગઈ કે એનું વાછડું મરી ગયું છે, ને આ અમથું મુંઢકણું છે—'

ત્રણ ત્રણ સ્ત્રીઓનાં દેખતાં પોતાને એક ઢોરની, લાત ખાવી પડી, તેથી ધનિયો ખસિયાણો પડી ગયો. પોતાની એંટ જાળવવા એ બોલતો રહ્યો :

'કળજગ તો જો આવ્યો છ, કળજગ ! મારા આવડા આય-ખામાં આવાં તો ઘણાં ય વિયાંતલ ઢોરની સામે મુંઢકણાં મેલીને દોઈ લીધાં, પણ કોઈએ મને પાટુ માર્યું નથી. ને હવે તો આ મૂંગાં પહુ ય હંધું ય સમજતાં થઈ ગ્યાં, ઈ કળજગનો જ પરતાપ કે બીજા કોઈનો ?'

'અટાણે કાબરી ખિજાણી લાગે છે. ઘડીક રઈને રોટલા ટાણે આવ્ય તો વળી દો'વા દેશે.' ઊજમે કહ્યું.

'અરે, આવી તો કૈંક કાબરિયું જોઈ નાખી મારી જિંદગીમાં. હું કોણ ? ધનિયો ગોવાળ !' આમ પોતાના શૌર્યનો ખ્યાલ આપીને ધનિયો વીલે મોઢે બહાર ગયો.

કાબરી નિરાધાર વદને સંતુ સામું જોઈને ભાંભરી ઊઠી.

આ અસહાય ભાંભરડું જ સંતુનો સ્મૃતિતંતુ સાધી રહ્યું. એની આંખ એકાએક ચમકી ઊઠી. એણે ઊજમ તરફ જોયું, હરખ ભણી નજર નોંધી, અને પછી એકાએક કશીક મૂલ્યવાન મત્તા ખોવાઈ ગઈ હોય એવી ગભરામણથી એ ખાલી ખાટલામાં આમતેમ હાથફેરો કરવા લાગી.

હરખને કે ઊજમને કોઈને સંતુનું આ વર્તન સમજાયું નહિ.

સંતુએ વધારે વિવશ બનીને પોતાની શોધક નજર આમતેમ ફેરવવા માંડી. ખાટલાને ખૂણેખૂણે ખાંખાંખોળાં કરવા માંડયાં અને આખરે હરખને ઉદ્દેશીને પૂછવા લાગી :

'ક્યાં છે ? ક્યાં છે ?'

માતાએ પૂછ્યું : 'શું ! શું ?'

'મારી ઠેકડી કરશ ? બોલ્ય, ક્યાં સંતાડયું છે ?'

'જરીક ઊંઘી જા. આંખ્ય વીંચી જા, તો ડિલને સુવાણ્ય થઈ જાશે—'

'નહિ ઊંઘું. એનું મોઢું ભાળ્યા વિના નહિ ઊંઘું—'

સાંભળીને ઊજમે આંખો ઢાળી દીધી; હરખ પણ મૂંગી થઈ ગઈ, એટલે સંતુએ વધારે આગ્રહથી પૂછ્યું :

'બોલ્યની, ક્યાં સુવરાવ્યું છે ?'

હરખથી સ્વાભાવિક જ પુછાઈ ગયું : 'શું ?'

'મારું છોકરું.'

અને ક્યારની નીચી મૂંડીએ રહેલી માતાની આંખમાંથી આખરે એક આંસુ ખર્યું.

ઊજમે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો.

'લાવ્યની ઝટ ! ક્યાં સંતાડી દીધું છે ?' સંતુએ વધારે ઉગ્રતાથી બોલવા માંડયું, 'મારા છોકરાનું મોઢું મને જ નહિ દેખાડય ?'

ઊજમને સમજતાં વાર ન લાગી કે સંતુનાં આ વાકયોમાં ભયંકર ઉન્માદ રહેલો છે. એણે દેરાણીની આંખો પર પોતાની હથેળી દાબી દીધી.

'ઊંઘી જા ઘડીક વાર...મગજ તપી જાશે...થાકી ગઈ છો... બહુ બોલીશ તો સુવાણ્ય નહિ થાય—'

પણ માંડ કરીને ઊઘડેલી પોતાની આંખો આડેનું આવું આવરણ સંતુ સાંખી શકે એમ નહોતી. એણે જોર કરીને પોતાના કપાળ પરથી ઊજમની હથેળી ખેસવી નાખી.

ખુદ ઊજમને ય આશ્ચર્ય થયું : 'આટલું જોર આ માંદલી સ્ત્રીમાં ક્યાંથી આવ્યું ?'

સંતુએ હવે તો રીતસર બૂમો જ પાડવા માંડી :

'લાવો મારું છોકરું ! મારે એનું મોઢું જોવું છે...બોલો કેમ મૂંગાં થઈ ગયાં ? બોલો, ક્યાં સંતાડયું છે ?'

હરખે ધીમે અવાજે કહ્યું : 'આ શું છોકરમત માંડી છે, સંતુ ? તું સમજતી નથી ? હવે કાંઈ નાની ગીગલી છો ?'

પણ સંતુ અત્યારે પૂરેપૂરી શુદ્ધિમાં ક્યાં હતી કે આવી શાણી સલાહ–શિખામણ કાને ધરે ?

'મારા પડખામાંથી કોણ ઉપાડી ગયું મારા છોકરાને ? લાવો ઝટ પાછું, મારે એને ધવરાવવું છે, ઘોડિયે સુવરાવીને હીંચકો નાખવો છે, એનાં હાલરડાં ગાવાં છે—'

'સનેપાત જ ઊપડયો છે.' ઊજમે હરખને કહ્યું. 'એને માથે કાંઈક ઓઢાડી દિયો.'

હરખે પુત્રીના માથા ઉપર પછેડી નાખી, પણ સંતુએ એ દૂર ફંગોળી દીધી અને બમણા ઝનૂનથી બૂમો પાડવા માંડી.

આખરે ઊજમે એના મોઢા ઉપર હથેળી દાબી, એટલે એણે ચીસાચીસ કરવાને બદલે મૂંગે મોઢે રડવા માંડયું. દબાયેલા મોઢામાંથી ઊઠતો રુદનસ્વર કોઈ ગાઢ જંગલમાં ઊંડે ઊંડેથી સંભળાતા અરણ્યરુદન જેવો કરુણ લાગતો હતો. ઊજમ એ કરુણ સ્વર જીરવી ન શકી. એણે મોઢા પરથી હાથ ઉઠાવી લીધો કે તુરત સંતુએ મોટેથી ઠૂઠવો મૂક્યો, મન મૂકીને એ રડી રહી. મોકળે મને, ઉત્તરોત્તર વધારે ઉગ્ર અવાજે રડી રહી, પેટ ભરીને રડી, પાગલપણાના ઉન્માદથી એ રડી.

અને આખરે એ રુદનસ્વર એક એવી તો તીવ્ર પરાકાષ્ટાએ પહોંચ્યો કે એ આરોહ પર જઈને જ એકાએક અટકી ગયો. એનો અવરોહ આવ્યો જ નહિ. એકાએક શાંત થઈ જઈને એ જંપી ગઈ; શ્વાસની ધમણ ઝડપભેર ચાલતી રહી અને સંતુ જંપી ગઈ.

* * *

બપોરે ધનિયો ગોવાળ ફરી ખાલી બોઘરણું લઈને આવ્યો.

કાબરી સમક્ષ વાછડાનું મુંઢકણું ગોઠવીને એણે બોઘરામાં છમ્મ્ છમ્મ્ કરતી દૂધની સર્વપ્રથમ શેડ પાડી. એના અવાજથી સંતુ ઝબકી ગઈ. ઊજમ અને હરખના અદ્ધર શ્વાસ હવે હેઠા બેઠા.

પણ ત્યાં તો સંતુએ ખાટલા પર પડેલી પછેડીને ગોળમટોળ જેવો વીંટો વાળીને પોતાની છાતીએ લગાડી દીધો અને જાણે કે બાળકને ગોદમાં લઈને ધવરાવતી હોય એવા વિચિત્ર અવાજો કરવા લાગી.

આ કઢંગું દૃશ્ય જોઈને હરખ હેબતાઈ ગઈ.

ઊજમે કહ્યું : 'આ સનેપાતનો ચાળો નથી; આ તો સાચે જ ગાંડી થઈ ગઈ.'

'માતાના રથ ફરી ગ્યા લાગે છે.' હરખે કહ્યું, 'મગજ ફટકી ગ્યું લાગે છે.'

*

## પ્રકરણ અઠ્યાવીસમું

## રથ ફરી ગયા

સંતુની દર્દભરી ચીસો ને ઉન્માદભર્યાં અટ્ટહાસ્યો સાંભળીને અડખેપડખેથી પડોસીઓ દોડી આવ્યાં.

'શું થયું ? શું થયું ?'

'શું કામે રૂવે છે ?'

'આ તી રૂવે છે કે ખિખિયાટા કરે છે ?'

આવી અકળાવનારી પૂછગાછથી ઊજમ પારાવાર ક્ષોભ અનુભવી રહી. એણે સંકોચ સહ સમજાવ્યું કે સંતુને પાછલી રાતે બાળક અવતરીને મરી ગયું એટલે મગજ ઉપર જરાક અસર થઈ ગઈ છે.

'મરી ગ્યું ? અરે રામ રામ ! ઈ છોકરાં ઉપર તો હંધી ય આશા હતી, ને ભગવાને ઝૂંટી લીધું !'

'હવે સમજાણું. રાત્ય આખી ડાઘિયો રોતો'તો તંયે મનમાં થાતું'તું જ કો'કને ઘેર જમડાં આવ્યાં લાગે છે. અમને વે'મ નઈં કે સંતુના છોકરાને લેવા આવ્યાં હશે—'

'ગરીબનાં નસીબ ગરીબ, ઈ આનું નામ. ઉપરવાળાને ઘેર જરા ય નિયા નથી. આ તો પડતાંને પાટુ માર્યા જેવું કર્યું.'

'હા વળી, નીકર છોકરું ઊઝર્યું હત તો સંતુ ઘરનો ઉંબરો ઝાલીને બેઠી રેત, ને એને ટમકુડે તાપણે તાપીને આયખું પૂરું કરી નાખત. પણ આ તો સાવ નછોરવી થઈ રઈ.' કહીને એક બટકબોલીએ ગર્ભિત નિર્દેશ કર્યો કે હવે સંતુ ઘરનો ઉંબરો

ઝાલી નહિ બેસે.'

'માડી ! અટાણે તો તાવડીનો મગજ તપી ગ્યો છ, ઈ ટાઢો થાય તો ય ઝાઝી વાત. ગાંડાં માણહને સાચવવાં સહેલ નથી—'

'હા, જોતાં નથી, ઓલ્યા ઓઘડિયા ભૂવાની માથે માતાના રથ ફરી ગ્યા છ, તી હમણાંનો સાવ મગજ મેટ જેવો થઈને ગામ આખામાં રખડ્યા કરે છે ને ઉકરડા ડખોળી ડખોળીને એંઠી પીધેલી બીડિયું જ ગોત્યા કરે છે—' તાજેતરમાં પાગલ બનેલા ઓઘડ ભૂવાને એક પડોશણે યાદ કર્યા. 'માડી ! ગાંડા માણહનો તી કાંઈ અવતાર છે !'

'મૂવો ઓઘડિયો તો ઈ જ લાગનો હતો ! જંદગી આખી સાચાં–ખોટાં ધૂણી ધૂણીને કેંક દેવદેવલાંનાં પાખંડ કર્યાં'તાં તી ઉપરવાળો એનું સાટું વાળ્યા વન્યા મેલે ? કો'ક વાર ક્યાંક ભૂલચૂક થઈ ગઈ હશે તી માથેથી માતાના રથ ફરી ગ્યા, ને હવે બીડિયુંનાં ઠૂંઠાં જ સંઘરતો ફરે છે રોયો—'

'ઈ હવે મહાણે ગુડાવા જેવડો માણહ ડાહ્યો રિયે કે ગાંડો થઈ જાય તો ય શું ? એને તો હંધું ય સરખું. પણ આ સંતુ તો નાની બાળ કહેવાય ! ગાંડપણ આવે તો અવતાર બળી જાય.'

અને પછી તો, સંતુને નિમિત્તે ગુંદાસરમાં પૂર્વે કોણ વિખ્યાત પાગલો થઈ ગયેલાં, એમનાં પાગલપણાનાં વિશિષ્ઠ લક્ષણો શાં હતાં, તેઓ કેવી રીતે જીવ્યાં ને કેવી રીતે મરી પરવાર્યાં, એની આખી વંશાવળીઓ ઊખળી અને એમના કડીબદ્ધ ઇતિહાસો પણ રજૂ થઈ ગયા.

આખરે કંટાળીને ઊજમે આ સહુ શુભેચ્છકોને વિદાય કર્યાં, ત્યાં ધનિયો ગોવાળ સાંજનું દૂધ દોવા આવી પહોંચ્યો.

સંતુ અત્યારે લાંબી રોકકળ ને હસાહસ કર્યા પછી જરી વાર જંપી ગઈ હતી. પણ ઊજમ જાણતી હતી કે કાબરીની સન્મુખ મુકાયેલું ગાભા ભરેલું બચલું જોઈને જ સંતુને ઉન્માદ

થઈ આવે છે, તેથી એણે ધનિયાને કહ્યું :

'આ તારું મુંઢકણું આ કોઢયમાંથી બાર્ય કાઢય !'

'પણ બાપુ ! ઈને બારું કાઢીશ તો કાબરી કથળી ઊઠશે, ને દો'વા જ નઈં દિયે—'

'મર કથળી ઊઠે, ભલે દોવા ન દિયે.' ઊજમે કહ્યું. 'ઈ ગાભાએ જ સંતુને ગભરાવી મેલી છે. ઈ ને ભાળે છે ને મોઢામાંથી કાળું ઓકારું નીકળી જાય છે—'

ધનિયો એમ સહેલાઈથી સમજે એવો નહોતો. એણે મુંઢકણાની આવશ્યકતા અંગે પુષ્કળ દલીલો કરી.

'કાબરીને ખબર્ય પડશે કે મારું વાછડું મરી ગયું છે તો પછી કોઈને ઢૂંકડાં આવવા જ નંઈ દિયે. ભુરાઈ થઈ જાશે, મારકણી થઈ જાશે. આજ તો શું, કોઈ કાળે ય દોવા નહિ દિયે. જેને ને તેને ઢીંકે લેતી થઈ જાશે; કાયમની વસૂકી જાશે.'

'જી થાવાનું હોય ઈ મર થાય ! પણ મારે લાખ વાતે ય મુંઢકણું કોઢયમાં ન જોઈએ—'

'પણ તમારી કોઢયમાં આ કાંઈ નવી નવાઈનું છે ? ગાયનું બચલું બગડી જાય તંયે મુંઢકણું તો મેલવું જ જોયેં ને ?'

'પણ અમારા ઘરમાં તો ગાયના બચલાને માટે સંતુનું જીવતર બગડી ગયું એનું કેમ ? કાઢય બાર્ય આ કોઢયમાંથી, નીકર હું પંડ્યે જ ઉપાડીને ઉકરડે નાખી આવીશ.'

'એ...ના ના, ઊજમભાભી ! એવું ન કરતાં. ઉકરડે નાખી આવશો તો મારે રાત્યોરાત્ય ગાભાં ભેગાં કરીને ભૂધર મેરાઈ પાસે નવું વાછડું ભરાવવું પડશે. કાલ્ય સવારે કોઈ બીજે ઘેર જરૂર પડે તો—'

'તો પછી ઉપાડય ઝટ...સંતુને અડધી તો તારા આ મુંઢકણે ભટકાવી મેલી છે—'

ધનિયો એના મેલામસ મુંઢકણાને લઈને બહાર નીકળ્યો કે

તરત કાબરીએ પગ પછાડવા માંડ્યા ને છીંકોટા નાખવા માંડ્યા.

'ઓય રે કાબરી! તું ય ઊંધું ય સમજી ગઈ? પણ આવી ચતુર થઈને ઓલ્યા ચીંથરાંના ગાભામાં ભરમાઈ ગઈ?' ઊજમ ગાયને ઉદ્દેશીને મનશું બોલી રહી: 'અરેરે! માવડીનો અવતાર! એને ભરમાતાં શું વાર? ભરમમાં ને ભરમમાં જીવતર પૂરાં કરવાનાં...લે હવે છાની રે છાની...બવ ઠેકડા માર્ય મા...અરે ભૂંડી! જેના સારુ થૈને તું આટલાં ભાંભરડાં નાખશ ઈ તો ભૂધર મેરાઈએ ગાભા ભરીને સીવેલું રમકડું હતું, રમકડું...અરે રામ! પણ સંસારમાં માયા કરી મેલી છે ને કાંઈ!—પછી શું જનાવર કે શું કાળા માથાળું માણહ, પણ માયાની મધલાળે જ જીવતર ખેંચાય છે...કાબરીની વાત ક્યાં કરું?—આ મારા પંડ્યની જ વાત જો ની! આ ભીમડાના બાપ મને મેલીને ગ્યા ને પાકાં બાર બાર વરહનાં વા'ણાં વાઈ ગ્યાં. કામેસર ગોરે આવીને એનાં શરાધ-સરામણાં ય કરાવી નાખ્યાં, તો ય હજી મને એની માયા છૂટી છે?...આંખ્ય મિંચાય છે ને ઈ સોણે ભરાય છે...નીંદરમાંથી ઝબકીને જાગું છું ને એનાં પગલાં સંભળાય છે...દશેદશમાંથી ભણકારા વાગે છે...જાણે કે આણી કોર્યથી આવશે કે ઓલી કોર્યથી ગામમાં ગરશે...'

અને પછી કૂદી રહેલી કાબરીને શાંત પાડતાં પાડતાં ઊજમ આ ગવતરીને તેમ જ સંતુને બન્નેને અનુલક્ષીને ચિંતવી રહી:

'તમે બે ય સહીપણિયુંનાં કરમ વાંકાં...તમે બે ય બેનપણિયું નસીબની આગળિયાત નીકળી...નીકર કાંઈ બેયનાં જણ્યાં એક હાર્યે જ બગડી જાય? કરમની જ વાત, બીજું શું? આગલે ભવ બ્રામણની હત્યા કરી હશે...કો'ક કાળાં ઘોર પાપ કરતાં જરા ય પાછું વાળીને નઈં જોયું હોય...મારી ઘોડ્યે કો'કને વા'લામાં વિજોગ પડાવ્યા હશે, તી આ ભવે તમને વિજોગ ઊભા થ્યા છ...'

ઘડીક કાબરી તરફ, તો ઘડીક સંતુ તરફ જોઈને ઊજમ

આ કરુણ જીવનલીલા અવલોકી રહી હતી ત્યાં જ સંતુએ લાંબી તંદ્રા પછી ફરી વાર આંખ ઉઘાડી.

સ્વાભાવિક જ એની નજર કાબરી ઉપર પડી, અને ગોદની સન્મુખ રહેલું મુંઢકણું અત્યારે અદૃશ્ય થયું લાગતાં તુરત એ પૂછવા લાગી :

'ક્યાં ગ્યું ? ક્યાં ગ્યું ?'

ઊજમે પૂછ્યું : 'શું ?'

'કાબરીનું વાછડું...ક્યાં ગ્યું ?'

'ઈ તો ધનિયો લઈ ગ્યો—'

'શું કામ ? શું કામ લઈ ગ્યો ?'

ઊજમ પાસે આ પ્રશ્નનો ઉત્તર નહોતો તેથી એ મૂંગી રહી.

'કાબરીના વાછડાને શું કામે ચોરી ગ્યા ? પાંજરાપોળે મેલવા કે પછી ખાટકીવાડે વેચી નાખવા લઈ ગ્યા છે ?'

ઊજમે કહ્યું : 'વાછડું તો મરેલું જ આવ્યું'તું. ધનિયો લઈ ગ્યો ઈ તો એનું મુંઢકણું હતું.'

'મને ઊઠાં ભણાવીશ, ભાભી ?'

સંતુએ કહ્યું : 'જીવતું વાછડું ક્યાંય સંતાડી દીધું ને ઈને ઠેકાણે મુંઢકણું મેલી દીધું ને ! હું હંધુ ય સમજું છું—'

અને સંતુ કાબરીની વાતમાંથી એકાએક પોતાની ફરિયાદ પર ઊતરી પડી.

'બોલ્ય, ક્યાં સંતાડ્યું છે મારું છોકરું ? બોલ્ય, ક્યાં મેલ્યું છે ? પટારામાં ? મજૂસમાં ? કોઠીમાં ? મેડા માથે ?'

અને પછી તો સંતુ પોતે જ ઊભી થઈ થઈને બધે ખાંખાખોળા કરવા લાગી, ઘરનો ખૂણેખૂણો ફેંદવા લાગી.

ફરતે ફરતે, ઘરમાંથી નીકળીને ફળિયામાં ને ફળિયામાંથી નીકળીને શેરી સુધી તેની શોધખોળ આગળ વધી.

ઓઘડની જેમ સંતુ પણ ધીમે ધીમે ગામના ઉકરડા ફેંદવા

લાગી. ઓઘડ ભૂવો પીધેલી બીડીનાં ઠૂંઠાં માટે ઉકરડા ફેંદતો, સંતુ પોતાના બાળકની શોધમાં ઉકરડે ભમવા લાગી.

સંતુના મનમાં સજ્જડ વહેમ ઘૂસી ગયો હતો : મારા ઉપર કલંકારોપણ થયું હોવાથી મારા બાળકને ઇરાદાપૂર્વક છીનવી લેવામાં આવ્યું છે, લોકાપવાદની બીકથી એને ક્યાંક આઘુંપાછું કરી દેવામાં આવ્યું છે. એ બાળકનું આગમન ઘરમાં તેમ જ ગામમાં અણગમતું હતું, તેથી એને અદૃશ્ય કરી દેવામાં આવ્યું છે.

'એલી તેં મારું છોકરું ક્યાંય ભાળ્યું ?' પડોશણોને એ પૂછતી. અને પડોશણો સંતુના ગાંડપણ પર હસી પડતી, ત્યારે સંતુના મનમાં ઘોળાઈ રહેલો વહેમ વધારે ઘેરો બનતો.

રસ્તામાં કોઈ માતાની કાખમાં બાળકને જોતાં જ સંતુ પોકારી ઊઠતી :

'લાવ્ય એલી મારું છોકરું ! તું જ ચોરી ગઈ છો. દઈ દે પાછું મારું છોકરું !'

માતાઓ આવા ગાંડપણને ગણકારતી નહિ. 'બચાડીને માથે રથ ફરી ગ્યા છે, એટલે આમ બોલબોલ કર્યા કરે છે—'

પણ બધાં જ ગામલોકો આવાં દિલસોજ નહોતાં. કેટલાંક ટીખળીઓ તો સંતુને પજવતાં પણ ખરાં : 'સંતુ ! આ લે તારું છોકરું—'

'ક્યાં છે ? ક્યાં છે ?'

'જો રિયું સામે ઓલ્યા ગોખલામાં !'

'લાવ્ય ઝટ, લાવ્ય, મારે સતીમાને છત્તર ચડાવવું છે.' સંતુ ભોળે ભાવે કહેતી. 'મેં કે'દુની માનતા માની રાખી છે. જુસબો ઘાંચી છત્તર ચડાવી ગ્યો, તે'દુની મેં ય માનતા માની છે. જુસબાના છોકરાની ઘોડ્યે હું ય એને સતીમાને થાનકે પગે લગાડીને છત્તર ચડાવીશ. દેખાડ્ય ઝટ, ક્યાં છે ?--'

'જો બેઠું, ઓલ્યા જાળિયામાં !...તું ગઈ એટલે સંતાઈ ગ્યું

...જો, પાછું ઓલીપાથી નીકળ્યું!..., ઘોડચ ઘોડચ ઝટ, નીકર વળી પાછું વયું જાશે...જો પાછું સંતાણું ઓણી કોર્ય...ઝાલ્ય, ઝાલ્ય ઝટ, નીકર વળી પાછું હાથમાંથી વયું જાશે વાજોવાજ...'

'એલા, મને ટગવશ શું કામ? દેખાડચની, કયાં છે મારું છોકરું?'

'ઈ તો ફુ – ચકલી થઈને ઊડી ગ્યું!

સંતુ દયામણે મોઢે પૂછી રહેતી:

'શું કામે ઊડી જાવા દીધું?'

તોફાની છોકરાઓ સંતુની આ પજવણી કરતાં ત્યારે કોઈ મોટેરાંઓ એ તોફાનીઓને ટપારતાં:

'એલાંવ, બચાડી દખિયારીને વધારે દખ દિયો છો? ખબરદાર એને કોઈએ વતાવી છે તો!'

અને પછી સંતુના ગાંડપણ અંગે દિલસોજી દાખવતાં:

'અરે, બચાડીને માથે રથ ફરી ગ્યા!'

*

## પ્રકરણ ઓગણત્રીસમું

# ખાલી ખોળો

સંતુ એકલી ઘર બહાર જાય ને રખે ને ટીખળી લોકો એની પજવણી કરે એ બીકથી ધીમે ધીમે ઊજમે એના ઉપર જાપ્તો રાખવા માંડ્યો.

'ગાંડા માણુહને ગમ હોય ? ગમે ત્યાં હાલી જાય તો મારે એને ગોતવી ક્યાં ?

ઊજમની–ઊંઘ ઊડી ગઈ. દિવસ ને રાત એને સંતુની ચિંતા જ સતાવી રહી. પોતે રોટલા ઘડવા બેસે ત્યારે ખડકીને બારણે તાળું વાસીને બેસે. રખે ને સંતુ બારણું ઉઘાડીને બહાર ચાલી જાય, ને કાંઈ તોફાન કરી બેસે તો ?'

ગામલોકોને પણ એક નહિ પણ બે ગાંડાં માણસોના તાલ જોવા મળ્યા : સંતુ અને ઓઘડ ભૂવો.

ઓઘડનું ગાંડપણ હાસ્યપ્રેરક હતું, સંતુનું કરુણ હતું. આમ લોકોને હસવું ને હાણ્ય જેવો મિશ્ર અનુભવ થઈ રહ્યો.

સંતુ માટે સહુને સહાનુભૂતિ હતી, ત્યારે ઓઘડની દયા ખાનારાં બહુ ઓછાં હતાં. એ વયોવૃદ્ધ ભૂવાને તો કવિન્યાય જ મળી રહ્યો છે એવો સંતોષ લોકો અનુભવતાં હતાં.

'ભાઈ ! ઈ તો જેમ હુશિયાર તરનારાનું મોત પાણીમાં, એમ આ ડાકલાં વગાડનારનું મોત એનાં જંતરમંતરમાં જ. ઓઘડિયાનાં હાથનાં કર્યાં એને જ હૈયે વાગ્યાં. ગામ આખાનાં ઝોડ – ઝપટ કાઢતો'તો પણ એને જ કો'કની ઝપટ વાગી ગઈ—'

'દેવ–દેવલાંને સરમાં લાવીને ધૂણતો તંયે હંધાં ય નાળિયેરના ઘા ઘરઢાળા નાખીનાખીને ઘર ભર્યું''તું. હવે જુવો, કેવો ભૂંડે-હાલ થઈને ગામમાં રખડે છે!

'ઓઘડિયાનો જીવ નાળિયેર કરતાં ય વધારે તો કોં'કની માંગી બીડીમાં ભમતો. એને ધુણાવતાં મોર્ય તો એના ઘરાકે બીડીની ઝુડિયુંની ઝુડિયું ધરવી પડતી, તો ય ઓઘડિયાને સંતોષ ન થતો, તી ઈ ધૂણતો ધૂણતો કોક'ની એંઠી બીડી માગી લેતો, ને બેચાર ફૂંક ખેંચી લેતો––'

'ફૂકડીનું મોં ઢેકલે જેવું. ઈ અડધી પીધેલી બીડીમાં એનો જીવ રૈ ગ્યો'તો, તી હવે મગજની કમાન છટકી ગઈ, ને ઊભી શેરીએથી બીડીનાં ઠૂંઠાં વીણતો થઈ ગયો!

'ઈ જ લાગનો છે મૂવો! સાચાંખોટાં ધૂણીધફીને ઘણાંયને જતિ કર્યાં છે, તી ઉપરવાળો એનું સાટું તો વાળે જ ને? આ ભમતા ભૂત જેવો કરી મેલ્યો છ, તી ભૂંડે હાલે મરશ રોયો.'

'ઈ મરે કે જીવે, તો ય કોઈને કાંઈ ચંત્યા નથી. વાંહે કયાં કોઈ કાણ્ય કૂટણાં કરનારી છે, તી ફકર્ય? પણ આ સંતુને માથે રથ ફરી ગ્યા ઈ જોયું નથી જાતું. ગોબર મરી જાતાં માથેથી મોડ ગ્યો, ને હવે આ છોકરું મરી ગ્યું એમાં તો બચાડીનું જીવતર કડવું ઝેર થઈ પડ્યું.'

સંતુનું ગાંડપણ જોઈને વધુમાં વધુ વ્યથા વખતી ડોસીને થતી હતી. ગામલોકોને ય અચરજ થતું હતું કે આ કઠણ કાળજાવાળી ને 'કલાંઠ' બાઈ પારકાં દુઃખે પોતે આટલી વેદના શા માટે અનુભવે છે? આ વિચિત્ર પ્રક્રિયા તો ખુદ વખતીને ય પૂરેપૂરી સમજાતી નહોતી. છતાં એ હકીકત હતી. સંતુની યાતના જોઈને એનું અંતર દ્રવી રહ્યું હતું.

વખતીની આ અનુકમ્પાનું રહસ્ય શું હતું? સંભવ છે કે એણે સંતુની અપાર યંત્રણાઓ, સંતાનેષણા અને વિફળતાના દારુણ

પ્રત્યાઘાતો નજરોનજર નિહાળ્યા હોવાથી પોતાના પાષાણહૃદયમાંથી અનુકમ્પાની સરવાણી ફૂટી હોય. અથવા તો, વખતીના પોતાના જ અંતરને વલોવી રહેલી કોઈક અપરાધીપણાની આડકતરી લાગણી પણ આમાં કારણભૂત બની હોય. ઘણી ય વાર સંતુની સ્થિતિ વિશે વિચારતાં વિચારતાં એના મનમાં વસવસો થયા કરતો : હું એના જણ્યાંને બચાવી ન શકી. સંતુનું સંતાન હેમખેમ જન્મી શક્યું હોત તો એની આ સ્થિતિ ન હોત...હજીય એના ખોળામાં નાનકડું છોકરું રમતું થાય તો એનું ગાંડપણ ચાલ્યું જાય અને સંતુ સાજીનરવી થઈ જાય. પણ એનો તો હવે શો ઉપાય ? હવે શું થાય ?

સ્વાભાવિક જ, સંતુના સહુ શુભેચ્છકો એનું ગાંડપણ નિવારવા માટે પોતપોતાની રીતે પ્રયત્નશીલ બન્યાં હતાં.

અને એવા પ્રયત્નો કરનારાઓમાં હરખ સહુની મોખરે હતી. એનું માતૃહૃદય સ્વાભાવિક જ સહુથી વિશેષ વ્યથા અનુભવતું હતું. સંતુના આવા ભયંકર ગાંડપણમાં કશાં દવાદારૂ કારગત થાય એમ નથી જ, એવી ખાતરી થતાં ભોળુડી હરખે જ્યોતિષનો આશરો લીધો. અસીમ શ્રદ્ધા સાથે એ પરભા ગોરને ઘેરે ગઈ.

હાથએકનો ઘૂમટો કાઢીને એણે આ વયોવૃદ્ધ બ્રાહ્મણને વિનતિ કરી :

'ગોરબાપા ! મારી ગગીના ગરેહ જોઈ દિયો !'

અને પછી, સંતુને શી નડતર છે, આ ગાંડપણ ક્યાંથી આવ્યું કોણે એને કરી મેલ્યું છે, હવે એનો ઉપાય શો, કઈ કઈ બાધા-આખડી રાખવી, ક્યાં ક્યાં દેવ-દેવીની માનતા માનવી, દોરા, ધાગા, ટૂચકો, શું શું કરીએ તો સંતુ સાજી થાય એ વિશે લાંબી પૂછપરછ ચાલી.

'કોઈ દેવબેવ તો રૂઠયા નથી દેખાતા.' પરભા ગોરે સધિયારો આપ્યો.

'તો પછી આવું કેમ કરતાં થ્યું ?'

'એના વેરીએ નજર નાખી છે. છોકરી ભાર્યે નજરની ઝપટમાં આવી ગઈ છે--'

'વેરીની નજર ! ભાર્યે નજર ? કોણ ? કોણ ?'

'ઈ તો તમે જાણો. કોની હાર્યે તમે વેર બાંધ્યાં હશે એની મને શી ખબર પડે ? પણ છોકરી બચાડી ઝોડઝપટમાં આવી ગઈ એમાં આ હંધું ય અવળું ઊતર્યું–'

'કોનાં ઝોડ વળગ્યાં છે ?' હરખે પૂછ્યું. 'નામ પાડો. એને રાજી કરીએ, એને મલીદા ચડાવીએ, ને માનતા કરીને રીઝવીએ–'

'આ કાંઈ દેવદેવલાંનાં ઝોડ નથી કે એને રીઝવવા સારુ ડાકલાં વગડાવાય, કે મલીદા ચડાવાય. આ પાદરમાં બેઠી છે એ મેલડીનાં ઝોડ નથી; આ તો કાળા માથાના મનવીનાં ઝોડ...બાપુ ! આ તો મેલડીથી યે ભૂંડાં–'

'પણ ઈ છે કોણ ? મારી દીકરીને દખ દેનારનું નામ તો પાડો, પરભાબાપા !'

'અમારાથી નામ ન પડાય; અમે તો એંધાણ દઈએ--'

'તો એંધાણ દિયો. હું ગોતી કાઢીશ--'

'આ ટીપણાં ઉપર સવાપાંચ આના મેલો—'

'લ્યો, આ મેલ્યા !' હરખે સાડલાને છેડે વાળી રાખેલી ગાંઠ છોડીને સિક્કા રજૂ કર્યા.

'છોડી ઉપર મૂઠ્ય નાખી છે—'

'કોણે ?'

'ઓતરાદી દશ્યે રહેનારાંએ—'

'ઓતરાદાં રહેનારે !'—'

'હા.'

'નામપગ કાંઈ ?'

'મે કીધું નઈં કે અમે નામઠામ આપીએ તો પાપમાં પડીએ ! અમારાથી તો એંધાણ જ અપાય—'

'ઓતરાદાં તો ઘણાં ય ખોરડાં છે, કાંઈક વધારે એંધાણ આપો તો ખબર્ય પડે ને !'

'દૃશ્યાને નામે જ એનું નામ છે એટલામાં સમજી જાવ'

સાંભળીને હરખ વિચારમાં પડી ગઈ. ઓતરાદી દિશા, ને એને નામે જ નામ. એટલે ?

'ન સમજ્યાં ? ઓતરાદી દશ્યા, એટલે 'અ' ને નામે નામ થ્યું—' પરભો જોર બોલ્યો, 'હવે આનાથી વધારે કાંઈ પૂછીને મને પાપમાં ન નાખતાં, જાવ !'

ભૂદેવનો આદેશ સાંભળીને હરખ ઊભી થઈ. રોકડા સવા પાંચ આનાની દક્ષિણાના બદલામાં ઓતરાદી દિશા અને 'અ' ને નામે નામનું ઈંગિત લઈને એ ઘેર આવી.

ઘેર આવીને એણે ઊજમને કાને વાત નાખી. સંસારનાં સુખ-દુઃખમાંથી પસાર થયેલી ઊજમને આવા વહેમમાં બહુ શ્રદ્ધા નહોતી, પણ ડૂબતું માણસ તણખલાને બાઝે એમાં શી નવાઈ ? ચોગરદમ આપત્તિઓથી ઘેરાયેલી ઊજમે હરખની વાત ઉપર વિચાર કરી જોયો.

ઓતરાદી દિશા અને 'અ' ને નામે નામ, ને વળી આપણું વેરી હોય, એવી વ્યક્તિ કઈ ?

અને આ દુખિયારી સ્ત્રીઓને દીવા જેવું સ્પષ્ટ સૂઝી ગયું : અજવાળીકાકી જ, વળી બીજું કોણ ?

હા, હવે સમજાયું. અજવાળીકાકી જાતરાને બહાને બહારગામ શા માટે ચાલ્યાં ગયાં છે તે !

અને શંકિત માનસને એક પછી એક અનુકૂળ તાળો મેળવતાં શી વાર ? હા, બરોબર, એક શ્રાવણી સોમવારે હરખ અને અજવાળીકાકી ઢીંકેઢીંકે વઢયાં હતાં, હરખે સો માણસના સાંભળતાં અજવાળીકાકીની જડાવની વગોવણી કરી હતી, અને બદલામાં એમની અનેકવિધ ગર્ભિત ધમકીઓ સાંભળી હતી.

તરત પ્રશ્ન ઊઠયો : અજવાળી ડાકણ છે ? એને મેલી વિદ્યાનાં

કામણટૂમણ આવડે છે ખરાં ?

અને આ પ્રશ્નનું પણ સંશોધન થયું. અજવાળી પોતે ડાકણ હોવાનું આજ સુધી જણાયું નથી. પણ અજવાળીની મા લાખુ-ડોસી તો વિખ્યાત ડાકણ હતી. લાખુ પોતાની જુવાનીમાં પતિ સાથે અરબસ્તાનનાં ગામોમાં રહેલી, અને આરબ લોકો પાસેથી એ ડાકણ વિદ્યા શીખી લાવેલી. એ દિવસોમાં અરબસ્તાન-આફ્રિકા ખેડનાર ઘણી સ્ત્રીઓ આવી મેલી વિદ્યાઓમાં પારંગત થઈને આવતી અને લાખુ એમાંની એક હતી.

લાખુ મરવા પડી ત્યારે એણે અજવાળીને આ મેલી વિદ્યાનો વારસો આપેલો—અથવા આપવો પડ્યો હતો.

'પોતાના કોઠામાંથી મેલી વિદ્યા પારકાને સોંપ્યા વન્યા ડાકણાં માણહનો જીવ ન જાય—એની ગત્ય ન થાય.'

બરોબર તાળો મળી રહ્યો. અજવાળીએ એની મા પાસેથી જ આ વિદ્યા મેળવી છે !

'જુવોની, એની આંખનો ખૂણો જ કહી દિયે છ, કે એ ભારે નજરવાળી છે.'

'ને આ હરખનું વેર એણે સંતુ ઉપર વાળ્યું...બચાડીને સાવ મગજમેટ કરી મેલી—'

'ને પોતે સખેને જાતરાને બહાને ગામમાંથી આઘી નીકળી ગઈ, કોઈને વહેમ ન આવે એટલા સારુ—'

ધીમે ધીમે ઊજમ પણ આ વહેમમાં પાકી શ્રદ્ધા ધરાવતી થઈ ગઈ. હરખે બીજી કેટલીક વિગતો આપીને એ શ્રદ્ધાને પુષ્ટ કરી. જડાવના અનૌરસ સંતાન વિષે સંતુને જાણ હતી, એ વાત અજવાળાકાકીને ખટકતી હતી. તેથી જ, એમણે વેર લેવા માટે સંતુના સંતાનને મારી નાખ્યું, ને સંતુને ગાંડી કરી મૂકી.

એક બપોરે ઊજમ, હરખ અને વખતી ફળિયામાં બેસીને આ મૂંઝવણનો ઉપાય વિચારી રહ્યાં હતાં.'

'પણ હવે આ વળગણ કાઢવી કઈ રીતે?

'ભૂવો ધુણાવીને એને મરચાંની ધુંવાડી કરાવીએ... ને જરૂર પડ્યે ધગધગતા તાવિથાના ડામ દેવરાવીને પણ ભગાડીએ તો જ સંતુ સાજી થાય--'

'પણ ઓઘડિયો ભૂવો પંડ્યે જ મગજમેટ થઈ ગ્યો છ ત્યાં ધૂણશે કેમ કરીને?'

'ઓઘડિયાનું ક્યાં દેવું કર્યું છે? શાપરથી ભુવાને તેડાવીએ-'

વખતી આ વિચારની વિરુદ્ધ હતી. એણે કહ્યું : 'સંતુનું દુઃખ હું જાણું છું. આમ ડાકલાં વગડાવ્યે કે ભૂવા ધુણાવ્યે કાંઈ વળવાનું નથી.'

'તો પછી શું કરવું? આમ ને આમ તો ગાંડપણ વધતું જ જાશે.' ઊજમે ચિંતા વ્યક્ત કરી.

'આનો કાંઈ આરો કેમ કરીને આવશે?' હરખે અધીરાઈ બતાવી.

'આરો તો એક જ રીતે આવે એમ છે,' વખતીએ ગંભીર અવાજે સૂચવ્યું, 'સંતુનો ખાલી ખોળો ભરાય તો જ—'

સાંભળીને હરખ અને ઊજમ બન્ને સ્તબ્ધ થઈ ગયાં. આ ડોસી બોલે છે કે બકે છે? એને કાંઈ કળ-વકળનું ભાન છે કે નહિ? સંતુનો ખાલી ખોળો હવે શી રીતે ભરાવાનો હતો?

'તમારા કરતાં મેં વધારે દિવાળી જોઈ છે,' વખતી બોલી રહી, 'આ સંતુ જેવાં તો ઘણાં ય ગાંડપણ મેં ભાળ્યાં છે. ઠાલાં આવા વહેમમાં પડશો મા. શંકા, ભૂત ને મંછા ડાકણ...ઈ અજવાળીનું શું ગજું! ઈ સંતુને ગાંડી ય ન કરી શકે, સાજી ય ન કરી શકે...'

ખરે બપોરે આવી વાતચીત ચાલતી હતી ત્યાં જ શેરીને નાકેથી ડુગડૂગીનો અવાજ સંભળાયો.

અને સંતુના કાન ચમકી ઊઠ્યા.

ઊજમ બોલી : 'આ દુકાળમાં અધિક માસ...ભચડો વાદી

એનાં ચમેલી–રતનિયાને લઈને માગવા આવ્યો લાગે છે.'

ડુગડુગી વધારે જોરથી વાગી; વાદીનો અવાજ પણ સંભળાયો. અને સંતુ સડાક કરતીક ને ઊભી થઈ. બોલી :

'મારે ચમેલી–રતનિયાને જોવા જાવું છે.'

'નથી જાવું.' ઊજમે કહ્યું.

'હવે તું નાનકડું છોકરું છો કે રીંછ–વાંદરીની રમત્ય જોવા જવાય ?' હરખે ઠપકો આપ્યો.

'મારે જાવું છે.' સંતુ બોલી.

ભચડો વાદી મૂળ આ ગામનો જ રહેવાસી હતો. પણ વાદીને વળી ગામ શું ને રહેઠાણ શું ? એ તો એના રીંછ અને વાંદરાને લઈને ગામેગામ ભટકતો, નજરબંધીથી માંડીને અંગકસરત સુધીના તરેહતરેહના ખેલ કરીને પ્રેક્ષકોને રીઝવતો અને બદલામાં 'વાસી શિરામણ' રૂપે રોટલા અને થોડું રોકડ ઉઘરાવતો.

ભચડો ગામેગામ ભટકતો છતાં વરસમાં એકાદ–બે વાર તો એ ગુંદાસરમાં આવ્યા વિના રહેતો જ નહિ. તેથી જ તો, પ્રેક્ષકોને એકઠા કરવા માટે બરાડા પાડીપાડીને બસૂરો બની ગયેલો એનો અવાજ, એની ડુગડુગી એનો રતનિયો રીંછ, ચમેલી વાંદરી અને ભચડાની નમાઈ બાળકી સુદ્ધાં ગુંદાસરવાસીઓ માટે આપ્તજન જેવાં પરિચિત બની રહ્યાં હતાં. ભચડાએ પોતાની નાનકડી બાળકીને પણ 'ચમેલી' જેવું રૂપકડું નામ આપેલું.

'હું ચમેલીને જોવા જાઉં છું.' કરતીને સંતુ ખડકીનાં બારણાં તરફ ધસી.'

અને ઊજમ કે હરખ ઊભાં થઈને એને રોકે એ પહેલાં તો સંતુએ ખડકીનો આગળિયો ઉઘાડી નાખ્યો અને ઉન્માદભરી અવસ્થામાં એ ડુગડુગીના અવાજની દિશામાં ઝડપભેર દોડી.

*

## પ્રકરણ ત્રીસમું

# તમાશો

સંતુ ડેલી બહાર ગઈ કે તુરત ઊજમ એની પાછળ જવા ઊભી થઈ. હરખ પણ હેબતાઈ જઈને પુત્રીને પાછી પકડી લાવવા ખડકીના બારણા તરફ દોડી.

'આ એકલી શેરીમાં નીકળી છ, તે ક્યાંક આડીઅવળી ભાગી જાશે તો ?'

'ગાંડા માણસને શું ગમ હોય ? ઈ તો કૂવા-અવેડામાં ય પગ મેલી દિએ, ને પછી થ્યું-અણથ્યું થોડું થાય છે કાંઈ ?'

ખડકી બહાર નીકળીને વખતીએ ઊજમને સમજાવ્યું.

'સંતુને લોંઠાએ પાછી ઘરમાં ન ઘાલતાં એને ભચડાની રમત્ય જોવી હોય તો જોવા દેજો—'

ઊજમે કહ્યું : 'આવડી સાંઢડા જેવડી બાઈ ઊઠીને રીંછ-વાંદરાની રમત્ય જોતી હશે ? સાંભળનારા ઠેકડી જ કરે કે બીજું કાંઈ ?'

'ભલે ઠેકડી કરે. અટાણે સંતુ પણ નાનકાં છોકરાં જેવી જ છે. મર રીંછ-વાંદરાનો ખેલ જુવે. એનો જીવ ખુલાસામાં રિયે એમ કરો.' વખતીએ સુચના આપી. 'સાટે એમ હોય તો તમે બે ય જણિયું એની પડખે ઊભીને વે'મ રાખજો.'

'આ હું ગલઢા આખો આવાં રમત્યરોડાં જોવા ઊભી રહું તો ભૂંડી ન લાગું ?'

'ઊભવું ય પડે. શું થાય ? અટાણે સંતુના જીવને સખ વળે એમ કરવાની જરૂર છે.' કહીને વખતીએ ઉમેર્યું :

'લે, તું શરમાતી હો તો હું પંડ્યે ય તારી પડખે ઊભો રૈશ ને સંતુનો વે'મ રાખીશ. હવે છે કાંઈ?'

શેરીને નાકે ભચડો વાદી પડ બાંધીને હાથચાલાકી, અંગકસરત ને નજરબંધીના પ્રયોગોની પૂર્વતૈયારીઓ કરી રહ્યો હતો. એની આજુબાજુ ગામ આખાનાં ટાબરિયાંઓનું વર્તુળાકાર ટોળું જામી ગયું હતું.

ટાબરિયાંઓ કરતાં ય વિશેષ કુતૂહલથી અને એથી ય વિશેષ ઝડપથી ચમેલી–રતનિયાને નિહાળવા દોડી ગયેલી સંતુ તો નાનકડાં ભૂલકાંઓની પંગતમાં એ ભૂલકાંઓ જેટલા જ ભોળા ભાવે ગોઠવાઈ ગઈ હતી. એ જોઈને ઊજમના હૃદયમાંથી સ્વાભાવિક જ નિઃશ્વાસ નીકળી ગયો: 'અરેરે! આવી ડાહીડમરી સંતુનો અવતાર બળી ગ્યો!'

'ભૂખે ય અવતાર નથી બળી ગ્યો.' વખતીએ આશ્વાસન આપ્યું. 'આવું તો માણસ જાત્યની જિંદગીમાં હાલ્યા જ કરે. અટાણે ઈ બચાડીને માથે દખનાં ઝાડ ઊગ્યાં છે, એટલે આવાં છોકરવેડાં કરે છે. કાલ્ય સવારે સુખનો સૂરજ ઊગશે ને હંધાં ય સારાં વાનાં થઈ રેશે—'

'સારાં વાનાં થઈ રે'શે?' ઊજમે વખતીની ઉક્તિનું વ્યંગમાં પુનરુચ્ચારણ કરીને કહ્યું, 'આમાં સુખનો સૂરજ ઊગવાનાં કાંઈ એંધાણ તો કળાતાં નથી. દિન પે દિન ગાંડપણ વધતું જાય છે—'

ભચડાએ જોસભેર ડુગડુગી વગાડીને પોતાના પ્રેક્ષકવૃંદમાંની પરિચિત વ્યક્તિઓને જાણે કે આવકાર આપવા માંડ્યો:

'આવી પૂગી ને મારી સંતીબેન!'

સાંભળીને કેટલાંક છોકરાંઓ સંતુ તરફ જોઈને ખડખડાટ હસી પડ્યાં.

ભચડાને હજી ખબર નહોતી કે સંતુનું મગજ અસ્થિર થઈ ગયું છે.

કેટલાંક બાળકો સંતુ તરફ તાકીને માંહોમાંહે ગુસપુસ કરી રહ્યાં : 'આયહાય ! આવડી મોટી ઢાંગળી થઈને આપણા ભેગી ખેલ જોવા બેઠી છ ?'

એક ટીખળી છોકરાએ તો અહીં સંતુની હાજરી વિષે ધીમે સાદે ટિપ્પણ કરતાં અપદ્યાગદ્ય જેવા લયમાં ગણગણવા પણ માંડ્યું :

'છોકરા ભેગી છોકરી...
એની મા બોકડી...'

તરત એના વાંસામાં ધડિમ્ કરતોકને ઢીંકો પડ્યો અને અવાજ સંભળાયો :

'મૂવા, જીભડો બવ વધ્યો હોય તો ટપુડા વાણંદ પાંહે જઈને વઢાવી આવ્ય !'

એ ટીકાકાર ગાયકને બિચારાને ખબર નહિ કે પોતે જેને 'બોકડી' કહીને બિરદાવી રહ્યો હતો એ સંતુની મા હરખ પોતાની પછવાડે જ ઊભી હતી !

ડુગડુગી વગાડીને વચ્ચે વિરામ લેતાં ભચડાએ વખતીને ઉદ્દેશીને આવકાર આપ્યો :

'આવી પૂગ્યાં ને વખતી ફુઈ ! ભલે આવ્યાં, ફુઈ ! ભલે આવ્યાં.'

ભચડાનો બાપ જીંથરો મૂળ પડખેના ગામ વાટોદડનો રહેવાસી હતો ને વખતીનાં માવતર પણ વાટોદડ. એ નાતે ભચડો વખતીને ફુઈ કહીને સંબોધતો.

'અમે તો આવી પૂગ્યાં પણ તું આ દકાળ વરહમાં પરસોતમ મૈના જેવો રોટલા માગવા શું કામે આવી પૂગ્યો ?'

'દકાળ વરહ છે ઈ તો હું ય સમજું છું; પણ મારે ય આ ચાર જીવનાં હોજરાં તો ભરવાં ને ?' ભચડાએ પોતે, પોતાની બાળકી, રીંછ અને વાંદરાના ઉદરનિર્વાહનો ઉલ્લેખ કરીને કહ્યું,

'ને રોટલા ઢીબનારી આ ચમેલીની માનું ગામતરું થ્યા કેડચે તો હવે મારે આ રતનિયાને નચવી નચવીને વાસી શિરામણ જ ઉઘરાવવાં ને ?'

અને પછી જાણે કે પોતાના જ મનમાં રમી રહેલ કાંઈક અપરાધી વૃત્તિનું સમાધાન કરવા ખાતર વખતી સમક્ષ વણમાગ્યો ખુલાસો રજૂ કર્યો :

'ઓલ્યા ડોકામરડીવાળા રાફડામાંથી ટીલાળા નાગને એની નાગણીથી નોખો પાડીને કરંડિયે પૂર્યા કેડચે પંદર જ જમણમાં આ ચમેલીની મા પાછી થઈ, એટલે મેં સરપ પકડવાનું મેલી દીધું....ઈ રાફડે રમતું જોડકું મેં ભાંગ્યું, એમાં નાગબાપાનો મને શરાપ લાગી ગ્યો....ઈ નાગનાગણીમાં વિજોગ કરાવ્યા, એમાં મારે વિજોગ થઈ ગ્યાં, એટલે મોરલી ને કરંડિયો મેલ્યાં પડતાં ને હવે આ રતનિયા–ચમેલીને જ રમાડચા કરું છું—'

વખતીએ આ વાદી પ્રત્યે હમદર્દી દાખવતાં કહ્યું :

'કોઈનાં વા'લામાં વિજોગ પડવવા જેવું પાપ બીજું કોઈ નથી, ભચડા !' અને પછી ભચડાના ભાવિ અંગે સૂચન કર્યું : 'થાવાકાળે થઈ ગયું. પણ હવે આછુંપાતળું બીજું કોઈ ગોતી લે, ને પગ વાળીને બેસ્ય !'

'ના રે ફુઈ ! મને તો ઓલ્યા નાગબાપાના નિહાકા એવા તો આકરા લાગ્યા છે કે હવે ફરી દાણ આછુંપાતળું ઘર કરું ને, તો ય સુખી ન થાઉં. માડી ! મેં તો વા'લામાં વિજોગ કરાવ્યા, વા'લામાં વિજોગ....મને વે'મ નંઈ કે રાફડામાં નાગણી સંતાણી છે....મેં તો એકલા નાગને જ મૂઠ મારીને કરંડિયે પૂરી દીધો, ને નાગણી મારી ઘરવાળીને ભરખી ગઈ...'

અને પોતાના 'ખેલ'નો આરંભ કરતાં પહેલાં છેલ્લી વારની ડુગડુગી છટાપૂર્વક વગાડી લેતાં ઉમેર્યું :

'હવે તો મારે ભવોભવના વિજોગ, માડી ! ભવોભવના વિજોગ.

રતનિયા ! આ ડાયરાને સલામ ભર્ય !'

અને ચાવી આપી રાખેલા પૂતળાની જેમ રતનિયો બે પગે ઊભો થયો અને આગલા બન્ને પગને હાથ તરીકે ઊંચા કરીને ચારે તરફ ફરતો ફરતો આ સંભાવિત પ્રેક્ષકોને સલામ કરી રહ્યો.

નાનાં છોકરાંઓએ આનંદના પોકારો કર્યા.

સંતુએ તો રોમાંચક આનંદની ચિચિયારી જ પાડી.

'ગામનાં મા'જનને સલામ....મુખીને સલામ....વાણિયા—વેપારીને સલામ....વેઠિયાં — વહવાયાંને સલામ....'

ભચડો પ્રણાલિગત નામો ઉચ્ચારતો રહ્યો અને એનું પાળેલું પશુ બે પગ ઉપર ચકરચકર ફરતું સહુને સલામો ભરતું રહ્યું.

સંતુને મન રતનિયો માત્ર રીંછ નહિ પણ કોઈક અલૌકિક સૃષ્ટિની સરજત બની રહ્યો.

ભચડો પડ બાંધીને એક પછી એક ખેલ કરવા લાગ્યો. પ્રેક્ષકોની ભીડ પણ વધી. અડખેપડખેની ખડકીનાં બારણાંમાં કેટલાંક મોટેરાં પણ આવી ઊભાં રહ્યાં.

પ્રેક્ષકોને અત્યારે બેવડું જોણું જોવાનું હતું : વાદીની રમત અને બાળકો જોડે બાળક બનીને બેસી ગયેલી સંતુ.

'અરરર ! આ છોકરીનો તો સાવ ઓટલો વળી ગ્યો. જરા ય ભાન છે ? આ ઝીણકાં ઝીણકાં છોકરાંવની ભેગી બેઠી ગઈ છે...'

'માથે રથ ફરી ગ્યા કેડ્યે હવે એને કાંઈ ભાન થોડું હોય ? સંતુને તો હવે ઓલ્યા ઓઘડિયાની ઘોડ્ય બીજું બાળપણ—'

અને કેમ જાણે એના નામોચ્ચારથી જ હાજર થતો હોય. એમ ઓઘડિયો બીડીનાં ઠૂઠાં વીણતો વીણતો આવી પહોંચ્યો અને—

'લ્યો, આ સંભારતાં જ હાજર. સો વરહ જીવહે મુવો !'

'તો તો ભૂંડે હાલ રખડી રઝળીને મરશે! આવાં દખિયાં માણહનાં આયખાં ય કેમે ય કર્યાં ખૂટે નહિ. દુનિયાનું અચરજ

તો જુવો, ગોબર જેવા જીવ ઊગ્યા ભેગા જ આથમી જાય, અને આ ઓઘડિયા જેવા કેમે ય કર્યા મરે જ નહિ—'

ઓઘડે તો આવતાંની વાર રતનિયા અને ચમેલી જોડે અટકચાળા કરવા માંડ્યા. એણે વાંદરીના હાથમાં બીડીનું ઠૂંઠું મૂક્યું અને વાંદરીએ મોઢામાં મૂકીને થૂંકી નાખ્યું, એ જોઈને પ્રેક્ષકો ખડખડાટ હસ્યાં.

વાદીની રમત જોવા આવેલાંઓમાં એકને બદલે બબ્બે ગાંડાં માણસોની ઉપસ્થિતિને પરિણામે આખી રમતનો રંગ બદલાઈ ગયો.

ચમેલીએ ફેંકી દીધેલું બીડીનું ઠૂંઠું પાછું ઊંચકી લઈને ઓઘડે પોતાના બોખલા મોઢામાં મૂકી દીધું અને બેધડક ચાવી ગયો; એ જોઈને ભારે રમૂજ ફેલાઈ ગઈ. ખુદ સંતુ પણ ઓઘડનું આ ગાંડપણ જોઈને હસી રહી એથી પ્રેક્ષકોને બમણું હસવું આવ્યું.

સંતુની આમ છડેચોક હાંસી થઈ રહી છે એ જોઈને હરખને ક્ષોભ થયો, ઊજમને પણ આમાં હીણપત જેવું લાગ્યું. પણ હવે ખરી રંગત જામી હતી ત્યારે સંતુને અહીંથી ઘેરે લઈ જવાનું મુશ્કેલ હતું, તેથી એણે ભચડાને વિનંતિ કરી :

'એલા હવે ઝટ રમત્ય પૂરી કર્ય ની, અમારે અહરું થાય છે.'

'હજી ખરાખરીના ખેલ તો બાકી છે, ઊજમભાભી !' ભચડાએ કહ્યું. 'હજી તો રતનિયો પૂરું નાચ્યો છે જ ક્યાં ? પછી ચમેલી નાચશે, ને એના પછી આ મારી છોકરી ચમેલી પેટીમાં પુરાશે—'

'ઈ હંધું ય ઝટ પતાવ્ય, મારા ભાઈ !'

ભચડે હવે ડુગડુગી બાળકીના હાથમાં આપી અને પોતે રીંછ જોડે ઝપાઝપીમાં ઊતર્યો.

કોઈ કોઈ ક્ષણે ભચડો જીવસટોસટ ખેલ કરતો હતો. પ્રેક્ષકોના શ્વાસ જાણે કે થંભી જતા હતા. માત્ર સંતુને અને ઓઘડને આવી ક્ષણોએ આહ્‌લાદક અનુભવ થતો હતો અને તેઓ અવાક્ બની જવાને બદલે બેફામ હસતાં હતાં.

એવી ક્ષણોએ આ બન્ને જણાંનાં બેફામ અટ્ટહાસ્ય સાંભળીને ખુદ ખેલંદાને આશ્ચર્ય થતું હતું. ભચડો વિચારતો હતો : મને પોતાને બીક લાગે છે કે રતનિયો અબઘડીએ મને ફાડી ખાશે, કે એના ભાલા જેવા નહોર ભરાવીને મને પીંખી નાખશે, ને આ બે જણાંને જરા ય બીક કેમ નથી લાગતી ?

બાળકી ડુગડુગી બજાવતી રહી, ભચડો રીંછને નચાવતો રહ્યો. છોકરાંઓ તાળીઓ પાડતાં રહ્યાં અને સંતુ ઉન્માદભર્યા આનંદની ચિચિયારીઓ કરતી રહી.

અને પછી તો એવું બન્યું કે રતનિયા કે ચમેલીની રમતો કરતાં સંતુની આ હર્ષોન્માદભરી કિકિયારીઓ જ વધારે પ્રેરણીય બની રહી.

હરખે ઊજમને સૂચવ્યું : 'સંતુને ઝટ ઘરભેગી કરીને ખડકીમાં પૂરી દઈએ. આમાં તો એનું ગાંડપણ વધી જાશે—'

'એમ લોંઠાએ ઘરભેગો નહિ થાય.' ઊજમે કહ્યું, 'હવે આમે ય જોવા બેઠી, ને આમે ય બેઠી. હવે તો ભચડો એનાં જનાવર લઈને આઘો જાય તો જ સંતુ ઊભી થાય—'

વખતી ઊભી ઊભી વ્યગ્રચિત્તે સંતુ તરફ તાકી રહી હતી. મનમાં વિચારવહેણ કાંઈક આ રીતે વહેતું : આ ઉન્માદનો હવે ઉપાય શો ? આવા ગાંડપણમાં એ જીવતર શી રીતે પૂરું કરશે ? સંતુની આ ઉન્માદાવસ્થા એક ભયંકર સંશયમાંથી જન્મી છે. છેક પ્રસવની ઘડી સુધી પેલા કારમા કલંકારોપણનો કીડો એના અંતરને કોરી ખાતો હતો. એમાંથી જ ભયની લાગણી જન્મેલી. મારું સંતાન પણ કલંકિત ઠરશે, મારું સંતાન આ સમાજમાં અણગમતું છે, અસ્વીકાર્ય છે. આ લાગણીમાંથી જ પેલો દારુણ સંશય એના મનમાં જન્મ્યો. મારા બાળકને કોઈએ હાથે કરીને મારી નાખ્યું છે, અથવા મારાથી છુપાવી રાખ્યું છે. એ અળખામણા આગંતુકને કોઈએ ગળાટૂંપો દઈ દીધો છે...એ સંશયાત્માને કોણ

સમજાવે કે તું મૃતવત્સા છો ને તારું સંતાન મરેલું જ અવતર્યું છે?

હા, જુઓ ને, સંતુની નજર અત્યારે રીંછ કે વાંદરાને બદલે આ બાળકી ઉપર જ કેવી વેધક રીતે નોંધાયેલી છે! અરે, આ વાદીની છોકરીમાં એવું તે શું કામણ બળ્યું છે કે સંતુ એને ટીકીટીકીને જોઈ રહી છે?

પિતાની આજ્ઞા મુજબ થોડી થોડી વારે ડુગડુગી વગાડી રહેલી એ અબુધ બાળકીને ઉદ્દેશીને સંતુ વારે વારે કહ્યા કરે છે: 'ચમેલી! આમ આવ્ય, ચમેલી! આમ આવ્ય.'

જોનારાઓને તો એકને બદલે બબ્બે તમાશા જોવા મળ્યા.

*

## પ્રકરણ એકત્રીસમું

# ક્યાં ગઈ મારી ચમેલી ?

ડુગડુગીનો અવાજ સાંભળીને ગિરજાપ્રસાદે આ તમાશો જોવાનું વેન લીધું, તેથી અમથી સુથારણ પણ પોતાના પુત્રને તેડીને તમાશો જોવા આવી પહોંચી.

'લ્યો, આ ભચડાએ તો ભૂંગળ વગાડ્યા વિના જ ગામ આખું ભેગું કરી દીધું'ને શું !'

થોડી વારમાં ટપુડો વાણંદ પોતાના બાંધેલા ઘરાકોનાં વતાં કરીને નીકળ્યો, એ આ ખેલ જોવા ઊભો રહ્યો. ભાણો ખોજો દાળિયા શેકવાનું મુલતવી રાખીને આ રતનિયા–ચમેલીને નિહાળવા આવી પહોંચ્યો. બીજા દુકાનદારો તથા ખેડૂતો પણ આમાં ભળ્યા.

ભચડાને લાગ્યું કે હવે ખરેખરી ઠઠ જામી છે અને ચમેલીને નામે રોટલા તથા પૈસા ઉઘરાવવાનો ખરેખરો મોકો આવ્યો છે. એમ સમજીને એણે આખી રમતની પરાકાષ્ટાસમો નજરબંધીનો ખેલ શરૂ કર્યો.

અત્યાર સુધીમાં એ હાથચાલાકી અને નજરબંધીના નાના પ્રકારના તો ઘણા પ્રયોગો કરી ચૂક્યો હતો. રૂપિયાનો સિક્કો હાથની મુઠ્ઠીમાંથી મોઢામાં અને મોઢામાંથી એના પહેરણની પહોળી બાંયમાં ગાયબ કરીને જોનારાઓને હેરત પમાડી ચૂક્યો હતો. પણ હવે જે પ્રયોગ થનાર હતો એ તો આ ખેલંદાનું હુકમનું પાનું ગણાતું હતું.

અમથી અને ગિરજાપ્રસાદ સંતુની બરોબર સન્મુખ ઊભાં હતાં. સંતુ વારેવારે અમથી તરફ તાકી રહેતી હતી અને મનમાં વિચારી

રહેતી હતી : એલી અમથી ! તને તારો ખોવાયેલો છોકરો જડી આવ્યો, એમ મને કેમ જડતો નથી ? બોલ્ય ની, તને કયા દેવ ફળ્યા છે ? તેં કોની માનતા માની હતી ? શી માનતા માની હતી ? તને સતીમા ફળ્યાં છે ? સતીમાની માનતા તો મેં ય માની હતી– છત્તર ચડાવવાનું તો મેં ય મનમાં નક્કી કરી રાખ્યું હતું, તો ય મને મારો ગિરજો કાં નથી જડતો ?

સંતુની આ પૃચ્છક નજરને વખતી ઝીણવટથી અવલોકી રહી. સંતુની આંખમાં શો પ્રશ્ન રહેલો છે એ વખતીની અનુભવી આંખને ઓળખતાં વાર ન લાગી. એણે પોતાની લાંબી આવરદામાં આવા અનેક કિસ્સાઓ જોયા હતા પોતાના વિશિષ્ટ વ્યવસાયને કારણે એ અસંખ્ય માતાઓના પરિચયમાં આવી હતી. માતૃત્વ ઝંખતી માતાઓ, માતૃત્વથી ત્રાસી ગયેલી માતાઓ, મૃતવત્સાઓ, ઈર્ષાળુ સ્ત્રીઓ, પોતાનાં સંતાનો ઉપર ન્યોછાવર કરી જનારી માતાઓ, પોતાના સંતાનોને તિરસ્કારનારી અને પારકાં જણ્યાંઓ પર પ્રેમ વરસાવનારી માતાઓ પારકાં સંતાનોને ચોરી જનારી કે એકબીજાનાં સંતાનોના સાટાપાટા કરી નાખનારી માતાઓ...વખતીએ માનસશાસ્ત્ર કે મનોવિશ્લેષણનો કશો વ્યવસ્થિત અભ્યાસ નહોતો કર્યો, પણ એનો વ્યવસાય જ મોટી શિક્ષણશાળા બની રહેલો. માતા અને સંતાન સંબંધના અપરંપાર કિસ્સાઓ એની અનુભવી આંખ તળેથી પસાર થઈ ગયા હતા.

અલબત્ત, આ લાંબા વ્યવસાયને પરિણામે વખતીના હૃદયની સૂક્ષ્મ લાગણીઓ જરા બુઠ્ઠી થઈ ગઈ હતી. વ્યવસાયી તબીબોની જેમ એનામાં પણ થોડી પરલક્ષિતા અને દરદીના સુખદુઃખથી અલિપ્તતા આવી ગઈ હતી. લાંબી કારકિર્દીની કામગીરીએ આ વૃદ્ધામાં લાગણીની થોડી નીંભરતા પણ સરજી હતી. પ્રસૂતિના કોઈ કરુણ પ્રસંગે કારમી રોકકળ મચી જાય ત્યારે પણ વખતીનું તો રુવાંડું યે ન ફરકે. તેથી જ એનો સ્વભાવ ઉગ્ર અને આખાબોલો

હતો. એની જીભ દાતરડા જેવી ગણાતી. તડ ને ફડ બોલી નાખનારી આ ડોસી ગુંદાસરમાં 'રોકડિયા હડમાન'નું બિરુદ પામી હતી. વખતીને મન ગામનાં માણસોનું મહત્ત્વ વકીલને મન અસીલનું જે મહત્ત્વ હોય એથી વિશેષ જરા ય નહોતું. પણ કોણ જાણે કેમ, સંતુના કિસ્સામાં એણે જુદું જ વલણ અખત્યાર કર્યું હતું. આ યુવતીની યાતનાઓ જોઈને એનું અંતર રડતું હતું. ઘણી વાર તો વખતીને પોતાને ય નવાઈ લાગતી કે આ પારકી જણી સાથે મારે નહિ સ્નાનસૂતકનો સંબંધ, નહિ કાંઈ લોહીની સગાઈ, છતાં શું કામે મને એનું આટલું બધું દાઝે છે! ભૂતકાળમાં એકબે વાર તો, એણે સંતુને દૂભવી પણ હતી. માંડણની વહુ જીવતી જ્યારે બળી મરી, અને પાણીશેરડે સંતુએ માંડણિયા પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરેલી, ત્યારે વખતીએ એને ટોણો મારેલો : 'માંડણિયાનું બવ પેટમાં બળતું હોય તો એનું ઘર માંડજે!'...વખતી અત્યારે જાણે કે આ ગત અપરાધોનું પ્રાયશ્ચિત્ત કરી રહી હોય એમ સંતુનાં દુઃખે પોતે દુઃખી થઈ રહી હતી.

બજારમાં આંટો મારવા નીકળેલા મુખી પાછા ફરતાં આ ખેલ જોવા ઊભા રહ્યા તેથી તો ભચડો બમણો ઉત્સાહિત થયો. ભવાનદા ચાલ્યા જાય એ પહેલાં નજરબંધીનો મુખ્ય ખેલ પતાવી નાખવા— અને એ રીતે મુખીને રીઝવીને એમના ગજવામાંથી ય પાઈ પૈસો ખંખેરવા—એણે પોતાની બાળકી ચમેલીને ઝટઝટ એક નેતરની પેટીમાં સુવડાવી દીધી ને માથે જાળીવાળું ઢાંકણું ઢાંકી દીધું.

'એલા ભચડા!' મુખીએ ઠપકો આપ્યો, 'આ મા વન્યાની છોકરીને બચાડીને શું કામે ને આવા કહટ કરાવશ?'

'શું કરું મુખીબાપા! છોકરી મા વન્યાની છે ઈ તો હું ય જાણું છું, ને આ રમત્યમાં એને ભારી કહટ પડે છે ઈય સમજું છું. પણ આ પાપિયું પેટ આવા ધંધા કરાવે છે!'

'એલા, રીંછડાં–વાંદરાંને રમાડાય ત્યાં લગણ તો ઠીક છે,

પણ તારી આ પહુ જેવી નાનકડી ચમેલીને ય આ ચોપગાળી ચમેલી જેવી ગણુછ ?'

'શું કરું બાપા ! ભગવાને ધંધો જ એવો દીધો છે...મૂંગા જીવના નેહાહા જ લેવાનો ધંધો. પેટ કરાવે વેઠ, મારા માવતર !' કહીને ભચડે રાષ્ટ્રઝબાનમાં આ રમતના તકિયાકલામ જેવાં ગણાતાં બેચાર વાક્યો યંત્રવત્ ઉચ્ચારી નાખ્યાં, અને હાથમાં એક અણિયાળો ખીલો લઈને પેલી નેતરની પેટીના બાકોરામાં ભોંક્યો.

પ્રેક્ષકો તો ફાટી આંખે જોઈ જ રહ્યાં.

સ્ત્રીઓ અને બાળકોનાં મોઢાંમાંથી આછી સિસકારી નીકળી ગઈ.

ભદ્રિક ભવાનદા બોલી રહ્યા : 'એલા, શું કામે તે આવા અઘોરી જેવા ધંધા કરીને પાપનાં પોટલાં બાંધશ ?'

પણ હવે નજરબંધીમાં એકચિત્ત બની ગયેલા ભચડાને મુખીની ટીકાનો ઉત્તર આપવાનો અવકાશ નહોતો. એણે તો, નેતરની પેટીના બાકોરામાં ભચ કરતોકને બીજો ખીલો ભોંક્યો.

સંતુના મોઢામાંથી ચીસ નીકળી ગઈ.

ઓઘડિયાએ અટ્ટહાસ્ય વેર્યું.

પ્રેક્ષકોના જીવ તાળવે ચોંટ્યા.

પેટીમાં પુરાયેલી ચમેલી આ અણિયાળા સોયાઓ વડે આરપાર વીંધાઈ ગઈ કે શું ?

વખતી ડોસી વ્યગ્ર બની ગઈ. ઊજમને અને હરખને પણ મનમાં ઉચાટ થયો. એમણે વિચાર્યું કે સંતુ આ ઘોર તમાશો ન નિહાળે તો સારું, અથવા ભચડો આવો કમ્પાવી મૂકનારો પ્રયોગ માંડી વાળે તો સારું. પણ હવે એમાંનું એકે ય શક્ય નહોતું.

'એલા ભચડા !' મુખીએ ફરી વાર વાદીને પડકાર્યો. 'આ ગામનાં છોકરાંને બિવરાવી મૂકનારા ખેલ કરીશ તો ફરી દાણ ઝાંપામાં પગ નહિ મેલવા દઉં, હો !'

'હવે નહિ કરું, બાપા ! હવે નહિ કરું. આજુની ફેરી આ

હેમખેમ પૂરું થઈ જવા દિયો, તો તમારો પા'ડ' કહીને ભચડાએ બેધડક ત્રીજો ખીલો પેટીમાં ભોંકી દીધો.

જોનારાંઓ ફરી કમ્પારી અનુભવી રહ્યાં, છતાં એમને આ દિલ ધડકાવનારો પ્રયોગ જોવો તો ગમતો હતો.

ચોથો ખીલો ભોંકાયો અને ફરી ચારે બાજુથી ભયસૂચક સિસકારી ઊઠી.

પાંચમો, છઠ્ઠો, સાતમો......

પ્રેક્ષકો ફાટી આંખે નિહાળી રહ્યા. ક્યારના ભચડાને ઠપકો આપી રહેલા સુખી પણ હવે મૂંગા થઈ ગયા.

સંતુની ભેદી ચિચિયારીઓ વધતી રહી; ઊજમના મનમાં ઉચાટ વધતો રહ્યો; વખતીની વ્યગ્રતા વધતી રહી.

બાળકી જે પેટીમાં પુરાયેલી હતી, એ પેટી લગભગ આખી જ ખીલાઓ વડે વિંધાઈ ગઈ હતી. શું થયું હશે ચમેલીનું ? એ નિર્દોષ છોકરી પણ વીંધાઈ ગઈ હશે કે શું ? આ તીક્ષ્ણ ખીલાઓ ખાઈને એ કુમળો બાલિકા ચાળણીની જેમ ચળાઈ ગઈ હશે ? ભચડો એના જાદુમંતરથી મૃત પુત્રીને સજીવન કરશે ? કે પછી એણે નજરબંધી વડે ચમેલીને તો ક્યાંક અલોપ જ કરી દીધી હશે ને પેટી સાવ ખાલી જ રાખી હશે ?

આ રોમાંચક દૃશ્ય જોઈને સંતુને હૃદયના ધબકારા વધી ગયા હતા; એની આંખો ડઘાઈ ગઈ હતી.

ભચડાએ આઠમો ખીલો ઉપાડીને યંત્રવત્ પેટીમાં ભોંક્યો અને સંતુ એક તીણી ચીસ સાથે જમીન પર ઢળી પડી.

રંગમાં ભંગ પડ્યો. પ્રેક્ષકોની નજર પેલી નેતરની પેટી પરથી પાછી ફરી સંતુ તરફ વળી.

હરખે ચોંપભેર સંતુને બેઠી કરી; એણે તો ફરી માથું ઢાળી દીધું. તેથી રસ્તા વચ્ચે જ હરખે પુત્રીને પોતાના ખોળામાં લીધી.

'પાણી છાંટો, પાણી છાંટો !'ના પોકારો થઈ રહ્યા.

વાદી મૂંઝાઈ ગયો. રોટલા અને રોકડનું ઉઘરાણું કરવાને સમયે જ આ વિઘ્ન ક્યાંથી આવી પડ્યું ? તરત એણે સમયસૂચકતા વાપરી અને ખેલ અરધેથી જ આટોપી લીધો.

જોસભેર ડુગડુગી વગાડીને ભચડાએ પ્રેક્ષકોનું ધ્યાન સંતુની દિશામાંથી ચમેલીવાળી પેટી તરફ વાળવાનો પ્રયત્ન કર્યો. ફરી, અદકા જોસભેર ડુગડુગી વગાડીને એ પેટીના ઢાંકણા નજીક મોં લઈ જઈને બોલી રહ્યો : 'ચમેલી ! ચમેલી !'

અંદરથી અવાજ આવ્યો : 'બોલ રતનિયા ! બોલ રતનિયા !'

વાદીએ પૂછ્યું : 'તું જીવતી છો કે મરી ગઈ ?'

'જીવું છું; જીવું છું !'

પણ આ સંવાદ સાંભળવા માટે સંતુ એની મૂર્છામાંથી હજી જાગી નહોતી; એ તો હજી પણ બેભાન બનીને હરખના ખોળામાં સૂતી હતી. ઊજમ પોતાના સાડલાના છેડા વડે એને હવા નાખતી હતી, અને વખતી નજીકની એક ખડકીમાંથી પાણીનો કળશો ભરવા ગઈ હતી.

મુખી ફરી ભચડાને ધમકાવવા લાગ્યા હતા : 'ખબરદાર, હવે ગામમાં આવીને આવી બીકાળવી રમત રમ્યો છો તો ! ઝાંપામાં પગ નહિ મેલવા દઉં—'

આ અણધારી ઘટનાથી અને મુખીના ઠપકાથી ગભરાઈ ગયેલા ભચડાએ જેમતેમ બોદી ડુગડુગી વગાડીને પેટીનું ઢાંકણું ઊંચક્યું અને અંદરથી હસતી ચમેલી ઠેકડો મારીને બહાર કૂદી પડી.

આ ક્ષણે તાળીઓના પ્રચણ્ડ ગગડાટ થવા જોઈએ, એને બદલે પ્રેક્ષકો ફરી સંતુ તરફ તાકીને શાંત ઊભાં રહ્યાં, તેથી ભચડાનો રહ્યોસહ્યો ઉત્સાહ પણ ઓસરી ગયો. એને આ પરાકાષ્ઠાની યાદ આપવી પડી : 'લડકે, તાલિયાં બજાવ !' ત્યારે જ આજ્ઞાંકિત જેવાં ટાબરિયાંઓએ સાવ બોદી તાળીઓ પાડી. પણ સંતુ તો, પેટીમાંથી હેમખેમ નીકળેલી અને હવે નાચતી–કૂદતી પોતાના મેલા ઘાણુ

પહેરણની ચાળમાં પાઈ પૈસો ઉઘરાવી રહેલી ચમેલીને નિહાળવા ય જાગી નહોતી.

મોટેરાંઓ પાસેથી રોકડ નાણું ઉઘરાવાઈ રહ્યું એટલે નાનાં બાળકોને ભચડાએ હુકમ કર્યો : 'છોકરાવ ! ઘેરે જઈને રોટલો ન લઈ આવે એને એની માના સમ !'

અને આવી ઘોર ધમકી સાંભળીને છોકરાંઓનું ટોળું જાણે કે ફરરરર કરતુંક ને પોતપોતાનાં ઘર ભણી ઊડ્યું.

સંતુ શુદ્ધિમાં આવી અને આંખ ઉઘાડી ત્યારે ભચડો એના ગુણપાટના કોથળામાં રોટલાના ટુકડા ભરી રહ્યો હતો.

'ક્યાં ગઈ મારી ચમેલી ?' સંતુએ ચીસ પાડીને પૂછ્યું.

'આ ઊભી !' વાઢીએ કહ્યું. 'આ ઊભી તમારી નજર સામે જ, સાજી ને નરવી...'

'ઈ નઈં...ઈ નઈં...' સંતુ કરગરી રહી. 'સાચું બોલ્ય ની, ક્યાં ગઈ મારી ચમેલી ?'

ભચડો આ ગાંડપણ સમજી શક્યો નહિ. પણ સંતુને ઓળખનારાંઓ આ લવરી સાંભળીને હસી પડ્યાં.

'ઉઘાડ્ય ઓલી પેટી !' સંતુએ હુકમ કર્યો.

વાઢીએ ઢાંકણું ઉઘાડ્યું અને પેટી ખાલીખમ દેખાઈ, એટલે સંતુ અત્યંત અસહાય અને આર્ત અવાજે રડી પડી ને કરુણ વદને માત્ર ભચડાને જ નહિ પણ હાજર રહેલા એકેએક માનવીને, સમગ્ર સમાજને, જાણે પૂછી રહી :

'કોઈ કિયોની મને, ક્યાં ગઈ મારી ચમેલી ?'

*

## પ્રકરણ બત્રીસમું

# આશાતંતુ

'ક્યાં ગઈ મારી ચમેલી ?' એવી સંતુની ચીસોના ઉત્તરમાં વખતી એને આશ્વાસન આપતી હતી : 'સતીમા તારી ચમેલીને લઈ ગ્યાં છે, ને સતીમા જ તને પાછી દઈ દેશે, હોં !—'

ઊજમને નવાઈ લાગતી હતી. સંતુની આ બાલિશ પૃચ્છાનો વખતી ઉત્તર જ શા માટે આપે છે ? શું એ જાણતી નથી કે સંતુના રથ ફરી ગયા છે અને આ બધા પ્રશ્નો એનો લવારો જ છે, અને એનો જવાબ આપવાનો જ ન હોય ? અને છતાં વખતી એ બાલિશ પ્રશ્નોના જવાબ આપે છે, ને એમાં વળી વારેવારે સતીમાનું નામ શા માટે લે છે ?

અને આ સંતુ પણ ગાંડી તે સળંગ ગાંડી જ છે ને ? વખતીને મોઢેથી સતીમાનું નામ પડે છે, ને કેવું સાચું માની બેસે છે ! કેમ જાણે એની 'ચમેલી'ને સતીમા સાચે જ લઈ ગયાં હોય, અને સાચે જ એ પાછી આપવાનાં હોય !

પણ ના, આ વખતી ડોસી તો કાંઈક વધારે ઊંડી લાગે છે. એ સંતુને કેવળ ફોસલાવતી નથી. હા, એ કથળી પડેલ કે કજિયે ચડેલા બાળકને છાનું રાખતી હોય એ ઢબે સંતુને પટાવે છે, સાંત્વન આપે છે; પણ એ બધી ક્રિયા પાછળ એની કોઈક ઊંડી રમત દેખાય છે, કોઈક સુયોજિત વ્યૂહ વરતાય છે.

શો હશે એ વ્યૂહ ?

એ સમજવું ઊજમના ગજા બહારનું કામ હતું.

વખતીનો વ્યૂહ તો જે હોય તે. પણ એણે કરેલાં સંતુનાં મનામણાંને પરિણામે એક દેખીતો લાભ તો થયો જ. અત્યાર સુધી પોતે માની લીધેલા પોતાના બાળકની ખોજમાં બહાવરી બનીને ગામ આખામાં ભટકતી સંતુનો જીવ હવે આશાતંતુએ બંધાયો. એના હિજરાતા હૈયાને સાચે જ ધરપત વળી કે સતીમાએ હમણાં મારી ખોવાયેલી ચમેલીને સાચવી રાખી છે, ને એ મને પાછી આપશે.

વિચક્ષણ વખતી તો વળી એમ પણ ઉમેરવા લાગી કે તારી ચમેલી કોઈથી નજરાઈ ન જાય, એ ઉદ્દેશથી સતીમાએ પોતાના ખોળામાં સાચવી રાખી છે. એ જતન કરીને તારા જણ્યાને ઊઝેરી રહ્યાં છે. એનું ટાણું થાશે એટલે એ તને પાછી જડશે.

અને સંતુ તો રાજીરાજી થઈ ગઈ. આજ સુધી એ ગામમાં જેને ને તેને પૂછ્યા કરતી હતી : 'ક્યાં ગઈ મારી ચમેલી ? કોણે ચોરી છે મારી ચમેલી ? ક્યાં સંતાડી છે મારી ચમેલી ?' હવે એ જે કોઈ મળે એને મોઢે એક જ સમાચાર આપતી : 'સતીમાને ખોળે મારી ચમેલી ખોવાણી છે, અને સતીમાને થાનકેથી જ એ પાછી જડશે.'

ભોળુડી સંતુ ! આશાને તાંતણે બંધાયેલી સંતુ ! એણે તો વખતીના એક અમથા આશ્વાસન ઉપર ઊંચા ઊંચા આશા-મિનારા બાંધી દીધા. પોતાની ચમેલી પાછી મળે પછી એનાં કેવાં લાલનપાલન કરવાં, એને શું પહેરાવવું, શું ઓઢાડવું, એને માટે કેવાં મજાનાં રમકડાં લેવાં, એની રજેરજ વિગત એણે વિચારવા માંડી.

અને એક દિવસ તો શેરીમાં નથુસોની સામો મળ્યો, એને સંતુએ કહી પણ દીધું :

'નથુબાપા ! મારી ચમેલી પાછી જડે કે તરત સતીમાનું છત્તર ઘડી દેજો, હોં ! મેં માનતા માની છે, ઈ પૂરી કરવી પડશે !'

સંતુની આવી કાલીઘેલી વાણી સાંભળીને નીંભર નથુસોની

તુચ્છકારભર્યું હસ્યો ને મૂંગો મૂંગો ચાલતો થઈ ગયો.

અને પછી તો, રહેતે રહેતે ઊજમને પણ વખતીએ લગાવેલો તુક્કો સાનુકૂળ જણાયો. એ તુક્કાએ સંતુના ગાંડપણને ધીમે ધીમે કાલાઘેલા ભોળપણમાં પલટાવી નાખ્યું. પેલા ઉગ્ર ઉન્માદ કરતાં આ ભોળું ભાવુકપણું લાખ દરજ્જે સારું હતું, સહ્ય હતું, એમ ઊજમને તેમ જ હાદા પટેલને પણ સમજાયું.

આ ભાવકપણાનું એક પરિણામ એ આવ્યું કે સંતુએ રોજ સવારે ઊઠીને સતીમાના થાનકે જવાનું વેન લીધું.

'ભાભી ! હાલ્યની વાડીએ ? થાનકમાં જઈને જોઉં તો ખરી સતીમાએ મારી ચમેલીને રમતી મેલી હોય તો ?'

સાંભળીને આરંભમાં તો ઊજમ ખિજાતી અને કહેતી : 'એમ ક્યાં ચમેલી રસ્તામાં રેઢી પડી છે ? સતીમાએ જાણે કે તારે સારુ ઠારી મેલી હશે, તી તું જાતાંવેંત ઉપાડી આવ્ય !'

પણ સંતુ આવી શાણી વાત સાંભળવા જ નહોતી માગતી. એને એક જ રઢ હતી : સતીમાને થાનકે જઈને રોજ પોતાની બાળકીની તપાસ કરવાની.

આખરે, સંતુની આ 'બાળહઠ' સમક્ષ ઊજમે નમતું આપવું જ પડ્યું. ખુદ હાદા પટેલે એને સૂચન કર્યું કે સંતુને રાજી કરવા એને રોજ સતીમાને થાનકે લઈ જવી.

અને પછી તો ખુદ ઊજમને પણ આ સૂચન અનુકૂળ જણાયું. દુષ્કાળનું વરસ જેમતેમ કરીને પૂરું કર્યું, અને પછી નવા વરસની તૈયારી માટે એ રોજ સાથી જોડે વાડીએ જવા માંડી ત્યારે સંતુને એકલી ઘેર મૂકવાને બદલે પોતાની સાથે લઈ જવાનું એને સુગમ થઈ પડ્યું. રોજ ઊઠીને સંતુ ઊજમ જોડે વાડીએ જાય, સતીમાના થાનકમાં ઉત્સુકતાથી ચમેલીની તપાસ કરે, ક્યાંય એ નજરે ન ચડે એટલે નિરાશ થઈને નિસાસો મૂકે, અને તુરત, 'આજ નહિ તો કાલ જડશે' એવી શ્રદ્ધા સાથે એ પાછી આવે.

સંતુનો આ નિત્યક્રમ પછી તો ગામ આખમાં જાણીતો થઈ ગયો. દેરાણી-જેઠાણી પાદર તરફ નીકળે ને સીમને કેડે ચડે ત્યારે સામાં મળનાર માણસો સંતુને પૂછે : 'એલી સંતુ! ક્યાં હાલી?' સંતુ ભોળે ભાવે જવાબ આપે : 'મારી ચમેલીને ગોતવા!'

સાંભળીને, કોઈ માણસ આ વેદનામૂર્તિ પ્રત્યે અનુકમ્પા અનુભવે, કોઈ એની મશ્કરી કરે, કોઈ આવી વેવલી શ્રદ્ધાની વ્યર્થતા સમજાવે. કોઈ વળી આ શ્રદ્ધાને બળવત્તર પણ બનાવે : 'હા જડશે, હોં! સાચે જ જડશે તારી ચમેલી!'

અને એવામાં ઊજમે અને સંતુએ થાનકમાં એક અચરજ જોયું. આગલી સાંજે ઊજમ વાડીમાંથી કડબ વાઢીને ગઈ ત્યારે સતીમાના ફળા ઉપર છેલ્લી નજર કરતી ગઈ હતી. સવારે આવીને જોયું તો ફળા ઉપર સોનાનું ખોભરું ચડી ગયું છે; અને ઊગતા સૂરજનાં કોમળ કિરણોમાં એ ઝગમગતું સોનું વધારે ઝળહળી રહ્યું છે.

'ભાભી! આ ફળાને સોને કોણ મઢી ગયું?' સંતુએ પૂછ્યું.

'ભગવાન જાણે! ને કાં સતીમા પંડ્યે જ જાણે! કહીને ઊજમે અનુમાન કર્યું : 'કોઈની માનતા ફળી હશે—'

પણ આ તો કો'ક છાનુંછપનું આવીને ખોભરું ચડાવી ગ્યું લાગે છે—'

તો કો'કની છાની માનતા ફળી હશે—'

'છાની માનતા?'

'હોય, ઘણાં ય દુઃખિયાં છાની માનતા માને...સમજુબા છાનું છત્તર નો'તાં ચડાવી ગ્યાં? ને ઝમકુએ છાની માનતા નો'તી માની? એમ આ ખોભરું ય કો'ક છાનું—'

'પણ સોનાનું?'

'ઈ તો જેવો જેને લાભ! ઝાઝો લાભ થ્યો હોય તો ઝાઝું નાણું ખરચે. સોનું શું, હીરામોતી ય વાવરે.'

અને જોતજોતામાં તો વાયરે વાત ફેલાઈ ગઈ.

'સતીમાના ફળા ઉપર કો'કે સોનાનું ખોભરું ચડાવ્યું છે.'
અને આ નવું કૌતક જોવા માટે વાડીએ માણુસોનાં નોર પડયાં.
'કોઈની બવ મોટી મનખા ફળી લાગે છે.'
'પણ કોની ? આ દકાળ વરહમાં આટલું સોનું કોના ઘરમાંથી નીકળ્યું ?'

થોડા દિવસ તો આ વિશે રસિક તર્કવિતર્ક ચાલ્યા.

'નથુસોની મોડી રાત સુધી દીવી બાળીને ફૂંકણી ફૂંકતો ખરો. આપણને શી ખબર કે સતીમાનું ખોભરું ઘડતો હશે!'

'પણ ઘડાવ્યું કોણે ? આટલો ગરથ કોના ગૂંજમાંથી નીકળ્યો ?'

'દુકાળ વરહમાં અન્નને ને દાંતને તો વેર થઈ ગ્યાં છે, ને આટલું સોનું વાવરવાનું કોને સૂઝયું ?'

'હશે કો'ક ખમતીધર આસામી; હશે કો'ક ચીંથરે વીંટયું રતન—'

આ ચીંથરે વીંટયું રતન કોણ, એની જાણ સાવ અણધારી રીતે ને એથી ય અણધારી વ્યક્તિને મોઢેથી થઈ.

ગામ આખાનાં વતાં કરનારો અને મોટાં મોટાં માણુસની ચાકરી કરનારો ટપુડો વાળંદ કયાંકથી વાત સાંભળી આવ્યો કે સતીમાના ફળા ઉપર સોનાનું ખોભરું ચડાવનાર તો અમથી સુથારણ છે. અને એ વાળંદે પોતાના એકેએક કળને કાને આ વાત નાખી દીધી. ટપુડાએ રજૂ કરેલા આ બાતમીનું સમર્થન પણ વિચિત્ર રીતે મળ્યું. વખતી ડોસીએ અમથીને પૂછ્યું : 'એલી આ વાત સાચી છે ? સતીમાને સોનાનું ખોભરું તેં ચડાવ્યું છે ?'

અમથીએ આ પ્રશ્નનો હકારમાં કે નાકારમાં ઉત્તર આપવાને બદલે, પોતાની હાંસી થઈ રહી છે એમ સમજીને વખતીને ઊધડી જ લીધી.

'ચડાવ્યું તો ચડાવ્યું, કયાં કોઈના બાપની ચોરી કરી છે ?... સતીમા તો આખા ગામનાં છે. કયાં કોઈનાં સુવાંગ છે ?'

અને પછી તો, વખતીને પડતી મેલીને આખા ગામને ઉદ્દેશીને અમથીએ સંભળાવવા માડયું : 'ચડાવ્યું, ખોભરું ચડાવ્યું, સાડીસત્તર વાર ચડાવ્યું ! હવે છે કાંઈ ?...આટલું સોનું મેં ક્યાંથી કાઢયું એમ ? તમારે આંગણે માગવા તો નથી આવી ને ? પાતાળ ફોડીને કાઢયું...ખોડા ઢેઢ પાસેથી માગ્યું. એની તમારે શેની પંચાત... ?'

અને અમથીની શી માનતા ફળી, અને શા નિમિત્તે એણે આટલું મોટું ખર્ચ કરી નાખ્યું, એનો અણસારો પણ આ પુણ્યપ્રકોપમાંથી જ આપમેળે મળી રહ્યો.

'મને મારો છોકરો પાછો જડયો, ને મારી મનખા ફળી એની આ માનતા કરી, એમાં ગામના કેટલા ટકા ગયા ? ખરચ મેં કર્યું ને ઠાલા તમે શું કામે પારકી ચંત્યા કરીને દૂબળાં થાવ છો ? ઠાલી મોફતની ભોઈની પટલાઈ શું કામે કરો છો ?'

અને માથાભારે અમથીએ તો કોઈની કશી પરવા કર્યા વગર, ઝનૂનમાં ને ઝનૂનમાં પોતાની ભાવિ યોજના પણ આ પ્રસંગે જ જાહેર કરી દીધી.

'આ હજી તો મેં સતીમાની અનાથા ય મોટેરી માનતા માની રાખી છે. હજી તો મારે માતાની દેરી માથે સોનાનું ઈંડું ચડાવવું છે. તે દી સહુ જોઈ રે'જો, ને દાઝે બળજો તમતમારે—'

સાંભળનારાંઓ તો મોંમાં આંગળાં નાખી ગયાં. આ દલ્લી દેખો ને બમ્બઈ દેખો કરીને રોટલાનાં બટકાં ને લાસાં કાવડિયાં ઊઘરાવનારી પાસે આટલું સોનાનું જોર ક્યાંથી આવ્યું ?

આ ભેદ ઉકેલવાનું ટપુડા વાળંદનું ગજું નહોતું. એમાં તો વલ્લભ મેરાઈ જેવા જાણકારોએ જ શહેરમાં જઈને સાંભળેલા ગામગપાટાને આધારે અનુમાનો તારવ્યાં :

'ઈ તો અરબસ્તાનમાંથી પાણીને મૂલે સોનું ઢસરડી આવી છે, એમાંથી સતીમાને શણગારે છે—'

'ના, અરબસ્તાનમાંથી નહિ, કાબુલમાંથી. કાબુલીવાળા ભેગી

ફરતી, ને સોનાની દાણચોરીના ધંધા કરતી—'

'ને આવતાંવેંત સમજુબા હાર્યે સહીપણાં-બેનપણાં કરી નાખ્યાં છે. એટલા ઉપરથી જ હંધુંય સમજી જાવ ની? સોનાના વેપારમાં ઠકરાણાંનો ને અમથીનો આઠ આઠ આની અરધિયાણુ ભાગ છે—'

વલ્લભે એક ભેદી બાતમી આપી એ સાંભળીને લોકો તાજુબ થઈ ગયાં. એણે કહ્યું કે પેલું 'દલ્લો દેખો'વાળું દેશી સિનેમા તો અમથી દેખાવ ખાતર લઈને ફરતી. એની પેટીનું આખું પતરું સોનાનું હતું, ને અંદર બેવડાં પાટિયાના પોલાણમાં ઠાંસોઠાંસ લગડી ભરી હતી. નથુ સોનીએ રાતોરાત ઉજાગરા કરીને આ બધું ઓગાળી નાખ્યું, ને શહેરમાં જઈને ચોકસીની હાટે વેચી ય નાખ્યું.

'આ અમથી તો સાચે જ ચીંથરે વીંટ્યું રતન નીકળી! ઈને તો સતીમાના દહેરા ઉપર સોનાનું ઈંડું શું, આખેઆખું દહેરું જ સોનાનું ઘડાવે તો ય પોસાય એમ છે.'

'આ ગિરજો તો સાચે જ લાડકો છોકરો નીકળ્યો! આ તો સોનાને મૂલે ઘરમાં પડ્યો ગણાય.'

'આપણા સોનાને મૂલે નહિ, ઓલ્યા અરબસ્તાની સોનાને મૂલે...એટલે સાવ સસ્તો, પાણીને મૂલે જ પડ્યો ગણાય.'

'ને વળી આ ખોભરું ચડાવીને ધરાતી નથી, ને ઓલ્યું ઈંડું ચડાવવાની વાત કરે છે, ઈ શેની માનતા માની હશે?'

'શાદૂળ જેલમાંથી છૂટીને પાછો આવે એની. અમથીના પહેલા ખોળાનો તો શાદૂળ જ ગણાય ને? ઈ તો આ ગિરજાથી ય વધારે લાડકો—'

આવી આવી વાતો સાંભળીને હવે સંતુની ધીરજ ખૂટી ગઈ. એને થયું : 'સતીમા સહુને ફળે છે, ને મને કેમ હજી નથી ફળતાં?'

*

## પ્રકરણ તેત્રીસમું

# જડી ! જડી !

'સતીમા ! તમે તો જુસ્બા ઘાંચોની મરિયમને ફળ્યાં, રવા મહારાજને ને અમથીને ફળ્યાં, ઓલી ઝમકુડીએ અધરમની માનતા માની'તી, તો એને ય ફળ્યા વિના ન રહ્યાં, ને મને એકલીને જ કાં ફળતાં નથી ?'

રોજ થાનક પર જઈને 'ચમેલી'નો ખોજ કરતી, અને એમાં નિરાશ થતી સંતુ સતીમાને ઉદ્દેશીને આ ફરિયાદ કરી રહેતી.

આખરે, એક શુભ દિવસે સંતુની આ ફરિયાદનો અંત અવ્યો.

એ દિવસે વખતી પોતાના રોજના રાબેતા કરતાં જરા વહેલેરી વગડો કરવાને બહાને નીકળી, અને સીમમાં જતાં પહેલાં ઠુમરની ખડકીએ ડોકાતી ગઈ અને ઊજમને એકાંતમાં બોલાવીને એના કાનમાં કશોક સનકારો કરતી ગઈ.

ઊજમે માત્ર મૂંગા હાસ્ય વડે જ વખતીના આ સનકારાનો ઉત્તર આપ્યો અને રોજનું ટાણું થતાં સંકેત મુજબ એ સંતુને લઈને વાડીએ જવા નીકળી.

દેરાણી-જેઠાણીએ ખોડાબારામાં પગ મૂક્યો કે તરત એક વ્યક્તિ થાનક પછવાડેથી ચોંપભેર પડખેના ખેતરમાં ઊતરી ગઈ. ઊજમે એ જોયું, પણ 'ચમેલી'નું રટણ કરી રહેલી સંતુને એ વ્યક્તિની હલચલ અવલોકવાની નવરાશ નહોતી.

પૂર્વયોજિત સંકેત મુજબ ઊજમે સંતુને એકલી જ થાનક નજીક મોકલી અને પોતે વાડીમાં કશુંક કામ કરી રહી હોવાનો ડોળ કર્યો.

ત્યાં તો થોડી વારમાં જ એને કાને સંતુના હર્ષોન્માદભર્યા શબ્દો અથડાયા :

'જડી! જડી!'

'શું ? શું જડી ? કોણ જડી ?' ઊજમ અજાણી થઈને પૂછતી પૂછતી થાનક નજીક આવી તો સંતુ તો એક બાળકીને હૃદય સરસી ચાંપીને જાણે કે પોતે ય નાનું બાળક હોય એટલી સ્વાભાવિક મસ્તીથી નાચતી હતી.

'અંતે જડી! અંતે જડી ખરી મારી ચમેલી!' સંતુ બોલતી હતી.

'માડી રે! ક્યાં ખોવાઈ ગઈ'તી આટલા દી લગી ?... સતીમાને થાનકે રમવા ગઈ'તી ?...માનાં ગોઠિયાં ભેગી રમતી'તી ?'

સંતુનું બાળકી જોડેનું બાલિશ સંભાષણ સાંભળીને ઊજમ મનમાં હસી રહી, અને વખતીએ યોજેલા વ્યૂહની આબાદ સફળતા જોઈને પ્રસન્નતા અનુભવી રહી.

દરમિયાન વખતી પોતાના વ્યૂહને સાદ્યન્ત સફળ બનાવવા ગામમાં પહોંચી ગઈ હતી અને રસ્તામાં સામે જે કોઈ મળે એને સમાચાર આપવા લાગી હતી :

'સંતુને સતીમાને થાનકેથી એની ચમેલી જડી ગઈ. જાવ ઝટ, કૌતક નજરે જોવું હોય તો થાનકે પૂગી જાવ ઝટ!'

× × ×

આવું વિલક્ષણ જોણું જોવું કોને ન ગમે ? જોતજોતામાં તો થાનકવાળે ખેતરે હાલરું આવી પહોંચ્યું. કૂવામાં પોટાસનો ધડાકો થયો અને ગોબર મરી ગયો, એ દિવસે જે ઠઠ જામેલી એવી જ ઠઠ આજે પણ અને એ જ સ્થળે જામી ગઈ.

પહેલી નજરે તો આખો ય ઘટના એક ચમત્કાર જેવી લાગતી હતી. જાણે કે સંતુના તપથી સતીમા પ્રસન્ન થયાં અને પુત્રીનું દાન

કર્યું હોય એવો દેખાવ થઈ રહ્યો હતો. પણ એની વાસ્તવિકતા જરા વસમી હતી.

જોનારાંઓ તો હસતી, નાચતી કૂદતી સંતુને અવલોકી રહ્યાં. એણે કાખમાં તેડેલી નમણી નાનકડી પુત્રીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી રહ્યાં.

'છોકરી છે તો મજાની દાણિયા જેવી રૂપાળી ને રૂપકડી—'

'આંયાંકણે થાનકે કોણ મેલી ગ્યું હશે !'

'એનાં માબાપ કોણ હશે ?'

'જે હોય એણે ડહાપણનું કામ કર્યું. પોતાની એબ ઢાંકવા સારુ આવી મરઘલી જેવી છોકરીને મારી નાખી હોત તો પાપનાં પોટલાં બાંધવાં પડત. આ મૂંગી છોકરી બચાડી થાનકે આવીને ઊગરી ગઈ—'

'હા વળી ! નીકર ગળાટૂંપો દઈ દીધો હોત તો કોણ જોવા જાવાનું હતું ?'

'બચાડાં માબાપનો જીવ નહિ હાલ્યો હોય એટલે સતીમાને આશરે જીવતી મેલી ગ્યાં ને સંતુનો ખાલી ખોળો ય ભરાઈ ગ્યો.'

'પણ આ પાપ કોનું ?'

'હવે મેલો ને માથાકૂટ, મારા ભાઈ ! પાપ પકડવા જાવામાં માલ નથી. જેણે આ છોકરું આંયાંકણે મેલ્યું એણે પુન્યનું જ કામ કર્યું એમ ગણોની !'

જાણે કે આ જ વાક્યનો પડઘો આ જ સમયે ઠુમરની ખડકીમાં પણ પડી રહ્યો હતો. હાદા પટેલની સન્મુખ સાધુવેશધારી માંડણ બેઠો હતો અને કહી રહ્યો હતો :

'મારે હાથે એક પુન્યનું કામ થઈ ગયું, એમ જ ગણો ની ! આટઆટલાં પાપનું પ્રાછત થઈ ગયું. છોકરીને તો મારવા સારુ જ હાથિયે પાણે મેલી આવ્યાં'તાં. પણ ડાઘિયાને કાંઈક ગંધ આવી કે કોણ જાણે શું ય ચમત્કાર થયો, તી ઈ વાંહેવાંહે પગલાં દબવતો

હાથિયે પાણુ પૂગી ગ્યો હશે, ને થોડીક વારમાં તો જીવતો લોચો મોઢામાં ઘાલીને ઉંબરે આવી ઊભો. હું ભજનમાંથી મોડો આવીને જાગતો ખાટલે પડચો'તો. ડાધિયે ભસીભસીને મને ઉઠાડચો. જોયું તો ઉંબરે જ આ છોકરી પડી'તી. મેં હાથમાં લઈને ઘરનો આગળિયો ઉઘડાવ્યો. મેં બવબવ સમજાવ્યાં, પણ માન્યાં જ નહિ. મને ખાતરી થઈ ગઈ કે હવે આ પહુ જેવા મૂંગા જીવને જીવવું દોહ્યલું છે એટલે મેં એનો મારગ કાઢચો. મોંસૂઝણું થ્યા મોર્ય જ, કોઈ ને કાંઈ વે'મ જાય ઈ પે'લાં જ હું આ છોકરીને લઈને રસ્તે પડી ગ્યો—'

* * *

થાનક ઉપર તો આનંદમંગળ વરતાઈ રહ્યાં. હવે ગામનાં દોઢડાહ્યાંઓએ આ બાળકીનાં માબાપની તલાશ માંડી વાળી અને એ નવજાત શિશુને આમ અનાયાસે જ સાંપડી ગયેલી માતામાં જ વધારે રસ લેવા માંડચો.

'સંતુ ! તારી આ ચમેલીનું નામ શું પાડીશ !'

'ચમેલી જ વળી. નવું નામ ક્યાં ગોતવા જાવું ? ભચડા વાદીની છોકરીને નામે નામ.' કોઈએ સૂચવ્યું.

'ના, ચમેલી તો ભચડા ભેગી વાંદરી છે એનું ય નામ બળ્યું છે.' ઊજમે કહ્યું. 'અમારે તો હવે કાંઈ નવું નામ ગોતવું પડશે.'

ત્યાં તો હરખઘેલી સંતુ જ બોલી ગઈ. 'આ થાનકેથી જડી એટલે હવે આનું નામ જ જડી.'

'હા. જડી...નામ તો મજાનું, ઝટ જીભે ચડી જાય એવું છે.' ટપુડા વાણંદની વહુ રૂડી બોલી. 'પણ અજવાળીકાકીની છોડીનું નામે ય જડી છે, એનું શું ?'

'તી ભલે ને રિયું ? અજવાળીકાકીની જડીનું નામ ઈ કાંઈ તાંબાને પતરે લખાવીને લઈ આવ્યાં છે કે એના સિવાય બીજી કોઈની છોકરીનું નામ જડી પડાય જ નહિ ?'

'ને એનું સાચું નામ તો જડાવ છે, જડી તો એનું હુલામણું કર્યું છે—'

'બસ તો, આપણી છોડીનું તો સાચું જ નામ જડી પાડી દિયો ! થાનકેથી જડી, એટલે સાચે જ જડી !'

એટલામાં તો, ગામમાં જાહેરાત કરીને વખતી પાછી વાડીએ આવી પહોંચી. એણે પણ આ સનાથ બનેલી અનાથ બાળકીના સૂચક નામકરણનું સમર્થન કર્યું.

'સંતુને તો આ સતીમાને પરતાપે ખાલી ખોળો ભરાણો. એને તો દીકરો ગણો કે દીકરી, હંધું ય આ છોકરીમાં જ આવી ગયું. એને ઝાઝી કરીને આ દીકરી જડી કહેવાય, એટલે બવ રૂપકડું નામ પાડીએ તો છોકરું નજરાઈ જાય. એના કરતાં "જડી" જેવું જાડું-મોટું નામ જ રાખો, કે કોઈની નજરમાં ન આવે—'

ઠુમરની ખડકીમાં માંડણ આ નાટ્યાત્મક ઘટનાનો પૂર્વરંગ રજૂ કરતો હતો :

'હું ખાખીની જમાત ભેગો તરણેતરને મેળે ગ્યો'તો. ભચડો વાદી એનાં ચમેલી-રતનિયાને લઈને મેળે રમવા આવ્યો'તો. એની ડુગડુગીનો અવાજ થોડો અજાણ્યો રિયે ? મેં મનમાં જાણી જ લીધું કે ડુગડુગી વગાડવાની આ હથોટી તો ભચડાની જ લાગે છે. ભજન મંડળી ઊઠ્યા પછી હું જોવા ગ્યો તો સાચે જ ભચડો એનાં ચમેલી-રતનિયાને રમાડતો'તો ને કાવડિયાં ઉઘરાવતો'તો. મેં એને બરક્યો, તો એણે કીધું કે 'હું ય તને જ ગોતતો'તો...ને પછી તો એણે માંડીને સરખીથી હંધી ય વાત કરી. આંયાંકણે રમવા આવ્યો'તો ને ચમેલીને પેટીમાં પૂરી તંયે સંતુ કેવી બેભાન થઈ ગઈ, ને પછી ક્યાં ગઈ મારી ચમેલી, એમ કહીને કેવી ભચડાને ગળે પડી કે તું જ મારી છોકરીને ચોરી ગ્યો છો, તેં જ એને સંતાડી દીધી છે, ઈ હંધી ય વાત એણે કરી. ને વળી કીધું કે વખતીકાકી તારી વાટ જુએ છે... ભચડો આંયાંકણે ગામમાંથી રમીને નીકળ્યો તંયે

વખતીકાકીએ એને કાનમાં ફૂંક મારી હશે કે માંડણિયાને ક્યાંય ભાળ્ય તો કે'જે કે એક વાર મારે મોઢે થઈ જાય—'

* * *

વાડીએ હવે 'જડી'ના નામકરણ અંગે ગામ આખાનો સાગમટે ને સર્વાનુમતે નિર્ણય થઈ ગયો એટલે ચર્ચા સંતુ ઉપરથી સતીમા તરફ વળી.

'ઓહોહો ! સતીમાનાં સત તો જુવો, સત !' વખતી કહેતી હતી. 'મારી મા તો કોઈ કરતાં કોઈને ફળ્યા વિના રે'તાં નથી. આ સંતુએ સતીમાને છત્તર ચડાવવાની માનતા કરી'તી, તો એનું જણ્યું બગડી ગ્યા કેડયે ય ખાલી ખોળો ભરાઈ ગ્યો !'

'સતીમા તો સાચ્ચક છે, ને વળી હાજરાહજૂર ! રૂદામાં સાચી આસ્થા હોય એને તો મા તરતોતરત હોંકારો ભણે છે—'

'હજી લગણ હાદા પટેલે જોયેલા જાયના એકે ય દાણા ખોટા પડચા સાંભળ્યા છે ?'

'આનું નામ જ જાગતાં દેવ ! ગામને ટીંબે આવું દેવસ્થાન છે, તો આ દકાળ વરહમાં જેમ તેમ કરીને સહુ જીવી ગ્યાં. એક ઓલ્યા ઊંચે મોભારે ડુંગર ઉપર બેઠાં છે ઈ અંબામાની છાયા, ને બીજાં આ સતીમાનાં સત...ઈ બેને પરતાપે ગામ જીવતું રિયું છે.'

* * *

માંડણ ખાટલે બેઠોબેઠો હાદા પટેલને સમજાવતો હતો :

'સંતુનાં સત આપણને સહુને જિવાડશે, ને ઓલી છાણના કીડા જેવી ગભુડી નાનકીને ય જિવાડશે. સંતુની જેમ એને ય આ નવો અવતાર જ જડચો છે. ઈ મૂંગા જીવનાં અંજળપાણી આપણા ઘરનાં જ લખ્યાં હશે, કાકા ! ઈ જીવનાં પુણ્ય સંતુને ય ફળશે... એટલે જ હું મારાં ખેતરવાડી એને આપતો જાઉં છું. ના, સંતુને નહિ, ઓલી મૂંગી છોકરીને નામે આપતો જાઉં છું, કાકા ! આ

તો બેવડાં પુન્યનું કામ છે. એકને સાટે બે જીવને જીવતદાન જડે એમ છે. છોકરીને મોતના મોઢામાં મેલી આવ્યાં'તાં, એને ઉગારી લીધાનું પુણ્ય જડશે, ને બીજું એક વાંઝિયા વિનાની એની જનેતાની એબ ઢંકાશે...એને ઉછેરવામાં સંતુનો જીવ પરોવાશે તો એનું જીવતર સુધરશે...'

* * *

સંતુને હૈયે હરખ માતો નથી. નાનકડી જડીને એ અછો અછો વાનાં કરે છે. દિવસ ને રાત એનાં લાલનપાલનમાં જ મશગૂલ રહે છે; એને મન તો આ પોતાની જ ખોવાયેલી પુત્રી પાછી મળી છે. 'જડી'ની જનેતા પોતે નહિ પણ બીજી કોઈ છે, એ હકીકત જ એ સ્વીકારવા તૈયાર નથી.

માંડણ તો પોતાની સઘળી માલમિલકત આ નાનકડી 'જડી'ને અર્પણ કરીને છાનોમાનો ગામમાંથી નીકળી ગયો હોવાથી સાચી હકીકતથી સંતુ અજાણ જ છે. આ 'જડી'નું રહસ્ય હાદા પટેલ, ઊજમ ને વખતી સિવાય બીજું કોઈ જાણતું નથી. સંતુની મા હરખ પણ અક્કલની જરા ઓછી હોવાથી ઊજમે એને સાચી વાત ન કહેવાનું જ મુનાસિબ માન્યું છે. નથુસોનીને અરધોપરધો વહેમ ગયો છે, અને અરધુંપરધું એ જાણ્યું-ન જાણ્યું કરે છે.

અને સંતુએ તો પોતાની ફળેલી માનતા બદલ છત્તર ઘડાવવાની માગણી મૂકી.

આ માગણીનો અમલ કર્યા વિના હાદા પટેલને છૂટકો જ નહોતો.

ઊજમે આ દુકાળ વરસમાં એક પછી એક દાગીના ભંગાવી નાખ્યા પછી વધેલી એક હાંસડી હોંશભેર કાઢી આપી અને હાદા પટેલ એ લઈને નથુ સોનીની દુકાને ગયા.

સંતુ નથુ સોનીને સૂચના આપી આવી : સારીપટ મોટું છત્તર ઘડજો, જરા ય લોભ ન કરતા. મને માંડ કરીને મારી છોકરી જડી છે—'

અને આ વિધિવતા ઉપર કેમ જાણે કળશ ચડવાનો હોય, એમ શ્રીનાથજીની મોટી જાતરા કરીને પાછાં આવી રહેલાં અજવાળી કાકી અને એમની જડીના મનમાં ઢોલશરણાઈને ધોળગીતો સમેત સામૈયું યોજાયું. અને હવે ઉન્માદ છોડીને ઉત્સવપ્રિય બનેલી સંતુ પોતાની 'જડી'ને કાખમાં તેડીને આ સામૈયામાં શામિલ થઈ.

'મારીરી જડીની ડોકમાં તળસીની માળા પેરાવવી છે, ને ઠાકરનો પરસાદ ચખાડવો છે.' સંતુ કહેતી હતી.

ધામધૂમથી યાત્રિકોનાં સામૈયાં થયાં અને પુષ્કળ ધોળમંગળ ગવાયા પછી અજવાળીકાકીની ડેલીએ ગામ આખું પવિત્ર ગંગોદકનું આચમન કરવા તથા તુલસી–ગોપીચંદન સાથે છપનભોગના પ્રસાદની કટકી ચાખોને પાવન થવા એકઠું થયું, એમાં પણ ભાવુક સંતુ પોતાની જડીને કાંખમાં તેડીને ભોળે ભાવે શામિલ થઈ.

જડાવે પોતાની સાથે લાવેલ ગંગાજીની લોટી તથા પ્રસાદ વાટવા માંડચા; અને અજવાળીકાકીએ તુલસીની માળાઓ વહેંચવા માંડી.

જબરા જમેલામાં સંતુનો વારો બહુ મોડો આવ્યો. પણ એનો વારો આવ્યો ત્યારે બાળકી જડી પોતાની સગી જનેતાને હાથે ગંગોદક અને પ્રસાદ પામી.

*

## પ્રકરણ ચોત્રીસમું

# ફોરી ધાકોર ધરતી

**સંતુનો** ખાલી ખોળો આકસ્મિક રીતે ભરાયો એ જોઈને સમજુબા સમસમી રહ્યાં. જીવા ખવાસની આંખમાં પણ ઝેર રેડાયું. પણ પેલા ભેદી બહુરૂપીઓ ગામમાં આંટો મારી ગયા એ પછી પોતાની વાડીમાં ગેરકાયદે સિક્કા પડાવાની તથા અમથીવાળા દાણચોરીના સોનાની ઘાલમેલ પર સરકારનો ડોળો છે એવો વહેમ આવતાં ઠકરાણાં હમણાં હમણાં સસલાં જેવાં સોજાં થઈ ગયાં હતાં. માથે મોટો ભય તોળાઈ રહ્યો હોવાથી ઠકરાણાં નમીને ચાલતાં હતાં. ગામમાં હવે વિરોધીઓ વધારવાનું એમને મુનાસબ લાગતું નહોતું. પરિણામે ઘણા ય કડવા ઘૂંટડા એમને ગળી જવા પડતા હતા.

જીવા ખવાસની સ્થિતિ પણ સમજુબા જેવી જ વિષમ હતી. પેલા બહુરૂપીઓએ વિવિધ વેશ કાઢીને જ બેસી ન રહેતાં, સાંભળનારને વહેમ આવે એવી આડીઅવળી પૂછગાછ કરેલી; અનેકાનેક અસંબદ્ધ એવી વાતો કરેલી; તખુભા બાપુની અને પંચાણ ભાભાની તબિયતની ખબર પૂછેલી, તેથી જીવો વધારે વહેમાયેલો અને એમાં ય એક વાર તો ખરે બપોરે એ વેશધારીઓ ખોજડિયાળા ખેતરનાં વાડીપડાની લગોલગ આવી ગયેલા ત્યારે તો જીવાને પાકો વહેમ બંધાયેલો કે આ લોકો કોઈ છૂપી પોલીસના માણસો જ છે, અને કૂવાને તળિયે ગોઠવેલા સિક્કા પાડવાના યંત્રની એમને ગંધ આવી જ ગઈ છે. એ તો સદ્દભાગ્યે મુખીએ એ બહુરૂપીઓને અભ્યાગત ગણીને ઊઘરાણું કરી આપ્યું, ને પંચાઉ ફાળે ચૂરમાના લાડવા

જમાડીને વિદાય કરી દીધા અને તુરત તો કશો અજુકતો બનાવ બન્યો નહિ; છતાં જીવાના પેટમાં જે ફડક પેસી ગયેલી એ હજી ય પૂરી દૂર થઈ નહોતી.

તેથી જ તો, સંતાનપ્રાપ્તિની ખુશાલીમાં માનતા પૂરી કરવા માટે સંતુએ જ્યારે નથુસોનીનું જ ઘડેલું છત્તર સતીમાના ફળા ઉપર ઝુલાવ્યું અને જીવા ખવાસે પેટ બળતાં ઠકરાણાંને સમાચર આપ્યા કે 'કણબીની સંતુડીએ તો આપણે ચડાવ્યું'તું ઈ છત્તર કરતાં ય દોઢેરું મોટું છત્તર ચડાવ્યું,' ત્યારે સમજુબા વધારે સમસમી રહ્યાં.

ઠકરાણાંની આ ઈર્ષાના મૂળમાં પેલા છત્તરનું દોઢું કદ જ જવાબદાર નહોતું; એ ઈર્ષાગ્નિનાં મૂળ તો અદકેરાં ઊંડાં ને એથીય અદકેરાં સૂક્ષ્મ હતાં.

* * *

ભાંગેલી ઠકરાતનાં આ ઠકરાણાં પોતાની રાંકડી રૈયતનાં સૌભાગ્ય સાથે પોતાનું સૌભાગ્ય સરખાવી રહ્યાં હતાં. રૈયતની એક એક વ્યક્તિ એમની નજર સામે આવતી હતી અને પોતા કરતાં એ કેટલી વધારે નસીબદાર છે એની તુલના થઈ જતી હતી. ગિધાની વહુ ઝમકુ કેવી નસીબદાર કે પોતાને અણગમતા ધણીને પનારેથી છૂટીને મનગમતા માણસના ઘરમાં બેસી ગઈ! અમથી સુથારણ કેવી નસીબદાર કે મલક આખો ખૂંદીને પાતાળ ફોડીને ય પોતાના ગિરજાને ગોતી કાઢયો ને સરેધાર એને દીકરો થાપીને બેસી ગઈ! અરે, આ જુસબા ઘાંચી જેવા ઘાંચીની ઘરવાળી એમણા ય કેવી નસીબદાર છે!...અને સંતુ?...

એ જ તો આ ઈર્ષાગ્નિના મૂળમાં છે. ઘડીભર તો ઠકરાણાંને થઈ આવ્યું કે સંતુને સ્થાને આજે હું હોત તો આજે કેટલી સુખી હોત! સંતુનો ધણી કમોતે મરી ગયો, પણ એણે એ મૃત્યુ છુપાવવું

નથી પડ્યું. મારે તો દરબારને સ્થાને એક ખવાસને ગોઠવીને, પતિ હજી હયાત છે એવું છળ રમવું પડ્યું છે. અરે, મારા કરતાં તો ઊજમ નસીબદાર છે, કે એણે અદશ્ય બનેલા પતિનું પણ અડદનું પૂતળું બાળી નાખીને એની અંતિમ ક્રિયા કરી નાખી અને નિખાલસપણે પોતાનું વૈધવ્ય જાહેર કરી શકી...અને સંતુ !...

* * *

ઠકરાણાં પોતાના કરમને જ દોષ દઈ રહ્યાં. વિધિની વક્રતા તો જુઓ ! નિઃસંતાન સંતુએ પારકા સંતાનને પોતાનું કર્યું અને એ સુખી થઈ ગઈ; એનું ગાંડપણ ચાલ્યું ગયું ને ઘરમાં આનંદમંગળ વરતાઈ રહ્યાં. સંતુએ તો જાહેર રીતે ને હસતે મોંએ પારકા જણ્યાને પોતાનું કર્યું, ને એમાં એણે ધન્યતા અનુભવી. મેં ગુપ્ત રીતે, છળકપટ કરીને પારકા સંતાનને મારું કરીને સ્થાપ્યું, પણ નસીબમાં એ ન સમાયું.

સંતુના કિસ્સામાં શાદૂળનું નામ સંડોવાયેલું ત્યારથી જ સમજુબાએ એ યુવતીને દાઢમાં રાખેલી. જીવા ખવાસની સહાયથી એને હેરાનપરેશાન કરવામાં એમણે કશું જ બાકી નહોતું રાખ્યું; અને છતાં આજે પોતાના કરતાં એ ગરીબ શ્રમજીવી સ્ત્રી વધારે સુખી ને સદ્ભાગી લાગતાં સમજુબા પોતાના જીવનની ભયંકર વિફળતા નિહાળી રહ્યાં.

ગુંદાસરમાં બે બાળાઓનું સંતાનસુખ સમજુબાને આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યું હતું: એક અમથીનું, ને બીજું સંતુનું. રખડતી માગણને વેશે અમથીએ ગામમાં આવીને પોતાના પેટના જણ્યા ગિરજાપ્રસાદનો કબજો લઈ લીધો ત્યારે શાદૂળની એ સાચી જનેતાને ઠકરાણાં સુખે રહેવા નહિ દે, બન્ને વચ્ચે ચકમક ઝરશે, સંભવતઃ સમજુબા આ સુથારણનું જડાબીટ કાઢી નાખશે, ગામમાંથી રાતોરાત ઉચાળા ભરાવશે, એવી જાણકારોને દહેશત હતી. પણ અમથી પાસે જે ગુપ્ત ખજાનામાં અઢળક સોનું હતું તે કોઈને

તો મુનિવરો પણ ચળે; તો દાયકાની આળસને પરિણામે ઘસાઈ ઘસાઈને મુફલિસ થઈ ગયેલાં ઠકરાણાંનું શું ગજું ? સમજુબા પણ આ સુથારણની મબલખ સંપત્તિ જોઈને અંજાઈ ગયાં, એટલું જ નહિ, એ સોનાના ગેરકાયદે વેપારમાં પોતે ભાગીદાર બન્યાં. જોતજોતામાં જ આ બન્ને સ્ત્રીઓ વચ્ચે જે ગાઢ બહેનપણાં–સહીપણાં જામી પડયાં એ જોઈને તો જાણકારોએ આંગળાં કરડયાં.

હવે બાકી રહી એક સંતુ. જીવા ખવાસે તો એક વાર ઠકરાણાંને સૂચન કર્યું પણ ખરું કે 'બાનો હુકમ હોય તો ઈ સંતુડીનો બાંધ્યો માળો વીંખી નાખીએ.' પણ સમજુબા આ ખવાસ કરતાં વધારે સમજુ હતાં. પેલા બહુરૂપીઓ જે ગુપ્ત તપાસ કરી ગયા હતા એમની તલવાર તો માથા પર તોળાતી જ હતી, અને એ સ્થિતિમાં ગામમાં વધારે વેરઝેર વાવવાનું એમને હિતાવહ નહોતું લાગતું; અને આટલું ઓછું હોય એમ એક બ્રાહ્મણ ટહેલિયો ગામમાં આવ્યો.

ઉઘાડું ડિલ, ઉઘાડા પગ, કપાળમાં ત્રિપુંડ, લાંબી શિખા અને પૂર્ણ એક લાઠી લઈને આ બ્રાહ્મણે એક સવારના પહોરમાં 'સમરાસર'ના આંગણમાં ઊભીને ટહેલ નાખી :

'ટહેલિયા ભામણની ટહેલ છે...
ધરતીને મન સહેલ છે...'

ધરતીને મન સાવ સહેલું હોવાનું જે એ કહેતા હતા એ માત્ર હજાર રૂપિયાની મામૂલી રકમ જ હતી.

બ્રહ્મપુત્ર એક નાજુક ધર્મસંકટમાં આવી પડેલા અને એમાંથી મુક્ત થવા માટે રોકડા હજાર રૂપિયાની જ એમને જરૂર હતી; અને એ ઉઘરાવવા માટે એણે બીજું કોઈ નહિ ને ગુંદાસર ગામ જ પસંદ કર્યું હતું.

ભૂતેશ્વરની આ ધરમશાળામાં ઊતરવાને બદલે ગામની વચ્ચોવચ્ચ ચોરામાં જ આ ટહેલિયાએ ઉતારો રાખ્યો હતો. વહેલી

સવારમાં ઊઠીને એ ટહેલ નાખવા નીકળી પડતો. બરોબર ગણીને સાત ડગલાં ચાલીને એ થોભી જતો અને ટહેલની વિગતો અને પોતાની આપવીતી અપદ્યાગદ્ય જેવા લયમાં લલકારી દેતો, અને વળી આગળ વધતો. એની ટહેલનો મુખ્ય મુદ્દો અને ટૂંક સાર આ આ પ્રમાણે હતો :

પોતે યજમાનવૃત્તિ પર નભનારો ગરીબ બ્રાહ્મણ હતો. ઘરમાં બેરો એક છોકરાં હતાં. મોટી દીકરી પરણાવેલ હતી. થોડા દિવસ પહેલાં પુત્રી આણું વળીને પિયર આવેલી અને સાથે સાસરિયાંના ઘરનું 'સૂંડલોએક' સોનું લેતી આવેલી. ભૂદેવનું ગામ એટલે લોંટા-ઝોંટા કરીને જીવનારા કાંટિયા વરણનું ગામ. કોઈક જાણભેદુએ ગામની દીકરીના આ દાગીના ઉપર નજર રાખી. શ્રાદ્ધના દિવસોમાં ભૂદેવ યજમાનોને ગામ સરામણાં કરાવવા ગયા એનો લાભ લઈને ઘરમાં ખાતર પાડ્યું ને આણાત દીકરીના ઘરેણાની અકબંધ ટ્રંક ઉઠાવી ગયો ! ભૂદેવે ગામના મહાજન સમક્ષ ધા નાખી, ઉપવાસ-અનશન કર્યાં, પણ પેલા જાકુબના દિલમાં દયા આવી નહિ ને કશો માલ પાછો મળ્યો જ નહિ. બીજી બાજુ પુત્રીનાં સાસરિયાંએ ગરીબ ભૂદેવ ઉપર એવું આળ ચડાવ્યું કે આ ખાતર પડ્યાની વાત તો તર્કટ છે, ને તમે જ દીકરીને આણું વાળવાને બહાને તેડાવીને બધા દાગીના ઓળવી ગયા છો. સાંભળીને ભૂદેવને કાળજે ઘા લાગ્યો અને આ આરોપથી મુક્ત થવા માટે એમણે ચોરાયેલાં ઘરેણાં ઘડાવી આપવાનો નિર્ણય કર્યો, અને એના તરણોપાય તરીકે છેવટે દયાધરમી માણસો સમક્ષ ટહેલ નાખવા નીકળી પડ્યા.

ટહેલિયો ગામની શેરીએ શેરીએ, ડેલીએ ડેલીએ અને ઉંબરે ઉંબરે ફરે છે, સાત સાત ડગલે, ચાવી આપી રાખેલા થાળીવાજાની ઢબે, આખી ય ટહેલનો ઇતિહાસ યંત્રવત્ ગગડાવી જાય છે, પણ કોઈ દયાળુના દિલમાં રામ વસતો નથી. ઊલટાનું, સમજુબા જેવાં સંશયાત્માઓને તો વહેમ પણ આવે છે; આ માણસ ખરેખર

વખાનો માર્યો ટહેલ નાખવા આવ્યો છે કે પછી છૂપી પોલીસના ખાતામાંથી કોઈ વેશપલટો કરીને ગામમાંથી કશી ગુપ્ત બાતમીઓ મેળવવા આવ્યો છે?

ટહેલિયો બાપડો સાત સાત ડગલાં ભરતો દરબારની ડેલીએ પહોંચ્યો ત્યારે ઠકરાણુંએ એને દૂરથી જ જાકારો દઈને પાછો કાઢ્યો ત્યારે તો લોકોને પણ આ યાચકની સચ્ચાઈ અંગે થોડી શંકા આવી.

'આ દુકાળ વરહમાં માગણ ઝાઝાં!'

'ટહેલને નામે આંગણું ફરીને હંધુંય ભાળી જાય, ને રાત્ય પડચે ખાતર પાડે.'

'કોને ખબર છે, આ ટેલિયો હશે કે પછી કો'ક વેશધારી હશે?'

અને એક વાર તો ખુદ જીવા ખવાસે જ આ બ્રાહ્મણને રામ ભરોસે હોટેલ નજીક હડધૂત કર્યો અને મભમ રીતે સૂચવ્યું કે તું ટહેલિયો નથી પણ ચોર છે, ત્યારે તો ઘણા શ્રદ્ધાળુઓની શ્રદ્ધા પણ ડગમગવા લાગી.

અને છતાં ખુદ ટહેલિયાની શ્રદ્ધા તો અગાઉના જેટલી જ દૃઢ રહી. એને ઊંડી આસ્થા હતી કે આજે નહિ તો આવતી કાલે પણ કોઈ હરિનો લાલ મારી ટહેલ પૂરી કરશે જ.

અને એ અડગ શ્રદ્ધાથી તો એણે પોતાને વિષેની લોકવાયકાઓને અવગણીને વરસાદ અંગેની આગાહીઓ, વર્ષફળ, ફળાદેશ વગેરે પણ કહેવા માંડ્યાં. રાત પડે ને ચોરા પર કેટલાક ભાવુકો ભેગા થાય ત્યારે એ અલકમલકની વાતો કરતો અને એમાં એક દિવસ એણે આવતી સાલનો વર્તારો પણ રજૂ કર્યો, કે ગયું વરસ નપાણિયું ને દુકાળિયું ગયું છે, એટલે હવે આ વર્ષે વરસાદ વહેલો થાશે ને એટલો બધો વરસશે કે કદાચ લીનિયું પણ થઈ જાય.

ટહેલિયાની પોતાની આપવીતી કરતાં આ આગાહીમાં લોકોને વધારે રસ પડ્યો. કેટલાંક પ્રાદેશિક પક્ષીઓનાં વહેલેરાં સ્થળાંતર પરથી પણ વહેલેરા વરસાદની આગાહીને સમર્થન મળી રહ્યું, તેથી

તો ઘણા અશ્રદ્ધાળુઓને પણ આ બ્રાહ્મણમાં શ્રદ્ધા જાગી.

હાદા પટેલ આ વાત સાંભળી આવ્યા અને એમણે બીજે જ દિવસે ખેતરની કોરી ધાકોર ધરતી પર નજર નાખી. ઊજમને અને સંતુને વાત કરી અને ઝટઝટ ખેડાણ પતાવી નાખીને બિયારણ તૈયાર રાખવાની સૂચના કરી. પોતાને તો હવે આંખે મોતિયો આવ્યો હોવાથી બધો આધાર સાથી ઉપર રહેતો હતો; અને કમનસીબે, દશેરાને દહાડે જ ઘોડું ન દોડે એમ ખેતરનાં કામકાજને ખરે ટાણે જ સાથી ઝઘડો કરીને ચાલ્યો ગયો, તેથી હાદા પટેલની મૂંઝવણ વધી.

ઊજમે કહ્યું : 'એમાં મુંઝાવ છો શું કામે ને? અમારા દેરાણી-જેઠાણીના હાથપગ કાંઈ ભાંગી નથી ગ્યા!'

સંતુએ પણ પોતાની મૂક સંમતિથી આમાં સૂર પુરાવ્યો.

પોતાને એક આંખે ઝામર અને એક આંખે મોતિયો હોવાથી ખેડનો બધો જ ભાર ઊજમ-સંતુ શી રીતે ઉપાડી શકશે એની હાદા પટેલને ચિંતા થવા લાગી. એમણે માંડ માંડ કરીને એક ઊભડ ખેડૂતને શોધી કાઢ્યો. એનું વરસનું મહેતાણું ને બે જોડી કપડાંનું ઠરાવ્યું ને પગરખાંની જોડીનું પરમાણું પણ નાખી દીધું. વળતી સવારથી એણે ખેતરે જવું એમ નક્કી થયું. પણ રાતે એ નવો સાથી 'રામભરોસે'માં ચા પીવા ગયો અને જીવા ખવાસે એને કોણ જાણે કેવી ય ભંભેરણી કરી કે પછી કશોક ભય બતાવ્યો કે પેલો ગુપચુપ ગામ બહાર ચાલ્યો ગયો. અને પછી મોઢું જ ન બતાવ્યું.

પણ ટહેલિયા બ્રાહ્મણની વહેલેરા વરસાદની આગાહી સાંભળ્યા પછી ઊજમ-સંતુ કોઈ સાથીની રાહ જોઈને બેસી રહે એમ નહોતાં. સીમમાં સહુનાં ખેતરોની કોરી ધાકોર ધરતી ઉપર ચાસ પડવા શરૂ થઈ ગયા હતા તેથી ઊજમે પણ હળ જોડ્યું.

આ વખતે તો, જડીને બક્ષિસ રૂપે મળેલું માંડણનું ખેતરે પણ ખેડવાનું હોવાથી કામ બમણું થઈ ગયું હતું. હાદા પટેલે સૂચન કર્યું કે ટીહા વાગડિયાને સાથી તરીકે રાખી લઈએ. પણ ઊજમે

એ સૂચન અવગણી કાઢ્યું.

'અમારા હાથપગ કાંઈ ભાંગી ગ્યા છે ?' કહીને એણે તો સંતુની મદદથી રોજ ઊઠીને હળ જોડવા માંડ્યું.

અને એવામાં ટહેલિયા બ્રાહ્મણે એક દિવસ ઓચિંતી જ વિદાય લીધી. એની ટહેલ પૂરી થઈ ગઈ. ધરમીને મન સહેલ હોવાનું એ કહ્યા કરતો હતો, એવો કોઈક અજ્ઞાત ધરમી જીવ આ ગામમાંથી એને મળી રહ્યો હતો, અને એણે આ ગરીબ બ્રાહ્મણને રોકડા રૂપિયા આપવાને બદલે એનું જેટલું સોનું ચોરાયું હતું એટલું ભારોભાર જોખી દીધું હતું.

'આવા માઠા વરહમાં સોનું નીકળ્યું કોના ઘરમાંથી ?'

'કોઈની કોઠીમાં ખાવા ધાન તો રિયું નથી, ને એટલું સોનું ક્યાં સંતાઈને પડ્યું'તું ?'

અને તુરત સંશયાત્માઓની શંકા, સતીમાને સોનાનું ખોભરું ચડાવનાર વ્યક્તિ તરફ વળી.

'સોનું આપનારી અમથી સુતારણ જ, બીજું કોઈ નહિ.'

અલબત્ત, ટહેલિયાએ તો પોતાના દાતાનું નામ ગુપ્ત જ રાખ્યું હતું – બલકે એ શરતે જ એને દાન મળ્યું હતું પણ લોકોની કલ્પનાશિક્ત કાંઈ કુંઠિત થોડી થઈ ગઈ હતી ? એમણે દાતાની ઓળખ કરી પાડી; એટલું જ નહિ, આ જબરા દાન પાછળનાં પ્રયોજનો પણ કલ્પી કાઢ્યાં.

'સતીમાને સોને મઢવાની જેમ આ દાનની માનતા ય એણે માની જ રાખી'તી—'

'ગિરજો પાછો જડ્યો એની આ માનતા હતીઃ કો'ક બ્રાહ્મણને રાજી કરવાની માનતા. આ ટલિયાની ટલ એણે પૂરી કરી દીધી—'

× × ×

જોતજોતામાં તો સંતુ અને ઊજમ થઈને બન્ને ખેતર ખેડી

નાખ્યાં. આકાશમાં વાદળાં ઘેરાવા માંડયાં. જાણકારો નક્ષત્રો અને યુતિઓ જોવા લાગ્યા, ફરી ભડલીવાક્યો ઉચ્ચારાવા લાગ્યાં, અને વરસાદના દિનની અટકળો થવા લાગી. લોકોનાં હતાશ હૈયાં ફરી વાર પુલકિત થવા લાગ્યાં.

અને બરોબર ટાંકણે જ હાદા પટેલના ખાંડિયા – બાંડિયા બળદની જોડી તૂટી. બાંડિયો બળદ આકસ્મિક મૃત્યુ પામ્યો.

હાદા પટેલ વિમાસણમાં પડી ગયા.

*

## પ્રકરણ પાંત્રીસમું

# આવ્યો આષાઢો !

દુકાળ વરસ સાથે ગયું હોવાથી નવો બળદ ખરીદવાનું દાદા પટેલનું ગજું નહોતું, એમણે કઢારે કઢાવીને બિયારણ ખરીદ કર્યું હતું પણ હવે બળદની ખરીદી માટે કઢારે કઢાવવાની એમની ગુંજાશ નહોતી. ગિરવી મૂકવા જેવું કશું મૂલ્યવાન રાચ હવે બાકી રહેવા પામ્યું નહોતું.

ચોમાસું માથે ગાજે છે ને વાવણીના દિવસો આવી રહ્યા છે ત્યારે હવે શું કરવું !

સત્વર સંતુને રસ્તો સૂઝ્યો, એ પિતૃગૃહે જઈને ટીહાના ગાડાની બળદજોડી માગી લાવી અને એમને હળ સાથે જોતર્યા.

પણ આ દુખિયા જીવોનું નસીબ બળદ કરતાં ય બે ડગલાં આગળ ચાલતું હોય એમ લાગ્યું. વર્ષો થયાં રેતી ભરેલાં ગાડાં ખેંચવાને જ ટેવાયેલા આ ભારવાહી ધોરીઓને હળવુંફૂલ હળ જાણે કે કાંધ ન પડવાને કારણે કે પછી અપરિચિત વાતાવરણમાં ગોઠ્યું જ નહિ તેથી સંતુના પ્રથમ ડચકારે જ બળદો ભડકી ઊઠ્યા, અને પછી તો જાણે કે એવા તો છેડાઈ પડ્યા કે કાંધ પર હળનો સ્પર્શ જ ન થવા દીધો, તેથી એમને પાછા વાળવા પડ્યા.

અને દાદા પટેલની મુંઝવણ વધી. સાથી પણ નથી અને એક બળદ પણ ખૂટે છે. આ વરસે ખેડ કેમ કરીને થશે ?

આવી ચિંતામાં ને ચિંતામાં પેલી યાદગાર અગિયારસ જેવો જ એક દિવસ આવી ઊભો. એક બીજની સંધ્યાએ અનુભવી

ઘરડેરાઓએ ખાસ પાદરમાં જઈને કલેન્દુની કલા નીરખી હતી, અને દિનપ્રતિદિન વૃદ્ધિ પામતા જતા એ ચંદ્રનું ઝીણવટથી અવલોકન કરીને અભિપ્રાય આપ્યો હતો : ચાંદામાં જળ ભર્યું છે,

'ટીલિયા ભામણની વાત સાચી લાગે છે. ઓણુ સાલ વહેલો વરસશે—'

× × ×

અને જે રાતે એ જળે ભર્યો પૂનમનો ચંદ્ર જળકુંડાળા વચ્ચે આકાશમાં ઊગ્યો એ રાતે અસહ્ય ઊકળાટ થયો. જાણે કે ચારે ય દિશાના વા થંભી ગયા. વાતાવરણમાં ભઠ્ઠી સળગી હોય એવો ભફારો થવા લાગ્યો. પીપળાનું પાંદડું પણ હલે નહિ એવા અસહ્ય ઊકળાટમાં આમતેમ પડખાં ફેરવી રહેલા હાદા પટેલને કાને ભૂતેશ્વરમાંથી ભજનની સુરાવટ આવી. સામટા દસવીસ ભજનિકોનું એ સમૂહગાન ઓચિંતું ક્યાંથી આવી પડ્યું, એવો એમને પ્રશ્ન થયો.

સંતુએ સમાચાર આપ્યા : ' દુદ્દા ભગાની વાડીએથી આજ સાંજકના ખાખીની જમાત આવી છે. ભૂચર મોરીને મેળે જાવા નીકળી છે, ને ભૂતેસરમાં રોકાણી છે;

ધોળી દૂધ જેવી ચાંદનીમાં એવા જ શીળા ને શાતાદાયક ભજનબોલ સંભળાઈ રહ્યા :

'માતા કહીએ રે જેણી પારવતી
ને પિતા શંકર દેવા...
ભાઈ રે મારા...
દોયલી વેળાના દેવને
સમરીએ હોજી...'

હાદા પટેલના કાનમાં વર્ષોજૂનાં ગણપતિસ્મરણો ગુંજી રહ્યાં.

ઊજમ અને સંતુના સંતપ્ત ચિત્તને ભજનવાણી શાતા અર્પી રહી.

અને એકાએક ક્યાંય નહોતો ત્યાંથી ઠંડો પવન ફુંકાઈ રહ્યો.

ગણુપતિસ્તવન પૂરું થયું. એક પછી એક નવાંનોખાં ભજનો ગવાવા લાગ્યાં. હાદા પટેલને એ સ્તવનશબ્દો પરથી લાગ્યું કે આજે કો'ક આઘેરા મલકની મંડળી આવી છે. આ આરાધ, આ લય, આ લહેંકો, ને આ મીઠાશ તો ઘણાં વર્ષોથી ક્યાંય સાંભળવા નથી મળ્યાં.

હઠીલા દમના અસાધ્ય રોગને કારણે સામાન્યપણે લગભગ રાત આખી તંદ્રાવસ્થામાં પસાર કરનારી ઊજમને આજે આ નવતર ભજનવાણી કાન દઈને સાંભળવા જેવી લાગી.

અને સૂસવાતા ઠંડા પવનમાં ગિરનારી મેઘનો ભેજ ભળ્યો.

ઊજમનું મન અને હૃદય બંને પુલકિત થઈ ઊઠ્યાં.

આકાશમાંથી એક આછેરું સરવડું વરસ્યું, અને વરસ આખાની તરસી ધરતી ઉમળકાભેર ફોરી ઊઠી. એના અંગેઅંગમાંથી મીઠી સુગંધ મહેંકી ઊઠી.

મંજીરાં ને દોકડના તાલ સાથે નવા ભજનના બોલ સંભળાયા :

તમે કુડ કાયાનાં કાઢો રે...
વીરા આવ્યો આષાઢો,
વિખિયાના રૂખ વાઢો...

હાદા પટેલ એકચિત્ત થઈને સાંભળી રહ્યા.

વરસાદનું જોરદાર ઝાપટું પડ્યું અને મહેકતી ધરતી તરબતર થઇ ગઈ.

ભજનપંક્તિ આગળ વધી :

અવસર વારો તો કાંઇ નવ હારો
તમે કાલર ખેતર મત ખેડો રે...
વીરા આવ્યો આષાઢો...

હાદા પટેલ આ સંતવાણીનો રૂપકાર્થ ઘટાવી રહ્યા. બહાર વરસાદ પૂરજોશમાં ઝિંકાતો રહ્યો. ઊજમના અંતરનાં રસાયણો પલટાતાં રહ્યાં અને ઉપદેશનું રૂપક આગળ વધતું રહ્યું :

ખોટ મને જેણે ખેડયું રે કાધી
ખરે બપોરે નાસે રે...
આઘાં જઈને પાછાં ફરશે
એનાં કણ કવાયે જાશે રે...
વીરા આવ્યો આષાઢો...

દેવે દીધેલા જ્ઞાનદીપસમી વીજળીનો ઝબકારો થયો અને આખી ખડકી, ઓસરી ને ઓરડામાં અજવાળાં ઝોકાર થઈ ગયાં...

હાદા પટેલ ક્ષણભર તો સાથીની ગેરહાજરીની ચિંતા ભૂલી ગયા. ઊજમ એક બળદની ખોટ પણ વીસરી ગઈ. સંતુના ચિત્તમાંથી ભાવિની ચિંતા ભૂંસાઈ ગઈ.

ઘેરે રાગે વરસતા વરસાદના અવાજમાંથી જાણે કે ગળાઈ ગળાઈને ગરવા ભજનના શબ્દો સંભળાતા હતા :

વિગત નવ જાણે ને બીજ લઈ લાવે
કાઠી કઠારો ચાવે રે...
ધાઈધૂતીને કાંઈક નર લાવે
એની આગમ ખાધુંમાં જાશે રે...
વીરા આવ્યો આષાઢો...

હાદા પટેલ આ બોલનો વાચ્યાર્થ વિચારી રહ્યા અને પછી છેલ્લાં બે વર્ષમાં બનેલી વસમી ઘટનાઓના સંદર્ભમાં એનો ભાવાર્થ ઘટાવી રહ્યા. સદ્ અને અસદ્‌નાં બળોને સાંપડી રહેલો કવિન્યાય વિચારી રહ્યા. ભૂતેશ્વરમાં બેઠેલા ભજનિકો એનું સમાપન કરી રહ્યા :

વાવ્યા તણો જે નર વિચાર જાણે
એ તો મૂઢ મેલે લઈ ટાણે રે...
ભાણ ભણે નર નીપજ્યાં ભલાં
એ તો મુઠાભરે લઈ માણે રે...
વીરા આવ્યો આષાઢો,
વિખિયાનાં રૂખ વાઢો...

અને એક જોરદાર કડાકા સાથે વીજળીનો આંજી નાખતો લિશોટો ફેલાયો અને ગુંદાસર ઉપર બારે ય મેઘ ખાંગા થઈ ગયા...

મુશળધારે વરસતા વરસાદના ઘેરા ગાનની અસર તળે સહુ જીવો નિદ્રાધીન થઈ ગયાં.

*　　　　*　　　　*

વહેલી પરોઢ ટાણે સંતુ જાગી તો એણે હાદા પટેલની કેટલીક સ્વગતોક્તિઓ સાંભળી. એ વૃદ્ધ એકલા એકલા જાણે કે કોઈકની જોડે વાતો કરી રહ્યા હોય એવું લાગતાં સંતુએ ગભરાઈને ઊજમને જગાડવાનો પ્રયત્ન કર્યો.

પણ ઊજમ આજે જાણે કે કોઈકની પ્રતીક્ષામાં જ જાગતી હતી.

સંતુએ પૂછ્યું : 'આતા આ શું બોલે છ એકલા એકલા ?'

'ઈ તો એને ટેવ છે. ઘરથી જ ટેવ છે—'

'પણ આ વાતું કોની હાર્યે કરે છે ?'

'ઈ તો એને કો'ક સોણે આવ્યું છે.'

'સો'ણે આવ્યું છે ? કોણ ? કોણ ?'

'ઈ મને શું ખબર્ય ?' કહીને ઊજમ મૂંગી થઈ ગઈ.

'તમને આજ નીંદર નથી આવતી ?' સંતુએ પૂછ્યું.

'ના.'

'કેમ ભલા ?'

'મને ય આજ સોણું આવ્યા કરે છે, એટલે પાંપણ ભીડાતી જ નથી.'

'ઉઘાડી પાંપણે તો કાંઈ સોણાં આવતાં હશે ?' સંતુએ પૂછ્યું.

'મારા જેવી દખિયારીને જાગતાં સોણાં આવે—'

'જાવ જાવ !'

'સાચું કહું છું. આતાને ભરનીંદરમાં સોણાં આવે છે, ને મને જાગતાં સોણાં આવે છે—'

'કોનાં ?' સંતુથી પુછાઈ ગયું.

ઊજમ આ પ્રૌઢ ઉંમરે પણ મુગ્ધાની જેમ લજ્જા અનુભવીને આંખો ઢાળી ગઈ.

'ક્યિો ની...કોણ ભરાણું'તું સોણે ?'

'નઈં કઉં—'

'મારા સમ છે, ન ક્યિે એને—'

છતાં ય ઊજમ મૂંગી રહી તેથી સંતુની ધીરજ હાથ ન રહી. એણે વધારે આકારા ને વધારે વસમા સમ દીધા :

'ન ક્યિે એને મારી જડીના સમ છે...બોલી નાખો ઝટ, કોણ સોણે આવ્યું છે ?'

હવે હોઠ ખોલ્યા વિના ઊજમને છૂટકો જ નહોતો. છતાં એણે કશો સીધો જવાબ ન દીધો. આડકતરો નિર્દેશ કરવાનું જ ઉચિત ગણ્યું.

ઓલ્યા ભજનમાં જેનું નામ ગવાણું'તું ને, ઈ—'

'ભજનમાં તો કોઈનું નામ નો'તું આવ્યું—' સંતુ બોલી.

'કાં ભૂલી ગઈ ?' ઊજમે યાદ કરાવ્યું, 'વીરા આવ્યો આષાઢો—'

'હા—'

'ઈ આષાઢો જ—'

'એટલે ?'

'એનો અરથ ન સમજી ?'

'ના—'

'આષાઢો એટલે શું ?'

'આષાઢો મે' વરસે ઈ—'

'ઈ ય સાચું ને એનો બીજો અરથ છે ઘરનો મોટો દીકરો... ઘરનો મોભ...કમાતર ને કમાઉ દીકરો—'

'હા...'

'તો આપણા ઘરનો કંધોતર કોણ ?'

'મારા જેઠ, બીજું કોણ વળી"

'હવે સમજી !' ભીજમે પ્રસન્નતાથી કહ્યું. 'ઈ મારે સોણું ભરાણું'તા—'

ભીજમના હૃદયમાં પ્રથમ વર્ષાએ પુલકિત થયેલી ધરતીની સોરમ ફોરી ભઠી હતી.

આવતી કાલે ઊઘડનારા પરોઢની અને એક અંધારભર્યા જીવનમાં ઊગનારા નવલા પ્રભાતની—નેકી પોકારતા જુસબા ઘાંચીના કૂકડાનો અવાજ સંભળાયો અને હાદા પટેલ જાગી ગયા.

*

## પ્રકરણ છત્રીસમું

# જીવન અને મૃત્યુ

'મારો બેરખો લાવો, ઝટઝટ સતીમાને સંભારી લઉં.' ઊઠતાં વાર જ હાદા પટેલે કહ્યું. 'આજ તો બવ મજાનું ને શકનવંતં સોણું આવ્યું.'

શાનું સપનું આવ્યું, કોણ સપનામાં આવ્યું. શું શું જોયું, એ કશું પૂછવાની ઊજમને આજે જરૂર જ નહોતી, કેમ કે, શ્વસુરે તંદ્રાવસ્થામાં જે સંભાષણો અને સ્વગતોક્તિઓ ઉચ્ચારેલ, એ આ પ્રોષિતભર્તૃકા પુત્રવધૂએ કાન દઈને સાંભળેલ.

'આજે તો મને દેવશી સોણે ભરાણો.' હાદા પટેલ માળા ફેરવવા માટે ખાટલા પર બેસતાં બોલ્યા, 'સતીમાએ મને હૈયારી તો આપી'તી જ કે દેવશી મરી ગયો નથી; પણ ઓલ્યા કામેસર મા'રાજે આપણને સાસ્તરનાં ઊઠાં ભણાવીને ભડકાવી દીધા ને અડદનાં પૂતળાંનાં શરાધ સરામણાં કરાવી નાખ્યાં.'

'તી ભલેની કરાવી નાખ્યાં!' અંદરના ઓરડામાંથી ઊજમ બોલી, 'એમાં શું બગડી ગ્યું? અડધી ગુણ્ય અડદ જ કે બીજું કાંઈ?'

આમ કહીને ઊજમ પોતાની અંતરની શ્રદ્ધાને વાચા આપી રહી.

ધનિયો ગોવાળ આવ્યો. રોજ તો એ ડેલીમાં પ્રવેશીને 'કાબરી –ઈઈઈ! કહીને લાંબે લહેકે બૂમ પાડતો એને બદલે આજે એણે કહ્યું:

'કાબરીને છોડશો મા—'

'કેમ ભલા? તેં આજે અકતો પાળ્યો છે?' સંતુએ પૂછ્યું.

'અમારે ગોવાળિયાને તે વળી અક્તા કેવા ?' પણ આજે ઓઝત બે કાંઠે છે. ઠીકાઠીકનાં ઘોડાપૂર ઘૂઘવે છે. મેઘો મન મેલીને વરસ્યો છે. બે વરહનું સામટું સાટું વાળ્યું...આપણી સીમ કરતાં ય ઉપરવાસ વધારે પાણી પડ્યું લાગે છે. ઊજમભાભી ! આમાં તીખારો મેલજો જરાક.' કહીને પોતાની ચૂંગી માટે દેવતા માગતાં માગતાં ધનિયો વાતે વળગ્યો, અને આગલી રાતની મૂશળધાર વર્ષાએ સરજેલી નાનીસરખી હોનારતનો અહેવાલ આપવા લાગ્યો.

'તડબૂચના હંધાય વાડા તણાઈ ગ્યા...ભગતની વાડી સંચોડી પાણી હેઠાળે છે...આપણા વેજલા રબારીનાં ગાડરાં તણાઈ ગ્યાં... ટપુડા વાણંદનું ખોરડું નમી પડ્યું...ભાણા ખોજાની ડેલી લગણ પાણી ડેકાં દિયે છે...શાપરઢાળો સારી પટ વરસ્યો છ...કિયે છ કે ઉઘાડ નીકળે ઈ ભેગાં જ વાવણાં...ઊજમભાભી ! આમાં એક તીખારો ...આ ટાઢોડામાં મારી ચૂંગી ને ગડાકુ બે ય હવાઈ ગ્યાં...રામભરોહામાં ય ચૂલો નથી સળગતો...કોલસા જ સંચોડા હવાઈ ગ્યા ...ઊજમભાભી ! સાંભળ્યું ? ઓઘડિયો ગાંડો આ વરસાદમાં તણાતો તણાતો માંડ બચ્યો—'

અત્યાર સુધી ધનિયાએ નિવેદિત કરેલા સમાચારોમાં એકમાત્ર ઓઘડના સમાચારમાં જ ઊજમને કાંઈ સમાચાર જેવું લાગ્યું તેથી એણે એમાં રસ બતાવ્યો.

'શું થયું વળી ઓઘડિયાને ?'

'ગાંડા માણસને શું ગમ ? ઈ તો હમણાંનો ભૂતેસરને ઓવારે જ પડ્યો રે'તો, તી આટલો વરસાદ વરસ્યો તો ય ઊઠ્યો જ નહિ. એક કોર્ય ગાંડો થઈને મેઘો વરસે ને બીજી કોર્ય ગાંડો ઓઘડિયો તાળિયું પાડીને ખિખિયાટા કરે. ભૂતેસરમાંથી મહન્તે કેટલી ય દાણ એને કીધું કે એલા ઓઘડિયા, ઓવારેથી અંદર આવતો રે'. પણ અતીતનું કે'વું માને તો તો ઓઘડિયો શેનો ? એક કોર્ય ભૂતેસરમાં

ભજનની ધૂન જામી'તી ને બીજી કોર્ય બારેય મેઘ ખાંગા જોઈને ઓઘડિયો ખિખિયાટા કરે...ને એમાં ઓઝતનાં પાણી ઊંચાં ચડયાં ને ઓવારાનાં પગથિયાં ડૂબવા માંડયાં, પણ ઓઘડા ગાંડાને ગમ થોડી હોય કે હું તણાઈ જઈશ ? ઈ તો અનરાધાર વરસતાં પાણી જોઈને ગાંડોતૂર થઈ ગ્યો...પણ ભૂવાની આવરદા બવ લાંબી, તી હાથિયે પાણે પૂગ્યો ત્યાં તો તડબૂચના વાડા બાંધનાર વાઘરાંની નજરે ચડયો. ડોહો પાણી ગળચતો ડચકાં ખાતો'તો, એને ટાંટિયો ઝાલીને તાણી લીધો...સારીપટ વાર લગણ ખાટલે ઊંધે માથે સુવરાવ્યો તંયે ભૂવાને સુવાણ્ય થઈ...ઊજમભાભી ! એક તીખારો... આ વાતુમાં રિયો ને ચૂંગી ઠરી ગઈ...'

'મર્ય મૂવા ! તેં તો મારા ચૂલામાંથી આખો ઓબાર ખાલી કરાવી નાખ્યો.' ઊજમે કહ્યું. 'તારે સારુ તીખારાના દેવતા ઠારી નથી મેલ્યા...આ હવાઈ ગયેલાં છાણાં ય કેમે કર્યાં સળગતાં નથી...'

સાંભળીને સંતુ ગમાણમાં ગઈ ને મોભારાની વળીને આડશે સંતાડી રાખેલ લાકડી ઉતારીને ધડ ધડ ધડ એના કટકા કરી નાખ્યા.

'લ્યો, આ લાકડાનો ઓબાર ભરો !' સંતુએ ઊજમને કહ્યું. એ ટુકડા થઈ ગયેલી અને ઓબારમાં ઓરાઈ ગયેલી વસ્તુ હતી શાદૂળની હોકી સ્ટીક. પોતાના જીવનમાં ભજવાઈ ગયેલા એક દારુણ હત્યાકાણ્ડના નિમિત્ત બનનારા આ અળખામણા પ્રતીકને આગમાં ભસ્મીભૂત થતું જોઈને સંતુ જાણે કે પોતાનો હૈયાભાર દૂર થતો અનુભવી રહી.

ઓસરીમાં ભાંખોડિયાં ભરી રહેલી જડીને જોઈને વળી ધનિયા ગોવાળની જીભ ઊપડી હતી.

'આ સંતુબાને તો એની જડી જડી રૈ, પણ કાબરી કો'કની ભાર્યે નજરથી નજરાઈ ગઈ હશે, એટલે જ મારે વાછડીની જગાએ મુંઢકણું માંડવું પડયું'તું. હવે હું એને ધણમાં લઈ જાઈશ તંયે ડાબી ખરીએ દોરા બાંધતો જાઈશ, ને એને અજવાળીકાકીની નજરે

જ નહિ પડવા દઉં—'

'કાબરીનાં કરમ જ ફૂટેલાં, ને એમાં અજવાળીકાકીનો શું વાંક ?' ઊજમે કહ્યું.

'તંયે તમે અજવાળીકાકીને ઓળખતાં જ નથી, ઊજમભાભી ! કામરુ દેશમાંથી કામણટ્રમણ શીખી આવ્યાં છે. ઊડતાં પંખી પાડે ઈ માંયલાં અજવાળીકાકી ! મને તો લાગે છે કે સંતુબા ઉપરેય અજવાળીકાકીની નજરું લાગી હશે. પણ તમારે તો સતીમા હાજરા-હજૂર રિયાં, એટલે ગગી પાછી જડી રૈ...હવે એક તીખારો મેલી દિયો, તો આટલી ગડાકુ પૂરી કરું.'

'મર્ય મૂવા !' ઊજમે કૃત્રિમ રોષથી સંભળાવ્યું. 'હવે તો આ ચુંગીમાં તીખારો મેલવાને સાટે તારી દોણીમાં આગ મેલવાનું મન થાય છે.'

'બાપા ! હું ઘણું ય કઉં છું કે હવે ઉપરવાળો તેડાવી લ્યે તો સારું, પણ માગ્યા મે વરસે નહિ એમ માગ્યાં મોત પણ ક્યાં રેઢાં પડ્યાં છે ?' કહીને ધનિયાએ પોતાના વિધાનનું સમર્થન કરવા માટે ઉદાહરણો આપવા માંડ્યાં.

'આ તખુભા બાપુનું કાચું મરણ થઈ ગ્યું, ને ઓલ્યો પંચાણ-ભાભો મહાણે પૂગવા ટાણે ય હજી દરબારગઢમાં ટાંટિયા ઢહડે છે. જીવલે પોતાનો બાપ મરી ગ્યાનું નામ પાડીને તખુભાના મડદાને દેન દઈ દીધું, ને પંડ્યે પંચાણ ભાભાનું સુંવાળું ઊતરાવીને મૂછ મુંડાવી નાખી, પણ ડોહા તો હજી ય અફીણની કાંકરી ચાવીને તણ્ય ટંક ઊટકલ થાળીએ જમે છે રિયો...આ આપણો ગોબરભાઈ જુવાનજોધ હાલી નીકળ્યો, ને ઓલી અમથીને દરિયે પધરાવવા મેલી'તી, એમાંથી જીવતી પાછી આવી !...આ ઓઘડિયા ભૂવાને ભગવાન મોત મોકલે તો બચાડો પિલાતો છૂટે, પણ આ ઘોડાપૂરમાં તણાઈ ગ્યો તો એમાંથી ય જીવતો પાછો નીકળ્યો.'

'એલા ધનિયા !' ઊજમે રાંધણિયામાંથી કહ્યું. 'અટાણના પોરમાં

ગામ આખાની જન્મોત્રી ઉખેળીને બેઠો છો, એના કરતાં ભગવાનનું નામ લે કે કાંઈક ધરમધ્યાન કર્ય તો કાયાનું કલ્યાણ થાય.'

'આ અજવાળીકાકી મોટી જાતરાએ જઈને ધરમ કરી આવ્યાં પછી મેં ધરમ કરવાનું માંડી વાળ્યું છે.' ધનિયાએ દાઢાવાણી ઉચ્ચારી. જાતરાં કરતાં અજવાળીકાકીએ શું કર્યું'તું ઈ સાંભળ્યું તમે? કિયે છ કે તરવેણીજીને કાંઠે ના'વા બેઠાં તંયે અજવાળીકાકીએ જાણી જોઈને એની જડાવને ધક્કો મારીને નદીમાં નાખી દીધી'તી.

...સગી મા ઊઠીને દીકરીને આમ કુબાડી દિયે એવું સાંભળ્યું છે ક્યાંય મલકમાં?'

'પણ જડી તો જાતરાએથી જીવતી આવી છે ને?' ઊજમે શંકા ઉઠાવી.

'ઈ તો જડીનાં નસીબે જોર કર્યું', એટલે અજવાળીકાકીએ એને ધક્કો માર્યો, ઈ ભેગી જ એક ચોખાની નજર ગઈ, ને ઈ વાંહોવાંહ પાણીમાં પડ્યો, ને જડીને જીવતી કાંઠે લઈ આવ્યો—આ આપણા ઓઘડિયા ભૂવાને આજે ઓલ્યાં વાઘરાંવે જીવતો કાંઠે કાઢ્યો, એમ જ—' કહીને ધનિયાએ ઉમેર્યું, 'ના રે બાપુ! મારે આવાં અજવાળીકાકી જેવા ધરમ નથી કરવા. મારો તો ડોબાં આઢવવાનો અવતાર. હું તો ઢોર હાર્યે ઢોર થઈને જીવું. ધરમધ્યાન સોંપ્યાં અજવાળીકાકીને.'

'એલા ધનિયા! તું હવે ગામ આખાની ખણખોદ કરતો ઊભો થાશ કે પછી ખાટલો ઊભો કરી મેલું?'

'આ ઊઠ્યો, લ્યો!' કરીને ધનિયો ઊભો થયો.

ડેલી બહાર નીકળતા ધનિયાને ઊભો રાખીને હાદા પટેલે પૂછ્યું: 'કોઈ મૂલી, મજૂર, ઊભડ તારા ધ્યાનમાં છે? આપણે ઓણુ સાલ સાથી રાખવો છે—'

અટાણે વાવણાં ટાણે કોણ જડે? ઊભડ, મૂલી, મજૂર, હંધાય અટાણે તો મોંઘા—'

'મોંઘા કે સોંઘા, કોઈ જડે તો વે'મ રાખજે—'

'ભલે, બાપા!' કહીને ધનિયો ગયો.

*

## પ્રકરણ સાડત્રીસમું

# ધરતીનું સૌભાગ્ય

પણ કોઈ ઊભડ સાથી આવે ત્યાં સુધી હાથ જોડીને બેઠાં રહેવાનું કેમ પોસાય? ઓઝતનાં પૂર ઓસર્યાં અને ઉઘાડ નીકળ્યો કે તુરત સંતુ અને ઊજમ ખેતરે જઈ પહોંચ્યાં.

આખી ધરતી અત્યારે સ્નાનપૂત સુંદરી સમી શોભતી હતી. બે વર્ષથી નપાણી પડી રહીને ભૂંડીભૂખ જેવી બની ગયેલી સમગ્ર સીમને જાણે કે કોઈએ ઊટકી—માંજીને ઉજમાળી બનાવી લાગતી હતી. તૃષિત જમીનના અંતઃસ્તલને મુશળધાર મેઘવૃષ્ટિએ પરિતૃપ્ત કર્યું હતું. ધરતીના કણેકણમાંથી એ પરિતોષ ફોરી રહ્યો હતો. મહિનાઓથી કોરી ધાકોર પડી રહેલી કાળી માટી મેઘસ્પર્શે મહેકી ઊઠી હતી. ઊઘડતી ઉષા જેવી અણખોટી તાઝગી ચારેય કોર દેખાતી હતી. માટી સાથે માનવીનાં અંદર પણ પુલકિત થઈ ઊઠયાં હતાં. ખેતરોમાં પડેલા ચાસમાં જળસિંચન થતાં, માનવીના લલાટે ઊપસેલી નૂતન ભાગ્યરેખાઓ સમા એ શોભતા હતા. એ એકેએક પરિતૃપ્ત ચાસ એના ખેડનારાઓ માટે મૃત્યુમાંથી જીવનની ગવાહી ગાઈ રહ્યો હતો. ધરતીને એનું સૌભાગ્ય સાંપડયું હતું અને એની સાથે માનવીને પણ ક્ષિતિજ પર પોતાના ભાગ્યોદયની ટશર ફૂટતી દેખાતી હતી. સમગ્ર વાતાવરણમાં એક નૂતન આશાનું અશ્રુત ગાન ગૂંજતું હતું. સૌભાગ્યનષ્ટા ઊજમ અને સંતુનાં મન પણ આ ધરતીનું સૌભાગ્ય જોઈને કોળી ઊઠયાં હતાં.

બે વર્ષ પહેલાંની એ અગિયારસની જેમ આજે પણ વર્ષાનાં

વધામણાં ને વાવણીની ખુશાલીમાં ઘેરેઘેર મિષ્ટાન રંધાયાં હતાં, ઘોરીડા શણગારાયા હતા, ગાડાંની ધરીનાં તથા પૈડાંનાં પૂજન થયાં હતાં, શુકનવંતા ધાન્ય-મગ છંટકાયા હતા.

સંતુ-ઊજમે વિભક્ત થયેલી બેલડીમાં એક જ ધોરી શણગાર્યો હતો અને એકને જ કંકુની અર્ચા કરી હતી. હાદા પટેલની યોજના તો એવી હતી કે કોઈ પડોશીને ત્યાં વાવણાં પતી જાય પછી એનો એક બળદ માગી લેવો અને ઓરણી માટે કોઈના સાથીની સેવાઓ પણ ઊછીની લેવી. પણ હાથિયો ગાજતાં હર્ષઘેલી થઈ ગયેલી ઊજમ અને સંતુ આ પારકા સાથીના આગમન સુધી રાહ જોઈ શકે ખરી : સીમમાં ચારેય કોર થઈ રહેલાં વાવણાં નિહાળીને એમણે ય ઓરણી જોતરી દીધી.

લાજશરમ કે લોકવાયકાઓની લગીરે ય પરવા કર્યા વિના, બાળકી જડીને સતીમાના થાનકમાં સુવરાવીને સંતુએ એક ખૂટતા ઘોરીનું સ્થાન થઈ લઈ લીધું અને બીજા બળદની જોડે ચાસને ચીલેચીલે ચાલવા માંડ્યું. પાછળ ઊજમે ઓરણી કરવા માંડી.

ખેતરને આ છેડેથી પેલે છેડે એક આંટો, બીજો વળતો આંટો, ફરી ત્રીજો આંટો શરૂ થયો.

એક ધોરી અને બીજી, ધરિત્રીના જ અવતાર સમી બે અન્નપૂર્ણાઓ ત્રીજે ફેરે હજી તો અરધે પહોંચ્યાં હશે ત્યાં તો શેઢેથી સમૂહગાન સંભળાયું :

ગઢ ઢેલડી મોજાર,
ખીમરાનાં તરિયા પાણી સંચર્યાં હેજી

સંતુ ચમકીને ઊભી રહી. ઊજમને અચરજ થયું. બોલી :
'આ ખીમરા કોટવાળનું ભજન ક્યાંથી સંભળાણું ?'

સંતુએ કહ્યું : 'જો ઓલ્યા મારગી બાવા શેઢેશેઢે જાય... ઓલ્યા ભૂચર મોરીને મેળે જાવા નીકળ્યા'તા, ને ભૂતેસરમાં રોકાણાં'તા ઈ માંયલા જ લાગે છે—'

સાધુઓ શઢેશઢે આગળ વધતા હતા અને ભજનગાન પણ આગળ વધતું હતું :

રણુથી ઘોડાં પાવા જાય,
અવળા ને સવળા રેવત ખેલવે હે જી...

સંતુ થોડે આગળ ચાલીને ફરી આ મીઠાશભર્યા ભજનબોલ સાંભળવા ખમચાઈને ઊભી રહી ગઈ એટલે ઊજમે એને ટપારી :

'ઈ તો ગાવાવાળા ગાયા જ કરશે, આમ ડગલે ને પગલે ઈ બાવા–સાધુને સાંભળવા ઊભી રૈશ તો તો આખા ખેતરમાં ઓરણી કરતાં સાંજ પડશે, ને તો ય આરો નહિ આવે !'

અને પછી સંતુને બદલે જાણે કે પોતાને જ અથવા તો કોઈક અણદીઠ વ્યક્તિને સંભળાવતી હોય એ ઢબે ઊજમ સ્વગતોક્તિઓ ઉચ્ચારી રહી :

'એને જાચકને ને જોગટાવને શું ચંત્યા ? આપણે તો લોઈનું પાણી કરીને કણુકણુ વાવવાનાં ને એમાંથી જતન કરીને કળથી ઉગાડવાનાં. ઈ જાચક તો ચીપિયો ખખડાવતાક ને 'જે સીતારામ !' કરીને તૈયાર રોટલો જમી જવાના...'

સંતુ, ઊજમ અને ધીરી આગળ વધ્યાં, પણ જાણે કે એમને ફરી વાર થોભાવી રાખવા માટે જ ભજનબોલ ઉચ્ચારાયા :

સતી તમે કોના ઘરની નાર,
કિયા રે અમીર ઘરની નારડી હે જી...

આ વેળા તો ઊજમ પણ થોભી ગઈ. ઓરણીમાં બી ઓરા રહેલો એનો હાથ થંભી ગયો. જાણે કે યુગયુગાંતરનો પરિચિત સ્વર ઓળખવા એ મથી રહી.

સંતુએ કહ્યું : 'આ ઓલ્યા આવ્યો આષાઢીવાળું ભજન ગાતા'તા ઈ માંયલા જ લાગે છે—'

પોતે હમણાં જેને જાચક-જોગટાઓ કહ્યા હતા એમને ધારી-ધારીને નીરખવા બલકે ઓળખવા ઊજમ અધીરી થઈ રહી.

અને અચરજ તો એ થયું કે જોગીની જમાત પણ ભજન-લલકાર બંધ કરીને શેઢા પર ઊભી રહી ગઈ. એમાંથી એક જુવાન સાધુ કૂદીને ખેતરમાં પ્રવેશ્યો અને ઊજમ સન્મુખ આવી ઊભો. ભગવાંધારી અને જટાધારી માણસે પોતાની કશી ઓળખ આપવાની ય જરૂર ન રહી. એક ક્ષણ કે ક્ષણાર્ધ પૂરતી જ 'મળી દૃષ્ટાદૃષ્ટ !' અને બન્નેએ એકબીજાંને ઓળખી લીધાં.

સંતુ જરા ક્ષોભ અનુભવતી ખમચાઈને દૂર ખસી ત્યાં તો આગંતુકે બળદની બાજુમાં સંતુને સ્થાને જોતરાઈ જઈને કહ્યું :

'હાલો ઝટ, ઓરવા મંડો, મોડું થાશે.'

આ અંધારી અને વિચિત્ર ઘટનાથી હેબતાઈ ગયેલી સંતુ આંખ વડે જ ઊજમને મૂંગો પ્રશ્ન પૂછી રહી, ત્યાં તો ઊજમે જ સ્ફોટ કરી દીધો :

'સંતુ ! આ તો તારા જેઠ છે ! જરાક ઓરું ઓઢજે—'

*

## પ્રકરણ આડત્રીસમું

# અને મૃત્યુમાંથી જીવન

**સતીમાના** ખેતર ઉપર ખાસ્સો મેળો જ ભરાઈ ગયો.

ગોબરની હત્યા થઈ ત્યારે, કે સંતુને એની 'જડી' સાંપડી ત્યારે જે મેદની ઊમટેલી એના કરતાં ય આજે વધારે ભીડ જામી.

દેવશીએ એના ગુરુભાઈ જોગીઓને વિદાય કરતાં કહ્યું: 'ભાઈયું, મારે તો હવે આંયાકણે અધવચાળે જ વાયક આવી ગ્યાં ગણો. મારે તો પાટ ગણો કે જ્યોત ગણો ઈ હંધું ય હવે આ મારી પરણેતર જ!'

ગુરુભાઈઓએ દેવશીને બહુ બહુ સમજાવી જોયો, પણ એ પોતાના નિર્ધારમાંથી ચલિત ન થયો.

'ભાઈયું! મારો નિર્જાર ધરમ હવે મારા ઘરની નીંજરીમાં જ. મારી ગત્યગંગા હવે આ મારા ગામની ધરતીમાં જ. આ ઢોરની પડખે ઢોર થઈને મારા ભાઈની ધણિયાણી જાત્યતોડચ કરે ને હું હાથમાં રામપાતર લઈને શું મોઢે ફરું?'

ગુરુભાઈઓએ પ્રલોભનો આપવામાં કશી બાકી ન રાખી. પણ દેવશી મક્કમ રહ્યો.

'ભાઈયું! હવે મારા મનનો પાટ તો આ લીલીછમ ધરતી જ. એના ઉપર ઘોડાપૂર મોલ લહેરાશે ઈ પાટનું લીલું પાથરણું થાશે, ને એને માથે જ્યોત પરગટાવવા મારે મંતર ભણવાની ય જરૂર નથી.' કહીને દેવશીએ ઊજમ-સંતુનો નિર્દેશ કરીને સમજાવ્યું: 'આ ઊભી જીવતી ને જાગતી સદાય પરગટ એવી ઝળહળ જ્યોતું—'

આ સાથીઓને તો આખરે સમજાવીને વિદાય કરી શકાયા પણ ખેતર ઉપર જે જબરી ભીડ જામી એને ખસેડવાનું દેવશીનું ગજું નહોતું. ખેતર અને વાડીપડામાં જાણે કે માણસોનું કીડિયારું ઊભરાઈ રહ્યું.

'હાલો સતીમાને ખેતરે. હાદા પટેલનો દેવશી પાછો આવ્યો છે—'

'જોગીની જમાતમાંથી ભેખ ઉતારીને પાછો આપણા ભેગો રે'વા આવ્યો છે—'

ભૂતેશ્વરને આરેથી ખેતરના શેઢા સુધી ગામનાં માણસોનાં નોર પડી રહ્યાં.

ભગવાં ને ભેખધારી દેવશીને પહેલી જ નજરે ઓળખી શકે એવાં બહુ ઓછાં માણસો હતાં. વખતી એને જોતાં વાર જ ઓળખી ગઈ. ભવાનદાએ પણ ઠુમરના આ કંધોતરને ઓળખી કાઢ્યો, આરંભમાં તો કેટલાંક વહેમીલાં માણસોએ શંકા પણ ઉઠાવી : આ જટાળો બાવો સાચે જ દેવશી છે કે પછી દેવશીને નામે છેતરવા આવ્યો છે ? પણ દેવશીએ પોતાની હેડીના એકેએક પરિચિતને એનાં નામ વડે જ સંબોધવા માંડ્યા, એમના વ્યવસાયો વિશે વાત કરી, સગાંસંબંધીઓના ક્ષેમકુશળ પૂછ્યાં, ત્યારે તો પેલા વહેમી લોકોનાં મનમાં રહીસહી શંકાઓનું પણ નિવારણ થઈ ગયું.

વલ્લભાનો હાથ ઝાલીને ધીમે ડગલે હાદા પટેલ ખેતરના ખોડીબારામાં પ્રવેશ્યા અને તુરત દેવશી દોડતોક ને પિતાના પગમાં પડવા ગયો, પણ હાદા પટેલે એને વાર્યો.

'મને નહિ, સતીમાને જ પગે લાગજે. આજે સવારે સ્તવનમાં માએ ચોખોફૂલ હોંકારો ભણ્યો'તો કે દેવશી ઘેરે આવશે—'

અને પછી એના અનુસંધાનમાં મનશું ગણગણ્યા : 'સાચાં સત્ તો તારી પરણેતરનાં જ. એના જ પુન્યપરતાપે તને ધરતીનો સાદ સંભળાણો.'

અને દેવશી સતીમાના થાનક નજીક ગયો તો ત્યાં સંતુ પોતાની કાખમાં જડીને રમાડતી ઊભી હતી. વડીલોને જોઈને સંતુ જરા દૂર ખસી એટલે હાદા પટેલે દેવશીને સમજાવ્યું :

'સતીમાને પરતાપે આપણા ઘરની મનખા ફળી, ગોબર પાછો થયા કેડચે એની જડી ખોવાઈ ગઈ'તી એને સતીમાએ પાછી ગોતી દીધી, ને બીજો ખોવાણો'તો તું; તને ય પાછો ગોતી દીધો.'

બોલતાં બોલતાં ગદગદિત થઈ ગયેલા હાદા પટેલ, કોઈનું ધ્યાન ન જાય એ રીતે આંખ લૂછી રહ્યા. એમને મન આજે દેવશીનું આગમન, એક જ પુત્રનું નહિ પણ પરબત, ગોબર ને દેવશીનું ત્રણેયનું સામટું પુનરાગમન બની રહ્યું હતું.

હર્ષાશ્રુ વહાવી રહેલી ઊજમની આંખ સુકાતી જ નહોતી. પણ ઊજમ કરતાં ય વિશેષ આનંદ જાણે કે વખતીને થતો હતો. એણે દેવશીને પૂછ્યું :

'ગગા ! આટલાં વરહ કયાં રોકાણો'તો ? તારા નામનું તો અડદનું પૂતળું ય કામેસર ગોરે કરાવી નાખ્યું'તું—'

અને તુરત એના અનુસંધાનમાં પ્રશ્નોની પરંપરા ઊઠી : કયાં હતો ? કયાં હતો ? કયાં મલકમાં ઊતરી ગયો હતો ? શા કારણે તેં કંથા ધારી હતી ? શા માટે તેં ભગવાં પહેર્યાં હતાં ?

આ પ્રશ્નોની ઝડીનો દેવશી શી રીતે ઉત્તર આપે ?

બરોબર બાર વર્ષ પહેલાંની એ વાત. પોતે અતીત ઈશ્વરગીરીની ભાઈબંધી કેળવેલી અને ભૂતેશ્વરમાં પડયોપાથર્યો રહેતો. એવામાં એક ભજનમંડળીમાં એક મારગી સાધુ ભેટી ગયો. એણે આંબાઆંબલી બતાવીને ભોળા દેવશીને ભોળવેલો. સૌરાષ્ટ્રનાં નાનાં નાનાં ગામોમાં એ સમયે શક્તિપંથના વિકૃત અવશેષ સમો વામાચાર પ્રચલિત હતો. દેવશીમાં નાનપણથી જ થોડી વિરક્ત મનોદશા તો હતી જ, અને એમાં આ વામમાર્ગીઓની ગુપ્ત રહેણીકહેણી જાણવાનું એને કુતૂહલ થયું. દૂરના એક ગામડે 'ગત્ય' બેઠી અને એમાં વાયક

આવતાં આ ભાવુક યુવાને એ ગુપ્ત લીલાઓના અડ્ડા પર પહેરેગીર સાથે 'પંજા મિલાવ્યા.' તુરત 'ગરુ' એ આ ગરવા શિષ્યને પ્યાલો પાયો, અને દેવશી આત્મસાધનાને નામે ચાલતા આ ફંદમાં ફસાઈ ગયો.

પોતે કોઈ આત્મોન્નતિની પ્રવૃત્તિને બદલે નિષ્પ્રાણ પાખંડ-લીલામાં ફસાયો છે એવું દેવશીને ભાન થયું ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. હવે પિતૃગૃહે પાછા ફરવાનું એને માટે સરળ નહોતું. પંથની 'ગત્યગંગા' છોડીને એ એકલપંથી બન્યો અને સ્થૂળ ક્રિયાકાંડીઓનો સંગ તજીને સાચા આત્મસાધકોનું શરણું શોધ્યું.

વર્ષો સુધી એ ભટકતો રહ્યો અને સાચા સત્સંગીઓની સાથે મલક આખો પગ તળે કાઢી નાખ્યો પણ પાછા ઘેર આવવાનું એને યોગ્ય ન લાગ્યું, કેમ કે અંતરમાં એક ડંખ હતો. કુટુંબના જ્યેષ્ઠ પુત્ર તરીકેની જવાબદારીઓ ખંખેરીને, આપ્તજનોને રઝળતાં મેલીને પોતે ચાલી નીકળ્યો હતો તેથી પુનરાગમન માટે એનો પગ ભારે થઈ ગયો હતો. જનક પિતાને અને પેલી પારકી જણી પરણેતરને પોતે કેમ કરીને મોઢું બતાવશે એવો ક્ષોભ એને સતાવી રહ્યો હતો.

સમય જતાં આ અંતરનો ડંખ દૂર થયો, ક્ષોભ ઓસરી ગયો, પણ સાથે સાથે કુટુંબ સાથે પોતાને સાંકળતી કડી પણ આપોઆપ દૂર થઈ ગઈ. સંસારી માયાનાં બંધન આમ વિચિત્ર રીતે તૂટી ગયાં. નિવૃત્તિનો લાંબો ગાળો જ એને નિર્લેપ ને નિર્મોહી બનાવી ગયો.

પણ પોતાના ખેતરની ધરતી પર સરજાઈ ગયેલું ધાન્યવાવણીની પ્રવૃત્તિનું એક વિલક્ષણ અને સુભગ દૃશ્ય જ આ નિવૃત્ત માણસને પ્રવૃત્ત થવા પ્રેરી ગયું. શેઢેશેઢે ચાલતાં એણે પોતાનું ખેતર ઓળખ્યું; ઓરણી કરી રહેલી પોતાની અર્ધાંગનાને ઓળખી; સંતુને એ ઓળખતો નહોતો પણ અનુમાન કરી લીધું કે એ પણ ઠુમરના ખોરડાની જ કોઈ પુત્રવધૂ હશે. ક્યાં ગયા મારા બે ભાઈઓ ? ક્યાં ગયો પરબત ? ક્યાં છે ગોબર ? શા કાજે એક સ્ત્રીએ ઊઠીને ધોરીને

સ્થાને જોતરાવું પડ્યું છે? આ એક જ દૃશ્ય અને આ એક જ પ્રશ્ન દેવશીના હૃદયને હલમલાવી ગયા. ક્ષણાર્ધમાં જ એણે નિર્ણય કરી નાખ્યો. સાચો જીવનયજ્ઞ નિવૃત્તિમાં નહિ પણ પ્રવૃત્તિમાં છે; શ્રેયની સાધના પણ આ શ્રમજીવનમાં છે; માણસને મોક્ષ મળવાનો હોય તો પણ આ ધરતીની માટીમાંથી જ એ મળશે, એનાથી દૂર જવામાં નહિ.

'ભાઈ! તેં તો બવ વાટ જોવરાવી કાંઈ!' દેવશીની હેડીના ભાઈબંધો ફરિયાદ કરી રહ્યા.

'તારા વિના તો હોળીને દિવસે નાળિર રમનારાંની ખોટ પડી ગઈ'તી. પોર સાલ ગોબર ગિરનાર ચડ્યો'તો, પણ પરગામવાળા આપણને હરવી ગ્યા—'

મુખીએ કહ્યું : 'હવે ઓણસાલ તો ઓલ્યા દલસુખ શેઠને ને એના વેરસીડાને દેખાડી દ્યો કે ગોફણના ઘાની ઘોડચે નળિયેર ફેંકનારો જણ ગુંદાહરમાં આવી ગ્યો છે—'

સાંભળીને હાદા પટેલ અધિક ધન્યતા અનુભવી રહ્યા. માત્ર ઠુમરની ડેલીએ જ નહિ, ગામ આખામાં આનંદમંગલ વરતાઈ રહ્યા. એકલો ઠુમર કુળનો જ નહિ, આખા ગુંદાસરનો કંધોતર પાછો આવ્યો હોય એવી લાગણી પ્રવર્તી રહી.

* * *

ઊજમની બધી જ બાધા-આખડીનો અંત આવ્યો. હવે, પતિનું પુનરાગમન થાય તો પગપાળા ગિરનાર ચડીને, અંબામાની સાખે જ મોઢામાં 'ધોળું ધાન' મૂકવું એવી બારબાર વરસની લાંબી ને આકડી અગડ પૂરી કરવાની બાકી રહેતી હતી.

દેવશીને આ કઠિન સંકલ્પની જાણ થતાં જ એણે એ બાધા છોડાવવાની ઉતાવળ કરી. વાવણીનાં કામ પતી ગયાં, અને જરા વિશ્રાંતિ મળી કે તુરત આખું કુટુંબ પગપાળા ગિરનાર જવા તૈયાર થયું.

અંબામાને પગે લગાડવા માટે સંતુએ પોતાની જડીને પણ સાથે લીધી.

ગામમાંથી દેવશીના કેટલાક જૂના ભાઈબંધો પણ આ આરોહણમાં શામેલ થયા.

ડુંગરની પહેલી ટૂકનાં પગથિયાં ચડતાં–ચડતાં ઊજમ સંતુને કહી રહી :

'મને તો અંબામાને બદલે તું જ ફળી હો એમ લાગે છે—'

'મારી ઠેકડી કરો છો ?'

'ના ના, સાચું કહું છું. બળધની જીગાએ તને જોતરાયેલી ભાળીને જ તારા જેઠ શેઢથી ખેતરમાં આવી પૂગ્યા'તા—'

'જાવ જાવ !'

'સાચું કહું છું. હું તો ફૂટચાં કરમની છું. પણ તારાં નસીબે જોર કર્યું હશે—'

'મારાં નહિ,' કહીને સંતુએ પોતાની કાખમાં રમતી બાળકીનો નિર્દેશ કરીને ઊજમની ઉક્તિ સુધારી આપી, 'આ નિયાણી છોકરીનાં નસીબે જ જોર કર્યું હશે. આ કુંવારકા જ કંકુપગલી લાગે છે !'

સાંભળીને ઊજમ સંમતિસૂચક મૌન ધારણ કરી રહી. પગથિનાં ચડતાં ચડતાં, દૂર દૂર દેખાતા અંબામાના શિખર પરથી નજર પાછી ખેંચીને બાળકી જડી ઉપર નોંધતાં એણે કહ્યું : 'આપણે ઠાલાં અંબામાની ટૂક લગણ ચડવાનો દાખડો કરીએ છીએ. આપણે તો ઘરના ઊબરામાં જ આ અંબામાનો અવતાર હાજરાજૂર છે.'

[ સમાપ્ત ]

# પ્રયોગને અંતે

# પ્રયોગને અંતે

કથાના છેલ્લા પ્રકરણ સુધી પહોંચી શકનાર વાચકોને અનુલક્ષીને બે શબ્દો લખવાનું મન થાય છે. પુસ્તકના બન્ને ભાગના છાપેલા ફરમા ઉપર ઊડતી નજર નાખતાં એક પ્રકારનું અકળાવનારું આશ્ચર્ય અનુભવી રહ્યો છું. નજર સામે આ છાપેલાં પૃષ્ઠો પડ્યાં છે; એકાદ વર્ષથી ગજવામાં સંઘરાતાં જતાં આ કથાના વસ્તુ અંગેનાં મેલાં ટાંચણુપાનાંનો થોકડો પડ્યો છે. એમાં કેટલીક ઘટનાઓની સંકલના, પ્રસંગો, પાત્રોની નામાવલિ વગેરેની આજે સાવ અસંબદ્ધ જેવી લાગતી વિગતો ટપકાવેલી પડી છે. ભવિષ્યમાં આ કથાને કઈ દિશામાં આગળ વધારવી, ક્યાં નવાં પાત્રો દાખલ કરવાં, ક્યાં જૂનાં પાત્રોના અપૂર્ણ લાગતા જીવનપ્રવાહનું સમાપન કરવું, એની મને પોતાને જ અતિ મહત્ત્વાકાંક્ષી લાગતી ઝીણી ઝીણી વિગતો લખેલી પડી છે અને આ સામગ્રીની સામે જાણે કે કટાક્ષરૂપે, છેલ્લા એકાદ વર્ષથી વાચકો તરફથી આવ્યા કરતા પત્રોની ખાસ્સી થપ્પી પડી છે. પરિચિત અને અપરિચિત, નજીકનાં અને દૂરનાં, 'ઉન્નત-ભ્રૂ'થી માંડીને 'મધ્યમ-ભ્રૂ' અને 'નત-ભ્રૂ' સુધીનાં શિક્ષિત-અર્ધશિક્ષિત, ગુજરાતી-બિનગુજરાતી, લેખકો, વેપારીઓ, ગુમાસ્તાઓ, શરાફો, ઇજનેરો, વગેરે વિધિ વ્યવસાયના વાચકોએ લખેલા, ભરપૂર પ્રશંસા અને અસીમ અહોભાવથી ભર્યા, નારાજી વ્યક્ત કરતા, કથામાંથી સૂક્ષ્માતિસૂક્ષ્મ ક્ષતિઓ બતાવતા, અમુક પ્રસંગાલેખન બદલ ઉશ્કેરાટભર્યો રોષ વ્યક્ત કરતા, 'તમને તો

લખતાં જ નથી આવડતું' એ મતલબનો ચુકાદો આપતા આ પત્રો આ નવલકથાથી એક સળંગ મલ્લિનાથી રૂપે આજે રસિક વાચન પૂરું પાડે છે. એમાં વ્યક્ત થયેલી પ્રશંસાથી અલબત્ત, કોઈ લેખકે પોરસાઈ જવાની જરૂર નથી. પણ એ અજાણ્યાં પત્રલેખકોએ 'વિવેચક' જેવું કશું ડોળઘાલુ નામ ધારણ કર્યા વિના કેવળ અંતઃ-સ્ફુરણાથી જ આ કૃતિ વિશે જે મનનીય અભિપ્રાયો વ્યક્ત કર્યા છે એનું મૂલ્ય મારે મન બહુ મોટું છે.

મારી પોતાની કાચી યાદદાસ્તની પૂર્તિરૂપે યોજાયેલાં ટાંચણપાનાં, એની નીપજ રૂપે તૈયાર થયેલી આ નવલકથા, અને એના ઉપર સળંગ 'કોમેન્ટરી' રૂપે સાંપડેલી અસંખ્ય સહૃદય વાચકોની કાલીઘેલી પણ અત્યંત પ્રામાણિક, નિખાલસ વિવેચના આજે સાચે જ એક રોમાંચક આશ્ચર્યનો અનુભવ કરાવે છે. કશી હૂડબડાઈ કર્યા વિના પણ એટલું તો વિનમ્રપણે પણ કહ્યા વિના રહેવાતું નથી કે આ નવલકથા આકાર પામી શકી એને હું એક સુખદ અકસ્માત જ ગણું છું. કોઈક અદૃષ્ટ અંગુલિ આ કથા લખાવી ગઈ, કે કોઈક 'શક્તિ' આવીને પીઠ પાછળથી 'પ્રેરણાનાં ગુલાબો' આપી ગઈ, એવી વાહિયાત વાતો કરીશ તો રખે ને કહેવાતા 'પોંડિચેરિયા' સાધકોની જમાતમાં ખપી જઈશ, એવા ભયથી આવી ઉક્તિઓ ટાળું છું. નિખાલસપણે એટલું જ કહું છું કે આ કૃતિ લખતાં લખાઈ ગઈ છે. એ માટેની કશી મોટી પૂર્વતૈયારી નહોતી. વાર્તાનું ફલક આટલું મોટું વિસ્તરશે એવી પણ કલ્પના નહોતી. મેં પસંદ કરેલ પશ્ચાદ્ભૂ અને પાત્રસૃષ્ટિમાં આટલી શક્યતાઓ રહેલી છે એનો પણ આરંભમાં ખ્યાલ નહોતો. તેથી જ, આ કૃતિને એક કુદરતી 'પ્રસાદી' સમી સમજું છું. આ કૃતિની મારે મન ફલશ્રુતિ એ છે કે એના લેખનપ્રયોગે મને નવલકથામાં રહેલી અપરંપાર શક્યતાઓનો ખ્યાલ આપ્યો છે એની ગુંજાશની પ્રતીતિ કરાવી છે; પ્રસ્તુત કૃતિ કોઈ

અસાધારણ ગુંજાશ ધરાવે છે એવું કહેવાનો આશય નથી. પણ આ સાહિત્યસ્વરૂપમાં હજી કેટલું બધું ખેડાણ થઈ શકે એમ છે, એની નવી નોખી દિશાઓ મને આ લેખન મારફત સૂઝી છે. અને એથી ય અદકો લાભ તો એ થયો છે કે મારી પોતાની લેખિનીમાં મને એક નવો વિશ્વાસ પેદા થયો છે. વાંચનારને આ કથન કદાચ વિચિત્ર લાગશે, પણ મારે માટે એ સર્વાંશે સાચું છે. 'વ્યાજનો વારસ' લખ્યા પછી નવલકથાના ક્ષેત્રમાં મને બહુ રસ રહ્યો નહોતો. ઘણાં ઘણાં કથાવસ્તુઓ વિચારી વિચારીને આખરે લખ્યા વિના છોડી દીધાં હતાં. વસ્તુ સૂઝે, મનનાં પ્રસંગગૂંથણી ગોઠવાય, પણ આખરે એ વસ્તુ જ અતિ સામાન્ય લાગવાથી એને કાગળ પર ઉતારવાનું માંડી વાળતો. બધાં જ કથાવસ્તુઓ ચીલાચાલુ, સામાન્ય ક્વચિત્ તો બાલિશ જેવાં લાગતાં. અને એમાં લગભગ આકસ્મિક જ કહી શકાય એ રીતે આ કથાની રચના થઈ ગઈ અને આ સાહિત્ય-સ્વરૂપ અંગેની આખી મનોદશા જ બદલાઈ ગઈ.

આ પ્રક્રિયાનાં કારણો તો મને પોતાને ય બહુ સ્પષ્ટપણે સમજાતાં નથી. એમ લાગે છે કે ઢાંચાઢાળ કથાવસ્તુઓથી હું કંટાળ્યો હતો; એકનાં એક જ બીબાં જે અબખે પડી રહ્યાં હતાં એમાંથી કશુંક અ-રૂઢ આલેખવાની ઝંખના હતી. પણ એવા લેખનપ્રયોગની સફળતા વિશે મનમાં ઊંડેઊંડે થોડી અશ્રદ્ધા હતી. એ અશ્રદ્ધા આ કથાના લેખન મારફત અંશતઃ ઓસરી ગઈ, એ મારે મન બીજા કશા ય કરતાં અદકી મૂલ્યવાન સંપ્રાપ્તિ છે.

અને આવી શ્રદ્ધા પ્રેરવામાં, કથાના હપ્તાવાર પ્રકાશન દરમિયાન ઘણાં નામી–અનામી વાચકોએ આપેલા સથવારાનો હિસ્સો નાનોસૂનો નથી. કથાનું હપ્તાવાર લેખન 'છાપાળવું' ગણાય છે. 'ઉન્નત-ભ્રૂ' વિવેચકો એને ફરમાસુ માલ ગણીને વાંચવાનો ય ઇન્કાર કરે છે, એ હકીકત મારાથી અજાણી નથી. એકેક હપ્તા માટે યોજાયલાં કથાનાં પ્રકરણો અને ખંડકોમાં એક પ્રકારની કૃત્રિમતા પ્રવેશી જાય

છે. હપ્તાવાર નવલલેખનમાં અસાધારણ સફળતા પ્રાપ્ત કર્યા પછી પણ ડિકન્સે ફરિયાદ કરેલી કે 'દરેક હપ્તે મને Elbow space —ભરપૂર જગ્યા—નથી મળતી.' ઘણી વાર એવું પણ બને કે કોઈ હપ્તો તૈયાર કરતી વેળા લેખક સાવ શૂન્યચિત્ત હોય છતાં તાણી-તૂસીને પણ પ્રકરણ તો પૂરું કરવું જ પડે. "ડેવિડ કોપરફિલ્ડ"માં એક સ્થળે ડિકન્સની આવી સખત કફોડી સ્થિતિ થયેલી એ વાત જાણીતી છે. પોતે સાવ શૂન્યચિત્ત હતો, અને કથાને શી રીતે આગળ ધપાવવી એ અંગે કશું જ સૂઝતું નહોતું. કથાનાયકને એક રાજમાર્ગની એક બાજુની પગથી પરથી સામી પગથી પર પહોંચાડવા સિવાય બીજી કોઈ ગતિ કે પ્રગતિ એ સાધી શકે એમ નહોતો. પણ એટલી નાની-શી 'ગતિમાં પણ-એક વૃદ્ધાએ આવીને બાળનાયકનો હાથ ઝાલીને એને રસ્તો ઓળંગાવી દીધો—એટલા જ નાનકડા પ્રસંગમાં આખા હપ્તાની પેલી Elbow space શી રીતે પૂરી કરવી? ડિકન્સે આખરે પેલી પરગજુ ડોસીનું જ વર્ણન કરીકરીને આખો હપ્તો કાંતી કાઢચો. અલબત્ત, કથામાં કલાદૃષ્ટિએ આ એક ઊણપ હતી, કૃત્રિમતા હતી. પણ વિવેચકો કહે છે કે ડિકન્સે આલેખેલી પેલી ડોસીનું હૂબહૂ ચિત્રણ આંગ્લ સાહિત્યમાં ફરી વાર કદી જોવા મળ્યું નથી. કલામાત્ર કૃત્રિમ છે. પણ એ કૃત્રિમતા કેટલી કલાત્મક છે એના ઉપર જ એની જીવાદોરીનો આધાર છે. ડિકન્સની ધારાવાહી કથાનો એકેક હપ્તો વાંચી નાખવાની તાલાવેલિમાં ઇંગ્લેંડના ગ્રામવિસ્તારના વાચકો માઈલો સુધી પગપાળા ચાલીને પોસ્ટ-ઑફિસે જઈ બેસતાં એ ઉપરથી લાગે છે કે પેલી કૃત્રિમતા પણ કલાત્મક હોય તો એની રસનિષ્પાદકતામાં બાધ નથી આવતો.

'લીલુડી ધરતી' ના આલેખન દરમિયાન વાચકોએ આપેલો સથવારો મારે માટે તો પ્રોત્સાહક બનવા ઉપરાંત શિક્ષણાત્મક પણ બની રહ્યો છે. અલબત્ત, આવા પ્રોત્સાહનથી બેહદ પોરસાઈ જવાના ભયસ્થાન અંગે તો ઉપર નિર્દેશ કર્યો જ છે. અખબારી વાચકોના

અભિપ્રાયો, એમના ગમા-અણગમા કે સલાહસૂચનોને વધારે પડતું મહત્વ આપી બેસીને એમાંથી માર્ગદર્શન મેળવવાની હદે જવાના કિસ્સાઓ પણ ભૂતકાળમાં આપણે ત્યાં નોંધાયા છે. મેં આ કથાનો દિશાદોર વાચકોના હાથમાં નથી સોંપ્યો, કે નથી એમની સલાહ-સૂચના મુજબ કથાને વળાંક આપવાનો પ્રયત્ન કર્યો. ઘણા વાચકોની ઘણી ઘણી સૂચનાઓ અવગણીને કથાને મારી પોતાની સમજ અનુસાર જ આગળ ધપાવી છે અને પરિણામે કેટલાંક વાચકોને નિરાશ અને બીજા કેટલાંકને નારાજ કર્યાં છે એ બદલ મારે એમની માફી જ માગવાની રહી.

ઉદાહરણ તરીકે, કથાના પહેલાં જ પ્રકરણમાં ગિધા લુહાણા માટેનું 'લુચ્ચો' વિશેષણ વાંચીને એક વાચકનો અત્યંત રોષભર્યો પત્ર આવી પડેલો અને એણે એ વિશેષણ રદ કરવાનું સૂચન જ નહિ, આગ્રહ કરેલો. આરંભિક ચારેક પ્રકરણો પ્રગટયા પછી કથાની ખેડુજીવનની પશ્ચાદ્ભુ જોયા પછી કેટલાક સાહિત્યરસિકોએ ખેડૂજીવન આલેખવાની મારી પાત્રતા અંગે શંકા વ્યક્ત કરેલી, અને 'ખેડૂતોનું જીવન આલેખવાનો તમારો અનુભવ શો ? અધિકાર શો ?' જેવા પ્રશ્નોથી માંડીને 'હજી ય આ પ્રયત્ન છોડી દો' જેવી શાણી સલાહ આપેલી; અને આખરે 'આમાં તમે નિષ્ફળ જશો', 'આગલી પ્રતિષ્ઠા પણ ગુમાવી બેસશો', એવી એવી આગાહી કરેલી.

આવી આગાહીઓને તબક્કે હું પોતે જરા વિચારમાં પડી ગયેલો. બલકે, આરંભેલી કથાની રસજમાવટ અંગે હું જરા સાશંક પણ બનેલો. ગ્રામજીવનની ઘણીખરી નવલકથાઓમાં પણ શહેરીજીવનની કથાઓ જેવો જ જે પ્રણયત્રિકોણ આલેખાય છે, એના ઉપર મેં બહુ મદાર બાંધેલો નહિ. ખેડુજીવનના આલેખનમાં પણ સિનેમાશાહી રોમાન્ચ ઠાંસીઠાંસીને ભરવાની જે ફેશન ચાલી છે એ "રોમાંચક રોમાન્સ"નો આ કથામાં છાંટો પણ નહોતો. દિનરાત કાળી મજૂરીમાં જોતરાયેલાં અભણ શ્રમજીવીઓ કવિ જયદેવને ય ઝાંખો પાડે એવા

છલબછલ શૃંગારની ભદ્રવર્ગી ભાષામાં સંવાદો કરે, સિનેમાની શૈલીએ સામસામા duet રચે, એ બધાં આકર્ષણોનો પણ આ કથામાં અંશ સરખો નહોતો. વળી, ગામડું એટલે તો નરી કવિતા જ, એવી બાલસુલભ-અથવા કેવળ કવિસુલભ-મુગ્ધ માન્યતાને તો આરંભથી જ પરહરી દીધી હતી. પ્રયત્ન હતો, નરી વાસ્તવિકતાને સચ્ચાઈપૂર્વક ને વફાદારીપૂર્વક આલેખવાનો. આવી નરી વાસ્તવિકતા નીરસ તો નહિ બની રહે ? અથવા તો, વાંચનારને એ વાસ્તવિકતા વસમી તો નહિ લાગે ? ગામડું એટલે તો કિચૂડકિચૂડ કોશ ચાલતા હોય, ગોવાળિયા પાવા વગાડતા હોય, ગ્રામજનો તો ઈશ્વરના અંશ સમા નિષ્કપટ ને પરોપજીવી હોય, નેકીનો ઈજારો તો ગામડામાં જ છે અને બદી બધી શહેરમાં જ જઈ પહોંચી છે, એવી એવી પરંપરિત ભાવુક માન્યતાઓથી સાવ વિપરિત સૃષ્ટિ જ આ કથામાં રજૂ થતી હતી. આવી સ્થિતિમાં, આ પ્રયોગ સરેરાશ વાચકવર્ગને કેટલે અંશે જચશે એ અંગે હું વિચાર કરતો થઈ ગયેલો. કથામાં આલેખાયેલી કેટલીક વિષમતાઓ જોઈને એક મુંબઈવાસી શિક્ષિત બહેને ટકોર કરેલી : આ વાર્તાનું નામ 'લીલુડી ધરતી' રાખ્યું છે, પણ એમાં લીલાશ જેવું તો કશું દેખાતું નથી. આ તે લીલુડી ધરતી છે કે સૂકી ધરતી ?

સદ્ભાગ્યે, આવા નિખાલસ વાચકોએ જ મને કથામાં વિશ્વાસ પ્રેર્યો. ધારાવાહી કથા લખવાના બીજા ઘણા ગેરલાભ હોવા છતાં એક મુખ્ય લાભ એ છે કે એમાં ક્રમેક્રમે, પ્રકરણે પ્રકરણે વાચકોના પ્રત્યાઘાતો નિયમિત જાણવા મળે છે. અને સભાન વાચકો લખનાર ઉપર પ્રશંસાનાં પુષ્પો વેરીને વારી જ જાય છે એવું નથી; તેઓ કથામાંથી ઝીણામાં ઝીણી ક્ષતિ, અસંગતતા કે અસંભવ્ય દોષ શોધી કાઢે છે અને લખનારાની કાનબૂટ આમળે છે. હપ્તાવાર પ્રકાશન વેળા માંડણનો એક હાથ કોણી સુધી કપાઈ ગયો એમ લખ્યા પછી કાસમ પસાયતાએ માંડણના બંને હાથનાં કાંડાં મુસ્કેટાટ બાંધી દીધાં,

એમ લખાઈ ગયું ત્યારે વાચકોએ પસ્તાળ પાડેલી. મુંબઈથી શ્રી. મહાસુખ કામદારે 'જન્મભૂમિ'ના તંત્રી ઉપર ફરિયાદ લખી મોકલેલી :

મહાશય.........

દર ગુરુવારે આપના સુપ્રસિદ્ધ પત્રમાં પ્રગટ થતી ચુનીલાલ મડિયાની 'લીલુડી ધરતી'નો હું regular વાચક છું.

તા. ૨૫–૪–૫૭ના અંકમાં પ્રગટ થયેલ હપ્તામાં મને લેખકની એક મોટી ભૂલ જણાઈ આવેલ છે તો તેનો ખુલાસો મેળવી મને જવાબ આપવા મે. કરશોજી...

ચાલુ વાર્તામાં ગોબરનો ભાઈ માંડણ છે, જેનો એક હાથ ગિરનાર ચડતાં ગોબરને બચાવવા જતાં છરી વાગતાં કાપી નાખવો પડે છે અને તે એક હાથે ઠૂંઠો થાય છે તેમ આવી ગયેલ. પાછા ગઈ કાલના જ પેપરમાં જ્યારે માંડણિયો ગોબરને કૂવામાં પોટાસ પેટવીને મારી નાખે છે, ત્યારે પોલિસ તેને પકડી જાય છે તે વખતે વાર્તામાં છાપેલ છે કે તેના બન્ને હાથનાં કાંડાં મજબૂત રીતે બાંધ્યાં. તો શું આ એક મોટી ભૂલ ન ગણાય ? આટલા પ્રખ્યાત લેખકની આ ભૂલ ચલાવી શકાય એમ લાગતું નથી... યોગ્ય ખુલાસો મળશે કે ?

વાચકો તરફથી વધુમાં વધુ ઉગ્ર પ્રત્યાઘાતો ગોબરના મૃત્યુ-પ્રસંગે જાણવા મળેલા. આ વેળા તો, અખબારી બોલીમાં કહું તો વિરોધનો વંટોળ જ ઊઠેલો. અનેકવિધ આક્ષેપો થયેલા : 'મડિયા તો પાત્રોને મારી નાખવામાં જ પાવરધા છે...' 'વ્યાજનો વારસ'માં પણ રિખવને કથાની શરૂઆતમાં જ મારી નાખેલો...' વગેરે અભિપ્રાયોથી માંડીને, હવે નવલકથા નીરસ થઈ જશે એવી આગાહીઓ પણ થયેલી, સેમ્યુઅલ સ્ટ્રીટમાંથી એક લાલજીભાઈ નામના વાચકે લખેલું :

"...બીજું, તમે ગોબરને મારી નાખ્યો એ પણ વધુ

પડતું છે, કારણ કે વાર્તાનું મુખ્ય પાત્ર મરી જાય એટલે વાર્તામાં રસ ઓછો થઈ જાય છે. તમારે એને મારી નાખવો જોઈતો ન હતો. બિચારા હાદા પટેલ ત્રણત્રણ છોકરાં છતે નિર્વંશ થઈ ગયા અને આટલી મોટી ઉંમરે ગોબરનું આવું અકાળ અવસાન થતાં એમને કેટલો આઘાત લાગ્યો હશે તેની તો કલ્પના જ થઈ શકતી નથી. તમોએ ગોબરને બચાવી લીધો હોત તો વધુ સારું થાત. ખેર, છેલ્લાં બે પ્રકરણ વાંચીને મને એટલો આઘાત લાગેલ કે બન્ને ગુરુવારે કાંઈ કામ કરવાનું સૂઝતું ન હતું–મગજમાં એ જ બાબત ચક્કર લીધા કરતી હતી...'

વાર્તા–નવલકથા આખરે તો કલ્પક સાહિત્યપ્રકાર છે. બધું જ કલ્પિત, કૃત્રિમ હોય છે, છતાં એ કલ્પનાસૃષ્ટિની જે વાસ્તવિકતા–અથવા તો કૃત્રિમતાની પણ જે સચ્ચાઈ–હોય છે એ એનાં પાત્રો સાથેની આત્મીયતા પ્રેરે છે. એવી આત્મીયતાનો એક રસિક અનુભવ શ્રી. નંદલાલ લક્ષ્મીચંદ નામના ભાઈએ કરાવેલો. એમણે લખેલું :

'...આજથી વાર્તા વાંચી. આખરી અંજામ આજે ઘણો જ ખરાબ આવ્યો ગણાય. માંડણને વિલનનું કામ સોંપ્યું એ ભલે, પરંતુ આવતે અઠવાડિયે ગોબરને એ ખાડામાંથી ઘાયલ સ્થિતિમાં જીવતો કાઢશો. ભલે થોડો ટાઈમ મોટા શહેરના દવાખાના સુધી જવું પડે. પણ માંડણિયાની જે ખરાબ મુરાદ છે કે સંતુને ઘરમાં બેસાડવી–જેથી એણે આ કુકર્મ કર્યું — છતાં એને આ વખતે લાભ ન મળે અને સંતુનું અખંડ સૌભાગ્ય કાયમ રહે, એટલે કે ગોબર જીવતો રહે, એમ કરજો. જોકે તમે તેનો છૂટો હાથ બહાર ફેંકાઈ ગયો એમ લખો છો, તેનો અર્થ એ થયો કે એ ઠૂંઠો થઈ ગયો. પણ હજુ જીવ હોય અને સારી ટ્રીટમેન્ટથી પાછો સાજો થઈ જાય તો આટલું કામ જરૂર કરશો. બાકી તમારી વાર્તા સૌ ભાઈયું હોંશથી વાંચીએ છીએ..."

આવા 'હોંશથી વાંચનાર' ભાઈબહેનોને વાર્તાના સુખાંત કે કરુણાંત અંગેના મારા ખ્યાલો કથાને મઝધારે સમજાવવા જેટલો એ વેળા આવકાશ નહોતો રહ્યો. પણ માની લઉં છું કે કથાનો ઉત્તરાર્ધ વાંચ્યા પછી એમના મનનું સમાધાન અંશતઃ પણ થઈ શક્યું હશે. એવું એવું 'સમાધાન' ન થઈ શક્યું હોય તો એટલી આ સરજતની કચાશ સમજવી.

ગોબરના મૃત્યુ પછી સંતુ ઉપર જે વીતકો વીત્યાં એમાં રહેલી વિધિવક્રતા કેટલાક વાચકોએ પ્રમાણેલી, ત્યારે કેટલાકને એ અસહ્ય લાગેલી. એક વયોવૃદ્ધ વેપારી મારી ઑફિસ શોધતાશોધતા આવી પહોંચ્યા અને રૂબરૂ ફરિયાદ કરી રહ્યા : 'સંતુને આટલાંબધાં દુઃખ હોય ? હાદા પટેલ જેવા ધરમીને ઘેરે જ ધાડ જેવું કરો છો ? જરાક તો દયા રાખો!...' એ વૃદ્ધની વેદના જોઈને મને દુઃખ થયું. એમના સાંત્વન ખાતર મેં શેષ કથાનો સાર કહી સંભળાવ્યો. કથા અંતે દેવશીનું પુનરાગમન થનાર છે એવી આગોતરી બાતમી પણ એમને આપી દીધી. પણ કોઈ રીતે એમનો ઉદ્વેગ ઓછો ન થયો. એ તો ફરિયાદ કરતા જ રહ્યા : 'હવે દેવશી આવે તો ય શું અને ન આવે તો ય શું ! આટલું બધું બગાડી માર્યું. એ હવે કેમ કરીને સુધરે ? બધું બગાડી માર્યું, બધું બગાડી માર્યું...'

આવા આવા અનુભવો થયા ત્યારે સ્વાભાવિક જ ઍરિસ્ટૉટલે બાંધેલી સૌંદર્યદૃષ્ટિની યાદ તાજી થતી રહેલી, કે કોઈ પાત્રને, બિલકુલ અનિવાર્ય હોય એથી વધારે પ્રમાણમાં દુષ્ટ, ખલ કે ખરાબ ન ચીતરવાં. કથાને આરંભે જે કહ્યું છે એ અહીં સ્પષ્ટ કરવા માગું છું કે આ કથામાં કોઈ જ પાત્ર મારે મન નિર્ભેળ ખલ કે નિર્ભેળ દુષ્ટ નથી. જીવો ખવાસ, ઠકરાણાં, માંડણ, નથુ સોની કે અજવાળીકાકી, કોઈ જ નહિ. જિંદગીની શેતરંજ પર પોતાની ચાલ એ પાત્રોના હાથમાં નથી, સંજોગોના હાથમાં છે. સમરસેટ મોમના એક પુસ્તકનું શીર્ષક 'Creatures of Circumstances'

સંજોગોનાં પ્યાદાં-જાણે કે દુનિયાભરની સમસ્ત વાર્તાસૃષ્ટિનાં પાત્રો માટે યોજાયું લાગે છે.

આ કથા 'હોંશભેર વાંચનાર ભાઈયું'એ આરંભથી અંત સુધી સથવારો પુરાવીને પ્રોત્સાહન સાથે કડક શિક્ષણ પણ આપ્યું છે એ બદલ હું એમનો ઋણી છું. એમણે કરેલી ભરપૂર પ્રશંસાની મારા પર કશી અસર નથી થઈ, એમ કહેવા જેટલી અનાસક્તિ હજી હું કેળવી શક્યો નથી. પ્રશંસાત્મક પત્રો વાંચીને મારો લેખન-ઉમંગ અને આત્મવિશ્વાસ વધતો રહ્યો છે, અને સાથે સાથે એક હકીકતનું ભાન પણ થતું રહ્યું છે, કે લખાણ જરાક જ સારું હોય તો વાચકો એને માથે ચડાવી લે એટલા ઉદાર હોય છે, કાવડિયાંની સરખામણી કદી રૂપિયાને લેખે કરતા હોય છે. આવો અનુભવ થાય ત્યારે લખનાર વિશેષ જવાબદારીનું ભાન કેળવે તો એ એના પોતાના જ લાભમાં છે. અને તેથી જ કથાને અંતે આ વાચકોને જે અસંતોષ રહી ગયો છે એમને અનુલક્ષીને થોડું નિવેદન કરવું આવશ્યક લાગે છે. છેલ્લા પ્રકરણને અંતે જે તે પાત્રોનાં જીવનનાં 'સમાપન' નથી થયાં એ અંગે સતત પૂછગાછ થઈ રહી છે. આવા વાચક મિત્રોના આશ્વાસન ખાતર એટલું સ્પષ્ટ કરવા માગું છું કે છેલ્લું પ્રકરણ લખી નાખ્યા પછી પણ આ કથાના પ્રવાહો મારા મનમાં સતત રમી રહ્યા છે, દૂર દૂર વિસ્તરી રહ્યા છે. કોણ જાણે કેમ પણ આ કથાની પાત્રસૃષ્ટિ હજી ચિત્તમાંથી ખસતી જ નથી. અત્યારે તો લાગે છે કે આવા બે-ચાર કે એથી ય વધારે ખંડોમાં હજી આ કથા વિસ્તરશે. પણ ક્યારે ? ન જાને !


ચુ. મ.

અગર જો આપ ચાહતા
હો કે, ગુજરાતીમાં પ્રગટ
થઈ રહેલાં નીતનવાં ઉત્કૃષ્ટ
પુસ્તકો વિષે આપને નિય-
મિત માહિતી મળતી રહે,
તો એ તો આપને માટે
ઘણું જ સરળ છે.
ગુજરાતી ભાષામાં પ્રગટ
થતાં છેલ્લામાં છેલ્લાં શિષ્ટ
અને સુગંધદાર પુસ્તકોની
સૂચિ અમે આપને પ્રતિ-
માસ ઘરબેઠે પહોંચતી
કરીશું........બસ, આપ
આપનું પૂરેપૂરું નામ–
સરનામું અમને મોકલી
આપો........................


નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨.
જશાભાઈ પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૧

ચુનીલાલ મડિયા



જન્મ : તા. ૧૨-૮-૧૯૨૨ * મૃત્યુ : તા. ૨૯-૧૨-૧૯૬૮